મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنۡ یُّرِدِ اللّٰہُ بِہٖ خَیۡرًا یُّفَقِّھۡهُ فِی الدِّیۡنِ

# بہارِ شریعت

# બહારે શરીઅત

## (ભાગ-૮)


:: ઉર્દૂમાં મૂળ લેખક ::

હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફક઼ીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, ક઼ાદરી રઝવી رحمۃ اللہ علیہ

:: અનુવાદકો ::

હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર ક઼મરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નક્શબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)



**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰهِ ﷺ

وَعَلٰی آلِكَ وَاَصۡحَابِكَ یَا حَبِیۡبَ اللّٰهِ ﷺ

## સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

કિતાબનું નામ : **બહારે શરીઅત**
(ભાગ આઠમો)

ઉર્દૂમાં મૂળ લેખક : *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, ક઼ાદરી રઝવી رحمۃ اللہ علیہ

અનુવાદકો : (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ
પીર ક઼મરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)
(૨) મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા
નક્શબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)

પેજીસ : ૧૦૦ ★ કિંમત : ★ નકલ : ૨૦૦૦

પ્રકાશન વર્ષ : ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦
અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર

પ્રાપ્તિસ્થાન : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# બહારે શરીઅત ભાગ - ૮

## (ગુજરાતી)

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજનંબર |
|---|---|---|
| ૧ | તલાકનું બયાન | ૧ |
| ૨ | શરીહનું બયાન | ૬ |
| ૩ | ગેરમદખુલા | ૧૧ |
| ૪ | કિનાયાનું બયાન | ૧૨ |
| ૫ | ફિકહના અહકામો | ૧૫ |
| ૬ | તઅલીકનું બયાન | ૨૪ |
| ૭ | અલગતાનું બયાન | ૨૯ |
| ૮ | બીમારીની તલાક | ૩૧ |
| ૯ | રજઅતનું બયાન | ૩૬ |
| ૧૦ | હલાલાના મસાઇલ | ૪૦ |
| ૧૧ | ઇલાનું બયાન | ૫૦ |
| ૧૨ | ખુલ્અનું બયાન | ૫૦ |
| ૧૩ | ઝિહારનું બયાન | ૫૭ |
| ૧૪ | કફ્ફારાનું બયાન | ૫૯ |
| ૧૫ | લઆનનું બયાન | ૬૩ |
| ૧૬ | ઈન્નીનનું બયાન | ૬૯ |
| ૧૭ | ઇદ્દતનું બયાન | ૭૧ |
| ૧૮ | સોગનું બયાન | ૭૬ |
| ૧૯ | નસબનું બયાન | ૮૦ |
| ૨૦ | બાળક ઉછેરનું બયાન | ૮૨ |
| ૨૧ | નફકાનું બયાન | ૮૬ |

૭૮૬/૯૨

# ગુજારીશ : (બે બોલ)

અલ્લાહનો લાખલાખ શુક્રો અહેસાન છે કે તેના પ્યારા હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકામાં બહારે શરીઅત ભાગ-૧ થી ૭ રજુ કર્યા પછી તેનો ભાગ-૮ મો કે જે આપણી જિંદગીના મહત્ત્વના ભાગ તલાક, શરીહ તલાક, ગેરમદખુલાની તલાક, કિનાયા (સંકેત) તલાક, સુપ્રત કરવું, તઅલીક, અપવાદ, બીમારની તલાક, રજઅત, ઇલા (સોગંદ), ખુલ્અ, ઝિહાર, (માં, બહેન વિગેરે કહેવું), તોહમત, અનીન (નામર્દ), ઇદ્દત, સોગ, નસબની સાબિતી, બાળકનો ઉછેર, નુફકો વિગેરેનું સવિસ્તર વર્ણન છે.

બહારે શરીઅત જેવી અનુપમ અજોડ કિતાબ કે જે ઉર્દૂ ભાષામાં ૧૭ ભાગમાં છે તેનાથી ઉર્દૂ ભાષા ન જાણનાર ભાઇઓ વંચિત હતા જેથી તેનો સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરી મુસ્લિમ સમાજ સમક્ષ મુકવામાં અમો ગર્વ અનુભવીએ છીએ કે અલ્લાહ ત્આલાએ આવી મહત્ત્વની દીની ખિદમત અમારા ભાગ્યમાં લખી દિધી.

બહારે શરીઅત ભાગ-૮ ફિકાહ ની કિતાબ હોવાથી તેમાં મઝહબી પરિભાષાવાળા અરબી શબ્દોનો સરળ ગુજરાતી અનુવાદ કરવું બહુ જ મુશ્કેલ કામ છે કે તેના યોગ્ય શબ્દો ગુજરાતી ભાષામાં મળતા નથી તે છતાં અમોએ શક્ય હોય ત્યાં સુધી સમજાવવાની કોશીશ કરી છે તે છતાં જો કોઇ અઘરા શબ્દો સમજમાં ન આવે તો આપના ગામના કોઇ આલિમ સાહેબને પૂછી લેવા, અને આ માટે અમને મજબૂર સમજવા.

આ કિતાબ મોંઘાખર્ચે કોમ્પ્યુટર સિસ્ટમ પર તૈયાર કરાવી ઓફસેટ પર છપાવી છે, પ્રુફરિડીંગ પર પૂરેપુરુંધ્યાન આપવામાં આવ્યું છે તે છતાં જો કોઇ ભૂલ રહી ગઇ હોય તો માફ કરશો અને અમારા ધ્યાન પર લાવશો કે જેથી બીજી આવૃત્તિમાં સુધારી લઇ શકાય.

આજ સુધીના ભાગ-૧ થી ૭ માં વાચક બિરાદરોનો ભરપૂર સહકાર મળ્યો છે ભાગ-૧ ની તો ચાર આવૃત્તિઓ બહાર પડી ગઇ છે. ભાગ-૨ ની તથા ત્રણની બેબે આવૃત્તિઓ બહાર પડી છે એ જ તેની મકબુલિયતની સાબિતી છે. મુસ્લિમ બિરાદરો જો આવા દીની સાહિત્યની કદર કરશે અને ઉત્સાહ ભેર ખરીદતા રહેશે તો દીની સાહિત્ય ને છપાવનાર સંસ્થાઓને પ્રોત્સાહન મળતું રહેશે અને અવામને નિર્ભેળ શુધ્ધ દીની સાહિત્ય પહોંચતુ રહેશે જે મુસ્લિમ સમાજના ચારિત્રને પાક સાફ રાખવામાં સહાયક થશે અને ચારિત્ર વિનાશક ગંદા સાહિત્ય થી બચવા માટે પ્રેરણારૂપ બનશે.

અલ્લાહ ત્આલા મુસ્લિમ ભાઇઓને દીની સાહિત્ય વાંચવાનો તથા તેના પર અમલ કરી આખેરતની જિંદગી બનાવવાનો શોખ અતા કરે....... આમીન .....

તા. ૧/૭/૯૪

ફકત નાચીઝ દુઆ ગીરાં

**જનાબ મૌલાના હાજી પીરકમરુદ્દીન એ. પીરઝાદા**

(અશરફી કારંટવી)

મુ. કારંટા તા. લુણાવાડા. જી. પંચમહાલ

**જનાબ દોસ્ત મોહંમદ (ડોસુભાઇ) કે. પહોંચીયા**

(નકશબંદી, મુજદ્દેદી- મોડાસ્વી)

C/o. એચ. ડી. પહોંચીયા

**જમાલવાવ ભાગોળ, નૂરે મોહમ્મદી સોસાયટી,**

મુ. મોડાસા. (જી. સાબરકાંઠા)

# બહારે શરીઅત ભાગ-૮ ના અઘરા શબ્દોની સમજૂતી

| પેજ | શબ્દ | ભાવાર્થ |
|---|---|---|
| ૬ | દયાનતન | અલ્લાહની નજીક ઇમાનદારી સાથે જો સાચો છે તો તલાક થશે નહી. |
| ૬ | કદાઅન | કાઝીના નઝદીક અથવા મુફતીના નઝદીક નો ફેસલો |
| ૨૦ | ફુઝૂલી | જે શખ્સ બંનેના નિકાહની દરમિયાન વાસતો હોય અને વકીલ હોય. |
| ૨૪ | આદતન | સામાન્યત જેનું હોવું શકય હોય. |
| ૨૪ | ઇઝાફત | તલાકનો સંબંધ પોતાની ઔરત તરફ કરવું, સ્પષ્ટતાથી હોય કે સંકેત-ઇશારાથી |
| ૨૬ | બિદઇ | આ તલાક નો એક પ્રકાર છે જેનું બયાન ફિકહી અહકામ ના પ્રકરણમાં આવી ગયું છે. |
| ૩૨ | તબર્રોઅ | બક્ષીસ કરવું |
| ૪૦ | વતી બીશશુબહ | શંકા સાથે સોહબત કરવું. દા.ત. પારકી સ્ત્રીને પોતાની પત્ની સમજીને સોહબત કરવું. |
| ૪૩ | મરાહિક | જે બાલિગ થવાના નિકટ હોય. |
| ૫૦ | ખયાર | ઇખ્તેયાર - અધિકાર. |
| ૬૦ | ઉમ્મેવલદ | તે દાસી જેની ઔલાદ તેના આકાના નુત્ફાથી પૈદા થઇ હોય. |
| ૬૦ | મુદબેર | તે ગુલામ જ્યારે કે આકા કહે કે જ્યારે હુ મરી જાઉ તો તુ આઝાદ છે અર્થાત જે આકાના મૃત્યુ પછી આઝાદ થઇ જાય. |
| ૬૦ | મકાતિબ | આ તે ગુલામ છે જેની આઝાદી કોઇ નિશ્ચિત રકમ પર આધારિત હોય. |
| ૬૪ | તઝકીર | વાઅઝ કરવું અને નસીહત કરવું. |
| ૭૩ | શુબ્હતન | શંકાના કારણે. |
| ૭૪ | મુતદાખિલ | એક સાથે ઇદ્દતનું પુરૂ કરવું, જુદાઇ વગર. |

**નોંધ :** આ સિવાય જે અઘરા શબ્દો વાંચકની સમજમાં ન આવે તે કોઇ આલિમ ને પૂછી લે અને તે શબ્દો પેજ નંબર સાથે અમને લખી મોકલે તો બીજી એડીશન માં ઉમેરો કરી લેવામાં આવશે.

૭૮૬/૯૨

# બહારે શરીઅત

## (ભાગ આઠમો)

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

નહ્‌મદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ-કરીમ

## તલાક નું બયાન

અલ્લાહ અઝઝ વ જલ્લ ફરમાવે છેં,

**"અત્તલાકો મર્રતાને ફઇમ્સાકુન બે મઅ્‌રૂફિન અવ તસ્રીહુમ-બે અહેસાન."**

(અર્થ:) તલાક(જેના પછી રજઅતથઇ શકે)બે વખત સુધી છે. પછી ભલાઇ સાથે રોકી લેવું છે અથવા નેકોઇની(ભલાઇ)સાથે છોડી દેવું. અને ફરમાવે છેઃ-

**ફઇન તલ્લકહા ફલા તહિલ્લો લહુમિમ બઅ્‌દો હત્તા તન્કેહા ઝોજન ગૈરહુ ફઇન તલ્લકહા ફલા જોનાહા અલૈહેમા અંય યતરાજ આ ઇનઝન્ના અંય યોકીમા હોદુદુલ્લાહે. વતિલ્કા હોદુદુલ્લાહે.....**

પછી જો ત્રીજી તલાક આપે તો તેનાપછી તે ઔરત તેના માટે હલાલ થશેનહી જયાં સુધી બીજા પતિથી નિકાહ ન કરીલે, પછી જો બીજા પતિએ તલાક આપી દીધીતો તે બંને પર ગુનોહ નથી કે, બંને પરસ્પર નિકાહ કરીલે, જો એ ગુમાન હોયકે અલ્લાહની હદોને કાયમ રાખશે, અને આ અલ્લાહ ની હદો છે તે લોકો માટે બયાન કરે છે જે સમજદાર છે. અને ફરમાવે છેઃ- **"વ ઇઝા તલ્લકતોમુ ન્નિસાઅ ફબલગ્‌ન અજલહુન્ન ફઅ્‌મ્સેકૂહુન્ન બે મઅ્‌રુફિન અવ સર્રેહુહુન બેમઅ્‌રુફ....... .................................... (આખર સુધી) બેકુલ્લે શૈઇન અલીમ."**

(અર્થ :) અને જયારે તમે ઓરતોને તલાક આપો અને તેમની સમય મર્યાદા પૂરી થવા લાગે તો તેમને ભલાઇ સાથે રોકીલો અથવા ખૂબી સાથે છોડી દો અને તેમને કસ્ટ આપવા માટે રોકોનહી, કે હદથી આગળ વધીજાવ, અને જે એવું કરશે તેણે પોતાના પ્રાણ પર અત્યાચાર કર્યો અને અલ્લાહની આયતો ને ઠઠ્ઠો(મઝાક) ન બનાવો, અને અલ્લાહની નેઅમત જે તમારા પર છે તેને યાદ કરો અને તેણે તમારા પર જે કિતાબ તથા હિકમત ઉતારી હતી, નસીહત આપવા માટે, અને અલ્લાહથી ડરતા રહો અને જાણીલોકે અલ્લાહ દરેક વસ્તુને જાણે છે, અને ફરમાવે છેઃ- **"વ ઇઝા તલ્લકતોમુન્નિ-" સાઅ ફબલગ્‌ન અજલહુન્ન ફલા તઅ્‌ઝોલુ, હુન્ન ...................... લાતઅ્‌લમુન."**

(અર્થ:) અને જયારે ઔરતોને તલાક આપો અને તેની સમય મર્યાદા પૂરી થઇ જાય તો હે ઔરતોના વાલીઓ તેમને પતિઓથી નિકાહ કરવાથી રોકોનહી, જયારે કે પરસ્પર શરઅ અનુસાર રજામંદ થઇ જાય, આ તેને નસીહત કરવામાં આવે છે જે તમારા પૈકી અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય. આ તમારા માટે અધિક સ્વચ્છ અને પવિત્ર છે, અને અલ્લાહ જાણે છે અને તમે જાણતા નથી.

## હદીસો

**હદીસ- (૧) :-** દારકુતની હઝરત મઆઝ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલય હે વસલ્લમે ફરમાવ્યું - અય મઆઝ, કોઈ વસ્તુ અલ્લાહે ગુલામ આઝાદ કરવા કરતાં અધિક પસંદ યોગ્ય ધરતી પટપર પૈદા કરી નથી અને કોઈ વસ્તુ ધરતી પટપર તલાક કરતાં અધિક ના પસંદ પૈદા નથી કરી.(દારો કુત્ની)

**હદીસ-(૨) :-** અબૂદાઉદે ઈબ્નેઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, હુઝૂરે ફરમાવ્યું કે સઘળી હલાલ વસ્તુઓમાં ખુદાની નઝદીક અધિક ના પસંદ તલાક છે. (અબુ દાઉદ)

**હદીસ-(૩) :-** ઈમામ અહમદ જાબિર રદીયલ્લાહો અન્હોથી રાવી કે હુઝૂરે ફરમાવ્યું કે ઈબ્લીસ (શયતાન) પોતાનું તખત પાણી પર બીછાવે છે અને પોતાના લશ્કર ને મોકલે છે અને સૌથી અધિક મરતબા (પદવી) વાળો તેના નઝદીક તે છે જેનો ફિત્નો મોટો હોય છે. તેઓ પૈકી એક આવીને કહે છે, મે આકર્યું. ઇબ્લીસ કહે છે: તેં કાંઇ કર્યુ નથી, બીજો આવીને કહે છે: "મેં પતિ અને પત્નીમાં જુદાઇ (વિચ્છેદ)નાખી દીધી." તે તેને પોતાના નિકટ કરીલે છે અને કહે છે, હા, તુજ મારો સાચો ચેલો છે.(ઈમામ અહમદ)

**હદીસ- (૪) :-** તિરમિઝીએ અબૂહુરૈરહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, હુઝૂરે ફરમાવ્યું કે દરેક તલાક વાકેઅ (થઈજાય) છે. પરંતુ મઅતૂહ (અર્થાત ગાંડાની) ની અને તેની જેની બુધ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ અર્થાત જુનુનવાળાની.

**હદીસ- (૫) :-** ઈમામ અહમદ, તિરમિઝી, અબૂદાઉદ, ઇબ્ને માજા તથા દારોમી સોબાન રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું: **જે સ્ત્રી કોઈ વાંધા વગર પતિથી તલાકનો સવાલ કરે તેના પર જન્નતની ખૂશ્બૂ હરામ છે.**

**હદીસ-(૬) :-** બુખારી તથા મુસ્લિમ અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અન્હોથી રિવાયત કરે છે કે, તેમણે પોતાના પત્ની ને હૈઝ (માસિક) ની હાલતમાં તલાક આપી દીધી હતી. હઝરત ઉમર રદીયલ્લાહો અન્હોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી આ બનાવનો ઉલ્લેખ કર્યો. હુઝૂરે તેના પર ક્રોધ કર્યો અને એ ઈરશાદ ફરમાવ્યો કે તેનાથી રજઅત કરીલે અને રોકી રાખે, ત્યાં સુધી કે પાક થઈ જાય, પછી હૈઝ આવે અને પાક થઈ જાય, તે પછી જો તલાક આપવા ઈચ્છે તો પાકી ની હાલતમાં સંભોગથી પહેલા તલાક આપે.

**હદીસ- (૭) :-** નસાઈ એ, મહમૂદબિન લુબૈદ રદીયલ્લાહો અનહોથી રિવાયત કરી કે, રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ને ખબર પહોંચી કે એક શખ્સે પોતાની પત્ની ને ત્રણ તલાકો એક સાથે આપી દીધી છે તે સાંભળીને ગુસ્સામાં આપ ઉભા થઈ ગયા અને ફરમાવ્યું કે **અલ્લાહની કિતાબ (કુર્આન) થી ખેલ કરે છે, જોકે હું તમારા અંદર હજી મોજુદ છું.**

**હદીસ- (૮) :-** ઈમામ માલિક મોઅત્તામાં રિવાયત કરે છે કે, એક શખ્સે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદીયલ્લાહો અંન્હોથી કહયું, મેં પોતાની પત્નીને ૧૦૦ (સો) તલાકો આપી દીધી, આપ શું હુકમ આપોછો? આપે ફરમાવ્યું કે, તારી પત્ની ત્રણ તલાકોથી બાઈન થઈ ગઈ અને સત્તાણું (૯૭) તલાક સાથે તેં અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠો કર્યો. (ઈમામ માલિક)

## તલાકના ફિકહી અહકામો:

નિકાહથી ઔરત પતિની પાબંદ થઈ જાય છે, આ પાબંદી હઠાવી દેવાને તલાક કહે છે. અને તેના માટે કેટલાક શબ્દો મુકર્રર છે. જેનું બયાન આગળ આવશે તેના બે સ્વરુપો છે એક એકે એજ વેળા નિકાહથી બહાર થઇ જાય તેને "બાઈન" કહે છે. બીજુ એકે ઇદ્દત પસાર થવાથી બહાર થશે, તેને "રજઈ"કહે છે.

**મસ્અલા-(૧) :-** તલાક આપવું જાઈઝ છે પરંતુ

શરઈ કારણ વગર મના (નિષેધ) છે. અને શરઈ કારણ હોય તો મુબાહ (ઉચિત) બલ્કે કેટલીક હાલતોમાં મુસ્તહબ છે દા.ત ઓરત તેને અથવા બીજા ઓને કષ્ટ આપતી હોય અથવા નમાઝ પઢતી નથી. અબ્દુલ્લાહ બિન મસઉદરદીયલ્લાહો અન્હો ફરમાવે છે કે, બે નમાઝી ઔરતને તલાક આપી દઉં અને તેની મહેર મારા માથે બાકી હોય તે હાલત સાથે ખુદાના દરબબારમાં મારી પેશી (હાજરી) થાય તો તે તેના કરતાં બહેતર (ઉત્તમ) છે કે, તેના સાથે જીવન વ્યતિતકરું, અને કેટલીક સૂરતોમાં તલાક આપવું વાજિબ છે, દા.ત પતિ નામર્દ (નપુસક)છે અથવા હિજડો છે અથવા તેનાપર કોઈએ જાદૂ અથવા અમલકરી દીધો છે કે, સંભોગ કરવા માટે શકિતમાન નથી અને તેના નિવારણની પણ કોઈ સુરત (ઉપાય) દેખાતો નથી કે આ હાલતમાં તલાક ન આપવું સખત તકલીફ પહોંચાડવું છે, (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૨) :-** તલાક ના ત્રણ પ્રકાર છે, (૧) હસન (૨) અહસન (૩) બિદઈ, જે તોહર (તેમુદત જેમાં હૈઝ ન હોય) માં સંભોગ ન કર્યો હોય તેમાં એક રજઈ તલાક આપે અને છોડી રાખે ત્યાં સુધી કે ઈદ્દત પસાર થઈજાય, આ અહસન છે. અને ગેર મવતૂઅહ (જેની સાથે સંભોગ કરેલ ના હોય) ને તલાક આપી ભલેહૈઝના દિવસોમાંજ આપી હોય અથવા મૌતુઅહ ને ત્રણ તોહરમાં ત્રણ તલાકો આપી, એ શરતે કે ન તે તોહરોમાં સંભોગ કર્યો હોય ન હૈઝમાં અથવા ત્રણ મહીનામાં ત્રણ તલાકો તે ઔરતને આપી જેને હૈઝ આવતું નથી, દા. ત ના બાલિગા અથવા હમલ (ગર્ભ) વાળી છે અથવા અયાસ (જે ઉમરમાં માસિક આવવું બંધ થઈ જાય છે) ની વયે પહોંચી ગઈ તો આ સધળા સ્વરુપો **"હસન તલાક"** ના છે, હમલવાળી અથવા અયાસની વયવાળી ને સંભોગ પછી તલાક આપવામાં કરાહત નથી. એવીજરીતે જો તેનું વય નવ વર્ષથી ઓછું હોય તો કરાહત નથી. અને નવવર્ષ અથવા વધુ વયની છે પરતું હજુ હૈઝ આવ્યું નથી તો અફઝલ એ છે કે સંભોગ તથા તલાકમાં એક મહીનાનું અંતર હોય, બિદઈ એ છે કે એક તોહરમાં બે અથવા ત્રણ તલાક આપી દે, ત્રણ વખતમાં અથવા બે વખતમાં અથવા એકજ વખતમાં, ભલે ત્રણવાર શબ્દકહે અથવા એમ કહી દીધું કે, તને ત્રણ તલાક અથવા એકજ તલાક આપી પરંતુ તે તોહરમાં સંભોગ કરી લીધો છે અથવા મૌતુઅહ ને હૈઝમાં તલાક આપી અથવા તોહરમાંજ તલાક આપી પરંતુ તેનાથી પહેલા જે હૈઝ આવ્યું હતું તેમાં સંભોગ કર્યો હતો અથવા તે હૈઝમાં તલાક આપી હતી અથવા આ સધળી વાતો નથી પરંતુ તોહરમાં તલાકે બાઈન આપી,

(તોહર-પાકીની હાલત) (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૩) :-** હૈઝની હાલતમાં તલાક આપી તો રજઅત (પાછી ફેરવવું) વાજિબ છે કે, તે હાલતમાં તલાક આપવું ગુનોહ હતું. જો તલાક આપવીજ છે તો આ હૈઝ પછી તોહર (પાકીની મુદત) પસાર થઈ જાય પછી હૈઝ આપીને પાક થાય તો હવે તલાક આપી શકે છે. આ તે સમય છે કે સંભોગથી રજઅત કરી હોય અને જો કોલ અથવા ચુંબન લેવા અથવા સ્પર્શથી રજઅત કરી હોય તો આ હૈઝ પછી જે તોહર છે તેમાં પણ તલાક આપી શકે છે, તેના પછી બીજા તોહરની પ્રતીક્ષાની હાજત નથી. (જવ હરહ વિગેરે)

**મસ્અલા- (૪) :-** મૌતુઅહ ને કહ્યું તને સુન્નત અનુસાર બે અથવા ત્રણ તલાકો . જો તેને હૈઝ ચાલુ છે તો દરેક તોહરમાં એક ધટિત થશે, (લાગુ પડશે) પહેલી તલાક તે તોહરમાં પડશે જેમાં સંભોગ ન કર્યો હોય, અને જો એ શબ્દતે સમયે કહ્યો કે, પાક હતી અને તે તોહરમાં સંભોગ પણ કર્યો નથી તો એક તલાક તત્કાળ ધટિત થશે અને જોતે સમયે તેને હૈઝ છે અથવા પાક છે પરંતુ આ તોહરમાં સંભોગ કરી લીધો છે તો હવે હૈઝ પછી પાક થવા પર પહેલી તલાક ધટિત થશે,(લાગુ પડશે) અને ગેર મૌતુઅહ છે અથવા તેને હૈઝ આવતું નથી તો એક તલાક તત્કાળ ધટિત થશે, ભલે ગેર મૌતુઅહ ને તે સમયે હૈઝ હોય, પછી જો ગેર મૌતુઅહ છે તો બાકીની તે સમયે ધટિત થશે કે તેનાથી નિકાહ કરે, કેમકે પ્રથમ તલાકથીજ બાઈન થઈગઈ અને નિકાહમાંથી નિકળીગઈ. બીજી તલાક માટે પ્રસંગ નરહયો અને જો મૌતુઅહ છે પરંતુ હૈઝ આવતું નથી તો બીજા મહીનામાં બીજી તલાક અને ત્રીજા મહીનામાં ત્રીજી તલાક ધટિત થશે, અને જો આ કથનથી એ નિય્યત કરી કે ત્રણે તલાક હમણાં પડીજાય અથવા દરેક મહીના ના આરંભમાં એક ધટિત થાય તો આનિય્યત પણ સહીહ છે, (દુર્રે મુખ્તાર) પરંતુ ગેર મૌતુઅહ માં એ નિય્યત કે દરેક મહીનાના આરંભમાં એક તલાક ધટિત થાય, આ વાત બેકાર છે કે તે પહેલાથીજ બાઈન થઈ જશે. અને પ્રસંગ રહેશે નહી.

**મસ્અલા- (૫) :-** તલાક માટે શરત એ છે કે પતિ આકિલ (ગાંડો ના હોય) બાલિગ (પુખ્તવયનો) હોય.

ના બાલિગ અથવા ગાંડો ન પોતે તલાક આપી શકે છે ન તેના તરફથી તેનો વાલી, પરંતુ જો નશાવાળા એ તલાક આપી તો ઘટિત થઈ જશે કે તે અકકલવાળાના હુકમમાં છે. અને નશો ભલે શરાબ પીવા થી હોયકે ભાંગ વિગેરે કોઈ બીજી વસ્તુથી. અફીણ ની તંદ્રામાં તલાક આપી દીધી તો પણ ઘટિત થઈ જશે, તલાકમાં ઔરત તરફથી કોઈ શરત નથી ના બાલિગા હોય કે ગાંડી, વસ્તુત તલાક ઘટિત થશે,(લાગુ પડી જશે) (દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા- (૬) :-** કોઈ એ મજબૂર કરીને તેને નશો પીવડાવી દીધો અથવા ઈઝતેરારી (મૃત્યુ ના ભયની) હાલતમાં પીધો (દા. ત. તૃષાથી મરી રહ્યો હતો અને પાણી ન હતું) અને નશામાં તલાક આપી દીધી તો સહીહ એ છે કે ઘટિત થશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૭):-** એ શરત નથી કે પુરુષ આઝાદ હોય. ગુલામ પણ પોતાની પત્ની ને તલાક આપી શકે છે. અને (ગુલામનો) માલિક તેની (ગુલામની) પત્ની ને તલાક આપી શકતો નથી. અને એ પણ શરત નથી કે ખૂશીથી તલાક આપવામાં આવે બલ્કે શરઈ નફરતની હાલતમાં પણ તલાક ઘટિત થઈ જશે. (જવ હરહ વિગેરે)

**મસ્અલા-(૮):-** તલાકના શબ્દો હઝલ (મઝાક) ની રીતે કહે અર્થાત તેનાથી બાજા અર્થોનો ઈરાદો કર્યો જે બની શકતા નથી તો પણ તલાક થઈ ગઈ. એવીજ રીતે ઓછી અકકલવાળાની તલાક પણ ઘટિત છે અને ગાંડો, મજનુન જુનુનવાળો મુર્છિત ના હુકમમાં છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૯) :-** ગુંગા એ ઈશારાથી તલાક આપી તો તલાક થઈ ગઈ જયારેકે લખવું જાણતો ન હોય અને જો લખવું જાણ તો હોય તો ઈશારાથી તલાક થશે નહી. બલ્કે લખવાથી થશે. (ફત હુલ કદીર)

**મસ્અલા-(૧૦):-** કોઈ બીજો શબ્દ કહેવા ઈચ્છે છે, જીભથી તલાક શબ્દ નીકળી ગયો અથવા તલાક શબ્દ બોલ્યો પરંતુ તેનો અર્થ જાણતો નથી અથવા ભૂલથી કે ગફલત માં કહ્યું, આ સઘળી હાલતમાં તલાક ઘટિત થઈ (લાગુ પડી) ગઈ. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૧) :-** એવો બીમાર કે જેની બીમારી એટલી હદે ન પહોંચી હોય કે બુધ્ધિ ચાલી જાય, તેની તલાક ઘટિત છે, કાફિરની તલાક ઘટિત અર્થાત જયારે કે મુસલમાન પાસે મુકદમો રજુથાય તો તલાક નો હુકમ આપશે (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૨) :-** મજનુને હોશના સમયમાં કોઈ શરત પર તલ્લાક આપી હતી અને તે શરત મુર્છાના સમયમાં જોવામાં આવી તો તલાક થઈ ગઈ. દા-ત એમ કહ્યું હતું કે જોહું તે ઘરમાં જાઉ તો તને તલાક છે અને હવે જુનુનની હાલતમાં તે ઘરમાં ગયો તો તલાક થઈ ગઈ, હા, જો હોશના સમયમાં એમ કહ્યું હતું કે હું મજનુન (બેહોશી ની હાલત) થઈ જાઉ તો તને તલાક છે, તો મજનુન-મુર્છિત થવાથી તલાક થશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૧૩):-** મજનુન નામર્દ (નપુષંક) છે અથવા તેનું લીંગ કપાએલું છે અથવા ઔરત મુસલમાન થઈ ગઈ અને જુનુનવાળા ના માં બાપ ઈસ્લામથી મુનકિર છે તો આ હાલતોમાં કાઝી (મુસ્લિમ ન્યાધિશ) વિચ્છેદ કરી દેશે અને આ વિચ્છેદ તલાક હશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૪) :-** સરસામ (મગઝનો તાવ) તથા બરસામ (ફેફસામાં પાણી ભરાઈજવું) અથવા કોઈ બીજી બીમારીમાં જેમાં બુધ્ધિ ચાલી ગઈ અથવા મૂર્છાની હાલતમાં કે નિંદ્રામાં તલાક આપી દીધી તો ઘટિત થશે નહી. એવીજ રીતે જો ગુસ્સો એટલી હદનો હોય કે બુધ્ધિ ચાલી જાય (ભાન ભુલીજાય) તો તલાક ઘટિત થશે નહી. **(દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)** આજકાલ બહુધા લોકો તલાક આપી બેસે છે, પાછળથી અફસોસ કરતા અને જાતજાતના બહાનાથી એવો ફતવો લેવા ઈચ્છે છે કે તલાક ઘટિત ન થાય, એક ઉઝર (કારણ) એ પણ હોય છે કે ગુસ્સામાં તલાક આપી હતી. મુફતી એ એવાતનું ધ્યાન રાખવું જોઈએ કે સર્વથા ગુસ્સાનો એતબાર નથી. સાધારણ ગુસ્સામાં તલાક થઈ જાય છે, તે હાલત કે ગુસ્સાથી બુધ્ધિચાલી જાય (પાગલ થઈ જાય) તે બહુજ દુર્લભ છે માટે જયાં સુધી તેની સાબિતી ન હોય કેવળ પ્રશ્ન પૂછનારના કહીદેવા પર વિશ્વાસ ન કરે. (સદરુશ્શરીઅહ)

**મસ્અલા-(૧૫):-** તલાકની સંખ્યામાં ઔરતનો લેહાઝ રાખવામાં આવશે અર્થાત આઝાદ ઔરત હોયતો ત્રણ તલાકો થઈ શકે છે, જો કે તેનો પતિ ગુલામ હોય અને બાંદી (દાસી) હોય તો તેને બેજ તલાકો આપી શકાય છે, ભલે પતિ આઝાદ હોય. (આમ્મુલ કુતુબ)

**મસ્અલા- (૧૬) :-** ના બાલિગની પત્ની મુસલમાન થઈ ગઈ અને પતિ પર કાઝી એ, ઈસ્લામ રજાુકર્યો (ઈસ્લામ ની દાવત આપી), જો તે સમજદાર છે અને ઈસ્લામથી ઈન્કાર કરે તો તલાક થઈ ગઈ. (રદદુલમુહતાર)

## લેખિત તલાકનાં મસાઈલ :

જીભથી તલાકના શબ્દો કહ્યા નહી પરંતુ કોઈ એવી વસ્તુ પર લખ્યા કે શબ્દો પ્રસિધ્ધ ન થતા હોય દા.ત. પાણી અથવા હવાપર તો તલાક થશે નહી. અને જો એવી વસ્તુ પર લખે કે શબ્દો પ્રકટ થતા હોય, દા.ત. કાગળ અથવા પાટીયા વિગેરે પર અને તલાકની નિય્યતથી લખ્યા તો તલાક થઈ જશે, અને જો લખીને મોકલ્યા અર્થાત એવી રીતે લખ્યું જેવી રીતે પત્રો લખવામાં આવે છે કે સાધારણ લકબો તથા આદાબ પછી પોતાનો મતલબ લખે છે, તો પણ તલાક થઈ ગઈ. **બલ્કે જો તે પત્ર ન પણ મોકલ્યો તો પણ તે હાલતમાં તલાક થઈ જશે** અને તે તલાક લખતાની સાથેજ તલાક પડશે. અને તેજ સમયથી ઈદ્દત ગણાશે. અને જો એમ લખ્યું કે મારો આ પત્ર જયારે તને પહોંચે તને તલાક છે તો પત્નીને જયારે લખાણ પહોંચશે તે સમયે તલાક થશે, પત્ની ભલે વાંચકે ન વાંચે અને માની લોકે પત્ની ને તલાક પહોંચીજ નહી, દા.ત. તેણે મોકલી નહી અથવા માર્ગમાં ગુમ થઈ ગઈ તો તલાક થશે નહી. અને જો આ લખાણ પત્નીના બાપને મળ્યું, તેણે ફાડી નાખયું, છોકરી ને આપ્યું નહી તો જો તે છોકરીના સઘળા કામો માં અધિકાર કરે છે અને તે લખાણ તે શહેરમાં તેને મળ્યું જયાં છોકરી રહે છે તો તલાક થઈ ગઈ. નહી તો થશે નહી. પરંતુ જયારે કે લખાણ આવવાની ખબર છોકરીને આપી અને તે ફાટેલું લખાણ પણ તેને આપ્યું અને તે વાંચી શકાય તેમ છે તો તલાક ઘટિત થઈ (લાગુ પડી) જશે. (દુર્રેમૂખતાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૧૮) :-** કોઈ કાગળ ના ટુકડા પર તલાક લખી અને કહે છે કે મેં મશ્ક (પ્રેકટીસ) ની રીતે લખ્યું છે તો કદાઅન (ફેંસલો કરવામાં) તેનો કોલ વિશ્વાસપાત્ર નથી. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૯) :-** બે ચીઠીઓ પર એમ લખ્યું છે કે જ્યારે મારૂ આ લખાણ તને પહોંચે, તને તલાક છે. અને પત્ની ને બંને ચીઠીઓ પહોંચી તો કાઝી બે તલાકો નો હુકમ આપશે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૦) :-** બીજા પાસે તલાક લખાવીને મોકલી તો તલાક થઇ જશે. લખવાવાળાને કહ્યું કે મારી પત્ની તલાક લખી દે તો આ તલાકનો ઈકરાર છે અર્થાત તલાક થઈ જશે, ભલે તે ન લખે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૧) :-** જો ઔરત ને લખાણ ધ્વારા સુન્નત તલાક આપવા ઇચ્છે છે તો જો એક તલાક આપવી છે તો એમ લખેકે, જ્યારે મારુંઆ લખાણ તને પહોંચે તેના પછી હૈઝ થી પાક પવા પર તને તલાક છે. અને ત્રણ તલાક આપવી હોય તો એમ લખે કે મારા લખાણ પહોંચ્યા પછી જ્યારે તુ હૈઝ (માસિક)થી પાક થાય, તને તલાક, પછી જ્યારે હૈઝથી પાક થાયતો તલાક, પછી જ્યારે હૈઝથી પાક થાય તો તલાક, અથવા એમ લખીદે કે, મારુંલખાણ પહોંચ્યા થી તને સુન્નત અનુસાર ત્રણ તલાકો તો એ પણ એજ તરતીબ (ક્રમ)થી ઘટિત થશે. અર્થાત દરેક હૈઝથી પાક થવા પર એક એક તલાક પડશે. (લાગુ પડશે.) અને જો ઔરતને હૈઝન આવતું હોય તો લખી દેકે જ્યારે ચાંદ થઈ જાય તને તલાક. પછી બીજા મહીનામાં તલાક, પછી ત્રીજા મહીનામાં તલાક. અથવા એજ શબ્દ લખીદેકે, સુન્નત અનુસાર ત્રણ તલાકો. (આલમગીરી)

**મસ્અલા- (૨૨) :-** પતિ એ પત્ની ને પત્ર લખ્યો તેમાં જરુરતની જે વાતો લખવી હતી તે લખી. અંતમાં એ લખી દીધું કે, જ્યારે મારો આ પત્ર તને પહોંચે તને તલાક. પછી તલાકનું આ વાકય ચેકીને પત્ર મોકલી દીધો તો પત્ની ને પત્ર પહોંચતાજ તલાક થઈ ગઈ. અને જો પત્રનું સઘળું લખાણ ચેકી નાખ્યું અને તલાકનું વાકય બાકી રહેવા દીધું અને તે પત્ર મોકલી દીધો તો તલાક થઈ નહી. અને જો પ્રથમ એ લખ્યું કે જ્યારે મારો આ પત્ર પહોંચે તને તલાક અને તે પછી બીજી મતલબની વાતો લખી તો હુકમ તેના વિરુધ્ધ છે, અર્થાત તલાક શબ્દ ચેકી નાખ્યો તો તલાક થઈ નહી અને તે શબ્દ રહેવા દીધા તો તલાક થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૨૩) :-** પત્રમાં "તલાક"લખ્યું અને તે પછી મુત્તસેલન (સંગાથેજ) **ઈન્શાઅલ્લા હો ત્આલા લખ્યું** તો તલાક થઈ નહી. અને જો વાકય જુદુ કરીને લખ્યું તો તલાક થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૨૪) :-** લખાણથી તલાકની સાબિતીમાં

એ જરુરી છે કે, પતિ ઈકરાર (સ્વીકાર) કરેકે મેં લખ્યું છે અથવા લખાવ્યું હતું અથવા ઔરત તેનાપર ગવાહ રજુ કરે, કેવળ તેના પત્રથી અનુરુપ હોવું અથવા તેના જેવી સહી હોવું અથવા તેના જેવી મુહર હોવું કાફી નથી, હા, જો પત્નીને સંતોષ અને ગુમાન (ધારણા) ગાલિબ છે કે, આ લખાણ તેનું જ છે તો તેના પર અમલ કરવાની પત્નીને ઈજાઝત છે, પરતું જ્યારે પતિ ઈન્કાર કરે તો શહાદત (સાક્ષી)વગર છુટકો નથી. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા- (૨૫) :-** કોઈએ પતિને તલાક નામું લખવા મજબૂર કર્યો. તેણે લખી દીધું પરંતુ દિલમાં ઈરાદો નથી અને જીભથી તલાક નો શબ્દ ન કહ્યો તો તલાક થશે નહી, મજબૂરીથી ભાવાર્થ શરઈ મજબૂરી છે કેવળ કોઈના આગ્રહ કરવા થી લખી દેવું અથવા મોટો છે તેની વાત કેવી રીતે ટાળી શકાય તે (શરઈ) મજબૂરી નથી. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૬) :-** તલાકના બે પ્રકાર છે. (૧) શરીહ (સ્પષ્ટ) તથા (૨) કિનાયા (સાંકેતિક). શરીહ તે જેનાથી તલાક મુરાદ હોવું જાહેર થાય બહુધા તલાકમાં તેનો ઉપયોગ થાય. જોકે તે કોઈ પણ ભાષાનો શબ્દ હોય. (જવહરહ વિગેરે)

## શરીહ (સ્પષ્ટ) નું બયાન

**મસ્અલા- (૧) :- શરીહ શબ્દ દા-ત. (૧) મેં તને** તલાક આપી. (૨) તલાક છે. (૩) તુ તલાક મેળવેલ છે. (૪) તુ તાલિક છે. (૫) હું તને તલાક આપુ છું. (૬) હે મુતલ્લકા, (હે તલાક વાળી) આ સઘળા શબ્દો નો હુકમ એજ છે કે **એક રજઈ તલાક** ઘટિત થઈ ગઈ. ભલે કાંઈ નિય્યત ન કરી હોય અથવા બાઈન ની નિય્યત કરી અથવા એક કરતાં વધારેની નિય્યત હોય અથવા કહે હું જાણતો ન હતો કે, તલાક શું વસ્તુ છે? પરંતુ એ સ્થિતિમાં કે તે તલાક ને જાણતો ન હતો તો દયાનતન (સાવચેતી ને લીધે) ઘટિત થશે નહી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૨) :-** તલાગ, (તોયથી) તલાગ (તેથી) તલાક (તોય અને નાના કાફથી) તલાક (તેથી), તલાખ, તલ્લાખ, તલાક, ıતેલાક. બલ્કે તોતળી ભાષામાં તલાત આ સૌ શબ્દો **શરીહ** ના શબ્દ છે, આ સૌથી એક તલાક રજઈ થશે, ભલે નિય્યત ન હોય અથવા નિય્યત કાંઈ **બીજી હોય**, ત-લ-અ-ક, તોય-લામ-અલિફ-કાફ (તલાક) (અલેફ-કાફ) તલામ, કહયું અને નિય્યત તલાકની હોય તો એક રજઈ તલાક થશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૩) :-** ઉર્દુમાં એ શબ્દ કહે કે, મેંનેતુજે છોડા, શરીહ, છે, તેનાથી એક રજઈ તલાક થશે. કાંઈ નિય્યત હોય કે ન હોય, એવીજ રીતે એ શબ્દ કે મેં ફારગખતી અથવા ફારખતી અથવા ફારગતી આપી શરીહ છે. (એટલે આ શબ્દો, સ્પષ્ટ તલાકના શબ્દો છે.)

**મસ્અલા- (૪) :-** તલાક શબ્દ ગલત પ્રકારે અદા કરવામાં આલિમ તથા જાહિલ સરખા છે. વસ્તુત તલાક થઈ જશે જો કે તે કહે કે મેં ધમકાવવા માટે ગલત રીતે અદા કર્યો, તલાક આપવાનો હેતુ ન હતો. નહી તો સહીહ (સાચી) રીતે બોલતો. હા જો લોકો ને પહેલાથી કહ્યું હતું કે હુંધમકાવવા માટે ગલત શબ્દ બોલીશ, તલાક હેતુ ન હશે, તો હવે તેનું કહેવું માની લેવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૫) :-** કોઈ એ પૂછયું તેં પોતાની પત્નીને તલાક આપી દીધી, તેણે કહયું હા, અથવા કેમ નહી?તો તલાક થઇ ગઇ, ભલેને તલાક આપવાની નિય્યત થી ન કહયું હોય.(દુર્રે મુખ્તાર) પરંતુ જ્યારેકે એવા કડક અવાઝ અને એવી શૈલીમાં કહયું જેનાથી ઇન્કાર સમજવામાં આવતો હોય તો તલાક નથી.(ખાનિયહ) કોઇ એ કહયું તારી પત્ની પર તલાક નથી , કહયું કેમ નહી, અથવા કહયું કેમ તો તલાક થઈ ગઈ અને જો કહયું -નહી અથવા હા તો તલાક નથી. (ફતવા રિઝવીયા)

**મસ્અલા- (૬) :-** પત્ની ને તલાક આપી નથી પરંતુ લોકોને કહે છે કે હું તલાક આપી આવ્યો છું તો કઝાઅન થઈ જશે અને ધ્યાનતન થશે નહી. અને જો એક તલાક આપી છે અને લોકોને કહે છે તલાક આપી છે તો ધ્યાનતન એક થશે કઝાઅન ત્રણ થશે. ભલેને તે કહેકે, મેં જાુઠુ કહયું હતું. (ફતાવા ખૈરીયહ)

**મસ્અલા- (૭) :-** પત્ની ને કહયું અય મુતલ્લકા, અય તલાક આપેલી, અય તલાકણ, અય તલાકશુદા, અય તલાક યાફતા, અય તલાક કરદહ તો તલાક થઈ ગઈ. ભલેને તે કહે કે મારો હેતુ ગાળ દેવું હતો, તલાક આપવાનો ન હતો અને જો એમ કહેકે મારો હેતુ એ હતો કે તે **પ્રથમ** પતિની મુતલ્લકા છે અને હકીકતમાં તે એવીજ છે **અર્થાત પ્રથમ** પતિની મુતલ્લકા છે તો ધ્યાનતન તેનો કોલ **(કથન)** માની લેવામાં આવશે અને જો તે ઔરત પહેલા કોઈની

વિવાહિતા હતીજ નહી અથવા હતી પરંતુ તેણે તલાક આપી ન હતી, બલ્કે મરી ગયો હોય તો આ તાવીલ (અર્થ ઘટન) માનવામાં આવશે નહી, એવીજરીતે જો કહયું તારા પતિએ તને તલાક આપી તો પણ એજ હુકમ છે. (રદદુલમુહતાર,આલમગીરી)

**મસ્અલા- (૮)** :- ઔરતને કહયું તને તલાક આપું છું અથવા કહયું તુ મુતલ્લકા થઈ જા, તો તલાક થઈ ગઈ. (રદદુલ મુહતાર) પરંતુ એ શબ્દકે તલાક આપું છું અથવા છોડુ છું તેનો એ અર્થ લીધો કે તલાક આપવા ઈચ્છું છું અથવા છોડવા ઈચ્છું છું તો ધ્યાનતન તલાક થશે નહી, કઝાઅન થઈ જશે. અને જો એ શબ્દ કહ્યો કે છોડી દઉછું તો તલાક થઈ નહી કે આ શબ્દ ઇચ્છા તથા ઇરાદા માટે છે.

**મસ્અલા- (૯)** :- તારાપર તલાક, તને તલાક, તલાક થઈ જા, તુ તલાક છે, તુ તલાક થઈ ગઈ. તલાકલે, બહાર જતી હતી તેને કહ્યું તલાક લઈ જા, પોતાની તલાક ઓઢ અને રવાના થા, મેં તારી તલાક તારા આંચળ (પાલવ)માં બાંધી દીધી, જા તારા પર તલાક, આ સૌમાં એક **"રજઈ તલાક"** થશે. અનેજો કેવળ જા, તલાકની નિય્યત થી કહેતો,તો **બાઈન** થતી. (ખાનિયહ,આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૧૦)** :- તને મુસલમાનોના ચારે મઝહબ અથવા મુસલમાનોના સઘળા મઝહબ પર તલાક અથવા તને યહુદ તથા નસારા (ખ્રિસ્તી) ના મઝહબ પર તલાક, તેનાથી **એક રજઈ તલાક** થશે, એવીજ રીતે જો કહ્યું કે જા, તને તલાક છે, સુવ્વરો અથવા યહુદીઓને હલાલ અને મારા પર હરામ થાય તો રજઈ તલાક થશે. અર્થાત જ્યારેકે આ શબ્દથી (કે મારા પર હરામ થાય) તલાક ની નિય્યત કરી ન હોય, નહીતો બે બાઈન તલાક ઘટિત થશે. (ખયરિયહ,રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૧)** :- તુ મુતલ્લકા અને બાઈનીયા અથવા મુતલ્લકા પછી બાઈના છે તેનાથી એક રજઈ તલાક થશે અને જો બાઈના શબ્દથી અલગ તલાકની નિય્યત કરી તો બે બાઈન તલાક અને ત્રણની કરી તો ત્રણ બાઈન થશે. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૨)** :- ઔરતના બાળકને જોઈ ને કહ્યું હે મુતલ્લકા (તલાક મેળવેલ) ના બાળક અથવા હે મુતલ્લકાના જણ્યા તો રજઈ તલાક થઈ. (આલમીરી) હા, જો એ નિય્યત હોય કે તે પ્રથમના પતિની મુતલ્લકા છે તો દયાનતન માની લેવામાં આવશે જ્યારે કે પ્રથમ પતિ એ તલાક આપી હોય.

**મસ્અલા- (૧૩)** :- પત્ની સંબંધે કહ્યું તેને તેની તલાકની ખબર આપ અથવા તલાકની ખુશ ખબરી (વધાઈ) સંભળાવીદે અથવા તેની તલાકની ખબર તેની પાસે લઈજા અથવા તેને લખી મોકલ અથવા તેને કહેકે તે મુતલ્લકા (તલાક શુદા) છે અથવા તેના માટે તેની તલાકની સનદ અથવા યાદદાશત લખી દેતો તલાક હમણાંજ પડી ગઈ જો કે ન તેણે તેને કહ્યું ન લખ્યું અને જો એમ કહ્યું કે તેને કહો કે તુ મુતલ્લકા છે અથવા તેને તલાક આપી આવ તો જ્યારે જઈને કહેશે તલાક છે, નહી તો તલાક નથી. (ખાનિયહ)

**મસ્અલા- (૧૪)** :- તુ ફલાણી કરતાં અધિક મુતલ્લકા છે (તલાક થએલ છે) એમ કહ્યું તો તલાક પડી ગઈ, ભલેને પછી તે ફલાંણી મુતલ્લકા ન પણ હોય, (ફતાવા રિઝવીયા)

**મસ્અલા- (૧૫)** :- અય મુતલ્લકા મેં તારી તલાક છોડી દીધી, મેં તારી તલાક રવાના કરી દીધી, મેં તારી તલાક નો રસ્તો છોડી દીધો, મેં તારી તલાક તને ભેટ આપી દીધી, કરજ આપી, તારા પાસે ગીરવી કરી, અમાનત મુકી, મેં તારી તલાક ઈચ્છી, અલ્લાહે તારી તલાક મુકદ્દર કરી દીધી, આ સૌ શબ્દોથી જો તલાકની નિય્યત હોય તો **"રજઈ તલાક"** ઘટિત થશે (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૬)** :- કોઈએ કહ્યું મેં તારી તલાક તારા હાથોમાં વેચી, ઔરતે કહ્યું મેં ખરીદી અને કોઈ માલના બદલામાં હોવું મજકૂર ન થયું તો **રજઈ તલાક થશે** અને માલના બદલામાં હોવું મજકૂર હોય તો **બાઈન તલાક છે.** અને જો એમ કહ્યું કે મેં તેના બદલા પર તલાક આપી કે તુ પોતાની માંગ આટલા દિવસો માટે હઠાવી દે તોપણ રજઈ તલાક થશે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૭)** :- ઔરતને કહ્યું: "મેં તને છોડી." અને કહે છે, મારો હેતુ એ હતો કે, બાંધેલી હતી તેનું બંધન ખોલી નાખ્યું, અથવા કેદ હતી, હવે છોડી દીધી તો આ અર્થ ઘટન સાંભળવામાં આવશે નહી. હા, જો ખુલાસો કરી દીધોકે તને કેદ અથવા બંધન થી છોડી તો તે કથન માની લેવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૧૮) :- પોતાની પત્ની ને કહ્યું: તું મારા માટે હરામ છે, તો એક બાઈન તલાક થશે. જો કે નિય્યત ન કરી હોય અને જો તે તેની પત્ની ન હોય તો યમીન (કસમ છે.) છે, હાનિસ (સોગંદ તોડી દેવાપર,) હોવા પર કફફારો વાજિબ, એવીજરીતે જો એમ કહ્યું કે હું તારા માટે હરામ છું અને તલાકની નિય્યત કરી તો તલાક ઘટિત (લાગુ પડી જશે) થશે. અને જો કેવળ એમ કહ્યું કે હું હરામ છું તો તલાક ઘટિત થશે નહી. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૧૯) :- ઔરતને કહ્યું તારી તલાક મારા પર વાજિબ છે તો કેટલાક આલિમોની નઝદીક તલાક થઈ જશે અને તેના પરજ ફતવો છે. (રદદુલ મુહતાર)

મસ્અલા- (૨૦) :- જો કહ્યું કે ખુદા તને તલાક આપે તો તલાક ઘટિત થશે નહી. અને એમ કહ્યું કે, 'તને ખુદાએ તલાક આપી'' તો તલાક થઈ ગઈ. (રદદુલ મુહતાર)

મસ્અલા-(૨૧) :- જો કહ્યું કે તને તાક તો તલાક થશે નહી, ભલે તલાકની નિય્યત હોય. (રદદુલ મુહતાર)

## સંબંધ નું બયાન

મસ્અલા- (૨૨) :- તલાકમાં ઈઝાફત (નિસ્બતકરવું) જરુર હોવો જોઈએ ઈઝાફતવગર તલાક ઘટિત થશે નહી. ભલે હાજરના સેગાથી બયાન કરે. દા-ત. તને તલાક છે. અથવા ઈશારા સાથે દા-ત. આને અથવા તેને અથવા નામ લઈને કહેકે, ફલાણી ને તલાક છે અથવા તેના શરીર તથા બદન અને રુહ પ્રત્યે સંબંધ કરે અથવા તેના કોઈ એવા અવયવ પ્રતિ નિસ્બત કરે જે તમામ નું સ્થાનાપન્ન કલ્પવામાં આવતું હોય, દા-ત. ગર્દન અથવા મસ્તક અથવા યોનિ અથવા અંશ પ્રકટ પ્રત્યે સંબંધ કરે. દા-ત. અર્ધુ, તુર્તીયાંશ, ચૌથાઈ વિગેરે ત્યાં સુધીકે જો કહ્યું કે ''તારા હજાર ભાગોમાંથી એક ભાગને તલાક છે,''તો તલાક થઈ જશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૨૩) :- જો મસ્તક અથવા ગર્દન પર હાથ મુકીને કહ્યું તારા આ મસ્તક અથવા આ ગર્દન ને તલાક તો તલાક ઘટિત થશે નહી. અને જો હાથ ન મુકયો અને એમ કહ્યું કે, આ મસ્તક ને તલાક અને ઔરત ના મસ્તક પ્રત્યે ઈશારો કર્યો તો તલાક ઘટિત થઈ જશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા-(૨૪) :- હાથ અથવા આંગળી અથવા નખ અથવા પગ અથવા વાળ અથવા નાક અથવા પિંડલી અથવા સાથળ અથવા પીઠ અથવા પેટ અથવા જીભ અથવા કાન અથવા મુખ અથવા હડપચી અથવા દાંત અથવા છાતી અથવા સ્તન ને કહ્યું કે, ''તેને તલાક'' તો તલાક ઘટિત થશે નહી. (જવહરહ,દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૨૫) :- તલાકનો અંશ પણ પૂરી તલાક છે, ભલે એક તલાક નો હજાર મો ભાગ હોય. દા-ત. કહ્યું કે ''તને અર્ધી'' અથવા ચોથાઈ તલાક છે. ''તો પૂરી એક તલાક પડશે. કારણ કે તલાકના ભાગ થઈ શકતા નથી. જો કેટલાક અવયવોનો ઉલ્લેખ કર્યો જેનો મજમૂઓ (ટોટલ) એ ક કરતાં વધારે ન હોય તો એક તલાક થશે અને એક કરતાં અધિક હોય તો બીજી તલાક પણ પડી જશે. દા-ત. કહ્યું કે એક તલાક નું અર્ધું અને તુર્તીયાંશ અને ચોથાઈનો મજમૂઓ એક કરતાં અધિક છે માટે બે તલાક ઘટિત થઈ, અને જો અવયવોનો સમૂહ (ટોટલ) બે કરતાં અધિક છે તો ત્રણ અને જો બે તલાક ના ત્રણ અર્ધા કહેતો ત્રણ થશે અને એક તલાક ના ત્રણ અર્ધામાં બે થશે. અને જો કહ્યું કે એક થી બે સુધી''તો એક. અને એકથી ત્રણ સુધી તો બે તલાક છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા- (૨૬) :- જો એમ કહ્યું: તને તલાક છે અહિંથી સિરિયાદેશ સુધીતો એક ''રજઈ તલાક'' થશે હા, જો એમ કહ્યું કે એટલી મોટી અને એટલી લાંબી કે અહીંયાથી સિરિયા દેશ સુધી તો ''બાઈન તલાક'' થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૨૭) :- જો કહ્યું કે, તને મકકામાં તલાક છે અથવા ઘરમાં અથવા છાંયડામાં અથવા તડકામાં તો તત્કાળ તલાક લાગુ પડી જશે? એવું નથી કે, મકકા જાય ત્યારે પડે, હા, જો એમ કહે કે, મારો હેતુ એ હતો કે જ્યારે મકકા જાય ત્યારે તલાક છે. તો દયાનતન આ કોલ વિશ્વાસ પાત્ર છે. કઝાઅન નથી અને જો કહ્યું કે તને કિયામત ના દિવસે તલાક છે તો કાંઈ નથી, બલ્કે તે વ્યર્થ કથન છે. અને જો કહ્યું કે કિયામત થી પહેલા તલાક છે, તો અત્યારેજ તલાક પડી જશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૨૮) :- જો એમ કહ્યું કે તને કાલે તલાક છે તો બીજા દિવસે સૂરજ નિકળતાંજ તલાક થઈ જશે. એવીજ રીતે જો કહ્યું કે શાબાન મહિનામાં તલાક છે તો જે દિવસે રજજબનો મહીનો પૂરો થશે, તે દિવસે સૂરજ

ડુબતાંજ તલાક લાગુ પડી જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૨૯) :-** જો એમ કહ્યું કે તને મારા જન્મથી પહેલા અથવા તારા જન્મથી પહેલા તલાક અથવા કહ્યું મેં મારા બચપનમાં અથવા જ્યારે સુઈ રહેલો હતો અથવા જ્યારે મુર્છિત હતો ત્યારે તને તલાક આપી દીધી હતી અને તેનું મુર્છિત હોવું ખબર હોય તો તલાક થશે નહી, બલ્કે તે કથન વ્યર્થ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩૦) :-** કોઈએ કહ્યું કે તને મારા મૃત્યથી બે મહીના પહેલા તલાક છે અને બે મહીના પસાર થયા નહી કે, તે મરી ગયો તો તલાક ઘટિત થઈ નહી. અને તેના પછી મર્યો તો તલાક થઈ ગઈ. અને તે સમયથીજ તલાક શુદ્ધ ઠરશે કે જ્યારે તેણે કહ્યું હતું. (તનવીરુલ અબ્સાર)

**મસ્અલા- (૩૧) :-** જો એમ કહ્યું કે મારા નિકાહથી પહેલા તને તલાક અથવા કહ્યું ગઈ કાલમાં તલાક, જોકે તેનાથી આજે નિકાહ કર્યો છે તો તે બંને સ્વરુપોમાં કથન વ્યર્થ છે. અને જો બીજી સૂરતમાં કાલે અથવા કાલથી પહેલા નિકાહ કરી લીધો છે તો અત્યારે તલાક થઈ ગઈ. (ફતહ વિગેરે) એવીજ રીતે જો કહ્યું કે, તને બે મહીનાથી તલાક છે અને ખરેખર તલાક આપી ન હતી તો અતયારે પડશે. એ શરતે કે નિકાહ ને બે મહીનાથી ઓછા થયા ન હોય. નહીતો કાંઈ નથી. અને જો જૂઠી ખબર ની નિય્યતથી કહ્યું તો ઈન્દલ્લાહ (ખુદાની નઝદીક) થશે નહી, પરંતુ કઝાઅન થશે.

**મસ્અલા- (૩૨) :-** જો એમ કહ્યું ઝૈદના આવવાથી પહેલા એક મહીના પહેલા તને તલાક છે અને ઝૈદ એક મહીના પછી આવ્યો તો તે સમયે તલાક થશે, તેનાથી પહેલા નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩૩) :-** એમ કહ્યું કે જ્યારે પણ તને તલાક ન આપું તો તલાક છે, અથવા જ્યારે તને તલાક આપું નહી તો તલાક છે, તો ચુપ થતાંજ તલાક પડી જશે. અને એમ કહ્યું કે, જો તને તલાક ન આપું તો તલાક છે તો મરવાથી થોડાક સમય પહેલા તલાક થશે. (આમ્મતુલકુતુબ)

**મસ્અલા- (૩૪) :-** જો એમ કહ્યું કે જો આજે તને ત્રણ તલાકો આપું તો તને ત્રણ તલાકો, તો જો તલાક આપશે તો પણ થશે અને ન આપશે તો પણ થશે. અને તેનાથી બચવાની એ સૂરત છે કે, ઔરતને હજાર રુપીયાના બદલામાં તલાક આપી દે અને ઔરતે જોઈએ કે સ્વીકારન કરે, હવે જો દિવસ પસાર થઈ ગયો તો તલાક ઘટિત થશે નહી. (ખાનિયહ)

**મસ્અલા- (૩૫) :-** કોઈ ઔરત ને કહ્યું તને તલાક છે, જે દિવસે કે તારાથી નિકાહ કરું, અને રાતમાં નિકાહ કર્યો તો તલાક થઈ ગઈ. (તનવીર)

**મસ્અલા- (૩૬) :-** કોઈ ઔરત ને કહ્યું જો તારાથી નિકાહકરુંઅથવા જ્યારે અથવા જે સમયે તારાથી નિકાહકરુંતો તને તલાક છે, તો નિકાહ થતાંજ તલાક થઈ જશે. એવીજ રીતે જો ખાસ ઔરતને નિશ્ચિત ન કરી બલ્કે કહ્યું કે જો અથવા જ્યારે અથવા જે સમયે હું નિકાહકરુંતો તેને તલાક છે તો નિકાહ કરતાંજ તલાક થઈ જશે, પરંતુ તેના પછી બીજીઔરતથી નિકાહ કરશે તો તેને તલાક લાગુ પડશે નહી. હા જો એમ કહ્યું કે, જ્યારે પણ હું કોઈ ઔરતથી નિકાહ કરીશ તેને તલાક છે તો જ્યારે પણ નિકાહ કરશે તલાક થઈ જશે. આ સ્વરુપોમાં જો ઇચ્છે કે નિકાહ થઈ જાય અને તલાક પડે નહી તો તેની સૂરત એ છે કે ફુઝૂલી (અર્થાત જેને તેણે નિકાહ નો વકીલ બનાવ્યો ન હોય) તેના હુકમ વગર તે ઔરત અથવા કોઈ ઔરતથી નિકાહ કરીદે અને જ્યારે તેને ખબર પહોંચે તો જીભથી નિકાહ ને લાગુ ન કરે બલ્કે કોઈ એવો ફેલ કરે જેનાથી ઈજાજત થઈ જાય, દા-ત. મહેરનો કેટલોક ભાગ અથવા તમામ તેના પાસે મોકલીદે અથવા તેના સાથે સંભોગ કરે અથવા શહવત (વાસના) સાથે હાથ લગાવે અથવા ચુંબન કરે અથવા લોકો મુબારકબાદ આપે તો ખામોશ રહે, ઈન્કાર કરે નહી, તો આ સુરતમાં નિકાહ થઈ જશે અને તલાક પડશે નહી. અને જો કોઈ પોતે કહીદેતો નથી, તેને કહેવાની જરુરત પડે તો કોઈને હુકમ આપે નહી બલ્કે ઉલ્લેખ કરે કે કદાચ કોઈ મારો નિકાહ કરીદે અથવા કદાચ તુ મારો નિકાહ કરીદે અથવા શું સારુંથાત કે મારો નિકાહ થઈ જતો, હવે જો કોઇ શખ્સ નિકાહ કરી દેશે તો ફુઝૂલી નિકાહ થશે અને તેના પછી એજ તરીકો વર્તે જે ઉપર મજકૂર થયો. (બહર, રદ્દુલ મુહતાર, ખૈરિયહ)

**મસ્અલા- (૩૭) :-** તેની ઔરત કોઈની બાંદી લોંડી છે, તો તેણે તેણીથી કહ્યું કે કાલનો દિવસ આવે તો તને બે તલાક છે, અને "મૌલા" એટલે તેના માલિકે કહ્યું કે તું આઝાદ છે, તો બે તલાકો લાગુ પડી જશે અને આમ

હાલતમાં પતિ રજઅત કરી શકતો નથી પરંતુ તેની ઈદ્દતની મુદ્દત ત્રણ હૈઝ છે. અને જો પતિ બીમાર હોય (અને પછી આવી હાલતેમાંજ મરીજાય તો)તો તે વારિસ થશે નહિં, (તન્વીરુલ અબ્સાર)

**મસ્અલા-** (૩૮) :- આંગળીઓથી ઈશારો કરીને કહ્યું તને એટલી તલાકો તો એક, બે, ત્રણ જેટલી આંગળીઓથી ઈશારો કર્યો તેટલી તલાકો થઈ ગઈ અર્થાત જેટલી આંગળીઓ ઈશારો કરતા સમયે ઉઘાડી હોય તેમનોએતબાર (ગણના) છે, બંધનો એતબાર નથી. અને જો તે કહે છે મારી મુરાદ (ભાવાર્થ) બંધ આંગળીઓ અથવા હથેળી હતી તો તે કોલ ધ્યાનતન વિશ્વાસપાત્ર થશે, કદ્યઅન વિશ્વાસ પાત્ર નથી. અને જો ત્રણ આંગળીઓથી ઈશારો કરીને કહ્યું તને તેના પ્રમાણમાં તલાક અને નિય્યત ત્રણની કરી હોય તો ત્રણ નહી તો એક બાઈન તલાક અને જો ઈશારો કરીને કહ્યું તને આટલી અને નિય્યત તલાકની છે અને તલાક શબ્દ ન બોલ્યો તોપણ તલાક થઈ જશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-** (૩૯) :- તલાકની સાથે કોઈ ગુણનો ઉલ્લેખ કર્યો જેનાથી તિવ્રતા સમજવામાં આવે તો બાઈન તલાક થશે, દા- ત. બાઈન અથવા અલબત્તા, ફહસ તલાક, તલાકે શયતાન, તલાકે બિદઅત, બદતર તલાક, પહાડ બરાબર, હજારના અનુરુપ, એવીકે ઘર ભરાઈજાય, સખત, લાંબી, પહોળી, ખરખરી, સૌથી ખરાબ, સૌથી કડક, સૌથી ગંદી, સૌથી નાપાક, સૌથી કડવી, સૌથી મોટી, સૌથી પહોળી, સૌથી લાંબી, સૌથી મોટી. પછી જો ત્રણ તલાક ની નિય્યત કરીતો ત્રણ થશે, નહી તો એક થશે અને જો પત્ની દાસી છે તો બેની નિય્યત સહીહ છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-** (૪૦) :- જો કહ્યું કે, તને એવી તલાક જેનાથી તુ પોતાના નફસની માલિક થઈ જાય, અથવા કહ્યું કે તને એવી તલાક જેમાં મારા માટે રજઅત નથી તો બાઈન તલાક થશે. અને જો કહ્યું કે, તને તલાક છે અને મારા માટે રજઅત નથી તો રજઈ તલાક થશે, એવીજ રીતે જો કહ્યું કે તને તલાક છે, કોઈ કાઝી અથવા હાકીમ અથવા આલિમ તને પાછી ન ફેરવે, તો પણ રજઈ તલાક થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર) અને જો કહ્યું કે તને તલાક છે એ શરતે કે તેના પછી રજઅત નથી, અથવા એમ કહ્યું કે, તારા પર તે તલાક છે જેના પછી રજઅત નથી. અથવા કહ્યું કે, તારા પર તે તલાક છે જેના પછી રજઅત થશે નહી તો આ સઘળાં સ્વરુપોમાં રજઈ તલાક થઈ જવી જોઈએ. (ફતવારિઝવીયા)અને જો કહ્યું કે, તારાપરતે તલાક છે, જેના પછી રજઅત થતી નથી તો બાઈન તલાક થવી જોઈએ.

**મસ્અલા-** (૪૧) :- પત્નીને કહ્યું જો હું તને એક તલાક આપું તો તે બાઈન થશે અથવા કહ્યું કે, તે ત્રણ થશે પછી તેને તલાક આપી તો ન બાઈન થશે ન ત્રણ. બલ્કે એક રજઈ તલાક થશે. અથવા કહ્યું હતું કે જો તુ ઘરમાં જશે તો તને તલાક છે, પછી મકાનમાં જવાથી કહ્યું કે, તને મેં બાઈન અથવા ત્રણ તલાક કરીદીધી તો પણ એક રજઈ તલાક થશે. અને એ કેહવું નિરર્થક છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૪૨) :- કોઈ એ કહ્યું તને હજારો તલાક અથવા કેટલીક વખત તલાક, તો ત્રણ તલાક ઘટિત થશે. અને જો કહ્યું તને તલાક ન ઓછી ન અધિક, તો ઝાહેરુ રિવાયતમાં ત્રણ થશે અને ઈમામ અબૂ જાફર હિન્દવાની તથા ઈમામ કાઝીખાન તેને અગ્રીમતા આપે છે કે, બે ઘટિત થાય. અને જો કહ્યું કે કમતર તલાક તો એક રજઈ તલાક થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-** (૪૩) :- જો કોઈએ કહ્યુંઃ તને તલાક છે, પૂરી તલાક તો એક તલાક થશે, અને કહ્યું કે, કુલ તલાકો તો ત્રણ તલાક થશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-** (૪૪) :- જો તલાકની સંખ્યામાં તે વસ્તુનો ઉલ્લેખ કર્યો જેમાં ગણત્રી ન હોય. દા-ત. કહ્યું, હવા તથા ધૂળ અથવા ખબર ન હોય કે તેમાં ગણત્રી છે કે નહી, દા-ત. કહ્યું શયતાનના વાળની ગણત્રી બરાબર તો બંને સ્વરુપોમાં તે બાઈન તલાક થશે અને જો ખબર છે કે, તેમાં ગણત્રી થઈશકે છે, તો તેની સંખ્યા અનુસાર થશે, પરંતુ સંખ્યા ત્રણ કરતાં વધુ હોયતો ત્રણજ તલાકો થશે બાકીની વ્યર્થ. દા-ત. કહ્યું કે, એટલી તલાક જેટલી મારી પિંડલી અથવા મારા કાંડામાં વાળ છે અથવા એટલી જેટલી આ તળાવમાં માછલીઓ છે, અને જો તળાવમાં કોઈ માછલી ન હોય તો પણ એક તલાક ઘટિત શે અને પિંડલી અથવા કાંડાના વાળ ઉડાવી દીધા હોય, તે સમયે કોઈ વાળન હોય તો તલાક થશે નહ. અને જો એમ કહ્યું કે જેટલા મારી હથેળીમાં વાળ છે અને વાળ ન હોય તો એક તલાક થશે. (દુર્રે મુખતાર, રદદુલ મુહતાર)

મસ્અલા- (૪૫) :- તે વાતમાં શંકા છે કે, તલાક આપી છે કે નહી? તો કાંઈ નથી. અને જો તે વાતમાં શંકા છે કે એક આપી છે, કે વધારે, તો **કદાઅન** એક તલાક છે. **દયાનતન** અધિક અને જો કોઈ બાજૂએ ગુમાન (ધારણા) ગાલિબ છે તો તે વિશ્વાસપાત્ર છે. અને જો તેના ખ્યાલમાં અધિક છે, પરંતુ તે મજલિસમાં જે લોકો હતા તેઓ કહે છે કે એક તલાક આપી હતી, તો જો આ લોકો શરીઅતના પાબંદ હોય અને આ વાતમાં તેમને સાચા જાણ તો હોય તો વિશ્વાસ કરીલે. (રદદુલ મુહતાર)

મસ્અલા- (૪૬) :- જે ઔરતથી નિકાહ ફાસિદ કર્યો, પછી તેને ત્રણ તલાકો આપી તો હલાલા વગર નિકાહ કરી શકે છે, કે આ હકીકતમાં તલાક નથી બલ્કે મુતારેકા (તરછોડવી) છે. (દુર્રે મુખતાર, રદદુલ મુહતાર)

## ગેર સંભોગની તલાકનું બયાન

## (ગેર મદખુલા)

મસ્અલા- (૧) :- જેણી સાથે ઈન્દ્રીય પ્રવેશ (સંભોગ) થયો ન હોય તેને કહ્યું કે, તને ત્રણ તલાકો, તો ત્રણ તલાક થશે, અને જો કહ્યું કે તને તલાક, તને તલાક, તને તલાક. અથવા કહ્યું: તને તલાક, તલાક, તલાક, અથવા કહ્યું તને તલાક છે, એક અને એક અને એક. તો આ સ્વરુપોમાં એક **બાઈન તલાક** ઘટિત થશે. બાકીની વ્યર્થ તથા બેકાર છે. અર્થાત કેટલાક શબ્દોથી ઘટિત કરવામાં કેવળ **પ્રથમ શબ્દથી** તલાક ઘટિત થશે અને બાકીના માટે, પ્રસંગ રહેશે નહી. અને મૌતુઅહ (જેણીની સાથે સંભોગ કરેલ હોય)માં દરેક હાલતમાં ત્રણ ઘટિત થશે. (દુર્રે મુખતાર)

મસ્અલા- (૨) :- કોઈએ કહ્યું તને ત્રણ તલાકો, અલગ-અલગ. તો એક થશે. એવીજ રીતે જો કહ્યું તને બે તલાકો, તે તલાક સાથે જે હું તને આપું, પછી એક તલાક આપી તો એકજ તલાક થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૩) :- જો કહ્યું દોઢ તલાક તો બે તલાક થશે અને જો કહ્યું અડધી અને એક તો એક થશે. એવીજ રીતે **"અઢી"** કહ્યું તો ત્રણ. અને બે અને અડધી કહ્યું **તો બે તલાક** થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૪) :- જ્યારે તલાક સાથે કોઈ સંખ્યા અથવા ગુણ મજકૂર થાય તો તે સંખયા અથવા ગુણના ઉલ્લેખ કરવા પછી **તલાક ઘટિત થશે**. કેવળ તલાકથી ઘટિત થશે નહે. દા-ત. શબ્દ તલાક કહ્યો અને સંખ્યા અથવા ગુણના બોલવાથી પહેલા ઔરત મરી ગઈ તો તલાક થઈ નહી. અને જો સંખયા અથવા વિશેષતા બોલવાથી પહેલા પતિ મરી ગયો અથવા કોઈએ તેનું મુખ બંધ કરી દીધું તો એક તલાક ઘટિત થશે. કે જ્યારે પતિ મરી ગયો તો ઉલ્લેખ જોવામાં આવ્યોનહી, કેવળ ઈરાદો જોવામાં આવ્યો અને કેવળ ઇરાદો કાફી નથી. અને મુખ બંધ કરી દેવાની હાલતમાં જો હાથ હઠાવતાજ તેણે તુરતજ સંખ્યા અથવા વિશેષતાનો ઉલ્લેખ કરી દીધો તો તેના અનુસાર થશે, નહી તો એજ એક તલાક થશે. (આમ્મતુલ કુતુબ)

મસ્અલા- (૫) :- જેની સાથે સોહબત થઈ **ના હોય** તેને કહ્યું, તને એક તલાક છે એકના પછી અથવા તેના પહેલા એક અથવા આની સાથે એક, તો બે તલાક થશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા- (૬) :- જો એમ કહ્યું કે તને એક તલાક છે અને એક જો ઘરમાં ગઈ તો, ઘરમાં જવાથી બે તલાકો થશે અને જો એમ કહ્યું કે જો તુ ઘરમાં ગઈ તો તને એક તલાક છે અને એક તો એક થશે અને મૌતુઅહ (જેણીની સાથે સમાગમ કર્યું હોય તે) માં દરેક હાલતમાં બે તલાક થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૭) :- કોઈને બે અથવા ત્રણ પત્નીઓ છે, તેણે કહ્યું મારી પત્નીને તલાક તો તેઓ પૈકી એક પત્ની પર પડશે અને તેને અખત્યાર છે કે, તેઓ પૈકી જેને ઈચ્છે તલાક માટે નિશ્ચિત કરે, અને એકને સંબોધિત કરીને કહ્યું: તને તલાક છે, અથવા તુ મારા પર હરામ છે તો કેવળ તેનેજ તલાક થશે જેને કહ્યું. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

મસ્અલા- (૮) :- કોઈએ ચાર પત્નીઓ છે. અને એમ કહ્યું કે, તમારા સૌની દરમિયાન એક તલાક તો ચારે પત્નીઓ પર એક એક તલાક થશે. એવીજ રીતે બે અથવા ત્રણ અથવા ચાર તલાકો કહ્યું, તો પણ એક એક થશે, પરંતુ આ સ્વરુપોમાં જો એ નિય્યત છે કે, દરેક તલાક ચારો પર વહેંચાઈ જાયતો બે તલાકમાં દરેક પત્નીપર બે તલાક થશે અને ત્રણ તલાક અથવા ચાર તલાકમાં દરેકપર ત્રણ તલાક લાગુ પડશે. અને પાંચ-છ-સાત-આઠ તલાકના શબ્દોમાં દરેક પત્ની પર બે તલાક થશે. અને વહેંચવાની નિય્યત છે, તો દરેક પર ત્રણ, નવ, દસ વિગેરેમાં દરેક હાલતમાં દરેક પર ત્રણ તલાક ઘટિત થશે. એવીજ રીતે જો એમ કહ્યું કે,

મેં તમને સૌને એક તલાકમાં શરીક કરી લીધી તો દરેક પર એક તલાક લાગુ પડશે. આ હિસાબ ઉપર કેયાસ લગાવી લો. (ખાનિયહ, ફતહુલબહર વિગેરે)

**મસ્અલા- (૯) :-** કોઈને બે પત્નીઓ છે અને બંનેગેર મોતુઅહ (સંભોગ કર્યા વગરની) છે. જો તેણે કહ્યું: મારી પત્ની ને તલાક, મારી પત્નીને તલાક. તો બંને મુતલ્લકા (તલાકશુદા) થઈ ગઈ. જો કે તે કહેકે એકજ પત્ની ને મેં બંને વખત કહ્યું હતું. અને જો બંને મદખૂલા (સોહબત કરેલી) હોય અને કહે છે કે, બંને વખત એકનાજ સંબંધે કહ્યું હતું, તો તેનો કોલ (કથન) માની લેવામાં આવશે. એવીજ રીતે જો એક મદખૂલા હોય, બીજીગેર મદખૂલા છે અને મદખૂલા સંબંધે બંને વખત કહ્યું: તો તેણીનેજ બે તલાક થશે. અને ગેર મદખૂલા (સંભોગ કર્યા વગરની) સંબંધે બયાન કરે તો દરેકને એક એક તલાક થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૦) :-** કોઈએ કહ્યું: મારી પત્નીને તલાક છે, અને તેનું નામ લીધું નહી અને તેને એકજ પત્ની છે જેને લોકો જાણે છે તો તેના પરજ તલાક પડશે, ભલેનેતે કહેતો હોય કે, મારી બીજી પણ એક પત્ની છે. મેં તેને મુરાદ લીધી છે. હા, જો ગવાહોથી બીજી પત્ની હોવું સાબીત કરીદે તો તેનો કોલ માની લઈ શું. અને બે પત્નીઓ હોય અને બંને ને લોકો જાણતા હોય તો તેને અખત્યાર છે કે જેને ઇચ્છે મુરાદ લે અથવા નિશ્ચિત કરે એવીજ રીતે જો બંને અપરિચિત હોય તો તેને અખત્યાર છે. (જેને ઇચ્છે મુરાદલે) (ખાનિયહ, રદદુલમુહતાર)

**મસ્અલા (૧૧):** મદખુલાને કહ્યું તને તલાક છે, તને તલાક છે. અથવા મેં તને તલાક આપી મેં તને તલાક આપી, તો બે તલાક નો હુકમ આપવામાં આવશે ભલેને તે કહેતો હોય કે બીજા શબ્દથી તાકીદની નિય્યત કરી હતી તલાક આપવું હેતુ ન હતો, હા દયાનતન તેનો કોલ માની લેવામાં આવશે (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૧૨) :** પોતાની પત્નીને કહ્યું કે કુતરીને તલાક અથવા આંખોવાળી છે તેને તલાક, કહ્યું કે તેઆંધળીને તલાક, તો તલાક ઘટિત થઇ જશે. અને જો કોઇ બીજી સ્ત્રીને જોઇ અને સમજ્યો કે મારી પત્ની છે અને પોતાની પત્નીનું નામ લઇને કહ્યું હે ફલાંણી તને તલાક છે પછી થી ખબર પડી કે તે તેની પત્ની ન હતી તો તલાક થઇ ગઇ, પરંતુ જ્યારે કે તેની પ્રત્યે ઇશારો કરીને કહ્યું તો તલાક થશે નહી. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા- (૧૩) :-** જો કહ્યું કે દુનિયાની સઘળી પત્ની ઓને ને તલાક તો તેની પત્ની ને તલાક થઈ નહી. અને જો કહ્યું કે આ મહોલ્લા અથવા આ ઘરની સ્ત્રીઓને' તલાક તો તલાક થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અ - (૧૪) :-** પત્નીએ પતિને કહ્યું: મને ત્રણ તલાકો આપીદે, તેણે કહ્યું- આપી. તો ત્રણ તલાકો ઘટિત થઈ. અને જો જવાબમાં કહ્યું: **"તને તલાક છે"** તો એક ઘટિત થશે. જોકે ત્રણની નિય્યત કરે. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા- (૧૫) :-** પત્ની એ કહ્યું મને તલાક આપીદે, મને તલાક આપીદે, મને તલાક આપીદે, તેણે કહ્યું **આપી દીધી.** તો એક તલાક થઈ. અને ત્રણની નિય્યત કરી તો ત્રણ થઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૬) :-** પત્નીએ કહ્યું કે, મેં પોતાને તલાક આપી દીધી, પતિએ જાઈઝ કરીદીધી તો તલાક થઈ ગઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૭) :-** કોઈએ કહ્યું: તુ પોતાની પત્નીને તલાક આપીદે, તેણે કહ્યું હા, હા. તો આવી હાલતમાં તલાક ઘટિત થઈ નહી. જોકે તલાકની નિય્યતથી કહ્યું કે આ એક વાયદો છે. (ફતાવારિઝવીયા)

**મસ્અલા- (૧૮) :-** કોઈએ કહ્યું: જેની પત્ની તેના પર હરામ છે તે આ કામ કરે. તેઓ પૈકી કોઈએ આ કામ કર્યું તો પત્ની હરામ હોવાનો ઈકરાર છે, એવીજ રીતે જો કહ્યું જેની પત્ની મુતલ્લકા (તલાકવાળી) હોય, તે તાલી વગાડે અને સૌએ તાલી વગાડી, તો સૌની પત્નીઓ મુતલ્લકા થઈ જશે. કોઈએ કહ્યું: હવે જે વાત કરે તેની પત્ની ને તલાક થઈ ગઈ અને બીજાઓએ વાત કરી તો કાંઈ નથી, એવીજ રીતે જો પરસ્પર એક બીજાને થપ્પડ મારતો હતો અને કોઈએ કહ્યું- જો હવેથી થપ્પડ મારે તો તેની પત્ની ને તલાક છે, અને ખૂદ તેણેજ થપ્પડ મારી, તો તેની પત્નીને તલાક થઈ ગઈ. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

## કિનાયા (સંકેત) નું બયાન

કિનાયા (સંકેત) તલાક તે શબ્દો છે, જેનાથી

તલાક મુરાદ હોવું જાહેર ન થાય, તલાક ઉપરાંત બીજા ભાવાર્થોમાં પણ તેમનો ઉપયોગ થાય છે.

**મસ્અલા- (૧) :-** કિનાયા (સંકેતવાળા શબ્દો) થી તલાક ઘટિત થવામાં એ શરત છેકે, તલ્લાકની નિય્યત હોય અથવા હાલત બતાવતી હોયકે તલાક મુરાદ છે. અર્થાત તે અગાઉ તલાક નો ઉલ્લેખ હતો અથવા ગુસ્સામાં કહ્યું, કિનાયા (સંકેત)ના શબ્દો **ત્રણ પ્રકારના** છે કેટલાકમાં સવાલ રદ કરવાની સંભાવના છે, કેટલાકમાં ગાળની સંભાવના છે. અને કેટલાકમાં ન આ છે ન તે, બલ્કે જવાબ માટે નિશ્ચિત છે. જો રદની સંભાવના છે તો સ્વૅથા દરેક હાલતમાં નિય્યતની હાજત (જરુરત) છે, નિય્યત વગર તલાક થતી નથી. અને જેમાં ગાળની સંભાવના છે તેનાથી તલાક થવું ખૂશી અને ક્રોધમાં નિય્યત પર આધારિત છે, અને તલાકનો ઉલ્લેખ હતો તો નિય્યતની જરુરત નથી. અને ત્રીજું સ્વરુપ અર્થાત કેવળ જવાબ હોયતો ખૂશીમાં નિય્યત જરુરી છે, અને ક્રોધમાં તથા મુઝાકેરા (ચર્ચા)ના સમયે નિય્યત વગર પણ તલાક ઘટિત છે. (દુર્રે મુખ્તારવિગેરે)

## "કિનાયા"ના કેટલાક શબ્દોઆ છે

"કિનાયા" ના શબ્દોઆ છે. જા, નિકળ, ચાલ, રવાનાથા, ઉઠ, ઉભીથા, પરદોકર, દુપટ્ટોઓઢ, નકાબનાખ, હઠ, સરક, જગાછોડ, ઘર ખાલીકર, દૂરથા, ચાલદૂર, હે ખાલી, હે ભૂંડી, હે જુદા, તુ જૂદી છે, તુ મારાથી જુદી છે, મેં તને બે કયદ (કેદથી આઝાદ) કરી, મેં તારાથી વિચ્છેદ કર્યો, રસ્તો માપ, પોતાનો રસ્તોલે, મૂખકાળુકર, ચાલ બતાવ, ચાલતી થા, પીંજરુ ખાલીકર, હઠીનેસડ, પોતાની સૂરત ગુમાવ, બિસ્તર ઉઠાવ, પોતાનું સૂઝતુ કર, પોતાની ગાંસડીબાંધ, પોતાની નાપાકી અલગ ફેલાવ, તશરીફ લઈજા, તશરીફનો ટોકરો લઈજા, જયાં શીંગ સમાય ત્યાં જાવ, પોતાનું માંગી ખા, બહુજ થઈ ગયું હવે મહેરબાની કર, હે બે ઇલાકા, મૂખ ઢાંક, જહન્નમમાં જા, ચુલામાં જા, ભાળમાંપડ, મારી પાસેથી હઠ, પોતાની મુરાદપર વિજયી થા, મેં નિકાહ ફસ્ખકર્યો, તુ મારા પર મુરદાર જેવી, યા સુવ્વર અથવા શરાબ જેવી છે, (ન ભાંગ કે અફીણ અથવા ફલાણામાલ, ફલાણાની પત્ની જેવી છે.) તુ મારી માની જેમ અથવા મારી બહેનની જેમ અથવા મારી પુત્રી જેમ છે. (અને ફકત એમ કહ્યું કે **"તુ માં, બહેન, બેટી છે."** તો ગુનાંહ સિવાય કાંઈ નથી, તુ ખલાસ છે. તારો છુટકારો થયો, તુ શુધ્ધ થઈ, હલાલે ખુદા અથવા હલાલે મુસલમાનોને અથવા દરેક હલાલ, મારા પર હરામ, તુ મારી સાથે હરામમાં છે. મેં તને તારા હાથોમાં વેચી જોકે કોઈ અવયવનો ઉલ્લેખ ન આવે, જોકે પત્નીએ એમન કહ્યું કે, મેં ખરીદયું, હું તારાથી બાઝ આવ્યો, હું તારાથી દરગુઝર્યો, તુ મારા કામની નથી, મારા મતલબની નથી, મારા મસરફ (વ્યય) ની નથી, મને તારાપર કોઈ રાહ નથી, કાંઈ કાબૂ નથી, મિલ્કત નથી, મેં તારો રસ્તો ખાલી કરીદીધો, તુ મારી માલિકીમાંથી નિકળીગઈ, મેં તારાથી ખુલઅ કર્યો, પોતાના માવીતરે બેસ, તારી લગામ ઢીલીકરી, તારી રસ્સી છોડી દીધી, તારી લગામ ઉતારી લીધી, પોતાના સાથીઓથી જઈમળ, મને તારાપર કાંઈ અખત્યાર નથી, હું તારાથી લાદાવા થાઉછું, મારો તારાપર કાંઈ દાવો નથી, **પતિ શોધ,** હું તારાથી જુદો છું, અથવા જુદો થયો. (કેવળ હું જુદો છું અથવા જુદો થયો એ કહેવું કાફી નથી, જોકે તલાકની નિય્યતથી કહ્યું) **મેં તને જુદી કરી દીધી, મેં તારાથી જુદાઈ કરી,** તુ ખૂદ મુખ્તાર છે, તુ આઝાદ છે, મારામાં તારામાં નિકાહ નથી, મારામાં-તારામાં નિકાહ બાકી રહ્યો નહી. મેં તને તારા ઘર વાળા ઓ અથવા બાપ અથવા માં અથવા પતિઓને આપી, અથવા ખૂદ તને આપી (અને તારા ભાઈ અથવા મામા અથવા કાકા અથવા કોઈ અપરિચિતને આપવું કહ્યું તો કાંઈ નથી) મારા તારા વચ્ચે કાંઈ મામલો ન રહયો અથવા નથી. હું તારા નિકાહથી બેઝાર છું, મુકત છું. મારાથી દૂર થા, મને મૂખ ન બતાવ, કિનારે થા, તેં મારાથી મુકિત મેળવી, અલગ થા, મેં તારો પગ ખોલી દીધો, મેં તને આઝાદકરી, આઝાદ થઈજા, તારી ગાંઠ કપાઈ, તુ બે કેદ છે, હું તારાથી મુકત છું, પોતાનો નિકાહકર, જેનાથી ઈચ્છે નિકાહ કરીલે, હું તારાથી બેઝાર છું, મારા માટે તારા પર નિકાહ નથી, મેં તારો નિકાહ ફસ્ખ કર્યો, ચારે રસ્તા તારા પર ખોલી દીધા (અને જો એમ કહ્યું કે ચારે રસ્તા તારા પર ખુલ્લા છે તો કાંઈ નથી, જયાં સુધી કે એમ ન કહે કે જે રસ્તો ઇચ્છે અખત્યાર કર) હું તારાથી દસ્ત બરદાર (નિવૃત) થયો, મેંતને તારા ઘરવાળાઓ અથવા બાપ અથવા માં ને પાછી આપી, તુ મારી અસમત થી નિકળીગઈ, મેં તારી માલિકીથી શરઈ રીતે પોતાનું નામ ઉતારી દીધું, તુ કિયામત સુધી અથવા વયભરસુધી મારા લાયક નથી, તુ મારાથી એવી દૂર છે જેવી

રીતે મકકા મોઅઝમા મદીના તૈયબહથી અથવા દિલ્લી લખનઉ થી. (ફતાવા રિઝવીયા)

**મસ્અલા-** (૨) :- આ શબ્દોથી તલાક થશે નહી, જોકે નિય્યત કરે. મને તારી હાજત નથી, મને તારાથી સરોકાર નથી, તારાથી મારે કામ નથી, ગરજ નથી, મતલબ નથી, તુ મને દરકાર નથી, તારાથી મને રગબત નથી, હુ તને ઈચ્છતો નથી. (ફતાવા રિઝવીયા)

**મસ્અલા-** (૩) :- કિનાયા (ઈશારા) ના આ શબ્દોથી **"એક બાઈન"** તલાક થશે, જો તલ્લાકની નિય્યત ન હોય, અને બેની નિય્યત કરી તો પણ **એજ એક ઘટિત થશે.** પરંતુ જ્યારેકે પત્ની બાંદી (દાસી) હોય તો બેની નિય્યત સહીહ છે અને ત્રણની નિય્યત કરી તો ત્રણ ઘટિત થશે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૪) :- મદખૂલા (જેને સાથે સંભોગ કર્યો હોય તે) ને એક તલાક આપી હતી, પછી ઇદ્દતમાં કહ્યું કે મેં તેને બાઈન કરી દીધી અથવા ત્રણ તો બાઈન અથવા ત્રણ તલાક ઘટિત થઈ જશે. અને જો ઇદ્દત અથવા રજઅત પછી એવું કહ્યું તો કાંઈ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૫) :- શરીહ (સ્પષ્ટ) તલાક, શરીહ (સ્પષ્ટ)ને લાગુ થાય છે અર્થાત પહેલા શરીહ સ્પષ્ટ શબ્દોથી તલાક આપી, પછી ઇદ્દતની અંદર બીજી વખત **તલાકના શરીહ** શબ્દ કહ્યા તો આનાથી બીજી તલાક ઘટિત થશે. એવીજ રીતે **બાઈન** ના પછી પણ શરીહ સ્પષ્ટ શબ્દથી ઘટિત કરી શકે છે, જ્યારે ઔરત ઇદ્દતમાં હોય અને **"શરીહ"** થી મુરાદ અહીંયા તે છે જેમાં **નિય્યતની જરુરત ન હોય** જોકે તેનાથી બાઈન તલાક પડે અને ઇદ્દતમાં શરીહ, **પછી બાઈન તલાક** આપી શકે છે, અને બાઈન, બાઈનને લાગુ થતી નથી જ્યારેકે એ શકય હોય કે બીજી ને પહેલાની ખબર આપવું કહી શકે. દા-ત. પહેલાં કહ્યું હતું કે, "તુ બાઈન" છે. તેનાપછી પછી એજ શબ્દ કહયો તો તેનાથી બીજી તલાક ઘટિત થશે નહી, કે આ પહેલી તલાકની ખબર છે. અથવા બીજી વખત કહ્યું મેં તને બાઈન કરી દીધી અને જો બીજીને પહેલી થી ખબર આપવુંન કહી શકે. દા-ત. પહેલા બાઈન તલાક આપી પછી કહ્યું મેં બીજી બાઈન તલાક આપી તો હવે બીજી તલાક પડશે. એવીજ રીતે પ્રથમ સ્વરુપમાં પણ બે તલાકો ઘટિત થશે. જ્યારે કે બીજી થી બીજી તલાક ની નિય્યત કરી હોય. (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૬) :- બાઈન તલાકને કોઈ **શરત પર** લટકતી રાખી અથવા કોઈ સમય પ્રત્યે સંબંધિત કરી અને તે શરત તથા સમય પામવાથી પહેલા બાઈન તલાક આપી દીધી. દા-ત. એમ કહ્યું- જો તુ આજે ઘરમાં ગઈ તો "બાઈન" તલાક છે. અથવા કાલે તને બાઈન તલાક છે. પછી ઘરમાં જવા અને કાલ આવવાથી પહેલાજ બાઈન તલાક આપી દીધી તો તલાક થઈ ગઈ. પછી ઈદ્દતની અંદર શરત પામવા અને કાલ આવવાથી એક બીજી તલાક પડશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૭) :- જો પત્ની ને બાઈન તલાક આપી અથવા તેનાથી ખુલઅ કર્યો, તે પછી કહ્યું તુ ઘરમાં ગઈ તો બાઈન તલાક છે, તો હવે તલાક ઘટિત થશે નહી. અને જો બે શરતો પર બાઈન તલાક લટકતી રાખી દા-ત. કહ્યું કે જો તુ ઘરમાં જાય તો બાઈન છે અને જો હું ફલાણાંથી વાત કરુંતો તુ બાઈન છે. આ બંને વાતો કહેવા પછી હવે તે ઘરમાં ગઈ તો એક તલાક પડી, એવીજ રીતે જો પ્રથમ વાત કરી, પછી ઘરમાં ગઈ તો પણ બે તલાક ઘટિત થશે. અને જો પહેલા એક શરત પર અધ્ધરતાલ રાખી પછી તેના પામવા પછી બીજી શરત પર અધ્ધરતાલ રાખી, બીજી શરત પામવાથી તલાક થશે નહી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા-** (૮) :- સોગંદ ખાધાકે પત્ની પાસે જઈશ નહી. પછી ચાર મહીના ગુજરવાથી પહેલાં તલાકની નિય્યતથી તેને બાઈન કહ્યું, અથવા તેનાથી **ખુલ્અ કર્યો** તો તલાક ઘટિત થઈ ગઈ, પછી સોગંદ ખાવાથી ચાર મહીના સુધી તેની પાસે ગયો નહી તો આ બીજી તલાક થઈ અને જો પહેલા ખુલ્આ કર્યો પછી કહ્યું તુ બાઈન છે તો તલાક ઘટિત થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-** (૯) :- જો એમ કહ્યું કે, મારી દરેક પત્નીને તલાક છે અથવા જો આ કામ કરુંતો મારી પત્નીને તલાક છે તો જે પત્નીથી ખુલ્આ કર્યો છે અથવા જે બાઈન તલાકની ઈદ્દતમાં છે, આ શબ્દોથી તેને તલાક થશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૧૦) :- જે જુદાઈ માટે હોય અર્થાત જેના કારણે તેનાથી કયારેય નિકાહ થઈ શકતો ન હોય દા.ત. હુરમત મુસાહેરત (જમાઈ બનાવવાના કારણે) ની હુરમત

તથા દુધના સંબંધવાળી હુરમત, તો તે સ્ત્રી પર ઇદ્દતમાં પણ તલાક થઈ શકતી નથી, એવીજ રીતે જો તેની પત્ની દાસી હતી તેને ખરીદી લીધી તો હવે તેને તલાક આપી શકતો નથી, કે તેણી નિકાહથી સાવ નિકળી ગઈ. (આલમગીરી)

**મસ્અલા-(૧૧)**:- પતિ-પત્નીમાંથી કોઈ (મઆઝ અલ્લાહ) મુરતદ (ઈસ્લામથી ફરીગયો) થયું પરંતુ **"દારુલ ઈસ્લામ"** માં રહ્યું તો તલાક થઈ શકે છે અને જો "દારુલહર્બ"માં ચાલ્યો ગયો તો હવે તલાક થઈ શકતી નથી, અને પુરુષ મુરતદ થઈને દારુલહર્બ ચાલ્યો ગયો હતો પછી મુસલમાન થઈ ને પાછો આવ્યો અને સ્ત્રી હજુ ઇદ્દતમાં છે, તો તલાક આપી શકે છે, સ્ત્રી જોકે પાછી આવી જાય તલાક થઈ શકતી નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૨)** :- ખયારે બલૂગ અર્થાત બાલિગ થતાંજ નિકાહથી નારાજી જાહેર કરી અને ખયારે ઈત્ક એટલે કે આઝાદ થઈને વિચ્છેદ ચાહ્યો, આ બંનેની પછી તલાક થઈ શકતી નથી. (દુર્રે મુખ્તાર)

## તલાક સુપ્રત કરવાનું બયાન

**અલ્લાહ અઝ વ જલ્લ ફરમાવે છેઃ-**

**યા ઐયોહન્નબીય્યો, કુલ લે અઝવાજેકા ઈન કુનતુન્ન તોરિદનલ- હયાતદદુન્યા વ ઝીનત હા ફતઆલૈના ઓમત્તેઅ્કુન્ન વ ઓસર્રેહકુન્ન સરાહન જમીલા વઈન કુનતુન્ન તોરિદનલ્લાહ વ રસૂલહુ વદારલ આખેરતા ફઈન્નલ્લાહ અઅદ લિલ-મુહસેનાતે મિનકુન્ન અજરન અઝીમા !!**

**તરજુમોઃ-** હે નબી, પોતાની પત્નીઓથી ફરમાવીદોકે જો તમે દુનિયાની જિંદગી અને તેની ઝીનત (શણગાર) ઇચ્છો છો તો આવો હું તમને માલ આપું અને તમને સારી રીતે છોડીદઉ અને જો અલ્લાહ તથા રસૂલ અને આખેરતનું ઘર ચાહો છો તો અલ્લાહે તમારામાં નેકીવાળા ઓ માટે મોટો અજર તૈયાર કરી રાખ્યો છે,

સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત જાબિર રદીયલ્લાહો અન્હો થી રિવાયત છે કે, "જ્યારે આ આયત નાઝિલ થઈ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાને ફરમાવ્યું"- **હે આઈશા હું તારા પર** એક વાત રજુ કરુ છું, તેમાં જલ્દી (ઉતાવળ)ન કરજે, જ્યાં સુધી કે પોતાના માં બાપ થી સલાહ ન કરી લે જવાબ ન આપજે. (અને હુઝૂરને ખબર હતી કે, તેમના માં બાપ જુદાઈ માટે સલાહ આપશે નહી.)

ઉમ્મુલ મોમિનીને અરજ કરી., યા રસૂલલ્લાહ હુઝૂર સંબંધે મારે માં બાપ થી મશવરો (સલાહ) કરવાની શું જરુર છે, બલ્કે હું અલ્લાહ અને રસૂલ અને આખેરતના ઘરને અખતયાર કરુછું. અને હું એ ઈચ્છું કે પુનિત પત્નીઓ પૈકી કોઈને મારા જવાબની હુઝૂર ખબર ન આપે,

આપે ઈરશાદ ફરમાવ્યો- જો મને પૂછશેકે આઈશા એ શું જવાબ આપ્યો છે તો હું તેને ખબર આપી દઇશ. અલ્લાહે મને તકલીફમાં નાખનાર અને તકલીફમાં પડનાર બનાવીને મોકલ્યો નથી, તેણે મને મોઅલ્લિમ અને આસાની કરનાર બનાવીને મોકલ્યો છે.

સહીહ બુખારી શરીફમાં આઈશા રદીયલ્લાહો અન્હા થી રિવાયત છે. ફરમાવે છેઃ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અમને અખત્યાર આપ્યો, અમે અલ્લાહ તથા રસૂલને અખત્યાર કર્યા અને તેને કાંઈ (અર્થાત તલાક) ગણના કરી નહી. તેમાંજ છે કે મસરુક કહે છે મને કાંઈ **પરવા નથી કે તેને એક વખત અખત્યાર આપું કે સો વખત, જ્યારેકે તે મને અખત્યાર કરે અર્થાત આ સૂરતમાં તલાક થતી નથી.**

## અહ્કામે ફિકહિયા

## (ફિકહના અહેકામો)

**મસ્અલા- (૧)** :- **ઔરતને કહ્યું તને અખત્યાર** છે અથવા તારો મામલો તારા હાથમાં છે અને તેનાથી ભાવાર્થ "તલાક નો અખત્યાર આપવું"છે, તો ઔરત તે મજલિસમાં પોતાને તલાક આપી શકે છે, ભલેને તે બેઠક કેટલી એ લાંબી હોય. અને બેઠક બદલવા પછી કાંઈ કહી શકતી નથી. અને જો ઔરત ત્યાં હાજર ન હતી અથવા હાજર તો હતી પરંતુ સાંભળ્યું નહી અને તેને અખત્યાર એજ શબ્દોમાં આપ્યો તો જે બેઠકમાં તેને તે વાતની જાણકારી મળી તેનો એતબાર છે. હા, જો પતિએ કોઈ સમય મુકર્રર કરી દીધો હતો. દા.ત. આજે તેને અખત્યાર છે અને સમય પસાર થઈ ગયા પછી તેને જાણકારી થઈ તો હવે કોઇ કરી શકતી નથી. અને જો આ શબ્દોથી પતિએ તલાકની

નિય્યતજ ન કરી તો કાંઈ નથી, કે આ **કિનાયા** (સંકેત)છે. અને કિનાયામાં નિય્યત અથવા તે સમયે તલાકની વાતચીત હતી તો હવે નિય્યત જોવામાં આવશે નહી. અને જો ઔરતે હમણાં કાંઇ કહ્યું ન હતું કે, પતિએ પોતાના શબ્દો ને પાછા લીધા તો બેઠકમાં પાછો ન થશે. અર્થાત પતિના પાછા ફર્યા પછી પણ ઔરત પોતાને તલાક આપી શકે છે. અને પતિ તેને મનાઈ પણ કરી શકતો નથી. અને જો પતિએ એ શબ્દો કહ્યા કે તુ પોતાને તલાક આપીદે, અથવા તને પોતાની તલાક નો અખત્યાર છે, તો પણ એજ સઘળા એહકામ છે પરંતુ આ સુરતમાં પત્નીએ તલાક આપી દીધી તો **"રજઈ તલાક"** પડશે. હા, આ સુરતમાં પત્ની એ ત્રણ તલાકો આપી અને પતિએ ત્રણની નિય્યત પણ કરી લીધી છે, તો ત્રણ થશે. અને પતિ કહે છે મેં એકની નિય્યત કરી હતી તો એક પણ ઘટિત થશે નહી. અને જો પતિએ ત્રણની નિય્યત કરી અથવા એમ કહ્યું કે તુ પોતાને ત્રણ તલાકો આપી દે અને પત્નીએ એક આપી, **તો એક પડશે.** અને જો કહ્યું તુ જો ઈચ્છે તો પોતાને ત્રણ તલાકો આપે, પત્નીએ એક આપી અથવા કહ્યું તુ જો ઈચ્છે તો પોતાને એક તલાક આપ, પત્નીએ ત્રણ આપી તો બંને હાલતમાં કાંઈ નથી પરંતુ પ્રથમ સુરતમાં જો પત્ની એ કહ્યું મેં પોતાને તલાક આપી, એક અને એક, અને એક. તો ત્રણ તલાક પડશે. (જવહરહ, દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૨) :-** **આ મજકૂર શબ્દો સાથે એમ પણ કહ્યું કે તુ જ્યારે ઈચ્છે અથવા જે સમયે ઈચ્છે તો હવે** બેઠક બદલવાથી અખત્યાર બાતલ થશે નહી. અને પતિને શબ્દો પાછા લેવાનો હવે પણ અખત્યાર ન હશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩) :-** જો પત્નીને કહ્યું તુ પોતાની શોકય ને તલાક આપી દે અથવા કોઈ બીજા શખ્સને કહ્યું તુ મારી પત્ની ને તલાક આપીદે તો બેઠક સાથે કેદ નથી બેઠક પછી પણ તલાક થઈ શકે છે. અને તેમાં રજુ કરી શકે છે કે તે વકીલ છે અને મોવકકલને અખત્યાર છે કે વકીલ ને પદચ્યુત કરી દે પરંતુ જ્યારે કોઈ ઈચ્છાપર લટક તો કરી દીધો હોય અર્થાત કહી દીધું હોય કેજો તુ ઇચ્છે તો તલાક આપી દે તો હવે તોકીલ (વકીલ કરવું)નથી બલ્કે તમલીક (માલિક) છે, માટે બેઠકની સાથે ખાસ છે. અને રજુઅ કરી શકશે નહી અને જો પત્ની ને કહ્યું તુ પોતાને અને પોતાની શોકય ને તલાક આપીદે, **તો ખુદ તેના હકમાં** માલિક છે અને શોકયના હકકમાં વકીલ. **અને દરેકનો હુકમ એછે જે ઉપર મજકૂર થયો. અર્થાત પોતાને બેઠક પછી તલાક આપી શકતી નથી અને શોકયને આપી શકે છે.** (જવહરહ, દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૪) :- "તમલીક" તથા "તોકીલ"** માં કેટલીક વાતોનો તફાવત છે. **"તમલીક" માં રજુઅ** (રજઅત કરવું) **કરી શકતો નથી માઝુલ (પદચ્યુત) કરી શકતો નથી, તમલીક પછી પતિ મુર્છિત થઈ જાય તો તલાક** બાતિલ થશે નહી. **જેને માલિક બનાવ્યો તેનું આકિલ** (પાગલનહી) હોવું જરુરી નથી, **અને મજલિસ (બેઠક)** સાથે બંધન કારક છે અને **તોકીલ માં આ સઘળાનો અકસ** (આથી ઉલ્ટુ) છે. **જો સાવ નાસમજ બાળક ને કહ્યું તુ મારી પત્નીને જોઈચ્છે તો તલાક આપીદે અને તે બોલી શકે છે,** તેણે તલાક આપી દીધી, તો ઘટિત થઈ ગઈ. **એવીજ રીતે** જો મજનુન (મુર્છિત) ને **માલિક બનાવી દીધો અને તેણે** તલાક આપી દીધો તો તલાક થઈ ગઈ. **અને વકીલ બનાવ્યો** તો તલાક થઈ નહી. **અને માલિક કરવાની સુરતમાં જો સારો** હતો, તે પછી મજનુન (મુર્છિત) થઈ ગયો તો તલાક ઘટિત થશે નહી. (દુર્રે મુખ્તાર)

## મજલિસ બદલવાના સ્વરુપો

**મસ્અલા- (૫) :- કોઈ સ્ત્રી બેઠેલી હતી ઉભી થઈ ગઈ અથવા એક કામ કરી રહી હતી તેને છોડીને બીજું** કામ કરવા લાગી, **અથવા** મહેદી લગાવવા **મંડી અથવા** કોઈથી ખરીદ વેચાણની વાત કરી **અથવા ઉભી હતી હવે** જાનવર પર સવાર થઈ ગઈ **અથવા સવાર હતી હવે નીચે** ઉતરી ગઈ અથવા એક સવારી **પરથી ઉતરીને બીજી પર** સવાર થઇ અથવા સવાર હતી પરંતુ જાનવર **ઉભું હતું, હવે** ચાલવા લાગ્યું તો આ **સૌ સુરતોમાં મજલિસ (બેઠક)** બદલાઈ ગઈ, અને હવે તલાકનો **અખત્યાર રહયો નહી.** અને જો ઉભી હતી, પછી બેસી ગઈ અથવા **ઉભી હતી અને** મકાનમાં ટહેલવા લાગી અથવા **બેઠેલી હતી કે તકીયો** લગાવી લીધો, અથવા તકીયો (ટેકો) લગાવેલો **હતો હવે** સીધી થઈ ને બેસી ગઈ અથવા **પોતાના બાપ વિગેરે કોઈને** સલાહ માટે બોલાવ્યો અથવા ગવાહોને **બોલાવવા ગઈ કે** તેમની સમક્ષ તલાક આપે, એ શરતેકે **ત્યાં કોઈ એવો શખ્સ**

નથી જે બોલાવી આપે અથવા સવારી પર જઇ રહી હતી તેને રોકી દીધી અથવા પાણી પીધું અથવા ભોજન ત્યાં હાજર હતું કાંઈક થોડુક ખાઈ લીધું. આ સઘળી સુરતોમાં મજલિસ બદલાઈ નહી. (આલમગીરી, દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-** (૬) :- નૌકા, (હોડી) ઘરના હુકમમાં છે. કે નૌકાના ચાલવાથી મજલિસ બદલાશે નહી. અને જાનવર પર સવાર છે અને જાનવર ચાલી રહયું છે તો મજલિસ બદલાઈ રહી છે, હા, જો પતિના મૌન થતાંજ તુરતજ એજ કદમમાં જવાબ આપ્યો તો તલાક થઈ ગઈ. અને જો મહમિલ (પાલખી) માં બને સવાર છે, જેને કોઈ ખેંચી લઈ જઈ રહયું છે તો મજલિસ બદલાઈ નથી કે, આ નૌકાના હુકમમાં છે. ગાડી અથવા પાલખી નો પણ એજ હુકમ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૭) :- બેઠેલી હતી સુઈ ગઈ, જો તકીયો વિગેરે લગાવી એવી રીતે સુઇ રહી જેવું સુઇ રહેવા માટે લેટે છે તો અખત્યાર જતો રહયો. (રદદુલ મુહતાર)

**મસ્અલા-** (૮) :- બે જાનું (ઉભળક) બેઠી હતી હવે ચારજાનું (પલાંઠી વાળી) બેસી ગઈ અથવા બરઅકસ (ઉલ્ટું) કર્યુ અથવા બેસીલી સુઈ ગઈ તો મજલિસ બદલાઈ નહી. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૯) :- પતિએ તેને મજબૂર કરીને ઉભી કરી અથવા સંભોગ કર્યો તો અખત્યાર રહયો નહી (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૧૦) :- પતિના અખત્યાર આપવા પછી પત્નીએ નમાઝ શરુ કરી દીધી અખત્યાર જતો રહયો. નમાઝ ફરજ હોય કે વાજિબ કે નિફલ. અને જો પત્ની નમાઝ પઢી રહી હતી એજ હાલતમાં અખત્યાર આપ્યો તો તે નમાઝ ફરજ, વાજિબ અથવા સુન્નતે મોઅકદા છે, તો પૂરી કરી ને જવાબ આપે, અખત્યાર બાતલ થશે નહી. અને જો નિફલ નમાઝ છે તો બે રકઅત પઢીને જવાબ આપે. અને ત્રીજી રકઅત માટે ઉભી થઈ તો અખત્યાર જતો રહ્યો. ભલેને સલામ ન ફેરવી હોય. અને જો **"સુબ્હાનલ્લાહ"** કહ્યું અથવા થોડુંક કુર્આન પઢયું તો અખત્યાર બાતલ થયો નહી. અને અધિક પઢયું તો બાતલ થઈ ગયો. **(જવહરહ)** અને જો પત્ની એ જવાબ માં કહ્યું તુ પોતાની જીભથી કેમ તલાક આપતો નથી? તો આ કહેવાથી અખત્યાર બાતલ થશે નહી અને જો એમ કહ્યું કે જો તુ મને તલાક આપે છે તો એટલું મને આપી દેતો અખત્યાર બાતલ થઈ ગયો. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૧૧) :- જો એકજ સમયમાં તેની અને **શોફઅહ** (પાડોશી) ની ખબર પહોંચી અને ઔરત બંનેને અખત્યાર કરવા ચાહે છે તો એ કહેવું જોઈએ કે મેં બંનેને ધારણ કર્યું. નહી તો જે એક ને ધારણ કરશે બીજુ જતુ રહેશે. (આલમગીરી)

**મસ્અલા-** (૧૨) :- પુરુષે પોતાની પત્નીને કહ્યું તુ પોતાના નફસ ને ધારણકર, પત્ની એ કહ્યું મેં પોતાના નફસને ધારણ કર્યુ, અથવા કહ્યું મેં ધારણ કર્યુ અથવા ધારણ કરંછું તો એક **"બાઈન તલાક"** ઘટિત થશે અને ત્રણની નિય્યત સહીહ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૧૩) :- તલાક સુપ્રત કરવામાં એ જરુરી છે કે સ્ત્રી તથા પુરુષ બંને માંથી એક ના કલામમાં **"નફસ"** શબ્દ અથવા **તલાક** નો ઉલ્લેખ હોય, જો **પતિએ** કહ્યું તને અખત્યાર છે, પત્નીએ કહ્યું- મેં અખત્યાર **કર્યું**, તલાક ઘટિત થશે નહી. અને જો જવાબમાં કહ્યું: મેં પોતાના નફસને ધારણ કર્યો અથવા પતિએ કહ્યું હતું તુ પોતાના **નફસ** ને ધારણ કર, પત્નીએ કહ્યું મેં ધારણ કર્યું અથવા કહ્યું મેં કર્યું તો જો તલાકની નિય્યત હતી તો થઈ ગઈ. અને એ પણ જરુરી છે કે **નફસ** શબ્દને સળંગમાંજ ઉલ્લેખ કરે અને જો તે શબ્દને કેટલીક વાર પછી કહ્યો અને બેઠક બદલાઈ ન હોય તો **મુત્તસિલ** (નિકટ) નાજ **હુકમમાં છે. અર્થાત** તલાક ઘટિત થશે અને બેઠક બદલાયા પછી કહ્યું તો બેકાર છે. (આલમગીરી વિગેરે)

**મસ્અલા-** (૧૪) :- પતિએ બે વખત કહ્યું, અખત્યાર કર, અખત્યાર કર. અથવા કહ્યું પોતાની **માં** ને અખત્યાર કર તો હવે નફસ શબ્દનો ઉલ્લેખ કરવાની હાજત નથી, આ તેના સ્થાને થઈ ગયો. એવીજ રીતે ઔરતનું કહેવૃં કે મેં પોતાના બાપ અથવા માં અથવા સ્વામી અથવા પત્ની ને અખત્યાર કર્યુ, તો તે નફસ શબ્દના સ્થાને છે અને જો ઔરતે કહ્યું: મેં પોતાની કોમ અથવા કુટુંબ વાળાઓ અથવા સગાઓને ધારણ કર્યા તો આ તેના સ્થાને નથી. અને જો ઔરતના માં-બાપ ન હોય તો આ કહેવું પણ કે મેં પોતાના ભાઈને અપનાવ્યો, કાફી છે, અને માં બાપ ન હોવાની સુરતમાં તેણે માં બાપને અખત્યાર કર્યા તો પણ તલાક થઈ જશે, ઔરતને કહ્યું ત્રણને અખત્યાર કર, ઔરતે કહ્યું મેં

અખત્યાર કર્યું તો ત્રણ તલાકો પડી જશે, (દુર્રે મુખ્તાર, રદદુલમુહતાર વિગેરે)

**મસ્અલા- (૧૫)** :- ઔરતે જવાબમાં કહ્યું મેં પોતાના નફસને અખત્યાર કર્યો નથી બલ્કે પોતાના પતિને કર્યો તો તલાક ઘટિત થઈ જશે. અને એવી રીતે કહ્યું કે મેં પોતાના પતિને અખત્યાર કર્યો નથી બલ્કે પોતાના નફસને, તો તલાક ઘટિત થશે નહી. અને જો કહ્યું કે મેં પોતાના નફસ અથવા પતિને અખત્યાર કર્યો તો તલાક ઘટિત થશે નહી. અને જો એમ કહ્યું કે પોતાના નફસ અને પતિને તો તલાક ઘટિત થશે અને જો કહ્યું પતિ અને નફસને તો તલાક નથી. (ફતહુલકદીર)

**મસ્અલા- (૧૬)** :- પુરુષે સ્ત્રીને અખત્યાર આપ્યો હતો, ઔરતે હજુ જવાબ આપયો ન હતો કે, પતિ એ કહ્યું જો તુ પોતાને અખત્યાર કરે તો **એક હજાર આપીશ,** ઔરતે પોતાને અખત્યાર કર્યો તો ન તલાક થઈ, ન માલ આપવું વાજિબ થયું.(ફતહુલકદીર)

**મસ્અલા- (૧૭)** :- પતિએ અખત્યાર આપ્યો પત્નીએ જવાબમાં કહ્યું: મેં પોતાને બાઈન કરી અથવા હરામ કરી દીધી અથવા તલાક આપી દીધીતો જવાબ થઈ ગયો. અને **એક બાઈન તલાક** પડી ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૧૮)** :- પતિએ ત્રણ વખત કહ્યું તને પોતાના નફસનો અખત્યાર છે, પત્નીએ કહ્યું મેં અખત્યાર કર્યું અથવા પહેલા ને અખત્યાર કર્યું અથવા વચ્ચેનાને અથવા પાછલાને અથવા એકને, દરેક હાલત માં **ત્રણ તલાકો ઘટિત થશે.** અને જો તેના જવાબમાં કહ્યું કે મેં પોતાના નફસને તલાક આપી અથવા મેં પોતાના નફસને એક તલાક સાથે અખત્યાર કર્યો અથવા મેં પ્રથમ તલાક અખત્યાર કરી તો **એક બાઈન** ઘટિત થશે. (તનવીરુલ અબસાર)

**મસ્અલા- (૧૯)** :- પતિએ ત્રણ વખત કહ્યું પરંતુ પત્નીએ પ્રથમવારના જવાબમાં કહી દીધું: મેં પોતાના નફસને અખત્યાર કર્યો, તો પૉછળવાળા શબ્દો બાતલ થઈ ગયા એવીજ રીતે જો પત્નીએ કહ્યું મેં એકને બાતલ કરી દીધું તો સૌ બાતલ થઈ ગયા. (આલમગીરી)

**મસ્અલા- (૨૦)** :- પતિએ કહ્યું તને પોતાના નફસ નો અખત્યાર છે કે, તુ તલાક આપી દે, પત્નીએ તલાક આપી તો **બાઈન** ઘટિત થઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૨૧)** :- પત્નીને કહ્યું ત્રણ તલાકો પૈકી જે તુ ઇચ્છે તને અખત્યાર છે, તો એક અથવા બેનો અખત્યાર છે. ત્રણનો નથી. (આલમગીરી)

**મસ્અલા- (૨૨)** :- પત્નીને અખત્યાર આપ્યો, તેણે જવાબમાં કહ્યું- હું તને અખત્યાર કરતી નથી અથવા તને ઇચ્છતી નથી અથવા મને તારી હાજત નથી તો આ સઘળું કાંઈ નથી. અને જો કહ્યું, મેં એ અખત્યાર કર્યું કે, "તારી પત્ની ન હોઉ,"તો બાઈન તલાક થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૨૩)** :- કોઈને કહ્યું તુ મારી પત્નીને અખત્યાર આપી દે, તો જ્યાં સુધી તે શખ્સ તેને અખત્યાર આપશે નહી પત્નીને અખત્યાર પ્રાપ્ત નથી અને જો તે શખ્સ ને કહ્યું તુ મારી પત્નીને અખત્યાર ની ખબર આપતો પત્નીને અખત્યાર પ્રાપ્ત થઈ ગયો, ભલે ખબર ન આપે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૨૪)** :- કોઈએ કહ્યું તને આવર્ષે અથવા આ મહીનામાં અથવા આજે દિવસમાં તને અખત્યાર છે, તો જ્યાં સુધી સમય બાકી છે અખત્યાર છે, જોકે બેઠક બદલાઈ ગઈ હોય અને જો એક દિવસ કહ્યું તો ચોવીસ કલાક અને એક મહીનો કહ્યું તો ત્રીસ દિવસ સુધી અખત્યાર છે અને ચંદ્ર જે સમયે જોવાયો તે સમયે એક મહીનાનો અખત્યાર આપ્યો તો ત્રીસ દિવસ જરુરી નથી બલ્કે બીજા હિલાલ (ચંદ્ર) સુધી છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૨૫)** :- નિકાહથી અગાઉ તલાક આપી દા-ત. પત્ની ને કહ્યું: જો હું બીજી પત્નીથી નિકાહ કરું તો તને પોતાના નફસ ને તલાક આપવાનો અધિકાર છે, તો આ સુપ્રત કરવું થયું નહી, કે સંબંધ માલિકી પ્રતિનથી એવીજ રીતે જો ઈજાબો કુબૂલમાં શરત કરી અને ઈજાબ પતિ તરફથી થાય દા-ત. કહ્યું કે હું તને એ શરત પર નિકાહમાં લાવ્યો, ઔરતે કહ્યું મેં કબૂલ કર્યું તો પણ સુપ્રત કરવું થયું નહી. અને જો અકદમાં શરત કરી અને ઈજાબ (કબૂલ કરવું) પત્ની અથવા તેના વકીલે કહ્યું દા-ત. મેં પોતાના નફસને અથવા પોતાની ફલાણી નિયોજક ને એ શરતે તારા નિકાહમાં આપી, પુરુષે કહ્યું મેં તે શરત પર કબૂલ કરી તો તલાક નું પ્રદાન થઈ ગયું. શરત જોવામાં આવે તો પત્ની ને જે મજલિસમાં ખબર પડી, પોતાને તલાક આપવાનો અખત્યાર છે. (રદદુલ મુહતાર)

મસ્અલા- (૨૬) :- પતિએ પત્નીને કહ્યું તારું કાર્ય તારા હાથમાં છે, તો આમાં પણ એજ શરતો તથા અહકામ છે જે અખત્યારના છે કે તલાકની નિય્યતથી કહ્યું હોય અને નફસનો ઉલ્લેખ હોય અને જે બેઠકમાં કહ્યું અથવા જે બેઠકમાં જાણ પડી તેમાંજ પત્ની એ તલાક આપી હોય તો ઘટિત થઈ જશે અને પતિ રજુઅ કરી શકતો નથી, કેવળ એક વાતમાં તફાવત છે, ત્યાં ત્રણની નિય્યત સહીહ નથી. અને આમાં જો ત્રણ તલાકની નિય્યત કરી તો ત્રણ ઘટિત થશે. ભલે પત્નીએ પોતાને એક તલાક આપી અથવા કહ્યું- મેં પોતાના નફસને કબૂલ કર્યો અથવા પોતાના મામલા-કાર્ય ને અખત્યાર કર્યું અથવા તું મારાપર પર હરામ છે અથવા મારાથી જુદો છે અથવા હું તારાથી જુદી છું અથવા મને તલાક છે. અને જો પતિએ બેની નિય્યત કરી અથવા એકની કરી અથવા નિય્યતમાં કોઈ સંખ્યા ન હોય તો એક તલાક થશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા- (૨૭) :- પત્ની નાબાલિગ છે તેને એમ કહ્યું કે તારુંકાર્ય (મામલો) તારા હાથમાં છે. તેણે પોતાને તલાક આપી દીધી, તો તલાક થઈ ગઈ. અને જો પત્નીના બાપને કહ્યું કે તેનું કાર્ય તારા હાથમાં છે, તેણે કહ્યું મેં કબૂલ કર્યું અથવા કોઈ બીજો શબ્દ તલાકનો કહ્યો તો તલાક થઈ ગઇ. (રદ્દુલ મુહતાર)

મસ્અલા- (૨૮) :- પત્ની માટે એ શબ્દ કહ્યો પરંતુ તેને તેની ખબર ન હોય અને તલાક આપી દીધી, તો ઘટિત થઈ નહી. (ખાનિયહ)

મસ્અલા- (૨૯) :- પતિએ કહ્યુંઃ તારુંકાર્ય તારા હાથમાં છે, તેના જવાબમાં પત્નીએ કહ્યુંઃ મારું કાર્ય (મામલો) મારા હાથમાં છે, તો આ જવાબ થયો નહી. અર્થાત તલાક થઈ નહી. બલ્કે જવાબમાં તે શબ્દ હોવો જોઈએ જેનો સંબંધ પત્ની તરફ, જો પતિ કહેતો તો તલાક થઈ જતી, (દુર્રે મુખ્તાર) દા-ત. એમ કહેકે મેં પોતાના નફસને હરામ કર્યો, બાઈન કર્યો, તલાક આપી વિગેરે, એવીજ રીતે જો જવાબમાં કહ્યું મેં પોતાના નફસને અખત્યાર કર્યો અથવા કબૂલ કર્યો અથવા પત્નીના બાપે કબૂલ કર્યું તો પણ તલાક થઈ ગઈ, એવીજ રીતે જો જવાબમાં કહ્યું તુ મારા પર હરામ છે અથવા હું તારા પર હરામ છું અથવા તુ મારાથી જુદો છે અથવા હું તારાથી જુદી છું અથવા કહ્યુંઃ હું હરામ છું અથવા હું જુદી છું, તો આ સૌ હાલતોમાં તલાક છે. અને જો કહ્યું તુ હરામ છે અને એમ ન કહ્યું કે મારા પર અથવા તુ જુદો છે અને એમ ન કહ્યું કે મારાથી તો બાતલ છે, તલાક થઈ નહી. (આલમગીરી)

મસ્અલા- (૩૦) :- તેના જવાબમાં જોકે રજઈ નો શબ્દ હોય તો બાઈન તલાક પડશે. હા જો પતિએ કહ્યું તારુંકાર્ય તારા હાથમાં છે, તલાક આપવામાં, તો રજઈ થશે અથવા પતિએ કહ્યું ત્રણ તલાક નું કાર્ય તારા હાથમાં છે અને પત્નીએ કહ્યું એક અથવા બે આપી તો રજઈ છે. (આલમગીરી)

મસ્અલા- (૩૧) :- કહ્યું તારુંકાર્ય તારી હથેળીમાં છે અથવા ડાબા હાથ અથવા જમણા હાથમાં અથવા તારું કાર્ય તારા હાથમાં કરી દીધું અથવા તારા હાથને સુપ્રત કરી દીધું અથવા તારા મુખમાં છે અથવા જીભમાં. તો પણ એજ હુકમ છે. (આલમગીરી)

મસ્અલા- (૩૨) :- જો આ શબ્દોને તલાકની નિય્યતથી ન કહ્યા તો કાંઈ નથી, પરંતુ ગુસ્સાની હાલત અથવા તલાકના વાદ વિવાદમાં કહ્યા તો નિય્યત જોવામાં આવશે નહી બલ્કે તલાક નો હુકમ આપી દઇશું અને જો પતિને ક્રોધની હાલત અથવા તલાકના વાદ વિવાદ નો ઈન્કાર છે તો પત્ની થી ગવાહ લેવામાં આવશે, ગવાહ રજુ ન કરી શકે તો સોગંદ લઈને પતિનો કોલ માનવામાં આવે અને તલાકની નિય્યત પર જો પત્ની ગવાહ રજુ કરે તો સ્વીકાર્ય નથી, હા જો પતિએ નિય્યતનો ઈકરાર કર્યો હોય અને ઈકરારના ગવાહ પત્ની રજુ કરે તો માન્ય છે. (આલમગીરી)

મસ્અલા- (૩૩) :- પતિએ કહ્યું તારુંકાર્ય તારા હાથમાં છે; આજે અને પરમ દિવસો તો વચ્ચેની બંને રાતો દાખલ નથી અને આ બે સુપ્રતો (પ્રદાનો) જુદી જુદા છે, માટે જો આજે રદ કરી દીધું તો પરમ દિવસે પત્ની ને અખત્યાર રહેશે અને રાતમાં તલાક આપશે તો ઘટિત થશે નહી. અને એક દિવસમાં એકજ વખત તલાક આપી શકે છે, અને જો કહ્યું આજે અને કાલે તો રાત દાખલ છે અને આજે રદ કરી દેશે તો કાલના માટે પણ અખત્યાર રહ્યો નહી, કે આ એક તફવીઝ-પ્રદાન છે. અને જો એમ કહ્યું કે આજે તારુંકાર્ય તારા હાથમાં છે, અને કાલે તારુંકાર્ય તારા હાથમાં છે તો રાત દાખલ નથી. અને અલગ અલગ બે તફવીઝો (પ્રદાનો) છે. અને જો કહ્યું તારુંકાર્ય તારા હાથમાં છે, આજે,

કાલે, અને પરમ દિવસે, તો એક પ્રદાન છે. અને રાતો દાખલ છે. અને જ્યાં બે પ્રદાનો છે જો આજે તેણે તલાક આપી લીધી પછી કાલ આવવાથી પહેલા તેનાથી નિકાહ કરી લીધો તો કાલે ફરી તેને તલાક આપવાનો અખત્યાર પ્રાપ્ત છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩૪) :-** પત્નીએ એ દાવો કર્યો કે પતિએ મારો મામલો મારા હાથમાં આપ્યો તો આ દાવો સાંભળવામાં આવશે નહી. બેકાર છે. હા જો પત્નીએ આ અમ્ર- મામલાના કારણે પોતાને તલાક આપી પછી તલાક થવા અને મહેર લેવા માટે દાવો કર્યો તો હવે સાંભળવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા- (૩૫) :-** જો એમ કહયું કે તારુંઅમર તારા હાથમાં છે, જે દિવસે ફલાણો આવે, તો કેવળ દિવસ માટે છે જો રાતમાં આવ્યો તો તલાક આપી શકતી નથી, અને જો તે દિવસમાં આવ્યો પરંતુ પત્ની ને તેના આગમનની ખબર પડી નહી ત્યાં સુધીકે સૂરજ ડુબી ગયો તો હવે અખત્યાર રહ્યો નહી. (આલમગીરી)

**મસ્અલા- (૩૬) :-** જો કોઈ સમય નિશ્ચિત કર્યો નહી તો મજલિસ (બેઠક) બદલવાથી અખત્યાર જતો રહશે. જેવું કે ઉપર મજકૂર થયું. અને જો સમય નિશ્ચિત કરી દીધો હોય દા-ત. આજે અથવા કાલે અથવા આ મહીના અથવા આ વર્ષમાં તો તે પૂરા સમયમાં અખત્યાર પ્રાપ્ત છે.

**મસ્અલા- (૩૭) :-** કાતિબ (લહીયા)ને કહ્યું: તુ લખી દે, જો હું પોતાની પત્ની ની ઇજાઝત વગર પ્રવાસે જાઉતો તે જ્યારે ઈચ્છે પોતાને એક તલાક આપીલે. પતનીએ કહ્યું: હું એક તલાક ઇચ્છતી નથી, ત્રણ તલાકો લખો, પરંતુ પતિએ ઈન્કાર કર્યો, અને લખવાનો પ્રસંગ આવ્યો નહી તો પત્નીને એક તલાકનો અખત્યાર પ્રાપ્ત રહ્યો. (આલમગીરી)

**મસ્અલા- (૩૮) :-** અજાણ્યા શખ્સને કહ્યું કે મારી પત્ની નું અમર તારા હાથમાં છે તો તેને તલાક આપવાનો અખત્યાર પ્રાપ્ત છે અને એજ એહકામ છે જે ખૂદ પત્ની ના હાથમાં અખત્યાર આપવાના છે. (આલમગીરી)

**મસ્અલા- (૩૯) :-** બે શખ્સોના હાથમાં (અખત્યાર) આપ્યો તો એક એકલો કાંઈ કરી શકતો નથી અને જો કહ્યું મારા હાથમાં છે અને તારા, અને સંબોધિતે તલાક આપી દીધી તો જ્યાં સુધી પતિ તે તલાક ને જાઈઝ કરશે નહી તલાક થશે નહી અને જો કહ્યું અલ્લાહના હાથમાં છે અને તારા હાથમાં અને સંબોધિતે તલાક આપી દીધી તો થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૪૦) :-** પત્નીના વાલીએ તલાક લેવા ચાહ્યું. પતિ, પત્ની ના બાપને એમ કહીને ચાલ્યો ગયો કે તમે જે ઈચ્છો કરો અને પત્ની ના બાપે તલાક આપી દીધી તો જો પતિએ પ્રદાનના ઈરાદાથી કહ્યું ન હોય તો તલાક થશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૪૧) :-** પત્નીને કહ્યું જો તારા હોવા છતાં નિકાહ કરુંતો તેનું અમર તારા હાથમાં છે પછી કોઈ ફઝૂલી એ તેનો નિકાહ કરી દીધો અને તેણે કોઈ કામ એવું કર્યુ જેનાથી તે નિકાહ જાઈઝ થઈ ગયો- દા-ત. મહેર મોકલી દીધી અથવા સમાગમ કર્યો, જીભથી કહીને જાઈઝ ન કર્યું તો પહેલી પત્ની ને અખત્યાર નથી કે તેને તલાક આપી દે અને જો તેના વકીલે નિકાહ કરી દીધો અથવા ફઝૂલી ના નિકાહ ને જીભથી જાઈઝ કર્યો અથવા કહયું હતું કે મારા નિકાહમાં જો કોઈ સ્ત્રી આવે તો એવું છે. તો આ સઘળી સૂરતોમાં પત્નીને અખત્યાર છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૪૨) :-** પોતાની બે પત્ની ઓને કહ્યું કે તમારુંઅમર તમારા હાથમાં છે. તો જો બંને પોતાને તલાક આપે તો થશે. નહી તો થશે નહી. (આલમગીરી)

**મસ્અલા- (૪૩) :-** પોતાની પત્નીને કહ્યું કે મારી પત્ની ઓનો અમર તારા હાથમાં છે અથવા તુ મારી જે પત્ની ને ઈચ્છે તલાક આપીદે તો ખૂદ પોતાને તે તલાક આપી શકતી નથી. (આલમગીરી)

**મસ્અલા- (૪૪) :-** ફઝૂલીએ કોઈની પત્ની ને કહ્યું તારુ અમર તારા હાથમાં છે. પત્ની એ કહ્યું મેં પોતાના નફસને અખત્યાર કર્યો, અને આ ખબર પતિને પહોંચી. તેણે જાઈઝ ઠેરવ્યું તો તલાક ઘટિત થઈ નહી. પરંતુ જે મજલિસ માં પત્ની ને પતિની ઈજાઝતની જાણકારી થઈ તેને અખત્યાર પ્રાપ્ત થઈ ગયો અર્થાત હવે તે ઈચ્છે તો તલાક આપી શકે છે. એવીજ રીતે જો પત્ની એ પોતેજ કહ્યું-મેં પોતાનું અમર પોતાના હાથમાં લીધું-પછી કહ્યું મેં પોતાના નફસને અખત્યાર કર્યો અને પતિએ જાઈઝ ઠેરવ્યું તો તલાક થઈ નહી પરંતુ તલાક નો અખત્યાર પ્રાપ્ત થઈ ગયો અને જો પત્નીએ એમ કહ્યુ કે મેં પોતાનું અમર પોતાના હાથમાં લીધું અને પોતાને મેં તલાક આપી, પતિએ જાઈઝ કરી દીધું

તો **એક રજઈ તલાક થઈ** ગઈ અને પત્ની ને અખત્યાર પણ પ્રાપ્ત થઇ ગયો અર્થાત હવે જો પત્ની પોતાના નફસને અખત્યાર કરે તો **બીજી બાઇન તલાક** ઘટિત થશે. પત્નીએ કહ્યું મેં પોતાને બાઈન ઠેરવી, પતિએ જાઈઝ કર્યું અને નિય્યત તલાકની છે તો બાઈન તલાક થઈ ગઈ અને પત્નીએ તલાક આપવું કહ્યું તો પતિની ઈજાઝત ના સમયે જો પતિની નિય્યત પણ હોય તો તલાક થઈ જશે. અને ત્રણ ની નિય્યત સહીહ નથી અને પત્નીએ કહ્યું મેં પોતાને તારા પર હરામ કરી દીધી, પતિએ જાઈઝ કરી દીધું તો તલાક થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૪૫) :-** પતિને કોઈએ કહ્યું ફલાણા શખ્સે તારી પત્નીને તલાક આપી દીધી, તેણે જવાબમાં કહ્યું, સારુ કર્યું તો તલાક થઈ ગઈ. અને જો કહ્યું બુરુ કર્યું તો તલાક થઈ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૪૬) :-** પોતાની પત્નીને કહ્યું જ્યાં સુધી તુ મારા નિકાહમાં છે જો હું કોઈ સ્ત્રીથી નિકાહ કરું તો તેનું અમર તારા હાથમાં છે, પછી તે પત્નીથી ખુલઅ કર્યું અથવા બાઈન તલાક અથવા ત્રણ તલાકો આપી હવે બીજી સ્ત્રીથી નિકાહ કર્યો તો પ્રથમ પત્ની ને કોઈ અખત્યાર નથી અને જો એમ કહ્યું હતું કે કોઈ સ્ત્રીથી નિકાહ કરું તો તેનો અમર તારા હાથમાં છે, તો ખુલઅ વિગેરે પછી પણ તેને અખત્યાર છે. (આલમગીરી)

**મસ્અલા- (૪૭) :-** પત્નીને કહ્યું તુ પોતાને તલાક આપી દે અને નિય્યત કાંઈ ન હોય અથવા એક અથવા બેની નિય્યત હોય અને આઝાદ (લોંડીના હોય તે)સ્ત્રી હોયતો પત્ની ને તલાક આપવાથી એક રજઈ તલાક ઘટિત થશે અને ત્રણ ની નિય્યત કરી હોય તો ત્રણ તલાક પડશે અને જો દાસી હોય તો બેની નિય્યત પણ સહીહ છે. અને જો પત્ની એ જવાબમાં કહ્યું કે મેં પોતાને બાઈન કરી અથવા જુદી કરી અથવા હું હરામ છું અથવા મુકત છું તો પણ એક રજઈ તલાક ઘટિત થશે અને જો કહ્યું-મે પોતાના નફસને અખત્યાર કર્યો તો કાંઈ નથી જોકે પતિએ જાઈઝ કરી દીધું હોય, (**દુર્રે મુખ્તાર**) કોઈ બીજાને કહ્યું તુ મારી પત્ની ને રજઈ તલાક આપ, તેણે બાઈન આપી તો પણ રજઈ થશે. અને જો વકીલે તલાક નો શબ્દ કહ્યો નહી બલકે કહ્યું- મેં તેને બાઈન કરી દીધો અથવા જુદો કરી દીધો તો કાંઈ નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૪૮) :-** પત્નીને કહ્યું જો તુ ઇચ્છે તો પોતાને દસ તલાકો આપ- પત્નીએ ત્રણ આપી અથવા કહ્યું જો ઇચ્છે તો એક તલાક આપ, પત્નીએ અડધી આપી તો બંને સૂરતોમાં એક પણ ઘટિત નથી. (ખાનિયહ)

**મસ્અલા- (૪૯) :-** પતિએ કહ્યું તુ પોતાને રજઈ તલાક આપ- પત્નીએ બાઈન આપી અથવા પતિએ કહ્યું બાઈન તલાક આપ પત્નીએ રજઈ આપી ા પતિએ જે કહ્યું તે ઘટિત થશે, પત્ની એ જેવી આપી તેવી નહી. અને જો પતિએ તેની સાથે એમ પણ કહ્યું હતું કે તુ જો ઇચ્છે તો અને પત્નીએ તેના હુકમની વિરુધ્ધ બાઈન અથવા રજઈ તલાક આપી તો કાંઈ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૫૦) :-** કોઈને બે પત્નીઓ છે અને બંને મદખૂલા (સમાગમ કરેલ) છે. તેણે બંનેને સંબોધિત થઈને કહ્યું કે તમે બંને પોતાને અર્થાત ખૂદને અને બીજી ને ત્રણ તલાકો આપો. દરેકે પોતાને અને શોકને આગળ પાછળ ત્રણ તલાકો આપી તો પહેલીનાજ તલાક આપવાથી બંને તલાક શાળી થઈ ગઈ અને જો પ્રથમ શોકને તલાક આપી પછી પોતાને તો શોકને તલાક પડી ગઈ, તેને નહી, કે અખત્યાર રદ થઈ ગયો, માટે બીજીએ જો તેને તલાક આપી તો તે પણ મુતલ્લકા (તલાક શુદા) થઈ જશે. નહી તો થશે નહી. અને જો પતિએ આવી રીતે અખત્યાર આપ્યા પછી મના કરી દીધું કે તલાક આપો નહી તો જ્યાં સુધી મજલિસ બાકી છે દરેક પોતાને તલાક આપી શકે છે. શોકને નહી, કે બીજીના હકમાં વકીલ છે અને મના કરી દેવાથી વકાલત બાતલ થઈ ગઈ. અને જો તે શબ્દની સાથે એ પણ કહ્યું હતું કે, જો તમે ઈચ્છો તો, કેવળ એકના તલાક આપવાથી તલાક થશે નહી, જ્યાં સુધી બંને એજ મજલિસ (બેઠક) માં પોતાને અને બીજીને તલાક ન આપે, તલાક થશે નહી. અને મજલિસ પછી કાંઈ થઈ શકતું નથી (આલમગીરી)

**મસ્અલા- (૫૧) :-** કોઇને કહ્યું જોતુ ઈચ્છે તો પત્ની ને તલાક આપી દે, તેણે કહ્યું મેં ઇચ્છયું. તો તલાક થઈ નહી. અને જો કહ્યું તેને તલાક છે, જોતુ ઇચ્છે, તેણે કહ્યું મેં ઇચ્છયું, તો તલાક થઈ ગઈ. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૫૨) :-** પત્નીને કહ્યું: તુ જો ઈચ્છે તો પોતાને તલાક આપી દે, પત્નીએ જવાબમાં કહ્યું, મેં ઇચ્છયું કે પોતાને તલાક આપી દઉં. તો કાંઈ નથી, જો કહ્યું તું ઈચ્છે તો પોતાને ત્રણ તલાકો આપીદે, પત્નીએ કહ્યું, મને તલાક

છે તો તલાક થઈ નહી. જ્યાં સુધીકે એમન કહે કે મને ત્રણ તલાકો છે. (આલમગીરી)

**મસ્અલા- (૫૩)** :- પત્નીને કહ્યું પોતાને તુ તલાકઆપીદે, જેવી તુ ઈચ્છે, તો પત્નીને અખત્યાર છે કે બાઈન આપે અથવા રજઈ, એક આપે અથવા બે અથવા ત્રણ, પરંતુ મજલિસ (બેઠક) બદલાયા પછી અખત્યાર રહ્યો નહી. (આલમગીરી)

**મસ્અલા- (૫૪)** :- જો કહ્યું તુ ઈચ્છે તો પોતાને તલાક આપીદે. અને તુ ઈચ્છે તો મારી ફલાણી પત્નીને તલાક આપીદે તો પ્રથમ પોતાને તલાક આપે અથવા તેને, બંને તલાક શુદ્ઘ થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૫૫)** :- પત્નીને કહ્યું તુ જ્યારે ઈચ્છે પોતાને એક બાઈન તલાક આપીદે, પછી કહ્યું તુ જ્યારે ઈચ્છે પોતાને એક તે તલાક આપે જેમાં રજઅતનો હું માલિક રહું, પત્ની એ થોડાક દિવસો પછી પોતાને તલાક આપી તો રજઈ તલાક થશે અને પતિના પાછલા કથનનો જવાબ સમજવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા- (૫૬)** :- પત્નીને કહ્યું: તને તલાક છે જો તુ ઈરાદો કરે અથવા પસંદ કરે અથવા ઈચ્છા કરે અથવા પ્રિયરાખે, તેણે જવાબમાં કહ્યું- મેં ઈચ્છયું અથવા ઇરાદો કર્યો, તો તલાક થઈ ગઈ. એવીજ રીતે જો કહ્યું કે તને અનુકૂળ આવે, તેણે જવાબમાં કહ્યું, મેં ઇચ્છયું, તો તલાક થઈ ગઈ અને જવાબમાં કહ્યું મેં પ્રિયરાખ્યું તો તલાક થઈ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૫૭)** :- પત્નીને કહ્યું જોતુ ઈચ્છે તો તને તલાક છે, તેણે જવાબમાં કહ્યું- હા, અથવા મેં સ્વીકાર કર્યો અથવા હું રાજી થઈ, તો તલાક ઘટિત થઈ નહી અને જો કહ્યું તુ જો કબૂલ કરે તો તને તલાક છે તેણે જવાબમાં કહ્યું-મેં ઈચ્છયું તો તલાક થઇ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૫૮)** :- પત્નીને કહ્યું તને તલાક છે જો તુ ઈચ્છે. તેણે જવાબમાં કહ્યું, મેં ઈચ્છયું જો તુ ઈચ્છે. પતિએ તલાકની નિય્યતથી કહ્યું: મેં ઈચ્છયું, તો તલાક ઘટિત થઈ નહી. અને જો પતિએ અંતમાં કહ્યું મેં તારી તલાક ઈચ્છી, તો તલાક થઈ ગઈ જ્યારેકે નિય્યત પણ હોય. (હિદાયા) અને પત્નીએ જવાબમાં કહ્યું મેં ઈચ્છયું જો ફલાણી વાત થઈ હોય કોઈ એવી વસ્તુ માટે જે થઈ ગઈ હોય અથવા તે સમયે ઉપસ્થિત હોય- દા-ત. જો ફલાણો શખ્સ આવ્યો હોય અથવા મારો બાપ ઘરમાં હોય અને વાસ્તવમાં તે આવી ગયો છે અથવા તે ઘરમાં છે તો તલાક ઘટિત થઈ ગઈ અને જો તે એવી વસ્તુ છે જે અત્યાર સુધી થઈ ન હોય જો કે તેનું થવું યકીની (નિઃ સંદેહ) હોય- દા-ત. કહ્યું મેં ઈચ્છયું, જો રાત આવે, અથવા તેનું હોવું શંકાશીલ હોય. દા-ત. જો મારો બાપ ઈચ્છે, તો તલાક થઈ નહી. જોકે તેના બાપે કહી દીધું કે મેં ઈચ્છયું. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૫૯)** :- પત્નીએ કહ્યું તને એક તલાક છે જો તુ ઈચ્છે તો તને બે તલાકો છે, જો તુ ઈચ્છે તો, તેણે જવાબમાં કહ્યું મેં એક ઈચ્છી, મેં બે ઈચ્છી, જો બંને વાકયો સાથે સાથે હોય તો ત્રણ તલાકો થઈ ગઈ, એવીજ રીતે જો કહ્યું તને તલાક છે જો તુ ઈચ્છે એક અને જો તુ ઈચ્છે તો બે, તેણે જવાબમાં કહ્યું મેં ઈચ્છી તો ત્રણ તલાકો થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા- (૬૦)** :- પતિએ કહ્યું જો તુ ઈચ્છે અને ન ઈચ્છે તો તને તલાક છે. અથવા તને તલાક છે જો તુ ઈચ્છે અને ન ઈચ્છે. તો તલાક થઈ શકતી નથી, ઈચ્છે અથવા ન ઈચ્છે. અને જો કહ્યું તને તલાક છે જો તુ ઈચ્છે અને જો તુ ન ઈચ્છે. તો દરેક હાલતમાં તલાક છે, ઈચ્છેકે ન ઈચ્છે. જો પત્નીને કહ્યું તુ તલાકને પ્રિયરાખે છે તો તને તલાક અને જો તુ તેને ઘૃણિત સમજે છે તો તને તલાક, જો પત્ની કહે હુ પ્રિયરાખુ છું અથવા ખરાબ સમજું છું, તો તલાક થઈ જશે. અને જો કાંઈ ન કહે અથવા કહે હું ન પ્રિય સમજું છું ન ખરાબ સમજું છું તો તલાક થશે નહી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૬૧)** :- પોતાની બે પત્ની ઓને કહ્યું તમે બંને માંથી જેને તલાક ની અધિક ઈચ્છા છે તેને તલાક, બંનેએ પોતાની ઈચ્છા બીજીથી અધિક બતાવી જો પતિ બંનેની પુષ્ટિ કરે તો બંને મુતલ્લકા (તલાક થએલ) થઈ ગઈ. નહિ તો કોઈ નહી. (દુર્રે મુખ્તાર રદદુલ મુહતાર)

**મસ્અલા- (૬૨)** :- પત્નીને કહ્યું જો તુ મારાથી મોહબ્બત અથવા અદાવત રાખે છે તો તારા પર તલાક, પત્નીએ એજ મજલિસમાં મોહબ્બત અથવા અદાવત જાહેર કરી તો તલાક થઈ ગઈ, જોકે તેના દિલમાં જે કાંઈ છે તેના વિરુધ્ધ જાહેર કર્યુ હોય, અને જો પતિએ કહ્યું જો દિલથી તુ મારાથી મોહબ્બત ધરાવે છે તો તારા પર તલાક, પત્નીએ જવાબમાં કહ્યું હું તને પ્રિય રાખુ છું, તો તલાક થઈ જશે.

જોકે જૂઠી હોય. (આલમગીરી)

**મસ્અલા- (૬૩)** :- પત્ની ને કહ્યું તારા પર એક તલાક અને જો તને ના પસંદ હોય તો બે તલાક, પત્નીએ નારાજી જાહેર કરી તો ત્રણ તલાકો થઈ અને ચુપ રહીતો એક તલાક થઈ. (આલમગીરી)

**મસ્અલા- (૬૪)** :- જો કહ્યું કે તને તલાક છે જ્યારે તુ ઇચ્છે અથવા જે સમયે ઇચ્છે અથવા જે ઝમાનામાં ઇચ્છે, પત્નીએ રદકરી દીધું અર્થાત કહ્યું હું ઇચ્છતી નથી તો રદ ન થયું બલ્કે ભવિષ્યમાં જે સમયે ઇચ્છે તેણી તલાક આપી શકે છે. પરંતુ એકજ આપી શકે છે. અધિક નહી. અને જો એમ કહ્યું કે, જ્યારે પણ તુ ઇચ્છે તો ત્રણ તલાકો પણ આપી શકે છે, પરંતુ બે એક સાથે અથવા ત્રણે એક સાથે આપી શકતી નથી બલ્કે વિભિન્ન રીતે જોકે એકજ મજલિસમાં ત્રણ વખતમાં ત્રણ તલાકો આપે અને આ શબ્દમાં જો બે અથવા ત્રણ ભેગી આપી તો એક પણ થઈ નહી. અને જો પત્નીએ વિભિન્ન રીતે પોતાને ત્રણ તલાકો આપીને બીજાથી નિકાહ કર્યો તે પછી ફરીથી પ્રથમ પતિ સાથે નિકાહ કર્યો તો હવે પત્ની ને તલાક આપવાનો અખત્યાર રહ્યો નહી. અને જો ખૂદ તલાક ન આપી અથવા એક અથવા બે આપીને ઇદ્દત પછી બીજાથી નિકાહ કર્યો પછી પ્રથમ પતિના નિકાહમાં આવી તો હવે ફરી તેને ત્રણ તલાકો વિભિન્ન રીતે આપવાનો અખત્યાર છે. (દુર્રેમુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૬૫)** :- તુ તાલિક છે, (એટલે તલાક આપવાવાળી) જે જગ્યાએ ઇચ્છે તો એજ મજલિસ સુધી અખત્યાર છે, મજલિસ પછી ઇચ્છયા કરે કાંઈ થઈ શકતું નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૬૬)** :- જો કહ્યું, જેટલી તુ ઇચ્છે અથવા જેટલા પ્રમાણમાં અથવા જે તુ ઇચ્છે, તો પત્નીને અખત્યાર છે, કે તે મજલિસમાં જેટલી તલાકો ઇચ્છે આપે, જોકે પતિની કાંઈ નિય્યત હોય અને મજલિસ પછી કાંઈ અખત્યાર નથી અને જો કહ્યું ત્રણમાંથી જે ઈચ્છે અથવા જેટલા પ્રમાણમાં અથવા જેટલી તો એક અને બે નો અખત્યાર છે, ત્રણનો નહી, અને આ સૂરતોમાં ત્રણ અથવા બે તલાકો આપવું અથવા હૈઝની હાલતમાં તલાક આપવું બિદઅત નથી. (દુર્રે મુખ્તાર,રદદુલ મુહતાર)

**મસ્અલા- (૬૭)** :- પતિએ કોઈ શખ્સને કહ્યું મેં તને મારા સઘળા કામોમાં વકીલ બનાવ્યો, વકીલે તેની પત્નીને તલાક આપી દીધી તો તલાક ઘટિત થઈ નહી. અને જો કહ્યું. સઘળા કાર્યોમાં વકીલ બનાવ્યો જેમાં વકીલ બનાવવું જાઈઝ છે, તો સઘળી વાતોમાં વકીલ બની ગયો. (ખાનિયહ) અર્થાત તેની પત્નીને તલાક પણ આપી શકે છે.

**મસ્અલા- (૬૮)** :- એક તલાક આપવા માટે વકીલ કર્યો, વકીલે બે તલાકો આપી દીધી તો ઘટિત થઈ નહી. અને બાઈન તલાક માટે વકીલ બનાવ્યો, વકીલે રજઈ તલાક આપી તો બાઈન તલાક થશે. અને રજઈ તલાક માટે વકીલને કહ્યું, તેણે બાઈન તલાક આપી તો રજઈ થઈ. અને જો એવા શખ્સને વકીલ બનાવ્યો જે ગાયબ છે અને તેને હજુ સુધી વકાલત (વકીલ બનાવવા)ની ખબર નથી અને મુવકકલ (નિયોજક)ની ઔરતને તલાક આપી દીધી તો તલાક ઘટિત થઈ નહી કે હજુ સુધી વકીલજ નથી, અને જો કોઈને કહ્યું હું તને મારી ઔરત ને તલાક આપવાની મનાઈ કરતો નથી તો આમ કહેવાથી વકીલ બન્યો નહી. અથવા તેની સમક્ષ તેની ઔરત (પત્ની) ને કોઈએ તલાક આપી અને તેણે તેને મના કર્યુ નહી તો પણ વકીલ બન્યો નહી. (આલમગીરી)

**મસ્અલા- (૬૯)** :- તલાક આપવા માટે કોઈને વકીલ બનાવ્યો અને વકીલના તલાક આપવાથી પહેલા ખૂદ મુવકકલે પત્નીને તલાકે બાઈન અથવા રજઈ તલાક આપી દીધી તો જ્યાં સુધી સ્ત્રી ઈદ્દતમાં છે, વકીલ તલાક આપી શકે છે, અને જો વકીલે તલાક નથી આપી અને મુવકકલે પોતે તલાક આપીને ઈદ્દતની અંદર તે સ્ત્રીથી નિકાહ કરી લીધો તો વકીલ હજુ પણ તલાક આપી શકે છે, અને ઈદ્દત ગુઝરવા પછી જો નિકાહ કર્યો તો નથી આપી શકતો. અને જો પતિ-પત્નીમાં કોઈ (મઆઝઅલ્લાહ) મુરતદ (ઈસ્લામ ધર્મથી ફરીગયો) થઈ ગયો તો પણ ઈદ્દતની અંદર વકીલ તલાક આપી શકે છે. હા, જો મુરતદ થઈને ''દારુલહર્બ''માં ચાલ્યો ગયો અને કાઝીએ હુકમ પણ આપી દીધો તો હવે વકાલત બાતલ થઈ ગઈ. એવીજ રીતે જો વકીલ (મઆઝઅલ્લાહ) મુરતદ (ઈસ્લામથી ખારિજ) થઈ જાય તો વકાલત બાતલ થશે નહી. હા, જો દારુલહર્બમાં ચાલ્યો ગયો અને કાઝીએ હુકમ પણ આપી દીધો તો બાતલ છે. (ખાનિયહ)

**મસ્અલા- (૭૦)** :- તલાકના વકીલને એ

અખ્ત્યાર નથી કે બીજાને વકીલ બનાવીદે. (આલમગીરી)

**મસ્અલા-(૭૧)** :- કોઈને વકીલ બનાવ્યો અને વકીલે મંજુર ન કર્યું તો વકીલ થયો નહી. અને જો ચુપ રહ્યો, પછી તલાક આપી દીધી તો તલાક થઈ ગઈ. સમજદાર બાળક અને ગુલામને પણ વકીલ બનાવી શકાય છે. (આલમગીરી)

**મસ્અલા-(૭૨)**:- વકીલને કહ્યું તુ મારી પત્નીને કાલે તલાક આપી દેજે. તેણે આજે જ કહી દીધું, તારા પર કાલે તલાક છે, તો તલાક ઘટિત થઈ નહી. એવીજ રીતે જો વકીલ ને કહ્યું તલાક આપીદે, તેણે કોઈ શરત પર તલાકને વિલંબિત કરી, દા. ત. કહ્યું, જો તુ ઘરમાં જાયતો તારા પર તલાક છે, અને સ્ત્રી ઘરમાં ગઈ તો તલાક થઈ નહી. એવીજ રીતે વકીલને ત્રણ તલાક માટે કહ્યું, વકીલે હજાર તલાકો આપા દીધી, અથવા અર્ધી તલાક માટે કહ્યું, વકીલે એક તલાક આપી તો તલાક ધટિત થઈ નહી. **(બહરુલ રાઈક)**

## તઅલીક નું બયાન

તઅલીકનો અર્થ એ છે કે કોઈ વસ્તુનું હોવું બીજી વસ્તુના હોવા પર આધારિત કરવામાં આવે, આ બીજી વસ્તુ જેના પર પહેલી વસ્તુ આધારિત છે તેને શરત કહે છે. તઅલીક(અવલેખન) સહીહ થવા માટે એ શરત છે કે શરત અત્યારે વિલુપ્ત ન હોય પરંતુ આદતન થઈ શકતી હોય, માટે જો શરત વિલુપ્ત ન હોય, દા. ત. એમ કહે કે જો આકાશ આપણા ઉપર હોયતો તને તલાક છે આ તઅલીક નથી બલ્કે તુરતજ તલાક ઘટિત થઈ જશે, અને જો શરત આદતન અશકય હોય દા. ત. એમ કે જો સોયના નાકામાં ઉંટ ચાલ્યું જાય તો તને તલાક છે. આ વાકય નિરર્થક છે, તેનાથી કાંઈ થશે નહી. અને એ પણ શરત છે કે શરત મુત્તસેલન (જોડેજ) બોલવામાં આવે અને એ કે સજા આપવું હેતુ ન હોય. દા. ત. સ્ત્રીએ પતિને કમીનો (દુષ્ટ) કહ્યો, પતિએ કહ્યું જો હું કમીનો છું તો તારા પર તલાક છે. તો તલાક થઈ ગઈ. જો કે કમીનો ન હોય કે એવા શબ્દોથી તઅલીક હેતુ નથી હોતુ બલ્કે સ્ત્રીને ઈજા (કષ્ટ) આપવું છે. અને એ પણ જરુરી છે કે તે ફેલ નો ઉલ્લેખ કરવામાં આવે જેને શરત ઠેરવ્યો માટે જો એમ કહ્યુ તને તલાક છે અને, અને તેના પછી કાંઇ કહ્યું નહી તો આ વાકય નિરર્થક છે. તલાક ઘટિત થઈ નહી અને થશે નહી **"તઅલીક"** માટે શરત એ છે કે સ્ત્રી તઅલીકના સમયે તેના નિકાહમાં હોય દા ત પોતાની મન્કુહા (વિવાહિતા) થી અથવા જે સ્ત્રી તેની ઈદ્દતમાં છે તેને કહ્યું જો તુ ફલાણું કામ કરે અથવા ફલાણાના ઘેર જાય તો તારા પર તલાક છે અથવા નિકાહ પ્રત્યે ઈઝાફત હોય દા ત કહ્યું જો હુ કોઈ સ્ત્રીથી નિકાહ કરું તો તેના પર તલાક છે અથવા જો હું તારાથી નિકાહ કરું તો તારા પર તલાક છે અથવા જે સ્ત્રીથી નિકાહ કરું તેને તલાક છે અને કોઈ અજાણીને કહ્યું જો તુ ફલાણાના ઘેર ગઈ તો તારા પર તલાક છે. પછી તેનાથી નિકાહ કર્યો અને તે સ્ત્રી તેના ત્યાં ગઈ તો તલાક થઈ નહી અથવા કહ્યું. જે સ્ત્રી મારા સાથે સુઈરહે તેને તલાક છે, પછી નિકાહ કર્યો અને સાથે સુઈ રહી તો તલાક થઈ નહી એવીજ રીતે જો માં બાપને કહ્યું જો તમે મારો નિકાહ કરશો તો તેને તલાક પછી માં બાપે તેના વગર કહયે નિકાહ કરી દીધો તો તલાક ઘટિત થશે નહી. એવીજ રીતે જો તલાક માલિકી ની સાબિતી અથવા માલિકીના પતન ના નિકટ હોય તો વાકય નિરર્થક છે, તલાક થશે નહી. દા. ત. તારા પર તલાક છે તારા નિકાહની સાથે અથવા મારી અથવા તારા મૃત્યુની સાથે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર વિગેરે)

**મસ્અલા- (૧)** :- તલાક કોઈ શરત પર અવલંબિત કરી હતી અને શરત પામવાથી પહેલા ત્રણ તલાકો આપી દીધી તો **"તઅલીક"** બાતલ થઈ ગયું. અર્થાત તે સ્ત્રી ફરી તેના નિકાહમાં આવે અને હવે શરત જોવામાં આવે તો તલાક ઘટિત થશે નહી. અને જો તઅલીક પછી ત્રણથી ઓછી તલાકો આપી તો તઅલીક બાતલ થયું નહી. માટે હવે જો સ્ત્રી તેના નિકાહમાં આવે અને શરત જોવામાં આવે તો જેટલી તલાકો મુઅલ્લક (અવલંબિત) કરી હતી સૌ ઘટિત થઈ જશે, આ એ સ્વરુપમાં છે કે બીજા પતિ પછી તેના નિકાહમાં આવી હોય. અને જો બે એક તલાકો આપી દીધી પછી બીજાના નિકાહ વગર પોતે નિકાહ કરી લીધો તો હવે ત્રણ તલાકોમાં જે બાકી છે તે ઘટિત થશે. જો કે બાઈન તલાક આપી હોય અથવા રજઈ ની ઈદ્દત ખતમ થઈ ગઈ હોય કે રજઈની ઈદ્દત પછી પણ સ્ત્રી નિકાહમાંથી નિકળી જાય છે. ખુલાસો એ છે કે નિકાહની માલિકી જવાથી તઅલીક બાતલ થતી નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૨)**:- પતિ મુરતદ થઈને દારુલહર્બમાં

ચાલ્યો ગયો તો **"તઅલીક"** બાતલ થઈ ગઈ અર્થાત હવે જો મુસલમાન થયો અને તે સ્ત્રીથી નિકાહ કર્યો પછી શરત પામવામાં આવી તો તલાક ઘટિત થશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩) :-** શરતનું મહલ્લ (સ્થાન) જતું રહ્યું તો તઅલીક બાતલ થઈ ગઈ. દા. ત. કહ્યું જો ફલાણાંથી વાત કરે તો તને તલાક, હવે તે શખ્સ મરી ગયો તો તઅલીક બાતલ થઈ ગઈ, માટે જો કોઈ વલીની કરામતથી જીવંત થઈ ગયો, હવે વાત કરી તો તલાક ઘટિત થશે નહિ. અથવા કહ્યું જો તુ તે ઘરમાં ગઈ તો તને તલાક અને તે મકાન પડી જઈને ખેતર અથવા બગીચો બની ગયું તો તઅલીક જતી રહી. જો કે ફરીથી તે સ્થળે મકાન બનાવવામાં આવ્યું હોય (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૪) :-** જો એમ કહ્યું કે જો તુ આગ્લાસ માંનું પાણી પીશે તો તારા પર તલાક છે અને ગ્લાસમાં તે સમયે પાણી ન હતું તો તઅલીક બાતલ છે અને જો તે સમયે પાણી ઉપસ્થિત હતું પછી ઢોળી દેવામાં આવ્યું તો તઅલીક સહીહ છે.

**મસ્અલા- (૫) :-** જો પત્ની દાસી છે તેને કહ્યું જો તુ આ ઘરમાં ગઈ તો તારા પર ત્રણ તલાકો, પછી તેના માલિકે તેને આઝાદ કરી દીધી, હવે ઘરમાં ગઈ તો બે તલાકો પડી અને પતિને રજઅતનો હક પ્રાપ્ત છે કે તઅલીકના સમયે ત્રણ તલાકની તેનામાં યોગ્યતા ન હતી માટે બેનીજ તઅલીક થશે અને હવે તે આઝાદ થઈ ગઈ ત્રણની યોગ્યતા તેનામાં છે પરંતુ તે તઅલીકના કારણે બે તલાકોજ ઘટિત થશે કે એક તલાકનો અખત્યાર પતિને હવે નવો પ્રાપ્ત થયો. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૬) :-** શરતના શબ્દો ઉર્દુભાષામાં આ છે. અગર (જો) જબ (જ્યારે) જિસવકત (જે સમયે) હરવકત (પ્રત્યેક પળે) જો, હર, જિસ, જબ કભી, હરબાર.

**મસ્અલા- (૭) :-** એક વખત શરત જોવામાં આવવાથી તઅલીક નષ્ટ થઈ જાય છે અર્થાત બીજી વખત શરત જોવામાં આવવાથી તલાક થશે નહી, દા. ત. પત્નીને કહ્યું જો તુ ફલાણાંના ઘરમાં ગઈ અથવા તેં ફલાણાંથી વાત કરી તો તને તલાક છે, પત્ની તેના ઘેર ગઈ તો તલાક થઈ ગઈ. બીજી વખત ફરીથી ગઈ તો હવે તલાક ઘટિત થશે નહી. કે હવે તઅલીક નો હુકમ બાકી નથી. પરંતુ જ્યારે પણ અથવા જ્યારે જ્યારે અથવા વારંવાર દરેક વખત ના શબ્દથી તઅલીક કરી છે તો એક બે વખત પર તઅલીક નષ્ટ થશે નહી બલ્કે ત્રણ વખતમાં ત્રણ તલાકો ઘટિત થશે કે આ કુલ્લમાં (તમામ) નો તરજુમો છે, અને આ શબ્દસામાન્યત ફેલ ના વાસ્તે આવે છે. દા. ત. પત્ની ને કહ્યું જ્યારે પણ તુ ફલાણાંના ઘેર જાય અથવા ફલાણાંથી વાત કરેતો તને તલાક છે. તો જો તેના ઘેર ત્રણ વખત ગઈ તો ત્રણ તલાકો થઈ ગઈ. હવે તઅલીકનો હુકમ નષ્ટ થઈ ગયો અર્થાત જો તે સ્ત્રી હલાલા પછી ફરી તેના નિકાહમાં આવી હવે ફરી તેના ઘેર ગઈ તો તલાક ઘટિત થશે નહી. હા જો એમ કહ્યું કે જ્યારે હું તેનાથી નિકાહ કરુંતો તેને તલાક છે તો ત્રણથી બસનથી બલ્કે સો વખત પણ નિકાહ કરે તો દરેક વખતે તલાક ઘટિત થશે, (આમ્મતુલ કુતુબ) એવીજ રીતે જો એમ કહયું કે જે જે શખ્સથી તુ વાત કરે તને તલાક છે અથવા દરેક તે સ્ત્રીથી કે હું નિકાહ કરુંતેને તલાક છે અથવા જેજે સમયે તુ આ કામ કરે તારા પર તલાક છે કે આ શબ્દો પણ ઉમૂમ (સામાન્ય) ના માટે છે માટે એક વખતમાં તઅલીક નષ્ટ થશે નહી.

**મસ્અલા- (૮) :-** પત્નીને કહ્યું જ્યારે પણ હું તને તલાક આપું તો તને તલાક છે અને પત્નીને એક તલાક આપી તો બે તલાકો ઘટિત થઈ, એક તલાક તો ખૂદ હવે તેણે આપી અને એક તે તઅલીક ના કારણે અને જો એમ કહ્યું કે જ્યારે પણ તને તલાક થાય તો તને તલાક છે અને એક તલાક આપી તો ત્રણ થઈ, એક તો ખૂદ તેણે આપી અને એક તઅલીકના કારણે અને બીજી તલાક ઘટિત થવાથી તલાક થવું જોવામાં આવ્યું. માટે એક બીજી તલાક પડશે કે આ શબ્દ ઉમૂમ માટે છે, પરંતુ દરેક સ્વરુપમાં ત્રણથી વધી શકતી નથી (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૯) :-** શરત પામવાથી તઅલીક ખતમ થઈ જાય છે, જો કે શરત તે સમયે જોવામાં આવી કે ઔરત નિકાહથી નિકળી ગઈ હોય, અલબત જો ઔરત નિકાહમાં ન રહી તો તલાક ઘટિત થશે નહી. દા. ત. પત્નીને કહ્યું હતું કે જો તુ ફલાણાના ઘેર જાય તો તને તલાક છે. તે પછી પત્નીને તલાક આપી દીધી અને ઈદ્દત વિતી ગઈ, હવે પત્ની તેના ઘેર ગઈ પછી પતિએ તેનાથી નિકાહ કરી લીધો. હવે ફરીથી ગઈ તો તલાક ઘટિત થશે નહિ, કે તઅલીક ખતમ થઈ ગઈ છે માટે જો કોઈએ એમ કહ્યું હોય કે જો તુ ફલાણાંના ઘેર જાય તો તારા પર ત્રણ તલાકો અને

ઈચ્છતો હોય કે તેના ઘેર આવન-જાવન શરુ થઈ જાય તો તેનો હીલો એ છે કે પત્ની ને એક તલાક આપીદે, પછી ઈદ્દત પછી પત્ની તેના ઘેર જાય પ્રછી નિકાહ કરીલે, હવે જતી આવતી રહે તલાક ઘટિત થશે નહી, પરંતુ ઉમૂમ (વ્યાપક) ના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો આ હીલો કામ લાગશે નહી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૦) :-** એમ કહ્યું કે દરેક તે સ્ત્રીથી કે હું નિકાહ કરુંતેને તલાક છે, તો જેટલી સ્ત્રીઓથી નિકાહ કરશે સૌને તલાક થઈ જશે. અને જો એકજ સ્ત્રીથી ફરીથી નિકાહ કર્યો તો કેવળ પ્રથમ વખત તલાક પડશે. બીજી વખતે પડશે નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૧) :-** એમ કહ્યું કે જ્યારે પણ હું ફલાણાંના ઘેર જાઉં તો મારી પત્નીને તલાક છે અને તે શખ્સની ચાર પત્નીઓ છે અને ચાર વખત તેના ઘેર ગયો તો દરેક વખતે એક તલાક ઘટિત થઈ માટે જો ઈચ્છે તો સઘળી તલાકો એક પર કરી દે અથવા એક એક એક એક પર અને જો બે શખ્સોને એમ કહ્યું જ્યારે પણ હું તમારા બંનેના ત્યાં ખાણું ખાઉંતો મારી પત્નીને તલાક છે અને એક દિવસે એકના ત્યાં ખાણું ખાધું બીજા દિવસે બીજાના ત્યાં તો પત્નીને ત્રણ તલાકો પડી ગઈ અર્થાત જ્યારેકે ત્રણ કોળીયા અથવા અધિક ખાધું હોય. (આલમગીરી)

**મસ્અલા- (૧૨) :-** એમ કહ્યું કે જ્યારે પણ હું કોઈ સારો શબ્દ જીભથી કાઢું તો તારા પર તલાક છે, તે પછી કહ્યું. **"સુબ્હાનલ્લાહે, વલ હમ્દોલિલ્લાહે, વલાઈલાહા ઈલ્લલાહો વલ્લાહો અકબર"** તો એક તલાક ઘટિત થશે અને જો **"વાવ"** વગર **સુબ્હનલ્લાહ, અલહમ્દોલિલ્લાહ, લાઈલાહા ઈલ્લલાહ, અલ્લાહો અકબર** કહ્યું તો ત્રણ તલાક થશે. **(આલમગીરી)**

**મસ્અલા- (૧૩) :-** એમ કહ્યું કે જ્યારે પણ હું આ મકાનમાં પ્રવેશું અને ફલાણાંથી વાતકરુંતો મારી પત્ની ને તલાક છે. તે પછી તે ઘરમાં કેટલાય વખત ગયો પરંતુ તેનાથી વાત કરી નહી તો પત્ની ને તલાક થઈ નહી. અને જો જવું કેટલાય વખત થયું અને કલામ (વાત) એક વખત તો એક તલાક થઈ. (આલમગીરી)

**મસ્અલા- (૧૪) :-** પતિએ દરવાજાની સાંકળ ખખડાવી કે ખોલી દેવામાં આવે અને ખોલવામાં આવી નહી. તેણે કહ્યું જો આજ રાતમાં તુ દરવાજો ઉઘાડે તો તને તલાક છે અને ઘરમાં કોઈ હતુંજ નહી કે દરવાજો ઉઘાડતું, એમજ રાત વિતી ગઈ તો તલાક થઈ નહી, એવીજ રીતે ખિસામાં રુપીયા હતા પણ માળ્યા નહી, તે વાત પર કહ્યું જો તેં રૂપીયા કે તેં મારા ખિસામાંથી લીધા છે પાછા ન આપે તો તને તલાક છે. પછી જોયું તો રુપીયા ખિસામાંજ હતા તો તલાક ઘટિત થઈ નહી. (ખાનિયાહ વિગેરે)

**મસ્અલા- (૧૫) :-** પત્નીને હૈઝ (માસિક) છે અને કહ્યું જો તુ હૈઝવાળી હોય તો તને તલાક અથવા પત્ની બીમાર છે અને કહ્યું જો તુ બીમાર હોય તો તને તલાક તો તેનાથી તે હૈઝ અથવા બીમારી મુરાદ છે કે ભવિષ્યમાં થાય અને જો આ વર્તમાનની નિય્યત કરી તો સહીહ છે અને જો કહ્યું કે કાલે જો તુ હૈઝવાળી હોય તો તને તલાક છે અને તેને ખબર છે કે હૈઝથી છે તો એજ હૈઝ મુરાદ છે. માટે જો સવાર ચમકતી વખતે હૈઝ રહ્યું તો તલાક થઈ ગઈ, જ્યારે કે તે સમયે ત્રણ દિવસ પુરા અથવા તેનાથી અધિક હોય અને જો તેને તે હૈઝની ખબર નથી તો નવીન હૈઝ મુરાદ થશે. માટે તલાક થશે નહી. અને જો ઉભા થવા, બેસવા, સવાર થવા, મકાનમાં રહેવા પર તઅલીક કરી અને કહેતી વખતે તે વાત હાજર હતી તો આ કહેવાના થોડાક સમય પછી સુધી જો પત્ની એજ હાલતમાં રહી તો તલાક થઈ ગઈ અને મકાનમાં દાખલ થવા અથવા મકાનમાંથી નિકળવા પર તઅલીક કરી તો ભવિષ્યનું જવું અને નિકળવું મુરાદ છે, અને મારવા અને ખાવાથી મુરાદ તે છે જે હવે કહેવા પછી થશે અને રોઝો રાખવા પર આધારિત કર્યું અને થોડી વાર પણ રોઝાની નિય્યત થી રહી તો તલાક થઈ ગઈ અને જો એમ કહ્યું કે એક દિવસ તુ રોઝો રાખે તો તે સમયે તલાક થશે કે તે દિવસનો સૂર્ય ડુબી જાય. (આલમગીરી)

**મસ્અલા- (૧૬) :-** જો એમ કહ્યું કે જો તને હૈઝ આવે તો તલાક છે. તો ઔરતને લોહી આવતાંજ તલાકનો હુકમ ન આપીશું જયાં સુધી ત્રણ રાત દિવસ સુધી સ્થિર થાય નહી. અને જ્યારે આ મુદત પૂરી થશે તો એજ સમયથી તલાકનો હુકમ આપીશું. જ્યારથી લોહી નિહાળ્યું. અને આ તલાક બિદઈ થશે કે હૈઝમાં ઘટિત થઈ અને એમ કહ્યું કે, જો તને પૂરુંહૈઝ આવે અથવા અર્ધું અથવા તૃતિયાંશ અથવા ચર્તુતાંશ તો આ સઘળાં સ્વરુપોમાં હૈઝ ખતમ થવા પર તલાક થશે. પછી જો દસ દિવસ પર હૈઝ ખતમ થાયતો ખતમ થતાંજ અને ઓછામાં વિછિન્ન થાય તો નહાવા અથવા નમાઝ નો સમય ગુજરી જવા પર થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૭) :-** હૈઝ અને સ્વપ્નદોષ વિગેરે ગુપ્ત વાતો સ્ત્રીના કહેવાથી માની લેવામાં આવશે પરંતુ બીજા પર તેની કાંઈ અસર નથી. દા. ત. ઔરતને કહ્યું જો તને હૈઝ આવે તો તને અને ફલાણીને તલાક છે અને સ્ત્રીએ પોતાનું હૈઝવાળી હોવું બતાવ્યું તો ખૂદ તેને તલાક થઈ ગઈ, બીજીને નહી, હા જો પતિએ તેના કહેવાથી પુષ્ટિ કરી અથવા તેનું હૈઝ વાળી હોવું ખાત્રી સાથે માલૂમ પડ્યું તો બીજીને પણ તલાક થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૮) :-** કોઈની બે પત્નીઓ છે, બંનેને કહ્યું કે જ્યારે તમને બંનેને હૈઝ આવે તો બંનેને તલાક છે, બંનેએ કહ્યું અમને હૈઝ આવ્યું અને પતિએ બંનેની પુષ્ટિ કરી તો બંને તલાક થએલ થઈ ગઈ અને બંનેને જુઠલાવી તો કોઈને તલાક થઈ નહી અને એકની પુષ્ટિ કરી અને એકને જુઠલાવી તો જેની પુષ્ટિ કરી છે તેને તલાક થઈ અને જેને જુઠલાવી તેને તલાક થઈ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૯) :-** એમ કહ્યું કે તુ છોકરાનો જન્મ આપે તો એક તલાક અને પુત્રીનો જન્મ આપે તો બે તલાક અને પુત્ર પુત્રી બંને પૈદા થયા તો જે પ્રથમ પૈદા થયો તેના જ અનુસાર તલાક ઘટિત થશે અને ખબર ન હોય કે પ્રથમ શું પૈદા થયું તો કાઝી એક તલાક નો હુકમ આપશે અને સાવધાની એ છે કે પતિ બે તલાકો સમજે અને ઇદ્દત પણ બીજા બાળકના પૈદા થવાથી પૂરી થઇ ગઇ, માટે હવે રજઅત પણ નથી કરી શકતો અને બંને એક સાથે પૈદા થાય તો ત્રણ તલાકો થશે અને ઇદ્દત હૈઝથી પૂરી કરે અને ખુનશા હિજડો (વ્યંઢળ)પૈદા થયો તો એક હમણાં ઘટિત માનવામાં આવશે અને બીજીનો હુકમ તે સમય સુધી મોકૂફ રહેશે જ્યાં સુધી તેનો ભેદ ન ખુલે અને જો એક પુત્ર અને બે પુત્રીઓ થઇ તો કાઝી બે તલાકનો હુકમ આપશે અને સાવધાની એ છે કે ત્રણ સમજે અને જો બે પુત્ર અને એક પુત્રી થઇ તો કાઝી એકનો હુકમ આપશે અને સાવધાની પૂર્વક ત્રણ તલાક સમજે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૦) :-** એમ કહ્યું કે જે કાંઇ તારા પેટમાં છે, જો પુત્ર છે તો તને એક તલાક અને પુત્રી છે તો બે તલાક અને પુત્ર પુત્રી બંને પૈદા થયા તો કાંઇ નથી. એવી જ રીતે જો કહ્યું કે બોરીમાં જે કાંઇ છે જો ઘઊં છે તો તને તલાક અથવા આટો છે તો તને તલાક અને બોરી (કોથળા)માં ઘઊં અને આટો બંને છે તો કાંઇ નહી અને એમ કહ્યું કે જો તારા પેટમાં પુત્ર છે તો એક તલાક અને પુત્રી છે તો બે તલાક, અને બંને થયા તો ત્રણ તલાકો થઇ. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૧) :-** પત્ની ને કહ્યું જો તારે બાળક પૈદા થાય તો તને તલાક, હવે પત્ની કહે છે મારે બાળક પૈદા થયું અને પતિ જૂઠલાવે છે અને હમલ (ગર્ભ) જાહેર ન હતો. ન પતિએ ગર્ભનો સ્વીકાર કર્યો હતો તો કેવળ દાયાની ગવાહી પર તલાકનો હુકમ ન આપીશું. (આલમગીરી)

**મસ્અલા- (૨૨) :-** એમ કહ્યું કે જો તુ બાળક જણે તો તલાક છે અને મરેલું બાળક પૈદા થયું તો તલાક થઇ ગઇ અને અધુરૂંબાળક જણ્યું અને કેટલાક અવયવો બની ગયા હતા તો પણ તલાક થઇ ગઇ. નહી તો તલાક થઇ નહી. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૨૩) :-** પત્નીને કહ્યું જો તું બાળક જણે તો તને તલાક. પછી કહ્યું જો તુ તેને પુત્ર જણે તો બે તલાકો અને પુત્ર થયો તો ત્રણ ઘટિત થઇ ગઇ. (રદદુલમુહતાર) અનેજો એમ કહ્યું કે તુ જો બાળક જણે તો તને બે તલાકો. પછી ક્હ્યું તે બાળક કે જે તારા પેટમાં છે પુત્ર હોય તો તને તલાક અને પુત્રનો જન્મ થયો તો એક જ તલાક થશે અને બાળક પૈદા થતાં જ ઇદ્દત પણ પસાર થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૨૪) :-** હમલ પર તલાક અવલંબિત કરી હોય તો મુસ્તહબ એ છે કે **ઈસતિબરા અર્થાત હૈઝ** પછી વતી (સંભોગ) કરે કે કદાચ હમલ થાય. (આલમગીરી)

**મસ્અલા- (૨૫) :-** જો બે શરતો પર તલાક લટકતી રાખી. દા.ત. જ્યારે ઝૈદ આવે અને જ્યારે અમર આવે અથવા જ્યારે ઝૈદ તથા અમર આવે તો તને તલાક છે તો તલાક તે સમયે ઘટિત થશે. કે પાછલી શરત તેની માલિકીમાં જોવામાં આવે જો કે પ્રથમ તે સમયે જોવામાં આવી કે ઔરત (પત્ની) માલિકીમાં ન હતી. દા.ત. તેને તલાક આપી દીધી હતી અને ઇદ્દત ગુજરી ગઇ હતી. હવે ઝૈદ આવ્યો પછી તેનાથી નિકાહ કર્યો હવે અમર આવ્યો તો તલાક ઘટિત થઇ ગઇ અને બીજી શરત માલિકીમાં ન હોય તો પહેલી જો કે માલિકીમાં જોવામાં આવી તો તલાક થઇ નહી. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા**- (૨૬) :-''વતી'' (સમાગમ) પર ત્રણ તલાકો આધારિત કરી હતી તો લીંગ દાખલ થવાથી તલાક થઇ જશે અને વાજિબ છે કે તત્કાળ અલગ થઇ જાય. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા**- (૨૭) :- પોતાની પત્નીને કહ્યું જ્યાં સુધી તુ મારા નિકાહમાં છે, જો હું કોઇ સ્ત્રી થી નિકાહ કરૂ તો તેને તલાક, પછી પત્નીને **બાઇન તલાક** આપી અને ઇદ્દતની અંદર બીજી સ્ત્રી થી નિકાહ કર્યો તો તલાક થઇ નહી અને રજઇ ની ઇદ્દતમાં હતી તો તલાક થઇ ગઇ. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા**- (૨૮) :- કોઇને ત્રણ પત્નીઓ છે એકને કહ્યું જો હું તને તલાક આપું તો બંનેને પણ તલાક છે. પછી બીજી અને ત્રીજી ને પણ એમ જ કહ્યું પછી પહેલીને એક તલાક આપી તો તે બંનેને પણ એક એક તલાક થઇ અને જો બીજી ને એક તલાક આપી તો પહેલીને એક થઇ અને બીજી અને ત્રીજી પર બે બે અને જો ત્રીજી પત્નીને એક તલાક આપી તો તેના પર ત્રણ થઇ અને બીજી પર બે અને પહેલી પર એક. (આલમગીરી)

**મસ્અલા**- (૨૯) :- એમ કહ્યું કે જો આ રાત્રે તુ મારી પાસે આવી નહી તો તને તલાક, ઔરત દરવાજા સુધી આવી, અંદર ગઇ નહી, તો તલાક થઇ ગઇ. અને જો અંદર ગઇ પરંતુ પતિ સુઇ રહ્યો હતો તો તલાક થઇ નહી. અને પાસે આવવામાં એ શરત છે કે એટલી નિકટ આવી જાય કે પતિ હાથ લાંબો કરે તો પત્ની સુધી પહોંચી જાય. પતિએ પત્નીને બોલાવી, તેણે ઇન્કાર કર્યો. તે વાત પર પતિએ કહ્યું કે તુ ન આવી તો તને તલાક છે. પછી પતિ ખૂદ જબરદસ્તી તેને લઇ આવ્યો તો તલાક થઇ નહી. (આલમગીરી)

**મસ્અલા**- (૩૦) :- કોઇ શખ્સ મકાનમાં છે, લોકો તેને નિકળવા દેતા નથી. તેણે કહ્યું જો હું અહીંયા સુઇ રહું તો મારી પત્નીને તલાક છે. તેનો હેતુ ખાસ તે જગ્યા છે જ્યાં બેઠો અથવા ઉભેલો છે. પછી એ જ મકાનમાં સુઇ રહ્યો પરંતુ તે સ્થળ થી હઠીને તો **કઝાઅન** તલાક થઇ જશે. દયાનતન થશે નહી.(આલમગીરી)

**મસ્અલા**- (૩૧) :- પત્નીને કહ્યું જો તુ પોતાના ભાઇને મારી શિકાયત કરીશ તો તને તલાક છે. તેનો ભાઇ આવ્યો પત્નીએ કોઇ બાળકને સંબોધિત કરીને કહ્યું મારા પતિએ એવું કર્યું એવું કર્યું અને તેનો ભાઇ સઘળું સાંભળી રહ્યો છે તો તલાક થશે નહી. (આલમગીરી)

**મસ્અલા**- (૩૨) :- પતિ પત્ની પરસ્પર ઝઘડી રહ્યાં હતાં. પતિએ કહ્યું જો તું ચુપ રહેશે નહી તો તને તલાક છે. પત્નીએ કહ્યું ચુપ થઇશ નહી. તે પછી ખામોશ થઇ ગઇ તો તલાક થઇ નહી. એવી જ રીતે જો કહ્યું કે તુ બુમો પાડશે તો તને તલાક છે. પત્નીએ કહ્યું બુમો પાડીશ પરંતુ પછી ચુપ થઇ ગઇ તો તલાક થઇ નહી. એવી જ રીતે જો કહ્યું કે ફલાણાં નો ઉલ્લેખ કરીશ તો એવું છે. પત્નીએ કહ્યું : હું તેનો ઉલ્લેખ કરીશ નહી. અથવા કહ્યું જ્યારે તુ મના કરે છે તો તેનો ઉલ્લેખ કરીશ નહી તો તલાક થશે નહી. કે એટલી વાતની છુટ છે. (આલમગીરી)

**મસ્અલા**- (૩૩) :- પત્નીએ ભૂખમરાની શિકાયત કરી પતિએ કહ્યું જો મારા ઘરે તુ ભૂખી રહી તો તને તલાક છે, તો રોઝા સિવાય ભૂખ્યા રહેવા પર તલાક થશે. (આલમગીરી)

**મસ્અલા**- (૩૪) :- જો કહ્યું કે જો ફલાણાંના ઘેર જાય તો તને તલાક છે અને તે શખ્સ મરી ગયો અને મકાન તરકા (મીરાસ) માં છોડયું, હવે ત્યાં જવા થી તલાક થશે નહી. એવીજ રીતે જો વેચાણ અથવા બક્ષીસ અથવા બીજા કોઇ કારણોથી તેની માલિકીમાં મકાન રહ્યું નહી તો પણ તલાક થશે નહી. (આલમગીરી)

**મસ્અલા**- (૩૫) :- પત્નીને કહ્યું જો તુ મારી ઇજાઝત (પરવાનગી) વગર ઘેર થી નિકળી તો તારા પર તલાક છે, પછી સાઇલે (ભીક્ષુકે) દરવાજા પર સવાલ કર્યો, પતિએ પત્નીને કહ્યું તેને રોટીનો ટુકડો આપી આવ, જો સાઇલ દરવાજા થી એટલા અંતરે છેકે બહાર નિકળ્યા વગર આપી શકતી નથી તો બહાર નિકળવાથી તલાક થશે નહી. અને જો બહાર નિકળ્યા વગર આપી શકતી હતી, પરંતુ બહાર નિકળી તો તલાક થઇ ગઇ. અને જે સમયે પતિએ પત્નીને મોકલી હતી તે સમયે સાઇલ દરવાજાની નિકટ હતો અને જ્યારે પત્ની રોટી લઇને ત્યાં પહોંચી તો ત્યાંથી હઠી ગયો હતો કે પત્નીએ નિકળીને આપવી પડી તો પણ તલાક થઇ ગઇ અને જો અરબીમાં ઇજાઝત આપી અને પત્ની અરબી જાણતી ન હોય તો ઇજાઝત થઇ નહી માટે જો નિકળશે તો તલાક થઇ જશે. એવી જ રીતે જો સુઇ રહેલી હતી અથવા હાજર ન હતી અથવા તેણે સાંભળ્યું નહી તો આ ઇજાઝત અપુરતી છે ત્યાં સુધી કે પતિએ જો લોકો સમક્ષ

કહ્યું કે તેને કહી દો અથવા ખબર પહોંચાડી દો અને લોકોએ પોતે જાતે પત્નીને જઇને કહ્યું કે તેણે ઇજાઝત આપી દીધી અને તેમના કહેવાથી પત્ની નીકળી તલાક થઇ ગઇ જો પત્નીએ પીયરમાં જવાની ઇજાઝત માંગી પતિએ ઇજાઝત આપી પરંતુ પત્ની તે સમયે ગઇ નહી કોઇ બીજા સમયે ગઇ તો તલાક થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા-** (૩૬) :- પતિએ કહ્યું આ બાળકને જો ઘર થી બહાર નિકળવા દીધો તો તને તલાક છે, પત્ની ગાફેલ થઇ ગઇ અથવા નમાઝ પઢવા લાગી અને બાળક નિકળી ગયો તો તલાક થશે નહી. જો કહ્યું કે જો તુ આ ઘરના દરવાજાથી નિકળી તો તારા પર તલાક, પત્ની છત પરથી પાડોશીના મકાનમાં ગઇ તો તલાક થઇ નહી. (આલમગીરી)

**મસ્અલા-** (૩૭) :- જો કહ્યું તારા પર તલાક છે અથવા હું મર્દ નથી તો તલાક થઇ ગઇ અને જો કહ્યું તારા પર તલાક અથવા હું મર્દ છું તો તલાક થઇ નહી. (ખાનિયહ)

**મસ્અલા-** (૩૮) :- પોતાની પત્નીને કહ્યું જો તું મારી પત્ની છે તો તને ત્રણ તલાકો અને તેના સમીપ જ જો એક તલાકે બાઇન આપી દીધી તો એ જ એક પડશે. નહી તો ત્રણ. (ખાનેયહ)

## ઇસ્તિસ્ના અલગતાનું બયાન :
## (અપવાદરૂપી)

ઇસ્તિસ્ના (અપવાદ) માટે શરત એ છે કે કલામની સાથે જોડાએલ હોય અર્થાત વગર કારણે ન મૌન ધારણ કર્યું હોય ન કોઇ બેકાર વાત દરમિયાનમાં કહી હોય અને એ પણ શરત છે કે એટલા અવાઝ થી કહેકે જો કોલા હલ વિગરે કોઇ અડચણ ન હોય તો ખૂદ સાંભળી શકે, બહેરાનું ઇસ્તિસ્ના સહીહ છે.

**મસ્અલા-** (૧) :- પત્નીએ તલાક ના શબ્દો સાંભળ્યા પરંતુ ઇસ્તિસ્ના ના શબ્દો સાંભળ્યા નહી તો જેવી રીતે શક્ય હોય પતિથી અલગ થઇ જાય તેને સંભોગ કરવા દે નહી. (ખાનિયહ)

**મસ્અલા-** (૨) :- શ્વાસ અથવા છીંક અથવા ખાંસી અથવા ઓડકાર અથવા બગાસા અથવા જીભની ઉણપના કારણે અથવા તે કારણે કે કોઇ એ તેનું મોઢું બંધકરી દીધું. જો વિલંબ થયો તો સમીપતાના બાધક નથી. એવી જ રીતે જો દરમિયાનમાં કોઇ લાભપ્રદ વાત કહી તો સમીપતાના બાધક નથી. દા.ત. તાકીદ ની નિયય્યતથી તલાક શબ્દ બે વખત કહીને ઇસ્તિસ્ના નો શબ્દ બોલ્યો. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા-** (૩) :- દરમિયાનમાં કોઇ કોઇ ગેર ફાયદામંદ વાત કહી પછી ઇસ્તિસ્ના (અપવાદ) કર્યો તો સહીહ નથી. દા.ત. તને રજઇ તલાક છે. ઇન્શાઅલ્લાહ તો તલાક થઇ ગઇ. અને જો એમ કહ્યું: તને બાઇન તલાક છે. ઇન્શાઅલ્લાહ તો તલાક ઘટિત થશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૪) :- ઇન્શાઅલ્લાહ શબ્દ જો કે જાહેર રીતે શરત જણાય છે પરંતુ તેની ગણના ઇસ્તિસ્ના (અપવાદરૂપ) માં છે, પરંતુ એજ વસ્તુઓમાં જેનું વજૂદ બોલવા પર આધારિત છે. દા.ત. તલાક તથા હલફ (સોગંદ) વિગેરે અને જે વસ્તુઓના ઉચ્ચારથી વિશિષ્ટતા નથી ત્યાં ઇસ્તિસ્નાનો અર્થ નથી. દા.ત. એમ કહ્યું **નવયતો અન અસૂમા ગદા ઇન્શા અલ્લાહો ત્આલા** કે અહીંયા ન ઇસ્તિસ્ના છે ન રોઝાની નિય્યત પર તેની અસર, બલ્કે તે શબ્દ એવા સ્થળે બરકત તથા તૌફિકની તલબ માટે હોય છે. (રદદુલમુહતાર)

("ઇન્શાઅલ્લાહ" : જો અલ્લાહે ચાહ્યું તો)

**મસ્અલા-** (૫) :- પત્નીને કહ્યું તને તલાક છે ઇન્શાઅલ્લાહો ત્આલા તો તલાક ઘટિત થઇ નહી, ભલેને ઇન્શાઅલ્લાહ કહેવાથી પહેલા મરી ગઇ. અને જો પતિ એટલો શબ્દ કહી ને કે, તને તલાક છે, મરી ગયો. ઇન્શાઅલ્લાહ કહેવાનો પ્રસંગ ન સાંપડ્યો પરંતુ તેનો ઇરાદો તેવું કહેવાનો પણ હતો તો તલાક થઇ ગઇ. રહી વાત એ કે કેવી રીતે ખબર પડી કે તેનો ઇરાદો એવો હતો. આ એમ માલૂમ પડ્યુ કે પ્રથમથી તેણે કહી દીધું હતું કે હું પોતાની પત્નીને તલાક આપીને ઇસ્તિસ્ના કરીશ. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૬) :- ઇસ્તિસ્ના માં એ શરત નથી કે ઇરાદા પૂર્વક કહ્યું હોય બલ્કે ઇરાદા વગર જીભથી નીકળી ગયું તો પણ તલાક ઘટિત થશે નહી, બલ્કે જો તેના અર્થ પણ જાણતૌ ન હોય તો પણ ઘટિત થશે નહી. અને એ પણ

શરત નથી કે તલાક શબ્દ તથા ઇસ્તીસ્ના બંને બોલે બલ્કે જો જીભથી તલાકનો શબ્દ કહ્યો અને તુરતજ શબ્દ ઇન્શાઅલ્લાહ લખી દીધો અથવા તલાક લખી અને જીભથી ઇન્શાઅલ્લાહ કહી દીધું તો પણ તલાક ઘટિત થઇ નહી. અથવા બંને શબ્દો લખ્યા પછી ઇસ્તિસ્ના શબ્દ ચેકી નાખ્યો તો તલાક ઘટિત થઇ નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૭) :-** બે શખ્સોએ શહાદત (સાક્ષી)આપી કે તેં "ઇન્શાઅલ્લાહ" કહ્યું હતું પરંતુ તેને યાદ નથી તો જો તે સમયે ગુસ્સો અધિક હતો અને લડાઇ ઝઘડાના કારણે એ સંભાવના છે કે મશગૂલીના કારણે યાદ ન હશે તો તેમની વાત પર અમલ કરી શકે છે અને જો એટલી વ્યસ્તતા ન હતી કે ભૂલી જતો તો તેમનો કોલ (કથન) માને નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-(૮) :-** તને તલાક છે, પરંતુ એ કે ખુદા ચાહે, અથવા ખુદા ન ચાહે અથવા જે અલ્લાહ ચાહે અથવા જ્યારે ખુદા ચાહે અથવા પંરતુ જો ખુદા ચાહે અથવા જયાં સુધી ખુદા ન ચાહે અથવા અલ્લાહ ની મશિયત (ઇચ્છા) અથવા ઇરાદો અથવા તેની રઝા અથવા હુકમ અથવા ઇઝન અથવા અમર માં તો તલાક ઘટિત થશે નહી. અને જો એમ કહ્યું કે અલ્લાહના અમર અથવા હુકમ અથવા ઇઝન અથવા ઇલ્મ અથવા કઝા અથવા કુદરતથી અથવા અલ્લાહના ઇલ્મમાં અથવા તેની મશિયત અથવા ઇરાદો અથવા હુકમ વિગેરેના કારણે તો તલાક થઇ જશે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૯) :-** એવા ની મશિયત (ઇચ્છા) પર તલાક અવલંબિત (આધારિત) કરી જેની મશિયતનો હાલ ખબર પડી ન શકે અથવા તેના માટે મશિયત જ ન હોય તો તલાક થશે નહી, જેવું કે જિન તથા ફરિશ્તા અને દિવાલ અને ગર્ધભ વિગેરે. એવી જ રીતે જો કહ્યું કે જો ખુદા ઇચ્છે અને ફલાંણો (આવી રીતે કહેવું ના જાઇઝ છે. કે મશિયતે ખુદાની સાથે બંદાની મશિયતને ભેગું કર્યું) તો તલાક થશે નહી. જો કે ફલાણાંનું ચાહવું (ઇચ્છવું) ખબર હોય. એવી જ રીતે જો કોઇને કહ્યું તુ મારી પત્ની ને તલાક આપી દે, જો અલ્લાહ ચાહે. અને તુ અથવા જે અલ્લાહ ચાહે અને તેણે તલાક આપી દીધી તો તલાક ઘટિત થઇ નહી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૦) :-** પત્નીને કહ્યું તને તલાક છે, જો અલ્લાહ મારી મદદ કરે અથવા અલ્લાહની મદદથી અને ઇસ્તીસ્નાની નિય્યત છે તો **દયાનતન** તલાક થઇ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૧) :-** તને તલાક છે જો ફલાણો ચાહે અથવા ઇરાદો કરે અથવા પસંદ કરે અથવા ઇચ્છા કરે અથવા પરંતુ એ કે ફલાણો તેના ગૈર નો ઇરાદો કરે અથવા પસંદ કરે અથવા ઇચ્છા કરે અથવા ઇચ્છે અથવા વ્યાજબી સમજે તો આ તઅલીક (માલિક બનાવવું) છે, માટે જે મજલિસમાં તે શખ્સને ખબર પડી જો તેણે તલાક ઇચ્છી તો થઇ નહી તો થઇ નહી. અર્થાત પોતાની જીભે જો તલાક ઇચ્છવું જાહેર કર્યું તો તલાક થઇ ગઇ ભલેને દિલમાં ન ઇચ્છતો હોય. (આલમગીરી)

**મસ્અલા- (૧૨) :-** તને તલાક જો તારી મહેર નહોત અથવા તારી શરાફત ન હોતી અથવા તારો બાપ ન હોત અથવા તારૂં સૌંદર્ય ન હોત અથવા જો હું તારાથી મોહબ્બત ન કરતો હોત. આ સઘળાં સ્વરૂપોમાં તલાક થશે નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૩) :-** જો "ઇન્શાઅલ્લાહ" ને મુકદમ (પ્રથમતા) કર્યું અર્થાત એમ કહ્યું, " ઇન્શાઅલ્લાહ" તને તલાક છે. તો પણ તલાક થશે નહી. અને જો એમ કહ્યું કે, તને તલાક છે ઇન્શાઅલ્લાહ, જો તુ ઘરમાં ગઇ તો મકાનમાં જવાથી તલાક થશે નહી. અને જો "ઇન્શાઅલ્લાહ" બે વાકયો તલાક ના દરમિયાનમાં હોય. દા.ત. કહ્યું તને તલાક છે ઇન્શાઅલ્લાહ તને તલાક છે. તો અલગ કરવું પહેલાની તરફ રજૂ કરશે માટે બીજાથી તલાક થઇ જશે. એવી જ રીતે જો કહ્યું તને ત્રણ તલાકો છે ઇન્શાઅલ્લાહ તારા પર તલાક છે, તો એક ઘટિત થશે. (બહર, દુર્રેમુખ્તાર, ખાનિયહ)

**મસ્અલા-(૧૪) :-** જો કહ્યું તારા પર એક તલાક છે જો ખુદા ચાહે અને તારા પર બે તલાક છે જો ન ચાહે. તો એક પણ ઘટિત થશે નહી. અને જો કહ્યું તારા પર આજે એક તલાક છે જો ખુદા ચાહે તો બે અને આજ નો દિવસ પસાર થઇ ગયો અને પત્નીને તલાક ન આપી તો બે તલાકો ઘટિત થઇ અને જો તે દિવસે એક તલાક આપી દીધી તો એજ એક તલાક ઘટિત થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૧૫) :-** જો ત્રણ તલાકો આપીને તેઓમાંથી એક અથવા બેનું ઇસ્તિસ્ના (અલગ કરવું) કરે

તો આ ઇસ્તિસ્ના સહીહ છે. અર્થાત ઇસ્તિસ્ના પછી જે બાકી છે, ઘટિત થશે. દા.ત. કહ્યું તને ત્રણ તલાકો છે પરંતુ એક, તો બે થઇ અને જો કહ્યું પરંતુ બે, તો એક થશે અને કુલ (સર્વ) ઇસ્તિસ્ના સહીહ નથી. ભલે એજ શબ્દ થી હોય. દા.ત. તારા પર ત્રણ તલાકો પરંતુ ત્રણ, અથવા એવા શબ્દથી હોય જેનો અર્થ કુલના સમાન હોય. દા.ત. કહ્યું તારા પર ત્રણ તલાકો છે પરંતુ એક અને એક અને એક, અથવા પરંતુ બે અને એક, તો આ સ્વરૂપમાં ત્રણે ઘટિત થશે. અથવા તેની કેટલીએ પત્નીઓ છે. સૌને સંબોધિત કરીને કહ્યું તમોને સૌને તલાક છે પરંતુ ફલાણી અને ફલાણી અને ફલાણી નામલઇને સૌનું ઇસ્તિસ્ના કરી દીધું તો સૌ તલાક શુદા થઇ જશે. અને જો વિશ્વાસપાત્ર અર્થના તે શબ્દ સમાન ન હોય, જો કે આ ખાસ હાલતમાં સમાન હોય તો ઇસ્તિસ્ના સહીહ છે. દા.ત. કહ્યું મારી દરેક પત્ની પર તલાક પરંતુ ફલાણી અને ફલાણી પર તો તલાક થશે નહી જો કે તેની એજ બે પત્નીઓ હોય. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૧૬) :-** તને તલાક, તને તલાક છે, તને તલાક છે પરંતુ એક. અથવા કહ્યું તને તલાક છે એક અને એક અને એક પરંતુ એક. તો તે બંને સ્વરૂપોમાં ત્રણ પડશે કેમ કે દરેક સંપૂર્ણ કલામ છે અને દરેક થી ઇસ્તિસ્ના નો સંબધ થઇ શકે છે. અને ઇસ્તિસ્ના કેમ કે દરેકનો સમાન છે માટે ઇસ્તિસ્ના સહીહ નથી. (બહર)

**મસ્અલા- (૧૭) :-** જો ત્રણ કરતાં વધારે તલાકો આપીને તેમાનામાંથી ઓછાનું ઇસ્તિસ્ના કર્યુ તો સહીહ છે અને ઇસ્તિસ્ના પછી જે બાકી છે ઘટિત થશે. દા.ત. કહ્યું તારા પર દસ તલાકો છે પરંતુ નવ, તો એક થશે અને આઠનું ઇસ્તિસ્ના કર્યું તો બે થશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૮) :-** ઇસ્તિસ્ના જો અસલ પર વધારે હોય તો બાતલ છે. દા.ત. કહ્યું, તારા પર ત્રણ તલાકો પરંતુ ચાર અથવા પાંચ તો ત્રણ ઘટિત થશે. એવી જ રીતે જુઝ (અંશ) તથા તલાકનું ઇસ્તિસ્ના પણ બાતલ છે. દા.ત. કહ્યું તારા પર ત્રણ તલાકો પરંતુ અર્ધી, તો ત્રણ ઘટિત થશે અને ત્રણમાંથી દોઢનું ઇસ્તિસ્ના કર્યું તો બે ઘટિત થશે. (આલમગીરી)

**મસ્અલા- (૧૯) :-** જો કહ્યું તને તલાક છે પરંતુ એક, તો બે ઘટિત થશે કે એકથી એકનું ઇસ્તિસ્ના તો થઇ શકતું નથી માટે તલાકથી ત્રણ તલાકો મુરાદ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૦) :-** કેટલીક ઇસ્તિસ્ના એકત્ર કરી તો તેના બે સ્વરૂપો છે. તેમની વચ્ચે ઓર (અને) નો શબ્દ છે તો દરેક એજ અવ્વલ કથન થી ઇસ્તિસ્ના છે. દા.ત. તારા પર દસ તલાકો છે પરંતુ પાંચ અને પરંતુ ત્રણ અને જો એક તો એક થશે અને જો વચ્ચે અને નો શબ્દ નથી તો દરેક પોતાના અગાઉથી ઇસ્તિસ્ના છે. દા.ત. તારા પર દસ તલાકો પરંતુ નવ, પરંતુ આઠ પરંતુ સાત તો બે થશે. (દુર્રેમુખ્તાર)

## બીમારની તલાકનું બયાન :

અમીરુલ મોમિનીન ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, ફરમાવ્યું : જો બીમાર તલાક આપે તો ઔરત જ્યાં સુધી ઇદ્દતમાં છે પતિની વારિસ છે અને પતિ તેનો વારિસ નથી. "ફતહુલ કદીર" વિગેરેમાં છે કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે પોતાના પત્નીને બીમારીમાં તલાકે બાઇન આપી અને ઇદ્દતમાં તેમની વફાત થઇ ગઇ, તો હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહો અન્હોએ તેમના પત્નીને મીરાસ (વારસો) અપાવી અને આ ઘટના સહાબાએ કિરામના સમૂહની સામે થઇ અને કોઇએ ઇન્કાર કર્યો નહી. માટે તેના પર સર્વસંમતી થઇ ગઇ.

**મસ્અલા- (૧) :-** બીમારથી મુરાદ (ભાવાર્થ) તે શખ્સ છે જેના સંબંધે ગુમાન (ધારણા) ગાલિબ હોય કે, આ બીમારીથી મૃત્યુ પામશે કે બીમારીએ તેને એટલો દુર્બળ કરી દીધો છે કે ઘરમાંથી બહાર કામ માટે જઇ શકતો નથી. દા.ત. નમાઝ માટે મસ્જિદે જઇ શકતો ન હોય અથવા વેપારી પોતાની દુકાન સુધી જઇ શકતો ન હોય અને આ અકસરની ગણનાએ છે. નહી તો અસલ હુકમ એ છે કે તે બીમારીમાં ચોક્કસ ધારણા મૃત્યુ હોય જો કે આરંભમાં જ્યારેકે તિવ્રતા ન હોય બહાર જઇ શકતો હોય. દા.ત. હૈઝા (કોલેરા) વિગેરે ઘાતક બિમારીઓમાં કેટલાક લોકો ઘરમાંથી બહારના પણ કામો કરી લે છે પરંતુ એવી બીમારીઓમાં ચોક્કસ ધારણા મૃત્યુ છે. એવી જ રીતે અહીંયા બીમાર માટે રોગગ્રસ્ત હોવું પણ જરૂરી નથી અને ચિરકાલીન બીમારી દા.ત. ક્ષય, લકવો જો પ્રતિદીન અધિકતા પર હોય તો તે પણ મરણ રોગ છે અને જો એક હાલત પર કાયમ થઇ ગયા અને જૂના થઇ ગયા અર્થાત

એક વર્ષનો સમય પસાર થઇ ગયો તો હવે તે શખ્સના અધિકાર તંદુરસ્ત ના જેવા લાગુ થશે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૨)** :- બીમારે પત્નીને તલાક આપી તો તેને ફારબીત તલાક કહે છે કે તે પત્નીને તરકા (મીરાસ) થી મહરૂમ કરવા ઇચ્છે છે અને તેના એહકામો આગળના પેજોમાં આવે છે.

**મસ્અલા- (૩)** :- જે શખ્સ લડાઇમાં દુશ્મનથી લડી રહ્યો હોય તો પણ બીમાર ના હુકમમાં છે. જો કે બીમાર નથી કે મૃત્યુ નો ભય ગાલિબ છે. એવી જ રીતે જે શખ્સ કિસાસ (મૃત્યુદંડ) માં કતલ માટે અથવા ફાંસી આપવા માટે અથવા સંગસાર (વ્યભિચારીને પત્થરો મારી મારીને મારી નાખવું) કરવા માટે લાવવામાં આવ્યો અથવા સિંહ વિગેરે કોઇ ભક્ષ પ્રાણીએ તેને પછાડયો અથવા કિશ્તી (નૌકા) માં સવાર છે અને નૌકા પાણીની મોજના ભમરમાં પડી ગઇ અથવા નૌકા તુટી ગઇ ને તેના કોઇ પાટિયાપર વહેતો જઇ રહ્યો છે તો આ સૌ (પ્રકાર) બીમાર ના હુકમમાં છે. જ્યારેકે તેના કારણે જ મરી પણ જાય અને જો તે કારણ નષ્ટ થઇ ગયું પછી કોઇ બીજા કારણે મરી ગયા તો બીમાર નથી. અને જો સિંહના મુખમાંથી છુટી ગયો પરંતુ ઝખમ એવો ઘાતક છે કે ચોકકસ ધારણા એ જ છે કે તેનાથી મરી જશે તો હજૂ પણ બીમાર છે. (ફતહ, દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૪)** :- બીમારે તબર્રાઅ કર્યું દા.ત. પોતાની મિલ્કત વકફકરી દીધી અથવા કોઇ અપરિચિતને હેબા (ભેટ) કરી દીધી અથવા કોઇ સ્ત્રી જોડે મહેરેમિસ્લ કરતાં અધિક પર નિકાહ કર્યો, તો કેવળ ત્રીજા ભાગના માલમાં તેનો અધિકાર લાગુ થશે કે આફેલ વસિયતના હુકમમાં છે.

**મસ્અલા- (૫)** :- પત્નીને રજઇ તલાક આપી અને ઇદ્દતની અંદર મરી ગયો તો સર્વથા પત્ની વારસદાર છે. તંદુરસ્તીમાં તલાક આપી હોય કે બીમારીમાં, પત્ની ની રજામંદીથી આપી હોય કે વગર રજાએ. એવી જ રીતે જો પત્ની કિતાબીયા (તૌરત, ઇન્જીલ, ઝુબુરને માનનાર) હતી અથવા દાસી અને રજઇ તલાકની ઇદ્દતમાં મુસલમાન થઇ ગઇ અથવા આઝાદ કરી દીધી અને પતિ મરી ગયો તો સર્વથા વારસદાર છે. જો કે પતિને તેના મુસલમાન થવા અથવા આઝાદ થવાની ખબર ન હોય. (આલમગીરી)

**મસ્અલા- (૬)** :- મૃત્યુરોગમાં પત્નીને બાઇન તલાક આપી, એક આપી હોય કે વધારે અને એજ બીમારીમાં ઇદ્દતની અંદર મરી ગયો ભલે એજ બીમારીથી મર્યો અથવા કોઇ બીજા કારણે. દા.ત. કતલ કરી નાખવામાં આવ્યો તો પત્ની વારસ છે. જ્યારે કે અખત્યારથી પોતે અને પત્નીની રજામંદી વગર તલાક આપી હોય એ શરતે કે તલાકના સમયે પત્ની વારસ થવાની યોગ્યતા ધરાવતી હોય. જો કે પતિને તેની ખબર ન હોય. દા.ત. પત્ની કિતાબીયા હતી અથવા દાસી (લોંડી) અને તે સમયે મુસલમાન અથવા આઝાદ થઇ ચૂકી હતી અને જો ઇદ્દત પસાર થઇ ગયા પછી મર્યો અથવા તે બીમારી થી સારો થઇ ગયો પછી મરી ગયો ભલે એજ બીમારીમાં ફરીથી ગ્રસ્ત થઇ ને મર્યો અથવા કોઇ બીજા કારણે અથવા તલાક આપવા માટે મજબૂર કરવામાં આવ્યો અર્થાત મારી નાખવા અથવા અવયવકાપી નાંખવાની સાચી ધમકી આપવામાં આવી હોય અથવા પત્નીની રઝામંદીથી તલાક આપી તો વારસ થશે નહી. અને જો કેદની ધમકી આપવામાં આવી અને તલાક આપી દીધી તો પત્ની વારસ છે અને જો પત્ની તલાક માટે રાજી ન હતી પરંતુ મજબૂર કરવામાં આવી કે તલાક તલબ કરે અને પત્નીની તલબ (માંગણી) પર તલાક આપી તો વારસ થશે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૭)** :- એ હુકમ કે મરણ રોગમાં પત્ની ને બાઇન તલાક આપી અને પતિ ઇદ્દતની અંદર મરી જાય તો પાછલી શરતો અનુસાર પત્ની વારસ થશે. તલાક સાથે ખાસ નથી બલ્કે જે વિચ્છેદ પત્ની તરફથી થાય સૌનો એજ હુકમ છે. દા.ત. પતિએ બખ્યિારે બુલુગ (બાલિગ થવાનો ઇખ્તેયાર) પત્નીને બાઇન કરી અથવા પત્નીની માં અથવા પુત્રીનું શહવત (કામવાસના) થી બોસો (ચુંબન) લીધો અથવા મઆઝ અલ્લાહ મુરતદ થઇ ગયો અને જે વિચ્છેદ પત્ની તરફથી થાય તેમા વારસ થશે નહિ. દા.ત. પત્નીએ પતિના પુત્રનો શહવતથી બોસો લીધો અથવા મુરતદ થઇ ગઇ અથવા ખુલઅ (પત્નીનું મહેર માફ કરીને અથવા જે કાંઇ આપી મૂકીને તલાક લઇ લેવું) કરાવ્યું. એવી જ રીતે જો ગૈર તરફથી થાય. દા.ત. પતિના પુત્રે પત્નીનો બોસો લીધો જો કે પત્નીને મજબૂર કરી હોય, હા જો તેના બાપે હુકમ આપ્યો હોય તો વારસ થશે. (આ વર્તન સાવકીમાં

અથવા સાવકા પુત્ર માટે સમજવાના છે.) (રદદુલમુહતાર)

**મસ્અલા-** (૮) :- બીમારે પત્નીને ત્રણ તલાકો આપી હતી તે પછી પત્ની મુરતદ થઇ ગઇ પછી મુસલમાન થઇ. હવે પતિનું મૃત્યુ થયું તો પત્ની વારસ થશે નહી. જો કે હજુ ઇદ્દત પુરી થઇ ન હોય. (આલમગીરી)

**મસ્અલા-** (૯) :- પત્નીએ રજઇ તલાક અથવા તલાક ની માંગણી કરી હતી બીમાર પતિએ બાઇન તલાક અથવા ત્રણ તલાકો આપી દીધી અને ઇદ્દતમાં મરી ગયો તો પત્ની વારસ છે. એવી જ રીતે પત્નીએ પોતાની જાતે પોતાને ત્રણ તલાકો આપી લીધી હતી અને બીમાર પતિએ જાઇઝ કરી દીધી તો વારસ થશે અને જો પતિએ પત્નીને અખત્યાર આપ્યો હતો. પત્ની એ પોતાના નફસને અખત્યાર કર્યો અથવા પતિએ કહ્યું હતું તું પોતાને ત્રણ તલાકો આપી દે. પત્નીએ આપી દિધી તો વારસ થશે નહી. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-** (૧૦) :- બીમારે પત્નીને તલાકે બાઇન આપી હતી અને પત્ની ઇદ્દત દરમિયાન મરી ગઇ તો આ પતિ તેનો વારસ થશે નહી. અને જો રજઇ તલાક હતી તો વારસ થશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૧૧) :- કોઇને કતલ માટે લાવવામાં આવ્યો હતો, પરંતુ પછી કેદખાનામાં પાછો મોકલી દેવામાં આવ્યો અથવા દુશ્મનથી યુધ્ધના મેદાનમાં લડી રહ્યો હતો પછી કતારમાં પાછો આવી ગયો તો તે એ બીમારના હુકમમાં છે કે સારો થઇ ગયો, માટે જો તે હાલતમાં તલાક આપી હતી અને ઇદ્દતની અંદર માર્યો ગયો તો પત્ની વારસ થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-** (૧૨) :- બીમારે તલાક આપી હતી અને ખૂદ પત્નીએ તેને ઇદ્દતની અંદર કતલ કરી નાખ્યો તો વારસ થશે નહિ કેમ કે કાતિલ (હત્યારો) મકતુલ (કતલ થનાર) નો વારસ નથી. (આલમગીરી)

**મસ્અલા-** (૧૩) :- પત્ની બીમાર હતી અને તેણે કોઇ એવું કૃત્યુ કર્યુ જેના કારણે પતિથી વિચ્છેદ થઇ ગયો. દા.ત. ખેયારે બુલુગ, તથા ઇત્ક (ગુલામીમાંથી આઝાદ થવું) અથવા પતિના પુત્રનું ચુંબન લેવું વિગેરે. પછી મરી ગઇ તો પતિ તેનો વારસ થશે. (આલમગીરી)

**મસ્અલા-** (૧૪) :- બીમારે પત્નીને બાઇન તલાક આપી હતી અને પત્નીએ પતિના પુત્રનું ચુંબન કર્યુ અથવા મુતાવઅત કરી (તાબે કરી લેવું) અથવા બીમારીની હાલતમાં લઆન (લઆનના અહેકામ આગળ આવશે) કર્યું, અથવા બીમારીની હાલતમાં ઇલા કર્યું. (તેના અહેકામ પછી બયાન થશે) અને તેની મુદ્દત ગુજરી ગઇ તો પત્ની વારસ થશે અને જો રજઇ તલાકમાં પતિના પુત્રનો બોસો ઇદ્દતમમાં લીધો તો વારસ થશે નહિ. કેમકે હવે વિચ્છેદ પત્ની તરફથી છે. એવી જ રીતે જો પ્રોઢતા અથવા આઝાદી અથવા પતિના નામર્દ હોવા અથવા ગુપ્તેન્દ્રીય કપાઇ જવાના કારણે પત્નીને અખત્યાર આપવામાં આવ્યો અને પત્નીએ પોતાના નફસને અખત્યાર કર્યો તો વારસ થશે નહિ કે વિચ્છેદ પત્ની તરફથી છે અને જો સ્વાસ્થ્યમાં ઇલા (પત્નીપાસે ન જવાની કસમ ખાવી... ) કર્યો હતો અને બીમારીમાં મુદ્દત પુરી થઇ તો વારસ થશે નહિ અને જો બીમાર પત્નીથી લેઆન કર્યુ અને ઇદ્દતની અંદર મરી ગઇ તો પતિ વારસ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૧૫) :- પત્ની બીમાર હતી અને પતિ નામર્દ, પત્નીને અખત્યાર આપવામાં આવ્યો અર્થાત પ્રથમ વર્ષ ભર માટે પતિને અવધિ આપવામાં આવી પરંતુ તે મુદ્દતમમાં પતિએ સંભોગ ન કર્યો પછી પત્નીને અખત્યાર આપવામાં આવ્યો તેણે પોતાના નફસને અખત્યાર કર્યો અને ઇદ્દતની અંદર મરી ગઇ અથવા પતિએ દખૂલ (સંભોગ) પછી પત્નીને તલાકે બાઇન આપી પછી પતિની ઇન્દ્રી કપાઇ ગઇ તે પછી એ જ પત્નીથી ઇદ્દતની અંદર નિકાહ કર્યો હવે પત્નીને તેની ખબર પડી તેણે પોતાના નફસને અખત્યાર કર્યો અને બીમાર હતી ઇદ્દતના અંદર મરી ગઇ તો બંને સ્વરૂપોમાં પતિ તેનો વારસ નથી. (આલમગરી)

**મસ્અલા-** (૧૬) :- દુશ્મનોએ કેદ કરી લીધો છે અથવા જંગની કતારમાં છે પરંતુ લડતો નથી અથવા તાવ વિગેરે કોઇ બીમારીમાં ગ્રસ્ત છે જેમાં મૃત્યુ નું ચોક્કસ ગુમાન ન હોય અથવા ત્યાં તાઉન (પ્લેગ) ફેલાએલો છે અથવા નૌકા પર સવાર છે અને ડુબવાનો ડર નથી અથવા સિંહોના જંગલમાં છે અથવા એવા સ્થળે છે જ્યાં દુશ્મનો નો ડર છે અથવા કિસાસ (ખુનનો બદલો) અથવા રજમ (સંગસારી) માટે કેદ છે તો આ સ્વરુપોમાં બીમાર ના હુકમમાં નથી, તલાક આપવા પછી ઇદ્દતમાં માર્યો જાય અથવા મરી જાય તો પત્ની વારસ નથી (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૧૭) :- હમલ (ગર્ભ) ની હાલતમાં પત્ની તરફથી વિચ્છેદ ઘટિત થયો અને બાળક પૈદા થવામાં

મરી ગઇ તો પતિ વારસ થશે નહી. હા, જો પ્રસવ પીડામાં એવું થયું તો વારસ થશે કે હવે પત્ની ફારેહ (બીમારીની હાલતમાં) છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૮) :-** બીમારે બાઇન તલાક કોઇ ગૈર ના ફેલ પર આધારિત કરી, દા. ત. જો ફલાણો આ કામ કરશે તો મારી પત્નીને તલાક છે. જોકે તે ગૈર ખૂદ તે બંનેની ઔલાદ હોય અથવા સમયના આવવા પર મુલતવી હોય. દા. ત. જ્યારે ફલાણો સમય આવે તો તને તલાક છે અને સમય મર્યાદા અને શરત નું હોવું બંને બીમારીની હાલતમાં છે અથવા પોતાના કોઇ કામ કરવા પર તલાક આધારિત કરી, દા. ત. જો હું આ કામ કરુંતો મારી પત્નીને તલાક છે અને મુલતવી પણું તથા શરત બંને બીમારીમાં છે અથવા મુલતવી પણું તંદુરસ્તીમાં હોય અને શરત બીમારીમાં અથવા પત્ની ના કોઇ કામ કરવા પર અવલંબિત (આધારિત) કરી અને તે કામ એવું છે જેનું કરવું શરઅન અથવાતબઅન જરુરી છે, દા. ત. જો તુ ખાશે અથવા નમાઝ પઢશે અને મુલતવી પણું તથા શરત બંને બીમારીમાં હોય અથવા કેવળ શરત તો આ હાલતોમાં પત્ની વારસ થશે અને જો ફેલ (કાર્ય) ગૈર અથવા કોઇ સમયના આવવવાપર અવલંબિત (આધારિત) કરી અને મુલતવી પણું તથા શરત બંને અથવા કેવળ વિલંબિતતા તંદુરસ્તીમાં હોય અથવા પત્નીના ફેલ પર આધારિત કર્યુ અને તે ફેલ એવું નથી જેનું કરવું પત્ની માટે આવશ્યક હોય તો આ સ્વરુપોમાં વારસ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૯) :-** તંદુરસ્તીની હાલતમાં પત્નીને કહ્યું જો હું અને ફલાંણો શખ્સ ઇચ્છીએતો તને ત્રણ તલાકો છે, પછી પતિ બીમાર થઇ ગયો અને બંને એ એક સાથે તલાક ઇચ્છી અથવા પ્રથમ પતિએ ઇચ્છી પછી તે શખ્સે, તો પત્ની વારસ થશે નહી. અને જો પ્રથમ તે શખ્સે ઇચ્છી પછી પતિએ તો વારસ થશે. **(ખાનિયહ)** અને જો બીમારીની હાલતમાં કહ્યું હતુ તો દરેક રીતે વારસ થશે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૦) :-** બીમારે સોહબત કરેલી પત્નીને બાઇન તલાક આપી, પછી તેને કહ્યું જો હું તારાથી નિકાહ કરુંતો તારા પર ત્રણ તલાકો અને ઇદ્દતની અંદર નિકાહ કરી લીધો તો તલાકો પડી જશે અને હવેથી નવી ઇદ્દત થશે અને ઇદ્દતની અંદર પતિ મરી જાય તો પત્ની વારસ થશે નહિ. (ખાનિયહ)

**મસ્અલા- (૨૧) :-** બીમારે પોતાની પત્નીને જે કોઇની લોંડી છે એમ કહ્યું કે તારા પર કાલે ત્રણ તલાકો અને તેના મૌલા (માલિક) એ કહ્યું તુ કાલે આઝાદ છે તો બીજા દિવસનું સવાર થતાંજ તલાક તથા આઝાદી બંને એક સાથે થશે અને પત્ની વારસ થશે નહી. અનેજો મૌલાએ પ્રથમ કહ્યું હતું પછી પતિએ તો પણ એંજ હુકમ છે. હા જો પતિએ એમ કહ્યું કે જ્યારે તું આઝાદ થાય તો તને ત્રણ તલાકો તો હવે વારસ થશે અને જો મૌલાએ કહ્યું તુ કાલે આઝાદ છે અને પતિએ કહ્યું તને પરમદિવસે તલાક છે. જો પતિને મૌલાનું કહેવું ખબર હતી તો ફારીબિત્તલાક છે. (બીમારીની હાલતમાં તલાક આપનાર) નહિ તો નથી. (આલમગીરી)

**મસ્અલા- (૨૨) :-** પત્નીને કહ્યું જ્યારે હું બીમાર થાઉ તો તારા પર તલાક, પતિ બીમાર થયો તો તાલાક થઇ ગઇ અને ઇદ્દતમાં મરી ગયો તો પત્ની વારસ થશે. (ખાનિયહ)

**મસ્અલા- (૨૩) :-** બીમાર મુસલમાને પોતાની કિતાબીયા પત્નીને કહ્યું જ્યારે મુસલમાન થઇ જાય તો તને ત્રણ તલાકો છે. તે મુસલમાન થઇ ગઇ અને પતિ ઇદ્દતની અંદર મરી ગયો તો તે વારસ થશે અને જો કહ્યું કે કાલે તને ત્રણ તલાકો છે અને તે સ્ત્રી આજે જ મુસલમાન થઇ ગઇ તો વારસ થશે નહી. અને જો મુસલમમાન થયા પછી તલાક આપી તો વારસ થશે. જોકે પતિને ખબર ન હોય. (આલમગીરી)

**મસ્અલા- (૨૪) :-** બીમારે પોતાની બે પત્નીઓને કહ્યું તમે બંને પોતાને તલાક આપી લો. દરેક પોતાને અને શોકને આગળ પાછળ તલાક આપી તો પહેલીનાજ તલાક આપવા થી બંને તલાક શુદા થઇ ગઇ અને તે પછી બીજીનું તલાક આપવું બેકાર છે અને બીજી વારસ થશે. પહેલી નહી. અને જો પહેલીએ કેવળ શોકને તલાક આપી પોતાને નહી અથવા દરેકે બીજીને તલાક આપી પોતાને આપી નહી તો બંને વારસ થશે અને જો દરેકે પોતાને અને શોકને તત્કાળ તલાક આપી તો બંને તલાક શુદા થઇ ગઇ અને વારસ થશે અને જો એકે પોતાને તલાક આપી અને બીજીએ પણ તેને તલાક આપી તો એજ તલાક શુદા થઇ ગઇ અને તે વારસ થશે નહી. અને જો એકે શોક ને તલાક આપી અને પછી તેના પછી બીજીએ પોતાને જ તલાક આપી તો વારસ થશે. આ સઘળા સ્વરુપો ત્યારે છે કે એજ મજલિસમાં એવું થયું

અને જો મજલિસ (બેઠક) બદલવા પછી દરેકે પોતાને અને શોકને તત્કાળ તલાક આપી અથવા આગળ પાછળ અથવા દરેકે બીજીને તલાક આપી તો દરેક હાલતમાં બંને વારસ છે અને દરેકે પોતાને તલાક આપી તો તલાક જ થઇ નહી. ખુલાસો એ છે કે જે સુરતમમાં પત્ની ખૂદ પોતાને તલાક આપવાથી તલાક શુદા થઇ હોય તો વારસ થશે નહી. નહી તો થશે. (આલમગીરી)

**મસ્અલા- (૨૫)** :- બે પત્નીઓ મદખૂલા (સોહબતશાળી) છે પતિએ તંદુરસ્તીમાં કહ્યું તમારા બંનેમાંથી એક ને ત્રણ તલાકો અને એ વર્ણન ન કર્યું કે કોને પછી જ્યારે બીમાર થયો તો વર્ણન કર્યું કે તે તલાક શુદા ફલાણી પત્ની છે તો તે પત્ની મીરાસથી મહરુમ થશે નહી અને જો તે શખ્સની આ બે ઉપરાંત કોઇ બીજી પત્ની પણ છે તો તેના માટે અર્ધી મીરાસ છે અને તે પત્ની કે જેનું તલાક શુદા હોવું બયાન કર્યું જો પતિથી પહેલાં મરી ગઇ તો પતિનું બયાન સહીહ માનવામાં આવશે અને બીજી જે બાકી છે મીરાસ લેશે, માટે જો કોઇ ત્રીજી પત્ની પણ છે તો બંને પત્નીત્વના હકમાં સરખી હકદાર છે અને જો જેનું તલાક શુદા હોવું બયાન કર્યું, જીવંત છે અને બીજી પતિના પહેલા મરી ગઇ તો આ અર્ધાની જ હકદાર છે માટે જો કોઇ બીજી પત્ની પણ છે તો તેને ૩/૪ મળશે અને આને ૧/૪ અને જો પતિના બયાન કરવા અને મૃત્યુથી પહેલા તેઓ પૈકીની એક મરી ગઇ તો હવે બાકી છે એજ તલાક શુદા સમજવામાં આવશે અને મીરાસ પામશે નહી. અને જો એકના મરવા પછી પતિ એમ કહે છે કે મેં તેણીને જ તલાક આપી હતી તો પતિ તેનો વારસ થશે નહી પરંતુ જે મોજૂદ છે તે તલાક શુદા સમજવામાં આવશે અને જો બંને આગળ પાછળ મરી હવે આ કહેછે કે, પહેલાં જે મરી છે તેને તલાક આપી હતી તો કોઇનો વારસ નથી અને જો બંને એક સાથે મરી દા.ત. તેમના પર દીવાલ પડી અથવા બંને એકી સાથે ડુબી ગઇ અથવા આગળ પાછળ મરી પરંતુ એ ખબર નથી કે કોણ પહેલા મરી કોણ પાછળ તો દરેકના માલમાં જેટલો પતિનો ભાગ હોય છે તેનું અર્ધું અર્ધું તેને મળશે અને એ સૂરતમાં કે એકી સાથે મરી અથવા ખબર નથી કે પહેલા કોણ મરી, તેણે એકનું તલાક શુદા હોવું નિશ્ચિત કર્યું તો તેના માલમાંથી પતિને કાંઇ મળશે નહી અને બીજીના તરકા (વારસા) માંથી અર્ધો હક મેળવશે. (આલમગીરી)

**મસ્અલા- (૨૬)** :- તંદુરસ્તીમાં કોઇને તલાકનું પ્રદાન કર્યું તેણે બીમારીની હાલતમાં તલાક આપી તો જો તેને તલાકનો માલિક બનાવી દીધો હતો તો પત્ની વારસ થશે નહિ અને જો વકીલ બાનાવ્યો હતો અને પદચ્યુત કરવા પર શકિતમાન હતો તો વારસ થશે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૭)** :- પત્નીને બીમારીમાં કહ્યું મેં સ્વાસ્થ્યમાં તને તલાક આપી દીધી હતી અને તારી ઇદ્દત પણ પૂરી થઇ ગઇ પત્નીએ તેની પુષ્ટિ કરી પછી પતિએ સ્વીકર કર્યો કે પત્નીનું મારા પર આટલું દેણ છે અથવા તેની ફલાંણી વસ્તુ મારી પાસે છે અથવા તેના માટે કાંઇક માલ ની વસિયત કરી તો તે સ્વીકાર તથા મીરાસ અથવા વસિયત તથા મીરાસમાં જે ઓછું છે, પત્ની તે પામશે અને આ સંબંધે ઇદ્દત સ્વીકારના સમયથી શરુ થશે અર્થાત અત્યારથી ઇદ્દત પૂરી થવા સુધીના દરમિયાનમાં પતિનું મૃત્યુ થયું તો તેણીજ સઘળું પામશે અને જો ઇદ્દત પસાર થઇ ગયા પછી મૃત્યુ પામ્યો તો જે કાંઇ સ્વીકાર કર્યો અથવા વસિયતનું તમામ પામશે અને જો તંદુરસ્તીમાં એવું કહ્યું હતું અને પત્નીએ પુષ્ટિ કરી લીધી અથવા તે બીમારી મરણ બીમારી ન હતી અર્થાત તે બીમારી ચાલી ગઇ તો સ્વીકાર વિગેરે સહીહ છે. જોકે ઇદ્દતમાં મૃત્યુ પામ્યો અને જો પત્ની એ જુઠલાવ્યું અને પતિ એજ બીમારીમાં સ્વીકારના સમયથી ઇદ્દતમાં મૃત્યુ પામ્યો તો સ્વીકાર તથા વસિયત સહીહ નથી અને જો ઇદ્દત પછી મૃત્યુ પામ્યો અથવા તે બીમારીથી સારો થઇ ગયો હતો અને ઇદ્દતમાં મર્યો તોપત્ની વારસ થશે નહિ અને સ્વીકાર તથા વસિયત સહીહ છે અને જો બીમારીમાં પત્નીના કહેવાથી તલાક આપી પછી સ્વીકાર અથવા વસિયત કરી તો પણ એજ હુકમ છેકે બંનેમાં જે ઓછું છે તે પામશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૨૮)** :- પત્નીએ બીમાર પતિ પર દાવો કર્યો કે તેણે તેને બાઇન તલાક આપી અને પતિ ઇન્કાર કરે છે. કાઝીએ પતિને હલફ (શપથ) લેવડાવ્યો. તેણે સોગંદ ખાઇ લીધા પછી પત્નીએ પણ પતિના મૃત્યુથી પહેલા તેની પુષ્ટિ કરી તો વારસ થશે નહી. જ્યારેકે એ દાવો હોય કે તંદુરસ્તીમાં બાઇન તલાક આપી હતી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૨૯) :- પતિના મૃત્યુ પછી પત્ની કહે છે કે તેણે મને મૃત્યુ પથારીમાં બાઇન તલાક આપી હતી અને હું ઇદ્દતમાં હતી કે તેનું મૃત્યુ થયું માટે મને મિરાસ મળવી જોઇએ અને વારસદારો કહે છે કે તંદુરસ્તીની હાલતમાં તલાક આપી હતી માટે મિરાસ મળવી જોઇએ નહી તો પત્નીનું કથન વિશ્વાસપાત્ર છે. (આલમગીરી)

**મસ્અલા-** (૩૦) :- પત્નીને મૃત્યુરોગમાં ત્રણ તલાકો આપી અને મરી ગયો પત્ની કહે છે મારી ઇદ્દત પૂરી થઇ નથી તો સોગંદ સાથે તેનો કોલ વિશ્વાસપાત્ર છે. ભલે લાંબો સમય થઇ ગયો હોય. જો સોગંદ ખાઇ લેશે તો વારસ થશે. સોગંદ ખાવાનો ઇન્કાર કરશે તો વારસ થશે નહી અને જો પત્નીએ હજૂ કાંઇ કહ્યું નથી પરંતુ એટલા સમય પછી જેમાં ઇદ્દત પૂરી થઇ શકે છે તેણે બીજા જોડે નિકાહ કર્યો, હવે કહે છે કે, ઇદ્દત પુરી થઇ નથી તો વારસ થશે નહી અને તે બીજાની જ પત્ની છે અને જો હજૂ નિકાહ કર્યો નથી પરંતુ કહે છે કે હું **આઇસા** (એટલે જે ઉમરમાં હૈઝ આવવું બંધ થઇ જાય છે તે) છું. ત્રણ મહિનાની ઇદ્દત પૂરી કરી અને પતિ મરી ગયો. હવે બીજાથી નિકાહ કર્યો અને સ્ત્રીને બાળક થયું અથવા હૈઝ (માસિક) આવ્યું તો વારસ થશે અને બીજાથી જે નિકાહ કર્યો છે તે નિકાહ થયો નથી. (આલમગીરી)

**મસ્અલા-** (૩૧) :- કોઇએ કહ્યું પાછલી સ્ત્રી જેનાથી નિકાહ કરૂંતો તેને તલાક છે અને એકથી નિકાહ કરવા પછી બીજીથી બીમારીમાં નિકાહ કર્યો અને પતિ મરી ગયો તો તે પત્નીને નિકાહ કરતાંજ તલાક થઇ ગઇ. અને વારસ થશે નહી. (દુર્રેમુખ્તાર)

# રજઅતનું બયાન

## (પહેલા નિકાહ પર બાકી રાખવું)

અલ્લાહ અઝવજલ્લ ફરમાવે છે..

**"વ બોઊલતો હુન્ન અહકકો બે રદેહિન્ન ફીઝાલિક ઇન અરાદૂ ઇસ્લાહન"**

(**તરજૂમો** :- રજઇ તલાક શુદાના પતિઓને ઇદ્દતમાં પાછા ફેરવી લેવાનો હક છે. જો ઇસ્લાહ (સુધારનો) હેતુ હોય.)

અને ફરમાવે છે:- **"વઇઝા તલ્લકતોમુન્નિસાઅ ફબલગ્ન અજલહુન્ન ફમ્સેકૂહુન્ન બેમઅ્રૂફિન"**

(**તરજૂમો** :- જ્યારે પત્નીઓને તલાક આપો અને તેમની ઇદ્દત પૂરી થવાના નિકટ પહોંચી જાય તો તેમને સારી રીતે રોકી શકો છો.)

હઝરત અબ્દુલ્લાહબિન ઉમર રદીયલ્લાહો અન્હોમા એ પોતાના પત્નીને તલાક આપી હતી, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જ્યારે તેની ખબર પહોંચી તો હઝરત ઉમર રદીયલ્લાહો અન્હોને ઇરશાદ ફરમાવ્યોકે, તેમને હુકમ આપો કે રજઅત કરીલે.

## (રજઅતનો અર્થ :)

**મસ્અલા-** (૧) :- રજઅતનો એ અર્થ છે કે જે પત્નીને રજઇ તલાક આપી હોય ઇદ્દતની અંદર તેણીને એજ પહેલા નિકાહ પર બાકી રાખવું.

**મસ્અલા-** (૨) :- રજઅત એ જ સ્ત્રી થી થઇ શકે છે જેનાથી વતી (સંભોગ) કરી હોય. જો સહીહ એકાંત થયું પરંતુ સંભોગ થયો નહી, તો રજઅત થઇ શકતી નથી. જો કે તેને શહવત (કામવાસના) સાથે સ્પર્શ કર્યો અથવા શહવત સાથે જનનેન્દ્રિય પ્રત્યે દૃષ્ટિ કરી હોય. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-** (૩) :- પતિ દાવો કરે છે કે આ સ્ત્રી મારી મદખૂલા (જેણીના સાથે સોહબત કરી હોય) છે તો જો એકાંત થઇ ગયું છે, તો રજઅત કરી શકે છે. નહી તો કરી શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા-** (૪) :- રજઅત ને કોઇ શરત પર મુઅલ્લક (અવલંબિત) કરી અથવા ભવિષ્ય પ્રત્યે સંબંધિત કર્યું. દા.ત. જો તુ ઘરમાં ગઇ તો મારા નિકાહમાં પાછી આવી જશે અથવા કાલે તુ મારા નિકાહમમાં પાછી ફરશે તો આ રજઅત થઇ નહી. અને જો મઝાક અથવા ખેલ અથવા ભૂલથી રજઅતના શબ્દો કહ્યા તો રજઅત થઇ ગઇ. (બહર)

**મસ્અલા-** (૫) :- કોઇ બીજાએ રજઅતના શબ્દો કહ્યા અને પતિએ જાઇઝ (ઉચિત) કરી દીધા તો રજઅત થઇ ગઇ. (રદદુલમુહતાર)

**મસ્અલા-** (૬) :- રજઅતનો મસનૂન તરીકો એ છે કે કોઇ રજઅત કરે અને રજઅત પર બે આદિલ

(શરીઅતના પાબંદ હોય અને તેઓ ફાસિક ના હોય) શખ્સોને ગવાહ બનાવી લે અને પત્નીને પણ તેની ખબર આપી દે કે, ઇદ્દત પછી કોઇ બીજાથી નિકાહ ન કરે અને જો કરી લીધો તો વિચ્છેદ કરી દેવામાં આવે. જો કે સંભોગ કરી લીધો હોય કે આ નિકાહ થયો નહી. અને જો કથન થી રજઅત કરી પરંતુ ગવાહ બનાવ્યા નહી અથવા ગવાહ પણ બનાવ્યા પરંતુ પત્નીને ખબર આપી નહી તો મકરૂહ તથા સુન્નતના વિરુધ્ધ છે, પરંતુ રજઅત થઇ જશે. અને જોફેલ થી રજઅત કરી. દા.ત. તેનાથી વતી કરી અથવા શહવતથી બોસો લીધો અથવા તેની શર્મગાહ (યોની) પ્રત્યે દ્દષ્ટિ કરી તો રજઅત થઇ ગઇ પરંતુ મકરૂહ છે. તેણે જોઇએ કે ફરી ગવાહોની સમક્ષ રજઅતના શબ્દો કહે. (જવહરહ)

મસ્અલા- (૭) :- પતિએ રજઅત કરી લીધી પરંતુ પત્નીને ખબર આપી નહી. તેણે ઇદ્દત પૂરી કરીને કોઇ ની સાથે નિકાહ કરી લીધો અને રજઅત સાબિત થઇ જાય તો વિચ્છેદ કરી દેવામાં આવશે. ભલેને સંભોગ થઇ પણ ગયો હોય. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૮) :- રજઅતના શબ્દો આ છે. "**મેં તારાથી રજઅત કરી.**" અથવા પોતાની પત્નીથી રજઅત કરી અથવા તને પાછી લીધી અથવા રોકી લીધી આ સઘળાં સરીહ (સ્પષ્ટ) શબ્દો છે કે, તેમાં નિય્યત વગર પણ રજઅત થઇ જશે. અથવા કહ્યું તુ મારા નઝદીક એવી જ છે જેવી હતી અથવા તુ મારી પત્ની છે. તો રજઅત ની નિય્યત સાથે આ શબ્દો કહ્યા તો રજઅત થઇ ગઇ, નહી તો થશે નહી. અને નિકાહના શબ્દોથી પણ રજઅત થઇ જાય છે. (આલમગીરી વિગેરે)

મસ્અલા- (૯) :- તલાક શુદાને કહ્યું : "તારાથી હજાર રૂપીયાની મહર પર મેં રજઅત કરી." જો પત્નીએ સ્વીકાર કર્યો તો રજઅત થઇ ગઇ. નહી તો થશે નહી. (આલમગીરી)

મસ્અલા- (૧૦) :- જે ફેલ (કાર્ય) થી હુરમતે મુસાહેરત (જમાઇ સાસુ સસરા પણાની હુરમત) થાય છે તેનાથી રજઅત થઇ જશે. દા.ત. વતી કરવું અથવા શહવત સાથે મુખ અથવા ગાલ અથવા હડપચી અથવા લલાટ અથવા મસ્તકનું ચુંબન કરવું અથવા હાઇલ વગર (નિરોધ વગર) શરીરને શહવત સાથે સ્પર્શ કરવું અથવા નિરોધક હોય તો શરીરની ગરમી મહેસૂસ થાય અથવા યોનિ પ્રત્યે શહવત સાથે દ્દષ્ટિપાત કરવું અને જો આફેલ શહવત સાથે ન હોય તો રજઅત થશે નહી. અને શહવત વગર ચુંબન કરવું અથવા સ્પર્શ કરવું મકરૂહ છે. જ્યારે કે રજઅતનો ઇરાદો ન હોય. એવી જ રીતે તેને નગ્ન જોવું પણ મકરૂહ છે. (આલમગીરી, રદદુલમુહતાર)

મસ્અલા- (૧૧) :- પત્નીએ પતિને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યો ભલે પતિએ પત્નીને તેની છુટ આપી હતી અથવા ગફલતમાં કે બળજબરીએ પત્નીએ એવું કર્યું અથવા પતિ સુઇ રહ્યો હતો અથવા બોહરા (ગાંડો) કે મજનૂન મુર્છિત છે અને પત્નીએ એવું કર્યું તો પણ રજઅત થઇ ગઇ જ્યારે કે પતિ પુષ્ટિ કરતો હોય કે તે સમયે શહવત હતી અને જો પતિ શહવત હોવા અથવા નફસ ના કાર્યથી જ ઇન્કાર કરતો હોય તો રજઅત થઇ નહી પુરુષ મરી ગયો તો તેના વારસોની પુષ્ટિ અથવા ઇન્કાર નો એતબાર છે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૨) :- મજનૂન (મુર્છિત) ની રજઅત ફેઅ્લ (કાય)થી થશે કોલથી નહી. અને જો પુરુષ સુઇ રહ્યો હતો અથવા મજનૂન (મુર્છાવાળો) છે અને ઔરતે પોતાની શરમગાહમાં તેનો અવયવ દાખલ કરી લીધો તો રજઅત થઇ ગઇ. (આલમગીરી)

મસ્અલા- (૧૩) :- સ્ત્રીએ પુરુષને કહ્યું : "મેં તારાથી રજઅત કરી લીધી" તો આ રજઅત ન થઇ. (આલમગીરી)

મસ્અલા- (૧૪) :- કેવળ એકાંતથી રજઅત થશે નહી ભલે સહીહ હોય અને પાછળના ભાગામાં વતી કરાવાથી પણ રજઅત થઇ જશે, **જો કે આ હરામ અને સખત હરામ છે.** અને તેના પ્રત્યે શહવત સાથે દ્દષ્ટિ કરવાથી રજઅત થશે નહી. (આલમગીરી)

મસ્અલા- (૧૫) :- ઇદ્દતમાં તેનાથી નિકાહ કરી લીધો તો પણ રજઅત થઇ જશે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૬) :- **રજઅતમાં ઔરતની રજાની જરૂરત નથી. બલ્કે જો તે ઇન્કાર પણ કરે તો પણ રજઅત થઇ જશે બલ્કે જો પતિએ તલાક આપ્યા પછી કહી દીધું હોય કે મેં રજઅત બાતલ કરી દીધી અથવા મને રજઅતનો અખત્યાર નથી તો પણ રજઅત કરી શકે છે.** (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૭) :- ઔરતની મહેરે મુવજ્જલ

બતલાક હતી (અર્થાત તલાક થવા પછી મહરની માંગણી કરશે) એવી હાલતમાં જો પતિએ રજઇ તલાક આપી તો હવે અવધિ પુરી થઇ ગઇ, ઔરત ઇદ્દતની અંદર મહરની માંગણી કરી શકે છે અને રજઅત કરી લેવાથી માંગણી રદ થશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૮) :-** પતિ તથા પત્ની બંને કહે છે કે ઇદ્દત પુરી થઇ ગઇ, પરંતુ રજઅતમમાં મતભેદ છે. એક કહે છે કે રજઅત થઇ અને બીજો નકાર કરે છે, તો પત્નીનું કથન વિશ્વાસપાત્ર છે. અને સોગંદ ખવડાવવાની હાજત **નથી અને ઇદ્દતની અંદર આ મતભેદ થયો તો પત્નીનો કોલ** પ્રમાણિત છે અને જો ઇદ્દત પછી પતિએ ગવાહી થી સાબિત કર્યું કે મેં ઇદ્દતમાં કહ્યું હતું કે મેં તેણીને પાછી લિધી અથવા કહ્યું હતું કે, મેં તેનાથી સંભોગ કર્યો, તો રજઅત થઇ ગઇ. (હિદાયા, બહર વિગેરે)

**મસ્અલા- (૧૯) :-** ઇદ્દત પુરી થયા પછી કહે છે **કે મેં ઇદ્દત માં રજઅત કરી લીધી છે અને ઔરત પુષ્ટિ કરે છે તો રજઅત થઇ ગઇ અને જૂઠલાવે છે તો રજઅત થઇ નહી. (હિદાયા)**

**મસ્અલા- (૨૦) :-** પતિ તથા પત્ની સહમત છે **કે જુમ્આ ના દિવસે રજઅત થઇ, પરંતુ ઔરત કહે છે કે મારી ઇદ્દત જુમેરાતે પુરી થઇ હતી અને પતિ કહે છે કે, શનીવાર ના દિવસે પુરી થઇ તો સોગંદ સાથે પતિનો કોલ પ્રમાણિત છે.** (આલમગીરી)

**મસ્અલા- (૨૧) :-** **ઔરતને ઇદ્દતામાં કહ્યું મેં તને પાછી લીધી તેણે તત્કાળ કહ્યું મારી ઇદ્દત પૂરી થઇ ગઇ છે અને તલાક ને એટલો સમય થઇ ગયો છે કે આટલા દિવસોમાં ઇદ્દત પુરી થઇ શકે છે તો રજઅત થઇ નહી. પરંતુ** ઔરતથી સોગંદ લેવામાં આવશે કે, તે સમયે ઇદ્દત પૂરી થઇ ગઇ હતી જો સોગંદ ખાવાનો ઇન્કાર કરશે તો રજઅત થઇ જશે અને જો તલાક ને એટલો સમય થયો નહી કે ઇદ્દત પુરી થઇ શકે તો રજઅત થઇ ગઇ અલબત જો ઔરત કહે છે કે મારે બાળક પૈદા થયું અને તેને સાબિત પણ કરી દે તો મુદ્દતની ગણના કરવામાં આવશે નહી અને જો જે સમયે પતિએ રજઅતના શબ્દો કહ્યા. ઔરત ચુપ રહી. પછી પાછળથી કહ્યું કે મારી ઇદ્દત પૂરી થઇ ગઇ છે **તો રજઅત થઇ ગઇ.** (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૨૨) :-** બાંદી (દાસી) ના પતિએ ઇદ્દત પસાર થઇ ગયા પછી કહ્યું : મેં ઇદ્દતમાં રજઅત કરી લીધી હતી. મૌલા (માલિક) તેની પુષ્ટિ કરે છે અને બાંદી જૂઠલાવે છે, અને પતિ પાસે ગવાહ (સાક્ષી) નથી અથવા બાંદી કહે છે મારી ઇદ્દત પૂરી થઇ ગઇ હતી અને પતિ તથા બંને માલિક બંને ઇન્કાર કરે છે તો આ બંને હાલતોમાં બાંદીનો કોલ પ્રમાણિત (માન્ય રાખવામમાં આવશે.) છે, અને જો માલિક પતિની વાતને જૂઠલાવે છે અને બાંદી પુષ્ટિ કરે છે તો મલિકનો કોલ પ્રમાણિત છે. અને જો બંને પતિની પુષ્ટિ કરે છે તો કોઇ મતભેદ નથી અને બંને જૂઠલાવતા હોય તો રજઅત થઇ નથી. **(દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)** અને જો માલિક કહે છે કે તેં રજઅત કરી છે અને પતિ ઇન્કાર કરે છે તો માલિકનો કોલ પ્રમાણિત નથી. માન્ય રાખવામાં આવશે નહી. (જવહરહ)

**મસ્અલા- (૨૩) :-** ઔરતે પહેલાં એમ કહ્યું કે મારી ઇદ્દત પૂરી થઇ ગઇ હવે કહે છે કે પૂરી થઇ નથી તો પતિને રજઅતનો અખત્યાર છે. (તનવીર)

**મસ્અલા- (૨૪) :-** ઔરત ઇદ્દત પૂરી થઇ જવું જણાવે તો મુદ્દતનો લેહાઝ જરૂરી છે અર્થાત એટલો સમય પસાર થઇ ગયો હોય કે ઇદ્દત પૂરી થઇ શકતી હોય અર્થાત તે સમયમાં ત્રણ હૈઝ પૂરા થઇ શકે અને જો પ્રસવથી ઇદ્દત થાય તો તેના માટે કોઇ મુદ્દત નથી ભલે કસુવાવડ થઇ કે જેના અવયવો બની ગયા હોય તો પણ ઇદ્દત પૂરી થઇ જશે પરંતુ તેમાં ઔરત ના સોગંદ લેવામાં આવશે કે બાળકના અવયવ બની ગયા હતા અને જો જન્મનો દાવો કરે છે તો ગવાહ હોવા જોઇએ. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૨૫) :-** પત્નીને કહ્યું જો હું તારો (તને) સ્પર્શ કરુંતો તને તલાક છે, અને સ્પર્શ કર્યો તો તલાક થઇ ગઇ પછી બીજીવખત સ્પર્શ કર્યો, તો રજઅત થઇ ગઇ. જ્યારે કે શહવત સાથે હોય. (આલમગીરી)

**મસ્અલા- (૨૬) :-** પોતાની પત્નીને કહ્યું જો હુંતારાથી રજઅત કરુંતો તને તલાક છે તો રજઅતની મુરાદ હકીકી છે અર્થાત જો તેને તલાક આપી પછી નિકાહ કર્યો તો તલાક ઘટિત થશે નહી અને જો રજઅત કરી તો તલાક થઇ જશે, અને તલાકે રજઇની ઇદ્દતમાં તેને કહ્યું કે જો હું રજઅત કરુંતો તને ત્રણ તલાકો અને ઇદ્દત પૂરી થયા પછી તેનાથી નિકાહ કર્યો તો તલાક થશે નહી. અને બાઇન તલાકની ઇદ્દતમાં કહ્યું તો થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૨૭) :-** રજઅત તે સમય સુધી છેકે, પાછલા હૈઝથી પાક થઇ ન હોય, તેના પછી થઇ શકતી નથી અર્થાત જો બાંદી છે તો બીજા હૈઝ થી પાક થવા સુધી અને આઝાદ સ્ત્રી છે તો ત્રીજા થી પાક થવા સુધી રજઅત છે, હવે જો પાછલું હૈઝ પૂરા દસ દિવસમાં ખતમ થયું છે તો દસ દિવસ-રાત પૂરા થતાં જ રજઅતનો પણ ખાતમો છે. ભલે હજૂ ગુસલ ન કર્યું હોય અને દસ દિવસ રાતથી ઓછામાં પાક થઇ તો જ્યાં સુધી નહાઇ ગુસલ કરી ન લે અથવા નમાઝ નો એક સમય પસાર ના થઇ જાય રજઅત ખતમ થઇ નથી અને જો ગર્ધભ (ગધેડા)ના એંઠા પાણીથી નહાઇ તો પણ રજઅત કરી શકતો નથી. પરંતુ તે ગુસલથી નમાઝ પઢી શકતી નથી. અને અત્યારે બીજા થી નિકાહ કરી શકતી નથી. જ્યાં સુધી આશંકાશીલ પાણીથી નહાઇ ન લે. અથવા નમાઝનો સમય પસાર ન થઇ જાય અને જો સમય એટલો બાકી છે કે નહાઇને તકબીરે તહરીમા બાંધી લે તો તે સમયના પૂરા થવા પર રજઅત પણ ખતમ થઇ અને જો એટલો અલ્પ સમય બાકી છે કે નહાઇ શકતી નથી અથવા નહાઇ શકે છે પરંતુ ગુસલ અને કપડાં પહેરવા પછી **"અલ્લાહો અકબર"** કહેવાનો પણ સમય રહેશે નહી તો તે સમયનો એતબાર નથી બલ્કે યા તો નહાઇ લે અથવા તેના પછી નો બીજા સમય ગુજરી જાય અને જો એવા સમયમાં લોહી બંધ થયું કે તે સમય ફરઝ નમાઝનો નથી અર્થાત સૂરજ નિકળવાથી ઢળવા સુધી તો તેનો પણ એતબાર નથી બલ્કે તેના પછી નો સમય પૂરો થઇ જાય અર્થાત ઝોહરનો અને જો દસ દિવસ રાતથી ઓછામાં લોહી બંધ થયું અને ઔરતે ગુસલ કરી લીધું પછી લોહી ચાલુ થઇ ગયું અને દસ દિવસ કરતાં ઉલંઘન ન થયું તો હજૂ રજઅત ખતમ થઇ ન હતી અને જો ઔરતે બીજાથી નિકાહ કરી લીધો હતો તો નિકાહ સહીહ થયો નહી. એવી જ રીતે જો ગુસલ અથવા નમાઝ નો સમય પસાર થવાથી પહેલા તે સ્વરૂપમાં બીજાથી નિકાહ કર્યો તો પણ નિકાહ થયો નહી.. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૮) :-** કોઇ સ્ત્રીને કયારેક પાંચ દિસ લોહી આવે છે અને કયારેક છ દિવસ અને આ વખતે લાહીવા થઇ ગયો. અર્થાત દસ દિવસ કરતાં વધુ આવ્યું તો રજઅતના હકમાં પાંચ દિવસનો એતબાર છે કે, પાંચ દિવસ પૂરા થવા પર રજઅત થશે નહી અને બીજાથી નિકાહ કરવા ઇચ્છે છે તો આ હૈઝના છ દિવસ પૂરા થવા પછી કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા- (૨૯) :-** ઔરત જો કિતાબીયા (યહુદી ઇસાઇ મુળધર્મપર) છે તો પાછલો હૈઝ ખતમ થતાંજ રજઅત ખતમ થઇ ગઇ. ગુસલ તથા નમાઝનો સમય ગુઝારવો શરત નથી. (આલમગીરી)

**મસ્અલા- (૩૦) :-** દસ દિવસ રાતથી ઓછામાં હૈઝ બંધ થઇ ગયું અને ન નહાઇ, ન નમાઝ નો સમય પુરો થયો બલ્કે તયમ્મુમ કરી લીધું તો રજઅત મુન્કતઅ એટલે વિછિન્નન થઇ. હા, જો તયમ્મુમ થી સંપૂર્ણ નમાઝ પઢી લિધી તો હવે રજઅત થઇ શકતી નથી. ભલે તે નમાઝ નિફલ હોય અને જો હજૂ નમાઝ પૂરી થઇ નથી બલ્કે શરૂ કરી છે તો રજઅત કરી શકે છે અને જો તયમ્મુમ કરીને કુર્આન મજીદ પઢયું અથવા મુસહફ શરીફનો સ્પર્શ કર્યો અથવા મસ્જિદમમાં ગઇ તો રજઅત ખતમ થઇ નહી. (ફતહ વિગેરે)

**મસ્અલા- (૩૧) :-** ગુસલ કર્યું અને કોઇ જગ્યા એક અવયવ થી ઓછું દા.ત. હાથ અથવા કાંડાનો થોડોક ભાગ અથવા બે એક આંગળીઓ ભૂલી ગઇ જ્યાં પાણી પહોંચવા ન પહોચવામાં શંકા છે તો રજઅત ખતમ થઇ ગઇ પરંતુ બીજા જોડે નિકાહ તે સમયે કરી શકે છે કે તે જગ્યાને ધોઇ લે અથવા નમાઝ નો સમય પસાર થઇ જાય અને જો ખાત્રી છે કે ત્યાં પાણી પહોંચ્યું નથી અથવા ઇરાદા પૂર્વક તે જગ્યાને છોડી દીધી છે તો રજઅત થઇ શકે છે અને જો સંપૂર્ણ અવયવ દાત. હાથ અથવા પગ ભૂલી ગઇ તો રજઅત થઇ શકે છે. કુલ્લી કરવું અને નાકમાં પાણી ચઢાવવું બંને મળીને એક અવયવ છે અને દરેક એક એક અવયવથી ઓછું. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૩૨) :-** હામેલા (સગર્ભા) ને તલાક આપી અને તેની સાથે વતીનો (સંભોગ)નો ઇન્કાર કરે છે, અને રજઅત કરી લીધી. પછી છ મહિનાથી ઓછામાં બાળક પૈદા થયું, પરંતુ નિકાહના સમયથી છ મહિના અથવા અધિકમાં જન્મ થયો તો રજઅત થઇ ગઇ. (શરહવકાયા)

**મસ્અલા- (૩૩) :-** નિકાહ પછી છ મહિના અથવા અધિક પછી બાળક પૈદા થયું. પછી તલાક આપી અને વતી (સમાગમ) નો ઇન્કાર કરે છે રજઅત કરી શકે છે, કે જ્યારે બાળક પૈદા થઇ ગયું શરઅન વતી સાબિત છે. તેનો ઇન્કાર બેકાર છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૪)** :- જો ખિલવત (એકાંત) થઇ ગયું છે પરંતુ વતી (સંભોગ) નો ઇન્કાર કરે છે પછી તલાક આપી તો રજઅત કરી શકતો નથી અને જો પતિ વતીનો ઇકરાર (સ્વીકાર) કરે છે પરંતુ ઔરત ઇન્કાર કરે છે અને ખિલવત થઇ ગઇ છે તો રજઅત કરી શકે છે. અને ખિલવત થઇ નથી તો નથી કરી શકતો. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૫)** :- પત્નીને કહ્યું જો તું બાળકનો જન્મ આપે તો તને તલાક છે. તેને બાળક પૈદા થયું. તલાક થઇ ગઇ. પછી છ મહિની અથવા અધિકમાં બીજું બાળક પૈદા થયું તો રજઅત થઇ ગઇ, જો કે બીજું બાળક બે વર્ષ કરતાં વધુ સમયમાં પૈદા થયું કેમ કે હમલની વધારેમાં વધારે મુદ્દત બે વર્ષ છે. અને આ હાલતમાં ઇદ્દત હૈઝથી છે તો શક્ય છે કે અધિક અધિક દિવસો પછી હૈઝ આવ્યું અને ઇદ્દત ખતમ થવાથી પહેલા પતિએ વતી કરી હોય. હા, જો ઔરતે ઇદ્દત ગુજરવાનો સ્વીકાર કરી લીધો હોય તો મજબૂરી છે અને જો બીજું બાળક પ્રથમ બાળકથી છ મહીનાથી ઓછામાં પૈદા થયું તો બાળક પૈદા થયા પછી રજઅત નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૬)** :- રજઇ તલાકની ઇદ્દતમાં પત્ની બનાવ શણગાર કરે જ્યારે પતિ હાજર હોય અને પત્નીને રજઅતની આશા હોય અને જો પતિ હાજર ન હોય અથવા પત્નીને ખબર હોય કે રજઅત કરશે નહી તો શણગાર કરે નહી. **બાઇન તલાક** અને મૃત્યુની **ઇદ્દતમાં શણગાર હરામ છે** અને રજઇ તલાક શુદા ને પ્રવાસમાં લઇ જાય નહી બલ્કે પ્રવાસથી ઓછા અંતર સુધી પણ ન લઇ જાય. જ્યાં સુધી કે રજઅત પર ગવાહ કાયમ ન કરી લે. આ તે સમયે છે કે પતિએ શરાહતન (સ્પષ્ટ શબ્દોમાં) રજઅતનો નકાર કર્યો હોય. નહી તો પ્રવાસમાં લઇ જવું જ રજઅત છે (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૭)** :- જે મકાનમાં ઔરત છે તેમાં જાય તો પતિએ તેને ખબર આપી દેવી જોઇએ અથવા ખુંખારો ખાઇને જાય અથવા એવી રીતે ચાલે કે બુટનો અવાઝ ઔરત સાંભળે. આ તે સ્વરૂપમાં છે કે રજઅતનો ઇરાદો ન હોય એવી જ રીતે જ્યારે રજઅત નો ઇરાદો ન હોય તો એકાંત પણ મકરૂહ છે અને રજઅતનો ઇરાદો છે તો મકરૂહ નથી. અને જો રજઅતનો ઇરાદો હોય તો, તેનો વારો પણ છે. નહી તો નથી. (દુર્રેમુખ્તાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૩૮)** :- પત્ની બાંદી (દાસી) હતી તેને તલાક આપી દીધી અને આઝાદ થી નિકાહ કર્યો તો તેનાથી રજઅત કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા- (૩૯)** :- જે પત્નીને ત્રણ કરતાં ઓછી બાઇન તલાક આપી છે, તેનાથી ઇદ્દતમાં પણ નિકાહ કરી શકે છે અને ત્રણ તલાકો આપી હોય અથવા લોંડીને બે તલાક તો હલાલા વગર નિકાહ કરી શકતો નથી. ભલે દખૂલ (સંભોગ) કર્યો ના હોય. અલબત જો ગેર મદખૂલા (જેના સાથે સંભોગ ન કર્યો હોય) હોય તો ત્રણ તલાક એક શબ્દ થી થશે. ત્રણ શબ્દ થી એક જ થશે. જેવું કે પહેલાં આવી ગયું છે. અને બીજાથી ઇદ્દતના અંદર સર્વથા નિકાહ કરી શકતી નથી. ત્રણ તલાકો આપી હોય કે ત્રણ થી ઓછી. (આમ્મતુલ કુતુબ)

## હલાલા ના મસાઇલ

**મસ્અલા- (૪૦)** :- હલાલાની સૂરત એ છે કે જો ઔરત મદખૂલા (સંભોગ કરેલ) છે તો તલાકની ઇદ્દત પૂરી થયા પછી ઔરત કોઇ **બીજાથી સહીહ નિકાહ કરે, અને આ બીજો પતિ તેનાથી વતી પણ કરી લે. હવે તે બીજા પતિની તલાક અથવા મૃત્યુ પછી ઇદ્દત પૂરી થવાથી પ્રથમ પતિથી નિકાહ થઇ શકે છે.** અને જો ઔરત મદખૂલા **નથી તો પ્રથમ** પતિના તલાક આપ્યા પછી તુરત જ બીજાથી નિકાહ કરી શકે છે કે તેના માટે ઇદ્દત નથી. (આમ્મતુલ કુતુબ)

**મસ્અલા- (૪૧)** :- પ્રથમ પતિ માટે હલાલ થવામાં સહીહ નિકાહ લાગુ થવું એ શરત છે. જો નિકાહ ફાસિદ થયો અથવા મોકૂફ અને વતી (સંભોગ) પણ થઇ ગઇ તો હલાલો થયો નહી. દા.ત. કોઇ ગુલામે માલિકની ઇજાઝત વગર તેનાથી નિકાહ કર્યો અને વતી પણ કરી લીધી. પછી માલિકે **જાઇઝ ઠેરવ્યું** તો માલિકની ઇજાઝત પછી વતી કરીને છોડશે તો પ્રથમ પતિથી નિકાહ કરી શકે છે અને વતી વગર તલાક આપી તો તે પહેલાંની વતી કાફી નથી. એવી જ રીતે ઝિના (વ્યભિચાર) અથવા "વતી બીશ્શુબહ" થી પણ હલાલો થશે નહી. એવી જ રીતે જો તે ઔરત કોઇની બાંદી હતી, ઇદ્દત પૂરી થવા પછી માલિકે તેનાથી સોહબત કરી તો પ્રથમ પતિ માટે હજુ પણ હલાલ થઇ નહી. અને જો પત્ની બાંદી હતી તેને બે તલાકો આપી

પછી તેના માલિકથી ખરીદી લિધી અથવા કોઇ બીજી રીતે તેનો માલિક બની ગયો તો તેનાથી વતી કરી શકતો નથી, જ્યાં સુધી બીજા થી નિકાહ ન થઇ જાય અને તે બીજો વતી પણ ન કરી લે. એવી જ રીતે જો ઔરત (મઆઝલ્લાહ) મુરતદ થઇ ને દારુલહર્બ (જે દારુલ ઇસ્લામ ના હોય તે દેશ) માં ચાલી ગઇ પછી ત્યાંથી જેહાદમાં પકડી લાવવામાં આવી, અને પતિ તેનો માલિક થઇ ગયો તો તેના માટે હલાલ થઇ નહી. **હલાલામાં જે વતી શરત છે તેનાથી મુરાદ તે વતી છે, જેનાથી ગુસલ ફરજ થઇ જાય છે.** અર્થાત લીંગની સોપારી નું દખૂલ (પ્રવેશ) અને વીર્ય પાત (ઇન્ઝાલ) શરત નથી. (દુર્રેમુખ્તાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૪૨) :-** ઔરત હૈઝમાં છે અથવા એહરામ બાંધેલ છે, તે હાલતમાં બીજા પતિએ વતી કરી તો આ વતી (સંભોગ) હલાલા માટે કાફી છે જો કે હૈઝની હાલતમાં વતી કરવું બહુ જ સખત હરામ છે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૩) :-** બીજો નિકાહ મુશહિક થી થયો (અર્થાત એવા છોકરાથી જે ના બાલિગ છે, પરંતુ બલૂગના નિકટ છે અને તેની વયના છોકરા સોહબત કરે છે) અને તેણે વતી કરી અને બાલિગ થયા પછી તલાક આપી તો તે વતી કે જે બાલિગ થતા પહેલાની હતી. હલાલા માટે કાફી છે, પરંતુ તલાક બાલિગ થયા પછી થવી જોઇએ, કે નાબાલિગની તલાક ઘટિત થશે નહી. પરંતુ બેહતર એ છે કે બાલિગની વતી હોય કે ઇમામ માલિક રહમતુલ્લાહે અલયહેના નઝદીક વીર્યપાત શરત છે, અને નાબાલિગમાં વીર્યપાત કયાં ? (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૪) :-** જો તલાક થએલ ઔરત નાની છોકરી છે, કે વતીના યોગ્ય નથી તો બીજો પતિ તેનાથી વતી કરી પણ લે તો પણ પ્રથમ પતિ માટે હલાલ થઇ નહી અને જો નાબાલિગ છે પરંતુ તેના જેવી છોકરી થી વતી કરવામાં આવે છે અર્થાત તે તેના યોગ્ય છે તો વતીકાફી છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૫) :-** જો સ્ત્રીના આગળનું અને પાછળ (જાજરૂ)નું સ્થાન એક થઇ ગયું છે, તો કેવળ વતીકાફી નથી બલ્કે શરત એ છે કે હામેલા (ગર્ભવતી) થઇ જાય, એવી જ રીતે જો એવા શખ્સથી નિકાહ થયો જેનું ઇન્દ્રી કપાઇ ગયું છે, તો તેમાં પણ હમલ શરત છે. (આલમગીરી)

**મસ્અલા- (૪૬) :-** મુછ્છાવાળા અથવા ખસ્સીથી નિકાહ થયો અને વતી (સંભોગ) કરી તો પ્રથમના પતિ માટે હલાલ થઇ ગઇ. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૭) :-** કિતાબીયા સ્ત્રી મુસલમાનના નિકાહ માં હતી તેને તલાક આપી અને તેણે કોઇ **કિતાબી** થી નિકાહ કર્યો અને હલાલાની સઘળી શરતો જોવામાં આવી તો પ્રથમ પતિ માટે હલાલ થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૪૮) :-** પ્રથમ પતિએ ત્રણ તલાકો આપી સ્ત્રીએ બીજાથી નિકાહ કર્યો. વગર વતીએ તેણે પણ ત્રણ તલાકો આપી દીધી પછી સ્ત્રીએ ત્રીજા થી નિકાહ કર્યો તેણે વતી કરીને તલાક આપી તો પ્રથમ અને બીજા બંને માટે હલાલ થઇ ગઇ અર્થાત હવે પહેલા અથવા બીજા પતિ જેનાથી ઇચ્છે નિકાહ કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા- (૪૯) :-** બહુ મોટી વયવાળાથી નિકાહ કર્યો જે વતી પર શકિતમાન નથી. તેણે કોઇ યુકિત થી યોનીમાં લિંગ દાખલ કરી દીધો તો આ વતી હલાલા માટે કાફી નથી. હા જો લિંગમાં કોઇ ઉત્તેજના જોવામાં આવી અને દખૂલ (પ્રવેશ) થઇ ગયો તો કાફી છે. (ફતહ વિગેરે)

**મસ્અલા- (૫૦) :-** સ્ત્રી સુઇ રહી હતી અથવા બેહોશ હતી બીજા પતિએ તે હાલતમમાં તેનાથી વતી કરી તો આ વતી હલાલા માટે કાફી છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૫૧) :-** ઔરતને ત્રણ તલાકો આપી હતી હવે તે આવીને પહેલા પતિને કહે છે કે ઇદ્દત પૂરી થવા પછી મેં નિકાહ કર્યો અને તેણે સંભોગ પણ કર્યો અને તેણે તલાક આપી દીધી અને તે ઇદ્દત પણ પૂરી થઇ ગઇ અને પહેલા પતિએ તલાક આપે એટલો સમય પસાર થઇ ગયો છે કે આ સઘળી વાતો થઇ શકે છે તો જો ઔરતને પોતાની ધારણામાં સાચી સમજે છે તો તેનાથી નિકાહ કરી શકે છે. (હિદાયા) અને જો ઔરત કેવળ એટલું જ કહે કે હું હલાલ થઇ ગઇ છું, તો તેનાથી નિકાહ હલાલ નથી, જ્યાં સુધી સર્વ વાતો પૂછી ન લે. (આલમગીરી)

**મસ્અલા- (૫૨) :-** ઔરત કહે છે કે બીજા પતિએ સંભોગ કર્યો છે અને બીજો પતિ ઇન્કાર કરે છે તો પહેલા પતિને નિકાહ જાઇઝ છે. અને બીજો પતિ કહે છે કે મેં સંભોગ કર્યો છે અને ઔરત ઇન્કાર કરે છે તો નિકાહ જાઇઝ નથી, અને જો ઔરત સ્વીકાર કરે છે અને પ્રથમ

પતિએ નિકાહ પછી કહ્યું કે, બીજા પતિએ સંભોગ કર્યો નથી તો બંનેમાં વિછિન્નતા કરી દેવામાં આવે અને જો પ્રથમ પતિથી નિકાહ થઇ ગયા પછી ઔરત કહે છે મેં બીજાથી નિકાહ કર્યો જ ન હતો અને પતિ કહે છે કે તેં બીજાથી નિકાહ કર્યો અને તેણે વતી પણ કરી તો ઔરતનું સમર્થન કરવામાં આવે નહિ. અને જો બીજો પતિ ઔરતને કહે છે કે મારો નિકાહ તારા થી ફાસિદ થયો એટલામાટે કે, મેં તારી માં સાથે સંભોગ કર્યો છે. જો ઔરત તેના કહેવાને સાચું સમજે છે તો ઔરત પ્રથમવાળા પતિ માટે હલાલ થઇ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૫૩) :-** કોઇ ઔરત થી નિકાહ ફાસિદ કરીને ત્રણ તલાકો આપી દીધી તો હલાલાની જરૂરત નથી. હલાલા વગર તેનાથી નિકાહ કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા-(૫૪) :-** તહલીલ (હલાલો કરવા) ની શરત સાથેનો નિકાહ જેના સંબંધે હદીસમાં લાનત આવી તે એ છે કે, **અકદેનિકાહ અર્થાત ઇજાબ તથા કબૂલમાં હલાલાની શરત લગાવવામાં આવે અને આ નિકાહ મકરૂહે તહરીમી છે.** પહેલો પતિ તથા બીજો પતિ અને પત્ની ત્રણે ગુનેહગાર થશે, પરંતુ ઔરત આ નિકાહથી પણ હલાલાની શરતો સાથે પ્રથમ પતિ માટે હલાલ થઇ જશે, અને શરત બાતલ છે અને બીજો પતિ તલાક આપવા માટે મજબૂર નથી અને જો અકદમાં શરત ન હોય જો કે નિય્યતમાં હોય તો સર્વથા કરાહત નથી બલ્કે જો ખૈરની નિય્યત હોય તો અજ્રનો હકદાર છે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૫૫) :-** જો નિકાહ એ નિય્યત થી કરવામાં આવી રહ્યો છે કે, પ્રથમ પતિ માટે હલાલ થઇ જાય અને ઔરત અથવા પ્રથમ પતિને એ શંકા છે કે ક્યાંક એવું **ન થાય કે નિકાહ કરીને તલાક ન આપે તો મુશ્કેલી થશે તો તેના માટે ઉત્તમ હીલો એ છે કે તેનાથી એમ કહેવડાવી લો કે જો હું આ ઔરતથી નિકાહ કરીને સંભોગ કરૂંઅથવા નિકાહ કરીને એક રાત કરતાં વધારે રાખું તો તેના પર બાઇન તલાક છે. હવે ઔરતથી સંભોગ કરતાં જ અથવા રાત ગુજરવા પર તલાક પડી જશે.** અથવા એમ કરો કે ઔરત અથવા તેનો વકીલ એમ કહે કે મેં અથવા મારી અસીલણે પોતાના નફસને તારા નિકાહમાં આપી. એ શરત પર કે મને અથવા તેને પોતાના નફસનો અખત્યાર છે કે, જ્યારે ઇચ્છે પોતાને તલાક આપી લે. તે કહે મેં કબૂલ કર્યું. હવે ઔરતને તલાક આપવાનો ખૂદ અખત્યાર છે અને જો પ્રથમ પતિ તરફથી એ શબ્દો કહેવામાં આવ્યા કે મેં આ ઔરત સાથે નિકાહ કર્યો એ શરતે કેતેણીને તેના નફસનો અખત્યાર છે તો આ શરત બાતલ છે. ઔરતને અખત્યાર ન હશે. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા-(૫૬) :-** બીજા સાથે ઔરતે નિકાહકર્યો અને તેણે દખૂલ (સોહબત) પણ કર્યું. પછી તેના મૃત્યુથી અથવા તલાક આપવા પછી પ્રથમ પતિ સાથે તેનો નિકાહ થયો તો હવે પ્રથમ પતિ ત્રણ તલાકોનો માલિક થઇ ગયો. પહેલાં જે કાંઇ તલાકો આપી દીધી હતી તેનો એતબાર હવે થશે નહી. અને જો બીજા પતિએ દખૂલ ન કર્યું હોય અને પ્રથમ પતિએ ત્રણ તલાકો આપી હતી ત્યારે તો જાહેર છે કે હલાલો થયો જ નહી. પ્રથમ પતિથી નિકાહ થઇ શકતો નથી અને ત્રણ કરતાં ઓછી આપી હતી તો બાકી રહી ગઇ છે તેનો માલિક છે. ત્રણનો માલિક (હકદાર) નથી અને પત્ની લોંડી હોય તો તેની બે તલાકો આઝાદ ની ત્રણ તલાકોના સ્થાને છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૫૭) :-** ઔરત પાસે બે શખ્સોએ ગવાહી આપી કે તેના પતિએ તેને ત્રણ તલાકો આપી દીધી અને પતિ ગાયબ છે તો ઔરત ઇદ્દત પછી બીજાથી નિકાહ કરી શકે છે બલ્કે જો એક વિશ્વાસપાત્ર શખ્સે તલાકની ખબર આપી છે તો પણ ઔરત નિકાહ કરી શકે છે. બલ્કે જો પતિનો પત્ર આવ્યો જેમાં તેને તલાક લખી છે અને ઔરતની ધારણા ગાલિબ છે કે, પત્ર તેનો જ છે તો નિકાહ કરવાની ઔરત માટે ગુંજાઇશ છે અને જો પતિ હાજર છે અને બંને પતિ પત્નીની જેમ રહે છે તો હવે નિકાહ કરી શકતી નથી. (આલમગીરી, રદ્દુલમુહતાર)

**મસ્અલા-(૫૮) :-** પતિએ પત્નીને ત્રણ તલાકો આપી દીધી અથવા બાઇન તલાક આપી પરંતુ હવે ઇન્કાર કરે છે, અને પત્ની પાસે સાક્ષી નથી તો જે રીતે શક્ય હોય પત્ની તેનાથી પીછો છોડાવે, મહેર માફ કરીને અથવા પોતાનો માલ આપીને તેનાથી અલગ થઇ જાય. તાત્પર્ય કે જે રીતે પણ શક્ય હોય તેનાથી વિરકિત કરે અને કોઇ રીતે તે ન છોડે તો પત્ની મજબૂર છે, પરંતુ પ્રત્યેક પળે એજ ચિંતામાં રહે કે જેવી રીતે શક્ય હોય મુકિત પ્રાપ્ત કરે અને સંપૂર્ણ પ્રયત્ન કરે કે સોહબત કરવા પામે નહી. એ હુકમ નથી

કે આપઘાત કરી લે. ઔરત જ્યારે આ વાતો પર અમલ કરશે તો મંઝૂર (વિવશ) છે અને પતિ દરેક હાલતમાં ગુનેહગાર છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૫૯) :- પત્નીને અત્યારે ત્રણ તલાકો આપી અને કહે છે કે આનાથી પહેલાં એક તલાક આપી દીધી હતી અને ઇદ્દત પણ થઇ ગઇ હતી અર્થાત તેનો હેતું એ છે કે કેમકે ઇદ્દત ગુજરવા પર પત્ની અપરિચિત થઇ ગઇ માટે આ તલાકો ઘટિત થઇ નહી અને પત્ની પણ સ્વીકાર કરે છે તો કોઇની પુષ્ટિ ન કરવામમાં આવે. બંને જૂઠા છે કે, એવું હતું તો પતિ-પત્ની તરીકે કેવી રીતે રહેતા હતા ? હા, જો લોકોને તેનું તલાક આપવું અને ઇદ્દત ગુઝારવું ખબર હતી તો બીજી વાત છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૬૦) :- પતિ ત્રણ તલાકો આપીને ઇન્કારી થઇ ગયો પત્ની એ ગવાહ રજૂ કર્યો અને ત્રણ તલાકનો હુકમ આપવામાં આવ્યો, હવે કહે છે કે, પહેલાં એક તલાક આપી દીધી હતી અને તેની ઇદ્દત ગુજરી ગઇ હતી અને ગવાહ પણ રજૂ કરે છે તો ગવાહ પણ સ્વીકારપાત્ર નથી. (રદદુલમુહતાર)

**મસ્અલા-** (૬૧) :- ગેર મદખૂલા (જેના સાથે સોહબત ન થઇ હોય તે) ને બે તલાકો આપી અને કહે છે કે, એક પહેલાં આપી દીધી હતી તો ત્રણ ઠરશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૬૨) :- ત્રણ તલાકો કોઇ શરત પર અવલંબિત હતી **અને તે શરત જોવામાં આવી માટે ત્રણ તલાકો પડી ગઇ ઔરત ડરે છે કે, જો તેનાથી કહેશે તો તે મૂળથી સંબંધનો જ ઇન્કાર કરી દેશે તો ઔરતે ગુપ્ત હલાલો કરાવી લેવો જોઇએ અને ઇદ્દત પૂરી થયા પછી પતિથી પુનહ નિકાહ ની દરખાસ્ત કરે.** (આલમગીરી)

## ઇલાનું બયાન

અલ્લાહ અઝ વ જલ્લ ફરમાવે છે.

**લિલ્લઝીના યૂ'લૂના મિન્ નિસાએહિમ્ તરબ્બોસો અરબઅતે અશહોરિન ફઇન ફાઊ ફઇન્નલ્લાહા ગફુર્રહીમ. વ ઇન અઝમૂત્તલાક ફઇન્નલ્લાહા સમીઉન અલીમ.**

(**તરજુમો** :- જે લોકો પોતાની પત્નીઓ પાસે જવાના સોગંદ ખાઇ લે છે તેમના માટે ચાર મહિનાની મુદ્દત છે. પછી જો તે મુદ્દતમાં પાછા ફરી ગયા (સોગંદ તોડી નાખ્યા) તો અલ્લાહ બક્ષનાર મહેરબાન છે, અને જો તલાકનો પાકો ઇરાદો કરી લીધો (રજૂઅતકરી) તો અલ્લાહ સાંભળનાર, જાણનનાર છે. (તલાક થઇ જશે.)

**મસ્અલા-** (૧) :- ઇલાનો અર્થ એ છે કે પતિએ સોગંદ ખાધા કે પત્નીથી નિકટતા (સંભોગ) કરશે નહી. અથવા ચાર મહિના નિકટતા (સંભોગ) કરશે નહી. પત્ની બાંદી (લોંડી) છે તો તેના ઇલાની મુદ્દત બે મહિના છે.

**મસ્અલા-** (૨) :- કસમ (સોગંદ) ના બે પ્રકાર છે એકએ કે અલ્લાહ ત્આલા અથવા તેના તે ગુણોની કસમ ખાધી જેની કસમ ખાવામાં આવે છે. દા.ત. તેની અઝમત તથા જલાલની કસમ, તેની કિબ્રિયાઇની કસમ, કુર્આનની કસમ, કલામુલ્લાહની કસમ, બીજો પ્રકાર તઅલીક દા.ત એકે જો તેનાથી વતી (સંભોગ) કરૂત્તો મારો ગુલામ આઝાદ છે અથવા મારી પત્ની ને તલાક છે અથવા મારા પર આટલા દિવસોનો રોઝો છે અથવા હજ્જ છે. (આમ્મતુલકુતુબ)

**મસ્અલા-** (૩) :- ઇલાના બે પ્રકાર છે. (૧) **"મુવકક્ત"** અર્થાત ચાર મહિનાનો બીજો પ્રકાર: **"મુવબ્બદ"** અર્થાત ચાર મહિનાની કેદ (શરત), તેમાં ન હોય. હર હાલતમાં જો પત્નીથી ચાર મહિનાની અંદર સંભોગ કર્યો, તો કસમ તુટી ગઇ, ભલેને મુર્છિત-મજનુન હોય. અને કફ્ફારો લાઝિમ છે જ્યારે કે અલ્લાહ ત્આલા અથવા તેના તે સિફાત (ગુણો) ની કસમ ખાધી હોય અને સંભોગથી પહેલા કફ્ફારો આપી દીધો છે તો તેનો એતબાર (માન્ય) નથી બલ્કે ફરી કફ્ફારો આપે અને જો **તઅલીક** હતી. તો જે વાત પર (અવલંબિત) હતી તે થઇ જશે. દા.ત. એમ કહ્યું કે જો તેનાથી સોહબત કરૂત્તો ગુલામ આઝાદ છે, અને ચાર મહિનાની અંદર સોહબત કરી તો ગુલામ આઝાદ થઇ ગયો. અને કુરબત (સંભોગ) ન કરી ત્યાં સુધી કે ચાર મહિના ગુજરી ગયા તો બાઇન તલાક થઇ ગઇ. પછી જો **"ઇલાએ મુવકકત"** હતો અર્થાત ચાર મહીના નો તો કસમ તુટી ગઇ અર્થાત જો તે ઔરતથી ફરી નિકાહ કર્યો તો હવે તેની કાંઇ અસર નથી, અને જો **ઇલાએ મુવબ્બદ** હતો અર્થાત હમેશાની તેમાં કેદ હતી. દા.ત. ખુદાની કસમ તારાથી કયારેય કુરબત (સમાગમ) કરીશ નહી, અથવા તેમાં કોઇ કેદ (બંધન) ન હતું. દા.ત. ખુદાના સોગંદ તારાથી કુરબત (સમાગમ) કરીશ નહી તો આ સૂરતોમાં એક **બાઇન તલાક** પડી ગઇ તો પણ કસમ નિયમાનુસાર બાકી છે, અર્થાત જો તે

ઔરતથી ફરી નિકાહ કર્યો તો ફરી ઇલા નિયમાનુસાર આવી ગયો. જો નિકાહના સમયથી ચાર મહિનાની અંદર સોહબત કરી લીધી તો કસમનો કફ્ફારો આપે અને તઅલીક (શરત) હતી તો જઝા ઘટિત થઇ જશે. અને જો ચાર મહીના ગુજરી ગયા અને કુરબત (સમાગમ) કરી નહી તો એક બાઇન તલાક ઘટિત થઇ ગઇ, પરંતુ યમીન નિયમાનુસાર બાકી છે. ત્રીજી વખત નિકાહ કર્યો તો ફરી ઇલા આવી ગયો. હવે પણ સોહબત ન કરે તો ચાર મહિના ગુજરવા પર ત્રીજી તલાક પડી જશે અને હવે **હલાલા વગર** નિકાહ કરી શકતો નથી. જો હલાલા પછી ફરીથી નિકાહ કર્યો તો હવે ઇલા નથી. અર્થાત ચાર મહિના કુરબત વગર ગુજરવા પર તલાક થશે નહી, પરંતુ કસમ બાકી છે. જો સોહબત કરશે તો કફ્ફારો વાજિબ થશે અને જો પ્રથમ અથવા બીજી તલાક પછી ઔરતે કોઇ બીજાથી નિકાહ કર્યો તે પછી ફરી આના સાથે નિકાહ કર્યો તો સ્થાયી રીતે હવેથી ત્રણ તલાકનો માલિક થશે પરંતુ ઇલા રહેશે અર્થાત કુરબત (સંભોગ) ન કરવા પર તલાક થઇ જશે. ફરી નિકાહ કર્યો ફરી એજ હુકમ છે. ફરી એક અથવા બે તલાક પછી કોઇથી નિકાહ કર્યો ફરી આનાથી નિકાહ કર્યો ફરી એજ હુકમ છે અર્થાત જ્યાં સુધી ત્રણ તલાક પછી બીજા પતિથી નિકાહ ન કરે ઇલાનિયમાનુસાર બાકી રહેશે. (આલમગીરી)

**મસ્અલા- (૪) :-** ઝિમ્મીએઝાત તથા સિફાતની કસમ સાથે ઇલા કર્યું અથવા તલાક તથા અતાક (ગુલામને આઝાદ કરવું) પર તઅલીક (મુલતવી) કર્યું તો ઇલા છે. અને હજ તથા રોઝા તથા બીજી ઇબાદતો પર તઅલીક કયું તો ઇલા થયો નહી. અને જ્યાં ઇલા સહીહ છે ત્યાં (એ ઝીમ્મી) મુસલમાનના હુકમમાં છે, પરંતુ સોહબત કરવા પર કફ્ફારો વાજિબ નથી. (આલમગીરી)

**મસ્અલા- (૫) :-** એવી રીતે ઇલા કર્યો કે જો હું સંભોગ કરું તો મારો ફલાણો ગુલામ આઝાદ છે. તે પછી ગુલામ મરી ગયો તો ઇલા સાકિત થઇ ગયો એવીજ રીતે જો તે ગુલામ ને વેચી નાખ્યો તો પણ સાકિત છે. પરંતુ તે ગુલામ જો સંભોગ કરવાથી પહેલાં ફરી તેની માલિકીમાં આવી ગયો તો ઇલા નો હુકમ પાછો ફરશે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૬) :-** ઇલા કેવળ પત્ની થી જ થાય છે અથવા **રજઇ તલાકશાળી** થી કે, તે પણ પત્નીનાજ હુકમમાં છે. અજાણીથી અને જેને બાઇન તલાક આપી છે તેનાથી આરંભમાં થઇ શકતો નથી. એવી જ રીતે પોતાની દાસી થી પણ થઇ શકતો નથી. હા, બીજાની દાસી તેના નિકાહમાં છે તો ઇલા કરી શકે છે. એવી જ રીતે અજાણીનો ઇલા જો નિકાહ પર આધારિત કર્યો તો થઇ જશે. દા.ત. જો હું તારાથી નિકાહ કરૂંતો ખુદાના સોગંદ તારાથી સમાગમ કરીશ નહી. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૭) :-** ઇલા માટે એ પણ શરત છે કે પતિ નોઅહલ તલાક હોય અર્થાત તે તલાક આપી શકતો હોય. માટે મજનુન મુર્છાવાળો તથા નાબાલિગનો ઇલા સહીહ નથી કે તે તલાક નો અહલ (તલાક આપવાને પાત્ર) નથી (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૮) :-** ગુલામે જો સોગંદ સાથે ઇલા કર્યો. દા.ત. ખુદાના સોગંદ હું તારાથી સોહબત કરીશ નહી. અથવા એવી વસ્તુ પર આધારિત કર્યો જેને માલથી સંબંધ નથી. દા.ત. જો હું તારાથી સોહબત કરૂંતો મારા પર આટલા દિવસોનો રોઝો છે અથવા હજ્જ અથવા ઉમરો છે અથવા મારી પત્નીને તલાક છે તો ઇલા સહીહ છે અને જો માલથી સંબંધ છે તો સહીહ નથી. દા.ત. મારા પર એક ગુલામ આઝાદ કરવું અથવા આટલો સદકો આપવું લાઝિમ છે તો ઇલા થયો નહી કે તે માલનો માલિક જ નથી. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૯) :-** એ પણ શરત છે કે ચાર મહિનાથી ઓછાની મુદ્દત ન હોય અને પત્ની દાસી છે તો બે મહિનાથી ઓછાની મુદ્દત ન હોય અને અધિકની કોઇ હદ નથી અને પત્ની દાસી હતી તેના પતિએ ઇલા કર્યો હતો અને મુદ્દત પુરી થઇ ન હતી કે આઝાદ થઇ ગઇ તો હવે તેની મુદ્દત આઝાદ સ્ત્રીઓની છે અને એ પણ શરત છે કે સ્થળ નિશ્ચિત ન કરે, જો સ્થળ નિશ્ચિત કર્યું દા.ત. વલ્લાહ, ફલાણા સ્થળે તારાથી સોહબત કરીશ નહી, તો ઇલા નથી. અને એ પણ શરત છે કે પત્ની સાથે કોઇ દાસી અથવા અજાણીને મેળવે નહી. દા.ત. તારાથી અને ફલાણી ઔરતથી સોહબત કરીશ નહી અને એકે કેટલીક મુદ્દતનું અલગ કરવું ન હોય. દા.ત. ચાર મહિના તારાથી સોહબત કરીશ નહી પરંતુ એક દિવસ અને એકે સોહબત સાથે કોઇ બીજી વસ્તુને ન ભેળવે. દા.ત. જો હું તારાથી સોહબત કરૂં અથવા તને મારી પથારી પર બોલાવું તો તને તલાક છે. તો આ ઇલા નથી. (ખાનિયહ, દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૦) :-** તેના શબ્દો કેટલાક સરીહ

સ્પષ્ટ છે કેટલાંક સંકેત (કિનાયા) મા. સ્પષ્ટ તે શબ્દો છે જેનાથી બુધ્ધિ, સોહબત ના અર્થ પ્રત્યે અગ્રેસરતા કરતી હોય. એ અર્થમાં અધિકતા થી ઉપયોગમાં લેવાતો હોય. તેમાં નિય્યત દરકાર નથી. વગર નિય્યતે પણ ઈલા છે. અને જો સ્પષ્ટ શબ્દોમાં એ કહે કેમેં સંભોગના અર્થનો ઇરાદો કર્યો ન હતો તો કઝાઅન તેનો કોલ પ્રમાણિત (માન્ય) નથી. દયાનતન પ્રમણિત છે. સંકેત (કિનાયા) તે છે જેનાથી સંભોગનો અર્થ જલ્દીથી બુધ્ધિમાં આવે તેવો ન હોય. બીજા અર્થની પણ સંભાવના હોય તેમાં વગર નિય્યતે ઇલા નથી અને બીજો અર્થ ભાવાર્થ હોવું બતાવે છે તો.કદાઅન પણ તેનો કોલ માની લેવામાં આવશે. (રદદુલમુહતાર વિગેરે)

**મસ્અલા- (૧૧)** :- શરીહ (સ્પષ્ટ) ના કેટલાક શબ્દો આ છે. **વલ્લાહ** હું તારાથી સંભોગ કરીશ નહી સોહબત કરીશ નહી. નિકટતા (કુરબત) કરીશ નહી. વતી કરીશ નહી અને ગુજરાતી ઉર્દુભાષામાં કેટલાક બીજા શબ્દો પણ છે જે ખાસ સંભોગ માટે જ બોલવામાં આવે છે. તેના ઉલ્લેખ ની હાજત નથી. દરેક ઉર્દુ ગુજરાતી જાણનાર શખ્સ જાણે છે. અલ્લામા શામી એ તે શબ્દને કે, **હું તારી જોડે સુઇ રહીશ નહી** ને સરીહ કહ્યો છે. અને અસલ એ છે કે ઉર્ફ (પ્રચલિત ભાષા) પર મદાર છે. ઉરફન જે શબ્દથી સંભોગનો અર્થ તુરતજ સમજમાં આવી જનાર હોય સરીહ છે. જો કે તે અર્થ મજાઝી હોય. **કિનાયા** સંકેત ના કેટલાક શબ્દો આ છે. તારી પથારીના નિકટ જઇશ નહી. તારી સાથે સુઇ રહીશ નહી. તારા શરીરથી મારૂ શરીર મળશે નહી. તારી પાસે રહીશ નહી. વિગેરે.

**મસ્અલા- (૧૨)** :- એવી વાતના સોગંદ ખાધા કે સંભોગ કર્યા વગર સોગંદ તુટી જાય તો ઇલા નથી. દા.ત. જો હું તારો સ્પર્શ કરૂ તો એવું છે કે કેવળ શરીર પર હાથ મુક્તાં જ સોગંદ તુટી જશે. (આલમગીરી)

**મસ્અલા- (૧૩)** :- જો કહ્યું, મેં તારાથી ઇલા કર્યો છે. હવે કહે છે કે મેં એક જૂઠી ખબર આપી હતી. તો કદાઅન ઇલા છે. અને દયાનતન તેનો કોલ માની લેવામાં આવશે અને જો એમ કહે કે એ શબ્દથી ઈલા કરવું હેતુ હતો તો કદાઅન તથા દયાનતન દરે પ્રકારે ઇલા છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૪)** :- એમ કહ્યું કે વલ્લાહ તારાથી કુરબત (નિકટતા) કરીશ નહી. જ્યાં સુધી તુ આ કામ ન કરી લે. અને તે કામ ચાર મહિનાની અંદર કરી શકે છે તો ઇલા ન થયો જો કે ચાર મહિનાથી અધિકમાં કરે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૫)** :- ઇલા જો તાઅલીક (કોઇ શરતે) ફેલ-કાર્ય થી હોય તો જરૂરી છે કે સંભોગ પર કોઇ એવા ફેલ (કાર્ય) ને આધારિત કરે જેમાં પરિશ્રમ હોય. માટે જો એમ કહ્યું કે જો હું નિકટતા (સંભોગ) કરૂંતો મારા પર બે રકઅત નિફલ છે. તો ઇલા ન થયો. અને જો કહ્યું કે મારા પર સો(૧૦૦) રકઅત નિફલની છે તો ઇલા થઇ ગયો અને જો તે વસ્તુ એવી છે જેની મન્નત નથી તો પણ ઇલા થયો નહી. દા.ત. તિલાવતે કુર્આન, જનાઝાની નમાઝ, મય્યિતની દફન વિધી, તિલાવતનો સિજદો, બયતુલ મુકદ્દસમાં નમાઝ. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૬)** :- જો કહ્યું કે જો હું તારાથી નિકટતા (સંભોગ) કરૂંતો મારા પર ફલાણાં મહિનાનો રોઝો છે. જો તે મહિનો ચાર મહિના પૂરા થવાથી પહેલા પૂરો થઇ જાય તો ઇલા નથી. નહી તો છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૭)** :- જો એમ કહ્યું કે જો હું તારાથી નિકટતા (સંભોગ) કરૂંતો મારા પર એક મિસ્કીન (ફકીર)નું ખાણું છે. અથવા એક દિવસનો રોઝો તો ઇલા થઇ ગયો અથવા કહ્યું ખુદાના સોગંદ તારાથી નિકટતા (સંભોગ) કરીશ નહી જ્યાં સુધી પોતાના ગુલામને આઝાદ ન કરૂં અથવા પોતાની ફલાણી પત્નીને તલાક ન આપું અથવા એક મહિનાનો રોઝો ન રાખી લઉ. તો આ સૌ હાલતોમા ઇલા છે. (આલમગીરી)

**મસ્અલા- ૧૮)** :- જો કહ્યું કે તુ મારા પર તેવી છે જેવી ફલાણાની પત્ની અને તેણે ઇલા કર્યો છે અને તેણે પણ ઇલાની નિય્યત કરી તો ઇલા છે, નહી તો ઇલા નથી. એમ કહ્યું કે જો હું તારાથી નિકટતા કરૂંતો તુ મારા પર હરામ છે અને નિય્યત ઇલાની છે તો ઇલા થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા- (૧૯)** :- એક પત્નીથી ઇલા કર્યો પછી બીજી પત્નીને કહ્યું તને મેં તેની સાથે શરીક કરી દીધી તો બીજીથી ઇલા ન થયો. (આલમગીરી)

**મસ્અલા- (૨૦)** :- બે પત્નીઓને કહ્યું વલ્લાહ! (ખુદાના સોગંદ) હું તમો બંનેથી સમાગમ કરીશ નહી, તો બંનેથી ઇલા થઇ ગયો. હવે જો ચાર મહિના ગુજરી ગયા

અને બંનેથી સમાગમ કર્યું નહી , તો બંને **"બાઇન"** થઇ ગઇ. અને જો એક થી ચાર મહિનાની અંદર સંભોગ કરી લીધો તો તેનો ઇલા બાતલ થઇ ગયો અને બીજી નો ઇલા બાકી છે. પરંતુ કફ્ફારો વાજિબ નથી. અને જો મુદ્દતની અંદર એક મરી ગઇ તો બંનેનો ઇલા બાતલ છે, અને કફ્ફારો નથી અને જો એકને તલાક આપી તો ઇલા બાતલ નથી જો મુદ્દતમા બંનેથી સંભોગ કર્યો તો બંનેનો ઇલા બાતલ થઇ ગયો, અને એક કફ્ફારો વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા- (૨૧) :-** પોતાની ચાર પત્નીઓને કહ્યું કે ખુદાના સોગંદ હુ તમારાથી સંભોગ કરીશ નહી, પરંતુ ફલાણી અથવા ફલાણી થી, તો એ બંનેથી ઇલા થયો નહી. (આલમગીરી)

**મસ્અલા- (૨૨) :-** પોતાની બે પત્નીઓને સંબોધિત કરીને કહ્યું : ખુદાના સોગંદ ! તમારામાંથી એક થી નિકટતા (સમાગમ) કરીશ નહી, તો એકથી ઇલા થયો પછી જો એકથી વતી (સમાગમ) કરી લીધી ઇલા બાતલ થઇ ગયો અને કફ્ફારો વાજિબ છે. અને જો એક મૃત્યુ પામી અથવા મુરતદ થઇ ગઇ અથવા તેને ત્રણ તલાકો આપી દીધી તો બીજીઇલા માટે નિશ્ચિત છે. અને જો કોઇથી વતી (સંભોગ) કરી નહી ત્યાં સુધી કે મુદ્દત વિતી ગઇ તો એકને બાઇન તલાક પડી ગઈ, તેને અખત્યાર છે જેને ચાહે તેના માટે નિશ્ચિત કરે અને જો ચાર મહિનાની અંદર એકને નિશ્ચિત કરવા ઇચ્છે છે તો તેનો તેને અધિકાર નથી. જો નિશ્ચિત કરી પણ નાંખે તો પણ નિશ્ચિત થઇ નહી. મુદ્દત પછી નિશ્ચિત કરવાનો તેને અખત્યાર છે. જો એક એક થી પણ સંભોગ ન કર્યો અને ચાર મહિના બીજા ગુજરી ગયા તો બંને **બાઇન** થઇ ગઇ તે પછી જો ફરીથી બંને સાથે નિકાહ કર્યો, એક સાથે અથવા આગળ પાછળ તો ફરી એકથી ઇલા છે પરંતુ અનિશ્ચિત અને બંને મુદ્દતો ગુજરવા પર બંને **"બાઇન"** થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૨૩) :-** જો એમ કહ્યું કે તમારા બંને પૈકી કોઇથી સંભોગ કરીશ નહી, તો બંનેથી ઇલા છે. ચાર મહિના ગુજરી ગયા અને કોઇથી નિકટતા કરી નહી તો બંનેને **બાઇન તલાક** થઇ ગઇ. અને એકથી વતી કરી લીધી તો ઇલા બાતલ છે, અને કફ્ફારો વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા- (૨૪) :-** પોતાની પત્ની અને બાંદી દાસીને કહ્યું : તમારા પૈકી એકથી નિકટતા કરીશ નહી, તો ઇલા નથી. હા, જો પત્ની મુરાદ છે, તો જ અને તેઓ પૈકી એકથી વતી કરી તો સોગંદ તુટી ગયા. કફ્ફારો આપે પછી જો દાસી ને આઝાદ કરી ને તેનાથી નિકાહ કર્યો તો પણ ઇલા નથી, અનેજો બે પત્નીઓ હોય એક આઝાદ બીજી દાસી અને કહ્યું : તમારા બંનેથી નિકટતા કરીશ નહી તો બંનેથી ઇલા છે. બે મહિના ગુજરી ગયા અને કોઇથી સંભોગ કર્યો નહી, તો દાસીને **બાઇન તલાક** થઇ ગઇ. તે પછી બે મહિના બીજા ગુજરી ગયા તો આઝાદને પણ **બાઇન તલાક** થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૨૫) :-** પોતાની બે પત્નીઓને કહ્યું કે, જો તમારા પૈકી એકથી નિકટતા કરું તો બીજીને તલાક છે અને ચાર મહિના ગુજરી ગયા પરંતુ કોઇ થી વતી (સમાગમ) કરી નહી, તો એક બાઇન થઇ ગઇ, અને પતિને અખત્યાર છે જેને ઇચ્છે તલાક માટે નિશ્ચિત કરે અને હવે બીજીથી ઇલા છે. જો ફરી ચાર મહિના ગુજરી ગયા અને હજુ સુધી પ્રથમ ઇદ્દતમાં છે તો બીજી પણ બાઇન થઇ ગઇ. નહી તો થશે નહી. અને જો નિશ્ચિત ન કર્યું ત્યાં સુધી કે બીજા ચાર મહિના ગુજરી ગયા તો બંને **બાઇન થઇ ગઇ.** (આલમગીરી)

**મસ્અલા- (૨૬) :-** જે પત્નીને બાઇન તલાક આપી છે તેનાથી ઇલા થઇ શકતો નથી અને રજઇ તલાક આપી છે તો ઇદ્દતમાં ઇલા થઇ શકે છે. પરંતુ ઇલાના સમયથી ચાર મહિના પૂરા થયા ન હતા કે, ઇદ્દત ખતમ થઇ ગઇ તો ઇલા સાકિત (રદ) થઇ ગયો. અને જો ઇલા કરવા પછી **બાઇન તલાક** આપી તો તલાક થઇ ગઇ અને ઇલાના સમયથી ચાર મહિના ગુજરી ગયા અને હજુ સુધી તલાકની ઇદ્દત પૂરી ન થઇ તો બીજી તલાક ફરી પડી અને જો ઇદ્દત પૂરી થવાથી ઇલાની મુદ્દત પૂરી થઇ તો હવે ઇલાના કારણે તલાક પડી નહી. અને જો ઇલા પછી તલાક આપી અને ઇદ્દતની અંદર તેનાથી ફરીથી નિકાહ કરી લીધો તો ઇલાનિયમાનુસાર બાકી છે. અર્થાત ઇલાના સમયથી ચાર મહિના ગુજરવા પર તલાક ઘટિત થઇ જશે અને ઇદ્દત પૂરી થવા પછી નિકાહ કર્યો તો પણ ઇલા છે, પરંતુ બીજા નિકાહ ના સમયથી ચાર મહિના ગુજરવા પર તલાક થશે. (ખાનિયહ)

**મસ્અલા- (૨૭) :-** એમ કહ્યું કે ખુદાના સોગંદ તારાથી નિકટતા કરીશ નહી. બે મહિના અને બે મહિના

તો ઇલા થઇ ગયો, અને જો એમ કહ્યું કે **વલ્લાહ** બે મહિના તારાથી નિકટતા કરીશ નહી. પછી એક દિવસ પછી બલ્કે થોડી વાર પછી કહ્યું : વલ્લાહ તે બે મહિના પછી બે મહિના નિકટતા (સમાગમ) કરીશ નહી તો ઇલા થયો નહી. પરંતુ આ મુદ્દતમાં સંભોગ કરશે તો સોગંદનો કફ્ફારો લાઝિમ છે. જો કહ્યું : ખુદાના સોગંદ તારાથી ચાર મહિના નિકટતા કરીશ નહી પરંતુ એક દિવસ પછી તુરત જ કહ્યું વલ્લાહ, તે દિવસે પણ નિકટતા કરીશ નહી તો ઇલા થઇ ગયો. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૮) :-** પોતાની પત્નીને કહ્યું તને તલાક છે તેનાથી પહેલા કે, તારાથી સમાગમ કરુંતો ઇલા થઇ ગયો. જો નિકટતા કરી તો તુરતજ તલાક થઇ ગઇ અને ચાર મહિના સુધી નિકટતા ન કરી તો ઇલા ના કારણે બાઇન થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૨૯) :-** એમ કહ્યું કે જો હું તારાથી નિકટતા (સમાગમ) કરું તો મારા પર પોતાના પુત્રને કુરબાની કરી દેવું છે. તો ઇલા થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા- (૩૦) :-** એમ કહ્યું કે, જો હું તારાથી નિકટતા (સહશયન) કરુંતો મારો આ ગુલામ આઝાદ છે. ચાર મહિના ગુજરી ગયા હવે ઔરતે કાઝીના ત્યાં દાવો કર્યો, કાઝીએ વિચ્છેદ કરી આપ્યો પછી તે ગુલામે દાવો કર્યો કે, હું ગુલામ નથી બલ્કે અસલી આઝાદ છું અને ગવાહ પણ રજૂ કરી દીધા કાઝી ફેસલો કરશે કે, તે આઝાદ છે અને **ઇલા** બાતલ થઇ જશે, અને પત્ની પાછી મળશે કે ઇલા હતો જ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૩૧) :-** પોતાની પત્નીને કહ્યું : ખુદાના સોગંદ તારાથી નિકટતા (સહશયન) કરીશ નહી એક દિવસ પછી ફરી એજ કહ્યું, એક દિવસ બીજો ગુજરી ગયો પછી એજ કહ્યું તો આ ત્રણ ઇલા થયા અને ત્રણ સોગંદ ચાર મહિના ગુજરી જવા પછી એક બાઇન તલાક પડી, પછી એક દિવસ બીજો ગુજર્યો તો એક બીજી તલાક પડી, ત્રીજા દિવસે ફરી એક બીજી તલાક પડી.હવે હલાલા વગર તેના નિકાહમાં આવી શકતી નથી, હલાલા પછી જો નિકાહ અને નિકટતા કરી તો ત્રણ કફ્ફારા અદા કરે અને જો એક જ મિજલસમાં આ શબ્દ ત્રણ વખત કહે અને નિય્યત તાકીદની છે તો એક જ ઇલા છે. અને એક જ સોગંદ છે અને જો કાંઇ નિય્યત ન હોય અથવા વારંવાર સોગંદખાવું દમનની નિય્યતથી હોય તો ઇલા એક જ છે. પરંતુ સોગંદ ત્રણ, માટે જો નિકટતા કરશે તો ત્રણ કફ્ફારા આપે અને નિકટતા ન કરે તો મુદ્દત ગુજરવા પર એક તલાક ઘટિત (લાગુ પડી જશે.) થશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૨) :-** જો એમ કહ્યું કે ખુદાના સોગંદ હું તારાથી એક વર્ષ સુધી નિકટતા (સહશયન) કરીશ નહી, પરંતુ એક દિવસ અથવા એક કલાક તો અત્યારે ઇલા નથી પરંતુ જ્યારે વર્ષમાં કોઇ દિવસ સંભોગ કર્યો અને હજુ વર્ષ પુરુ થવામાં ચાર મહિના અથવા અધિક બાકી છે, તો હવે ઇલા થઇ ગયો, અને જો સંભોગ કરવા પછી વર્ષમાં ચાર મહિનાથી ઓછા બાકી છે અથવા એ વર્ષે નિકટતા જ કરી નહી તો હજુ પણ ઇલા થયો નહી, અને જો મજકૂર સૂરતમાં એક દિવસના સ્થાને એક વખત કહ્યું તો પણ એજ હુકમ છે. તફાવત કેવળ એટલો છે કે, એક દિવસ કહ્યું છે તો જે દિવસે સંભોગ કર્યો છે તે દિવસે સૂરજ ડુબવા પછી થી જો ચાર મહિના બાકી છે તો ઇલા છે. નહી તો નથી, જો કે સંભોગના સમયથી ચાર મહિના હોય અને જો એક વખત નો શબ્દ કહ્યો છે, તો સંભોગ થી ફારેગ થવાથી ચાર મહિના બાકી છે, તો ઇલા થઇ ગયો અને જો એમ કહ્યું કે, હું એક વર્ષ સુધી સંભોગ કરીશ નહી, પરંતુ જે દિવસે સંભોગ કરું તો ઇલા કોઇ રીતે થયો નહી, અને જો એમ કહ્યું કે તારાથી નિકટતા કરીશ નહી, પરંતુ એક દિવસ અર્થાત વર્ષનો શબ્દ કહ્યો નહી તો જ્યારે પણ સંભોગ કરશે તે સમયથી ઇલા છે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૩૩) :-** પત્ની બીજાશહેર અથવા બીજા ગામમાં છે. .પતિએ સોગંદ ખાધા કે હું ત્યાં જઇશ નહી તો ઇલા થયો નહી. જો કે ત્યાં સુધી ચાર મહિના અથવા અધિકનો રસ્તો હોય. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૩૪) :-** સંભોગ કરવાને કોઇ એવી વસ્તુ પર મોકૂફ કર્યું જેના સંબંધે એ આશા (ઉમ્મીદ) નથી કે ચાર મહિનાની અંદર થઇ જાય તો ઇલા થઇ ગયો દા.ત. રજ્જબના મહિનામાં કહે. વલ્લાહ હું તારાથી નિકટતા કરીશ નહી જ્યાં સુધી મોહર્રમનો રોઝો ન રાખી લઉ, અથવા હું તારાથી સંભોગ કરીશ નહી પરંતુ ફલાણાં સ્થળે અને ત્યાં સુધી ચાર મહિનાથી ઓછામાં પહોંચી શકતો નથી અથવા જ્યાં સુધી બાળકનું દૂધ છોડાવવાનો સમય ન આવે અને હજુ બે વર્ષ પૂરા થવામાં ચાર મહિના અથવા અધિક બાકી

છે તો આ સઘળી સૂરતોમાં ઇલા છે. એવી જ રીતે જો તે કામ મુદ્દતની અંદર તો થઇ શકે છે પરંતુ એમ કે નિકાહ રહેશે નહી, તો પણ ઇલા છે. દા.ત. નિકટતા કરીશ નહી ત્યાં સુધી કે તું મૃત્યુ પામે, હું મૃત્યુ પામું અથવા તારી હત્યા થઇ જાય અથવા મારી હત્યા થઇ જાય અથવા તુ મને મારી નાખે અથવા હું તને મારી નાખું અથવા હુ તને ત્રણ તલાકો આપી દઉં. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૩૫)** :- જો એમ કહ્યું કે કિયામત સુધી નિકટતા (સમાગમ) કરીશ નહી અથવા ત્યાં સુધી કે સૂર્ય પશ્ચિમ માંથી ઉગે અથવા દજ્જાલ નું ખુરૂજ થાય અથવા દાબ્બતુલ અર્દ જાહેર થાય અથવા ઉંટ સોયના નાકામાં ચાલ્યું જાય. આ સૌ ઇલાએ મોઅબદ (અનંતકાળનો ઇલા) છે. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૩૬)** :- પત્ની નાબાલગા છે તેને કસમ ખાઇને કહ્યું કે, તારાથી નિકટતા કરીશ નહી જ્યાં સુધી તને હૈઝ (માસિક) ન આવી જાય. જો ખબર છે કે ચાર મહિના સુધી હૈઝ આવશે નહી તો ઇલા છે એવી જ રીતે જો પત્ની **આઇસા** (તે વયમર્યાદા જેમાં હૈઝ આવતું બંધ થઇ જાય છે.) છે તેને કહ્યું તો પણ ઇલા છે. (આલમગીરી)

**મસ્અલા- (૩૭)** :- સોગંદ ખાઇને કહ્યું તારાથી નિકટતા કરીશ નહી જ્યાં સુધી તુ મારી પત્ની છે. પછી તેને **બાઇન તલાક** આપીને નિકાહ કર્યો તો ઇલા નથી અને હવે નિકટતા કરશે તો કફ્ફારો પણ નથી (આલમગીરી)

**મસ્અલા- (૩૮)** :- સમાગમ કરવું એવી વસ્તુ પર આધારિત કર્યુ જે કરી શકતો નથી. દા.ત. એમ કહ્યું જયાં સુધી આકાશનો સ્પર્શ ન કરી લઉ તો ઇલા થઇ ગયો અને જો કહ્યું કે સંભોગ ન કરીશ જ્યાં સુધી આ નહેર ચાલુ છે. અને તે નહેર બારેમાસ ચાલુ રહે છે તો ઇલા છે. (આલમગીરી)

**મસ્અલા- (૩૯)** :- સહતની હાલતમાં ઇલા કર્યો હતો અને મુદ્દતની અંદર વતી કરી પરંતુ તે સમયે ગાંડો છે તો સોગંદ તુટી ગયો અને ઇલા સાકિત થયો. (ફતહ)

**મસ્અલા- (૪૦)** :- ઇલા કર્યો અને મુદ્દતની અંદર સોગંદ તોડવા ઇચ્છે છે પરંતુ વતી (સંભોગ) કરવાથી વિવશ છે કે તે ખૂદ બીમાર છે અથવા પત્ની બીમાર છે અથવા પત્ની નાની ઉમરની છે અથવા પત્ની ની યોની બંધ છે કે વતી થઇ શકતી નથી અથવા પોતે જ નામર્દ છે અથવા તેનો અવયવ કાપી નાખવામાં આવ્યો છે અથવા પત્ની એટલા અંતરે છે કે ચાર મહિનામાં ત્યાં પહોંચી શકતો નથી અથવા પોતે કૈદ છે અને કૈદખાનામાં વતી કરી શકતો નથી અને કૈદ પણ અત્યાચારની રીતે હોય અથવા પત્ની સંભોગ કરવા દેતી નથી અથવા ક્યાંક એવા સ્થળે છે કે તેને તેણીનો પત્તો નથી તો એવી સૂરતોમાં જીભથી રજૂઅના શબ્દો કહી લે. દા.ત. કહે મેં તને રજૂઅ કરી લીધી અથવા ઈલાને બાતલ કરી દિધો અથવા મેં પોતાના કોલથી રજૂઅ કર્યું અથવા પાછો લિધો તો ઇલા જતો રહેશે અર્થાત મુદ્દત પૂરી થવા પર તલાક ઘટિત થશે નહી. અને સાવધાની એ છે કે ગવાહો સમક્ષ કહે, પરંતુ સોગંદ જો મુતલક (સર્વથા) છે અથવા મુઆબ્બદ (અનંતકાળ) તો તે યથાવત બાકી છે, જ્યારે વતી કરશે કફ્ફારો લાઝિમ આવશે અને જો મુદ્દત ચાર મહિના ની હતી અને ચાર મહિના પછી વતી કરી તો કફ્ફારો નથી પરંતુ જીભથી રજૂઅ કરવા માટે એ શરત છે કે મુદ્દતની અંદર તે વિવશતા કાયમ રહે, અને જો મુદ્દતની અંદર જબાની રજૂઅ પછી વતી પર શકિતમાન થઇ ગયો તો જબાની રજૂઅ ના કાફી છે. વતી જરૂરી છે. (દુર્રેમુખ્તાર, જવહરહ વિગેરે)

**મસ્અલા- (૪૧)** :- જો કોઇ શરઇ ઉઝરના કારણે વતી કરી શકાતો નથી. દા.ત. ખુદ અથવા પત્ની એ હજ નો એહરામ બાંધ્યો છે. અને હજૂ હજ પૂરો થવામાં ચાર મહિનાનો સમય છે તો જીભથી રજૂઅ કરી શકતો નથી. એવી જ રીતે જો કોઇના હકના કારણે કૈદ છે તો જબાની રજૂઅ કાફી નથી કે, તે જાઇઝ નથી કે હક અદા કરીને કૈદ થી મુકિત પામી શકે છે અને જો જ્યાં પત્ની છે ત્યાં સુધી ચાર મહિનાથી ઓછી મુદ્દતમાં ત્યાં પહોંચશે પરંતુ દુશ્મન અથવા બાદશાહ જવા દેતો નથી તો આ ઉઝર નથી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૨)** :- વતીથી વિવશે (એટલે સમાગમ કરવાથી જે માણસ અશકિતમાન હોય તેણે) દિલથી રજૂઅ કરી લીધું પરંતુ જીભથી કાંઇ કહ્યું નહી તો રજૂઅ નથી. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૩)** :- જે સમયે ઇલા કર્યો તે સમયે વિવશ (અશકિતમાન) ન હતો પછી વિવશ થઇ ગયો તો જબાની રજૂઅ કાફી નથી. દા.ત. તંદુરસ્તે ઇલા કર્યો પછી

બીમાર થઇ ગયો તો હવે રજૂઅ માટે વતી (સમાગમ) જરૂરી છે પરંતુ જ્યારે કે ઇલા કરતાં જ બીમર થઇ ગયો, એટલો સમય મળ્યો નહી કે, વતી કરતો તો જીભથી કહી લેવું કાફી છે. અને જો બીમારે ઇલા કર્યો હતો અને હજૂ સારો થયો ન હતો કે, પત્ની બીમાર થઇ ગઇ. હવે તે સારો થઇ ગયો તો જબાની રજૂઅ ના કાફી છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૪) :-** જીભથી રજૂઅ માટે એક શરત એ પણ છે કે, રજૂઅના સમયે નિકાહ બાકી હોય અને જો બાઇન તલાક આપી દીધી હોય તો રજૂઅ કરી શકતો નથી ત્યાં સુધી કે જો મુદ્દતની અંદર નિકાહ કરી લીધો પછી મુદ્દત પૂરી થઇ તો તલાક બાઇન ઘટિત થઇ ગઇ. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૫) :-** શહવત (કામવાસના) સાથે ચુંબન કરવું અથવા સ્પર્શ કરવું અથવા તેની શર્મગાહ (યોનિ) પ્રત્યે દૃષ્ટિ કરવું અથવા આગળના સ્થળ સિવાય કોઇ બીજા સ્થળે વતી કરવું રજૂઅ નથી. (આલમગીરી)

**મસ્અલા- (૪૬) :-** જો હૈઝમાં સોહબત કરી લીધી તો જો કે આબહુજ સખત હરામ છે પરંતુ ઇલા જતો રહ્યો. (આલમંગીરી)

**મસ્અલા- (૪૭) :-** જો ઇલા કોઇ શરત પર આધારિત હતો અને જે સમયે શરત પામવામાં આવી તે સમયે વિવશ છે તો જબાની રજૂઅ કાફી છે. નહી તો કાફી નથી તઅલીક ના મસયનો લેહાઝ નથી (આલમગીરી)

**મસ્અલા- (૪૮) :-** બીમારે ઇલા કર્યો પછી દસ દિવસ પછી ફરીથી ઇલા ના શબ્દો કહ્યા તો બે ઇલા છે અનેબે સોગંદો અને બંનેની બે મુદ્દતો છે. જો બંને મુદ્દતો પૂરી થવાથી પહેલા જબાની રજૂઅ કરી લીધુ અને બંને મુદ્દતો પૂરી થવા સુધી બીમાર રહ્યો તો જબાની રજૂઅ સહીહ છે. બંને ઇલા જતા રહ્યા અને જો પ્રથમ મુદ્દત પૂરી થવાથી પહેલા સારો થઇ ગયો તો તે રજૂઅ કરવું બેકાર ગયું અને જો જબાની રજૂઅ કર્યુ ન હતું તો બંને મુદ્દતો પૂરી થવાથી બે તલાકો ઘટિત થશે. અને જો સોહબત કરી લેશે તો બંને સોગંદો તુટી જશે અને બે કફ્ફારા લાઝિમ આવશે અને જો પ્રથમ મુદ્દત પૂરી થવાથી પહેલા જબાની રજૂઅ કર્યુ અને મુદ્દત પૂરી થવા પર સારો થઇ ગયો તો હવે બીજા માટે તે કાફી નથી બલ્કે સોહબત જરૂરી છે. (આલમગીરી)

**મસ્અલા- (૪૯) :-** મુદ્દતમાં જો પતિ પત્નીમાં જો મતભેદ હોય તો પતિનો કોલ (કથન) માન્યપ્રમાણિત છે. પરંતુ પત્નીને જ્યારે તેનું જૂઠ્ઠ હોવું ખબર હોય તો તેને ઇજાઝત નથી કે, તેની સાથે રહે, જેવી રીતે શક્ય હોય માલ વિગેરે આપીને તેનાથી અલગ થઇ જાય. અને જો મુદ્દતની અંદર સોહબત કરવું બતાવે છે તો પતિનો કોલ (કથન) પ્રમાણિત (માન્ય) છે. અને મુદ્દત પૂરી થવા પછી કહે છે કે મુદ્દત દરમિયાન સોહબત કરી છે તો જ્યાં સુધી પત્ની તેની પુષ્ટિ કરે નહી તેનો કોલ ન માનો. (આલમગીરી, જવહરહ)

**મસ્અલા- (૫૦) :-** પત્નીને કહ્યું જો તુ ઇચ્છે તો ખુદાના સોગંદ તારાથી નિકટતા (સમાગમ) કરીશ નહી. એ જ બેઠકમાં પત્નીએ કહ્યું મેં ઇચ્છયું, તો ઇલા થઇ ગયો. એવી જ રીતે જો કોઇ બીજાના ઇચ્છવાથી ઇલા મુઅલ્લક (આધારિત) કર્યો તો બેઠકમાં તેના ઇચ્છવાથી ઇલા થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૫૧) :-** પત્નીને કહ્યું તુ મારા પર હરામ છે. આ શબ્દથી ઇલાની નિય્યત કરી તો ઇલા છે અને ઝિહાર કરી (માં બહેન જેવી કહેવું) તો ઝિહાર છે. નહી તો તલાકે બાઇન છે અને ત્રણની નિય્યત કરી તો ત્રણ તલાક છે. અને જોપત્નીએ કહ્યું કે તારા પર હરામ છું તો યમીન (સોગંદ) છે. પતિએ બળજબરીએ અથવા તેની ખુશીથી સોહબત કરી તો પત્ની પર (સોગંદ તોડવાનો) કફ્ફારો લાઝિમ છે.

**મસ્અલા- (૫૨) :-** જો પતિએ કહ્યું તુ મારા પર મુરદાર અથવા સુવ્વરના માંસ અથવા લોહી અથવા શરાબના જેવી છે. જો તેનાથી જૂઠ હેતુ છે તો જૂઠ છે. અને હરામ કરવું હેતુ છે. તો ઇલા છે. અને તલાકની નિય્યત છે તો તલાક છે. (જવહરહ)

**મસ્અલા- (૫૩) :-** પત્નીને કહ્યું : **"તુ મારી માં છે."** અને નિય્યત હરામ કરવું છે, તો હરામ થશે નહી, બલ્કે એ જૂઠ છે. (જવહરહ) (નોટ : તુ મારી માં જેવી છે. એવું કહે ત્યારે જ ઝેહાર થાય.)

**મસ્અલા- (૫૪) :-** પોતાની બે પત્નીઓને કહ્યું તમે બંને મારા પર હરામ છો અને એકમાં તલાકની નિય્યત છે, બીજીમાં ઇલાની નિય્યત છે અથવા એકમાં એક તલાકની નિય્યત કરી, બીજીમાં ત્રણ તલાકની તો જેવી નિય્યત કરી

તેના અનુસાર હુકમ આપવામાં આવશે. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

## ખુલ્અનું બયાન

અલ્લાહ અઝવજલ્લ ઇરશાદ ફરમાવે છે.

**"વલા યહિલ્લો લકુમ અન્ તા'ખોઝૂ મિમ્મા આતૈતોમૂહુન્ન શૈઅન ઇલ્લા અંય-યખાફા અલ્લા યોકીમા હુદૂદલ્લાહે ફઇન ખિફતુમ અલ-લા યોકીમા હદૂદલ્લાહે ફલા જોનાહા અલૈહેમા ફીમફતદત બેહિ. તિલ્કા હુદૂદલ્લાહે ફલા તઅ્તદૌહા; વ મંય યતઅદ હુદૂદલ્લાહે ફઉલાએકા હોમુઝઝાલેમૂન."** (કુર્આનશરીફ)

(**તરજુમો** :- તમને હલાલ નથી કે જે કાંઇ પત્નીઓને આપ્યું તેમાંથી કાંઇ પાછું લો, પરંતુ જ્યારે બંને ને આશંકા હોય કે અલ્લાહની હદો કાયમ રાખશો નહી, પછી જો તમને આશંકા હોય કે તે બંને અલ્લાહની હદો કાયમ રાખશે નહી તો તેમના પર કાંઇ ગુનોહ નથી. તેમાં કે બદલો આપીને પત્ની છુટકારો મેળવી લે. આ અલ્લાહની હદો છે, તેમનું ઉલંઘન કરો નહી અને જે અલ્લાહની હદોનું ઉલંઘન કરે તો તે લોકો ઝાલિમ છે.)

સહીહ મુસ્લિમ, સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાં થી રિવાયત છે કે, **સાબિત બિન કયસ** રદિયલ્લાહો અન્હોની પત્નીએ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમા હાજર થઇને અરજ કરી કે, યા રસૂલુલ્લાહ ! સાબિત બિનકયસના અખ્લાક તથા દીન સંબંધે મારે કાંઇ કહેવાનું નથી (અર્થાત તેમના અખ્લાક પણ સારા છે અને દીનદાર પણ છે.) પરંતુ ઇસ્લામમાં કૃતજ્ઞતા (નાશુક્રી)ને હું પસંદ કરતી નથી (અર્થાત : ખૂબસૂરત ન હોવાના કારણે મારી તબીઅત તેમના પ્રત્યે આકૃષ્ઠ નથી) આપે ઇરશાદ ફરમાવ્યો, તેનો બાગ (જે મહેરમાં તને આપ્યો છે.) તુ પાછો આપી દેશે. તેણીએ અરજ કરી હા, હુઝૂરે સાબિત બિન કયસને ફરામાવ્યું -"બાગલઇલો અને તલાક આપી દો." (બુખારી-મુસ્લિમ)

**મસ્અલા- (૧)** :- માલના બદલામાં નિકાહ નષ્ટ કરવાને **"ખુલઅ"** કહે છે. પત્નીનું કબૂલ કરવું શરત છે. તેના કબૂલ કર્યા વગર **ખુલઅ** થઇ શકતો નથી અને તેના શબ્દો નિશ્ચિત છે. તેના સિવાય બીજા શબ્દોથી ખુલઅ થશે નહી.

**મસ્અલા- (૨)** :- જો પતિ પત્નીમાં કુસંપ રહે તો હોય અને એ શંકા હોય કે શરઇ અહકામની પાબંદી કરી શકશે નહી, તો **ખુલઅમાં** વાંધો નથી. એ જ્યારે ખુલઅ કરી લે તો **બાઇન તલાક** ઘટિત થઇ જશે. અને જે માલ ઠેરવ્યો છે પત્ની પર તેનું આપવું લાઝિમ છે. (હિદાયહ)

**મસ્અલા- (૩)** :- જો પતિ તરફથી અત્યાચાર થાય તો ખુલઅ પર સર્વથા બદલો લેવું મકરૂહ છે. અને જો પત્ની તરફથી થાય તો જેટલું મહેર માં આપ્યું છે તેનાથી અધિક લેવું મકરૂહ, તે છતાં જો અધિક લઇ લેશે તો કદાઅન જાઇઝ છે. (આલમગીરી)

**મસ્અલા- (૪)** :- જે વસ્તુ મહેર થઇ શકે છે તે ખુલ્અ નો બદલ પણ થઇ શકે છે, અને જે વસ્તુ મહેર થઇ શકતી નથી તે પણ ખુલઅનો બદલ થઇ શકે છે. દા.ત. દસ દિરહમ (ચાંદીના લગભગ ૨ા તોલા ચાંદીની કિંમત) થી ઓછા ને ખુલઅ નો બદલ કરી શકાય છે. પરંતુ મહેર કરી શકતા નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૫)** :- "ખુલઅ" પતિના હકમાં તલાક ને પત્ની ના કબૂલ કરવા પર મુઅલ્લક (આધારિત) કરવું છે કે પત્ની એ જો માલ આપવું સ્વીકારી લીધું તો **બાઇન તલાક** થઇ જશે. માટે જો પતિએ ખુલઅના શબ્દો કહ્યા અને પત્નીએ હજુ કબૂલ નથી કર્યું, તો પતિને રજૂઅનો અખત્યાર નથી અને પતિને ખયારની શરત પણ પ્રાપ્ત નથી અને પતિના મજલિસ (બેઠક) બદલવાથી ખુલઅ બાતલ નથી. (ખાનિયહ)

**મસ્અલા- (૬)** :- ખુલઅ પત્નીની તરફેણમાં પોતાના માલના બદલામાં છોડાવવું છે તો જો પત્ની તરફથી શરૂઆત થઇ પરંતુ હજુ પતિએ કબૂલ નથી કર્યું તો પત્ની રજૂઅ કરી શકે છે, અને પોતાના માટે અખત્યાર પણ લઇ શકે છે અને અહીંયા ત્રણ દિવસ કરતાં વધારે નો અખત્યાર લઇ શકે છે. તેથી વિરુધ્ધ બયઅ (વિક્રય) માં કેમકે બેયઅ (ખરીદ-વેચાણ) માં ત્રણ દિવસ કરતા અધિકનો અખત્યાર નથી અને બંનેમાંથી કોઇ એકના મજલિસ બદલવા પછી પત્નીનું કથન બાતલ થઇ જશે. (ખાનિયહ)

**મસ્અલા- (૭)** :- ખુલઅ એક બદલો છે માટે એ શરત છે કે પત્ની નો સ્વીકાર તે શબ્દનો અર્થ સમજીને હોય. અર્થ સમજ્યા વગર જો કેવળ શબ્દ બોલી દેશે તો ખુલઅ થશે નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૮) :-** પતિ તરફથી **"ખુલઅ"** તલાક છે માટે પતિનું આકિલ-બાલિગ હોવું શરત છે. નાબાલિગ અથવા મજનુન (પાગલ) ખુલઅ કરી શકતો નથી કે તલાક નો અહલ નથી. અને એ પણ શર્ત છે કે, પત્ની તલાકના સ્થળે હોય માટે જો પત્ની ને બાઇન તલાક આપી દીધી છે તો જો ઇદ્દતમાં હોય તો તેનાથી ખુલઅ થઇ શકતો નથી, એવી જ રીતે જો નિકાહ ફાસિદ થયો છે અથવા પત્ની મુરતદ થઇ ગઇ તો પણ ખુલઅ થઇ શકતો નથી, કે નિકાહ જ નથી, ખુલઅ કઇ ચીઝનો થશે ? અને રજઇ તલાકની ઇદ્દતમાં છે તો ખુલઅ થઇ શકે છે. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૯) :-** પતિએ કહ્યું મેં તારાથી ખૂલઅ કર્યો અને માલનો ઉલ્લેખ ન કર્યો તો ખુલઅ નથી, બલ્કે તલાક છે. અને પત્નીના કબૂલ કરવા પર આધારિત નથી. (બહ્રએમ)

**મસ્અલા- (૧૦) :-** પતિએ કહ્યું મેં તારાથી આટલા (માલ) પર ખુલઅ કર્યો, પત્નીએ જવાબમાં કહ્યું : હા, તો તેનાથી કાંઇ થશે નહી. જ્યાં સુધી તે એમ ન કહે કે હું રાજી છું અથવા જાઇઝ કર્યુ. આ કહ્યું તો ખુલઅ સહીહ થઇ ગયો. એવી જ રીતે જો પત્નીએ કહ્યું : મને હજાર રૂપીયાના બદલામાં તલાક આપી દે. પતિએ કહ્યું હા તો એ પણ કાંઇ નથી. અને જો પત્નીએ કહ્યું મને હજાર રુપિયા ના બદલામાં તલાક છે, પતિ કહ્યું હા, તો તલાક થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૧૧) :-** નિકાહના કારણે જેટલા હક્કો એકના બીજા પર હતા તે ખુલઅ થી સાકિત થઇ જાય છે. અને જે હક્કો કે નિકાહ સિવાયના છે તે સાકિત થશે નહી. ઇદ્દતનો નફકો (ભરણ-પોષણનો ખર્ચ) જો કે નિકાહના હક્કો પૈકી છે, પરંતુ તે પણ સાકિત થશે નહી. હા જો તેના સાકિત થવાની શરત કરી દેવામાં આવી તો તે પણ સાકિત થઇ જશે. એવી જ રીતે પત્નીને બાળક હોય તો તેનો નફકો (ખાધા-ખોરાકી) અને દૂધ પીવડાવવાનો ખર્ચ સાકિત થશે નહી. અને જો તેના સાકિત થવાની પણ શરત છે અને તેના માટે કોઇ સમય નિયત કરી દેવામાં આવ્યો છે, તો સાકિત થઇ જશે. નહીતો સાકિત થશે નહી. અને સમય નિયત કરવાના સ્વરૂપમાં જો તે સમયથી પહેલા બાળકનું મૃત્યુ થઇ ગયું તો બાકીની મુદ્દત માં જે ખર્ચ થતા તે પત્નીથી પતિ લઇ શકે છે. અને જો એમ ઠર્યું છે કે પત્ની પોતાના માલમાંથી ૧૦ વર્ષ સુધી બાળકનો ઉછેર કરશે તો બાળકના કપડાં ની પત્ની માંગણી કરે શકે છે અને જો બાળકનો ખોરાક-વસ્ત્રો બંને ઠેરવ્યા છે, તો વસ્ત્રોની માંગણી પણ કરી શકતી નથી જો કે એ નિશ્ચિત ન કર્યું હોય કે કયા પ્રકારના ી પહેરાવશે અને બાળકને ત્યજીને પત્ની નાસી ગઇ તો બાકી ના નફકાની કિંમત પતિ વસૂલ કરી શકે છે અને જો એમ ઠેરવ્યું છે કે બાલિગ થવા સુધી તેણી પોતાની પાસે રાખશે તો પુત્રીમાં એવી શરત થઇ શકે છે. પુત્રમાં નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૨) :-** ખુલઅ કોઇ નિશ્ચિત પર થયો અને પત્ની મદખૂલા (સોહબતશાળી) છે અને મહેર પર પત્નીએ કબ્જો કરી લીધો છે તો જે ઠર્યું છે તે પતિને આપે અને તે સિવાય પતિ કાંઇ લઇ શકતો નથી. અને પત્નીને મહેર મળી નથી તો હવે પત્ની મહેરની માંગણી કરી શકતી નથી, અને જે ઠર્યું છે પતિને આપી દે. અને જો ગેર મદખૂલા (સોહબત વગરની) છે અને પૂરી મહેર લઇ લીધી છે તો પતિ અર્ધી મહેર નો દાવો કરી શકતો નથી અને મહેર પત્નીને મળી નથી તો પત્ની અર્ધી મહેરનો પતિ પર દાવો કરી શકતી નથી અને બંને સ્વરૂપમાં જે ઠર્યું છે આપવું પડશે અને જો મહેર પર ખુલઅ થયો અને મહેર લઇ લીધી છે તો મહેર પાછી આપે અને મહેર લીધી નથી તો પતિથી મહેર સાકિત થઇ ગઇ અને પત્નીથી કાંઇ લઇ શકતો નથી. અને જો દા.ત. મહેરના દસમાં ભાગ પર ખુલઅ થયો અને મહેર દા.ત. હજાર રૂપિયાની છે અને પત્ની મદખૂલા છે અને કુલ મહેર લઇ લીધી છે તો પતિ તેનાથી ૧૦૦ (૧/૧૦ ભાગ) રૂપિયા લેશે. અને મહેર બિલ્કુલ લીધી નથી તો પતિ થી કુલ મહેર સાકિત થઇ ગઇ, અને જો પત્ની ગેર મદખૂલા છે અને મહેર લઇ લીધી છે તો પતિ તેની પાસેથી પચાસ ૫૦ (૧/૨૦ મો ભાગ) રૂપિયા લઇ શકે છે અને પત્નીને કાંઇ મહેર મળી નથી તો તમામ સાકિત થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૧૩) :-** પત્નીની જે મહેર પતિ પર છે તેના બદલામાં ખુલઅ થયો પછી ખબર પડી કે પત્નીની કાંઇ મહેર શોહર પર બાકી નથી તો પત્નીએ મહેર પાછી આપવી પડશે. એવી જ રીતે જો તે સામાન ના બદલામાં ખુલઅ થયો જે પત્નીનો પતિ પાસે છે પછી ખબર પડી કે તેનો સામાન તેની પાસે કાંઇ નથી તો મહેર ના બદલામાં

ખુલઅ ઠરશે. મહેર લઇ લીધી છે તો પાછી આપે અને પતિ પર બાકી છે તો સાકિત છે. (ખાનિયહ)

**મસ્અલા- (૧૪) :-** પત્નીની જે મહેર પતિ પાસે બાકી છે, તેના બદલામાં ખુલઅ થયો પછી ખબર પડી કે પત્નીની કોઇ મહેર પતિ પાસે બાકી નથી તો પત્નીએ મહેર પાછી આપવી પડશે. એવી જ રીતે જો તે સામાન ના બદલામાં ખુલઅ થયો જે પત્ની નો પતિ પાસે છે, પછી ખબર પડી કે તેનો સામાન તેની પાસે કાંઇ નથી તો મહેર ના બદલામાં ખુલઅ ઠરશે. મહેર લઇ લીધી છે તો પાછી આપે અને પતિ પર બાકી છે તો સાકિત થઇ ગઇ. (ખાનિયહ)

**મસ્અલા- (૧૪-૧) :-** પત્નીની જે મહેર પતિ પર છે તેના બદાલામાં ખુલઅ થયો અથવા તલાક. અને પતિને ખબર છે કે, તેનું કાંઇ મારી પાસે બાકી નથી તો-તેની પાસેથી કાંઇ લઇ શકતો નથી, ખુલઅની સૂરતમાં **"તલાકે બાઇન"** થશે, અને તલાકની સૂરતમાં **"રજઇ તલાક"** થશે. (ખાનિયહ)

**મસ્અલા- (૧૫) :-** 'ખુલઅ' એવી રીતે થયો કે જે કાંઇ પતિ પાસેથી લીધું છે પાછું આપે અને પત્નીએ જે કાંઇ લીધું હતું તે વેચી નાખ્યું અથવા હેબા (બખ્શીશ) કરીને કબજો અપાવી દીધો કે તે વસ્તુ પતિને પાછી આપી શકતી નથી, તો જો તે ચીઝ કિમતી મૂલ્યવાન છે તો તેની કિમત આપે અને મિસલી છે તો તેના અનુરૂપ આપે. (ખાનિયહ)

**મસ્અલા- (૧૬) :-** પત્નીને બાઇન તલાક આપીને પછી તેનાથી નિકાહ કર્યો. પછી મહેર પર ખુલઅ થયો તો બીજી મહેર સાકિત થઇ ગઇ. પ્રથમ ની નહી. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૧૭):** મહેર વગર નિકાહ થયો હતો અને દખૂલ (સમાગમ) થી પહેલા ખુલઅ થયો તો મુતઅહ સાકિત. અને જો પત્નીએ નિશ્ચિત માલ પર ખુલઅ કર્યો તે પછી ખુલઅના બદલામાં અધિકતા કરી, તો આ અધિકતા બાતલ છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૮) :-** ખુલઅ એ વાત પર થયો કે કોઇ સ્ત્રીથી પત્ની પોતાની તરફથી નિકાહ કરાવી દે અને તેની મહેર પત્ની આપે તો પત્ની પર કેવળ એ મહેર પાછી આપવી પડશે. જો પતિથી લઇ ચૂકી છે. બીજૂં કાંઇ નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૯) :-** શરાબ (દારૂ) તથા સુવ્વર તથા મુરદાર વિગેરે એવી વસ્તુ પર ખુલઅ થયો જે માલ નથી, તો બાઇન તલાક પડી ગઇ, અને પત્ની પર કાંઇ વાજિબ નથી અને જો તે વસ્તુઓના બદલામાં તલાક આપી તો રજઇ તલાક ઘટિત થઇ. એવી જ રીતે જો પત્નીએ એમ કહ્યું કે મારા હાથમાં જે કાંઇ છે તેના બદલામાં ખુલઅ કર અને હાથમાં કાંઇ ન હતું તો કાંઇ વાજિબ નથી, અને જો એમ કહ્યું કે તે માલના બદલામાં જે મારા હાથમાં છે અને હાથમાં કાંઇ ન હોય તો જો મહેર લઇ લીધી છે, તો પાછી આપે. નહી તો મહેર સાકિત થઇ જશે, અને તે સિવાય કાંઇ આપવું પડશે નહી. એવી જ રીતે જો પતિએ કહ્યું કે, મારા હાથમાં જે છે તેના બદલામાં મેં ખુલઅ કર્યો અને હાથમાં કાંઇ ન હોય તો કાંઇ નથી અને હાથમાં જવાહેરાત (ડાયમંડ) હોય તો પત્ની પર આપવું લાઝિમ થશે જો કે પત્નીને એ ખબર ન હતી કે તેના હાથોમાં શું છે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૨૦) :-** મારા હાથમાં જે રૂપીયા છે તેના બદલામાં ખુલઅ કર અને હાથમાં કાંઇ નથી તો ત્રણ રૂપીયા આપવા પડશે (દુર્રેમુખ્તાર વિગેરે) પરંતુ ઉર્દૂમાં બહુવચન બે પર પણ બોલે છે માટે બે જ રૂપીયા લાઝિમ થશે. અને મજકૂર સૂરતમાં જો હાથમાં એક જ રૂપીયો છે તો પણ બે આપે.

**મસ્અલા- (૨૧) :-** જો એમ કહ્યું કે, આ ઘરમાં અથવા સંદૂક (પિટારી) માં જે માલ અથવા રૂપિયા છે તેના બદલામાં ખુલઅ કર અને વાસ્તવમાં તેમાં કાંઇ ન હતું, તો આ તેના અનુરૂપ છે કે, હાથમાં કાંઇ ન હતું. એવી જ રીતે જો એમ કહ્યું કે, આ દાસી (લોંડી) અથવા બકરીના પેટમાં જે છે તેના બદલામાં, અને કમતર (ઓછામાંઓછી) હમલ (ગર્ભ) ની મુદ્દતમાં જન્મ આપ્યો નહી, તો મુફ્ત તલાક ઘટિત થઇ ગઇ. અને કમતર (ઓછામાં ઓછી) મુદ્દતે હમલમાં જન્મ આપ્યો તો તે બચ્ચું ખુલઅના બદલામાં મળશે. હમલની કમતર મુદ્દત ઔરતમાં છ મહિના છે, અને બકરીમાં ચાર મહિના અને બીજા ચોપગાંઓમાં પણ એજ છ મહિના ની મુદ્દત છે. એવી જ રીતે જો એમ કહ્યું આ વૃક્ષમાં જે ફળ છે તેના બદલામાં અને વૃક્ષમાં ફળ નથી તો મહેર પાછી આપવી પડશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૨) :-** કોઇ જાનવર ઘોડો, ખચ્ચર,

બળદ વિગેરે ખુલઅનો બદલ ઠેરવ્યો અને તેની સિફત પણ બયાન કરી દીધી તો મધ્યમ દરજ્જાનો આપવું વાજિબ થશે અને પત્નીને પણ અધિકાર છે કે, તેની કિંમત આપી દે અને જાનવર ની સિફત (ગુણ) બયાન ન કરી હોય તો જે કાંઇ મહેરમાં લઇ લીધું છે તે પાછું આપે. (આલમગીરી)

**મસ્અલા- (૨૩) :-** પત્નીને કહ્યું મેં તારી સાથે ખુલઅ કર્યો, પત્નીએ કહ્યું : મેં કબૂલ કર્યો. તો જો તે શબ્દ પતિએ તલાકની નિય્યતથી કહ્યો હતો, તો બાઇન તલાક ઘટિત થઇ ગઇ, અને મહેર સાકિત થઇ ગઇ બલ્કે જો પત્નીએ કબૂલ ન કર્યું હોય તો પણ એજ હુકમ છે. અને જો પતિ એમ કહે છે કે, મેં તલાકની નિય્યતથી કહ્યું ન હતું, તો તલાક ઘટિત થશે નહી, જ્યાં સુધી પત્ની સ્વીકાર ન કરે અને જો એમ કહ્યું હતું કે, ફલાણી વસ્તુના બદલામાં મેં તારાથી ખુલઅ કર્યો તો જ્યાં સુધી પત્ની કબૂલ ન કરશે ત્યાં સુધી તલાક ઘટિત થશે નહી. અને પત્નીના કબૂલ કરવા પછી જો પતિ કહે કે મારી મુરાદ તલાક હતી તો તેની વાત માનવામાં ન આવે. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા- (૨૪) :-** નાસી ગએલા ગુલામ ના બદલામાં ખુલઅ કર્યો અને પત્નીએ એ શરત લગાવી દીધી કે હું તેની જામિન નથી, અર્થાત જો મળી જશે તો આપી દઇશ અને ન મળ્યો તો તેનું "તાવાન" મારા માથે નથી, તો ખુલઅ સહીહ છે, અને શરત બાતલ, અર્થાત જો ન મળ્યો તો પત્ની તેની કિંમત આપે અને જો એ શરત લગાવી કે જો તેમાં કોઇ એબ-ખામી હોય તો હું મુકત છું, તો શરત સહીહ છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર) ગુમશુદા (ખોવાઇ ગએલા) જાનવરના બદલામાં હોય તો પણ એજ હુકમ છે.

**મસ્અલા- (૨૫) :-** પત્નીએ પતિને કહ્યું : હજાર રુપિયા પર મારાથી ખુલઅ કર, પતિએ કહ્યું તને તલાક છે, તો આ તેનો જવાબ સમજવામાં આવશે. હા, જો પતિ કહે કે, મેં જવાબની નિય્યતથી કહ્યું ન હતું તો તેનો કોલ માની લેવામાં આવશે. અને તલાક મુફત (વિનામૂલ્ય) ઘટિત થશે, અને બહેતર એ છે કે પહેલા જ પતિથી પૂછી લેવામાં આવે. એવી જ રીતે જો પત્ની કહે છે કે, મેં ખુલઅ તલબ કર્યો હતો અને પતિ કહે છે કે, મેં તેને તલાક આપી હતી તો પતિ ને પુછો : જો તેણે જવાબમાં કહ્યું હતું તો ખુલઅ છે. નહીતો તલાક છે. (ખાનિયહ)

**મસ્અલા- (૨૬) :-** ખરીદ-વેચાણ શબ્દથી પણ ખુલઅ થાય છે. દા.ત. પતિએ કહ્યું મેં તારું કાર્ય અથવા તારી તલાક તારા હાથે આટલામાં વેચી પત્નીએ એજ મજલિસમાં કહ્યું : મેં કબૂલ કર્યું તો તલાક ઘટિત થઇ ગઇ. એવી જ રીતે જો મહેરના બદલામાં વેચી અને તેણે કબૂલ કરી. હા જો તેની મહેર પતિ પર બાકી ન હતી અને એ વાતની પતિને ખબર હતી પછી મહેરના બદલે વેચી તો "રજઇ તલાક" થશે. (ખાનિયહ)

**મસ્અલા- (૨૭) :-** લોકોએ પત્નીને કહ્યું તેં પોતાના નફસને મહેર તથા ઇદતના નફકા (ભરણ-પોષણ) ના બદલામાં ખરીદયો. પત્નીએ કહ્યું હા, ખરીદ્યો .પછી પતિ ને કહ્યું તેં વેચ્યો, તેણે કહ્યું હા, તો ખુલઅ થઇ ગયો અને પતિ સઘળા હકકોથી મુકત થઇ ગયો અને જો ખુલઅ કરાવવા માટે લોકો ભેગા થયા અને મજકૂર શબ્દો બંનેથી કહેવડાવ્યા. હવે પતિ કહે છે કે મારા ખ્યાલમાં એમ હતું કે, કોઇ માલનું ખરીદ વેચાણ થઇ રહ્યું છે, તો પણ તલાકનો હુકમ આપીશું. (આલમગીરી)

**મસ્અલા- (૨૮) :-** બયઅ (વિક્રય) શબ્દથી ખુલઅ થાય તો તેનાથી પત્નીના હકકો સાકિત થશે નહી. જ્યાં સુધી એ ઉલ્લેખ ન હોય કે હકકોના બદલામાં વેચ્યું. (ખાનિયહ)

**મસ્અલા- (૨૯) :-** પતિએ પત્નીને કહ્યું : તેં પોતાની મહેરના બદલામાં મારાથી ત્રણ તલાકો ખરીદી પત્નીએ કહ્યું - ખરીદી. તો તલાક ઘટિત થશે નહી. જ્યાં સુધી પતિ તેના પછી એમ ન કહે કે મેં વેચી અને જો પતિએ પ્રથમ એ શબ્દો કહ્યા કે મહેરના બદલામાં મારાથી ત્રણ તલાકો ખરીદ અને પત્નીએ કહ્યું : ખરીદી. તો તલાક ઘટિત થઇ ગઇ. ભલેને પતિએ પાછળથી વેચવાનો શબ્દ ન કહ્યો હોય. (ખાનિયહ)

**મસ્અલા- (૩૦) :-** પત્નીએ પતિને કહ્યું મેં પોતાની મહેર અને ઇદતનો નફકો તારા હાથોમાં વેચ્યો તેં ખરીદ્યો ? પતિએ કહ્યું : મેં ખરીદ્યો, ઉઠી જા. તે ચાલી ગઇ તો તલાક ઘટિત થઇ નહી, પરંતુ સાવધાની એ છે કે જો આ પહેલાં બે તલાકો આપી દીધી ના હોય તો તજદીદે (નવેસરથી) નિકાહ કરે. (ખાનિયહ)

**મસ્અલા- (૩૧) :-** પત્નીને કહ્યું : મેં તારા હાથોમાં એક તલાક વેચી, અને બદલાનો ઉલ્લેખ કર્યો નહી. પત્નીએ કહ્યું : મેં ખરીદી, તો રજઇ તલાક પડશે, અને જો એમ કહ્યું કે મેં તને તારા હાથોમાં વેચી, અને પત્નીએ કહ્યું : ખરીદી, તો બાઇન તલાક પડશે. (ખાનિયહ)

**મસ્અલા- (૩૨) :-** પત્નીને કહ્યું મેં તારા હાથોમાં ત્રણ હજારમાં તલાક વેચી, તેને ત્રણ વખત કહ્યું, અંતમાં પત્નીએ કહ્યું : મેં ખરીદી, પછી પતિ એમ કહે છે કે, મેં રટણ કરવાના ઇરાદા થી ત્રણ વખત કહ્યું હતું તો **'કઝાઅન'** તેનો કોલ પ્રમાણિત નથી. અને ત્રણ તલાકો ઘટિત થઇ ગઇ. અને પત્નીને કેવળ ત્રણ હજાર આપવા પડશે. નવ હજાર નહી કેમ કે પ્રથમ તલાક ત્રણ હજાર ના બદલે થઇ, અને હવે બીજી અને ત્રીજી પર માલ વાજિબ નથી થઇ શકતો, અને કેમ કે સ્પષ્ટ છે માટે બાઇન ને લાગુ થશે. (ખાનિયહ)

**મસ્અલા- (૩૩) :-** માલના બદલામાં તલાક આપી અને પત્નીએ સ્વીકારી લીધી તો માલ વાજિબ થશે અને બાઇન તલાક ઘટિત થશે. (આલમગીરી)

**મસ્અલા- (૩૪) :-** પત્નીએ કહ્યું : હજાર રૂપીયા ના બદલામાં મને ત્રણ તલાક આપી દે, પતિએ એજ બેઠકમાં એક તલાક આપી, તો બાઇન ઘટિત થઇ, અને હજારના તૃતિયાંશનો હકદાર છે અને બેઠકમાંથી ઉઠી ગયો પછી તલાક આપી તો બદલા વગર ઘટિત થશે અને જો પત્નીના આ કહેવાથી પહેલા બે તલાકો આપી ચુક્યો હતો અને હવે એક આપી તો પૂરા હજાર મેળવશે અને જો પત્નીએ કહ્યું હતું કે હજાર રૂપિયા પર ત્રણ તલાકો આપ અને એક આપી તો **'રજઇ તલાક'** થઇ, અને જો આ સુરતમાં મજલિસમાં ત્રણ તલાકો વિભિન્ન (અલગ-અલગ) કરીને આપી તો હજાર મેળવશે અને ત્રણ મજલિસોમાં આપી તો કાંઇ મેળવશે નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૩૫) :-** પતિએ પત્નીને કહ્યું : હજાર ના બદલે અથવા હજાર રૂપિયા પર તુ પોતાને ત્રણ તલાકો આપી દે, પત્નીએ એક તલાક આપી તો ઘટિત થઇ નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૬) :-** પત્નીને કહ્યું હજારના બદલામાં અથવા હજાર રૂપિયા પર તને તલાક છે, પત્નીએ એજ બેઠકમાં કબૂલ કરી લીધું તો હજાર રૂપિયા વાજિબ થઇ ગયા અને તલાક થઇ ગઇ. હા, જો પત્ની બુધ્ધિહીન છે અથવા કબૂલ કરવા માટે મજબૂર કરવામાં આવી તો વગર માલે તલાક પડી જશે અને જો બીમાર છે તો તૃતિયાંશ (૧/૩) થી આ રકમ અદા કરવામાં આવશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૭) :-** પોતાની બે પત્નીઓને કહ્યું તમારામાંથી એકને હજાર રૂપીયાના બદલામાં તલાક છે અને બીજીને **૧૦૦ અશરફીઓના** બદલામાં અને બંને એ સ્વીકારી લીધું તો બંને મુતલ્લકા (તલાકશુદા) થઇ ગઇ અને કોઇ પર કાંઇ વાજિબ નથી. હા, જો પતિ બંને પાસેથી રૂપિયા લેવા માટે રાજી હોય તો રૂપિયા લાઝિમ થશે અને રાજી ન હોય તો મફત, પરંતુ આ સૂરતમાં રજઇ તલાક થશે. **(દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)** અને જો એમ કહ્યું કે, એકને હજાર રૂપિયા પર તલાક અને બીજીને પાંચસો રૂપિયા પર તો બંને મુતલ્લકા થઇ ગઇ, અને દરેક પર પાંચ પાંચસો રૂપિયા આપવા લાઝિમ છે. (આલમગીરી)

**મસ્અલા- (૩૮) :-** ગેર મદખૂલા (સહવાસ કર્યા વગરની) સ્ત્રીને હજાર રૂપિયા ના બદલામાં તલાક આપી અને તેની મહેર ત્રણ હજાર ની હતી, જે સઘળી હજુ પતિના માથે છે, તો દોઢ હજાર તો આમે રદ થઇ ગયા કે, સોહબત થી પહેલા તલાક આપીછે, બાકી રહ્યા દોઢ હજાર, તેમાં હજાર તલાકના બદલામાં નકકી થયા અને પાંચસો પતિ પાસેથી વસૂલ કરે. (આલમગીરી)

**મસ્અલા- (૩૯) :-** મહેરના એક તૃતિયાંશ (૧/૩) ના બદલામાં એક તલાક આપી અને બીજા તૃતિયાંસ ના બદલામાં બીજી અને ત્રીજાના બદલામાં ત્રીજી તો કેવળ પ્રથમ તલાક ના બદલામાં એક તૃતિયાંશ રદ થઇ જશે, અને બે તૃતિયાંશો પતિ પર વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા- (૪૦) :-** સ્ત્રીને ચાર તલાકો હજાર રૂપિયાના બદલામાં આપી, તેણે કબૂલ કરી લીધી તો હજારના બદલામાં ત્રણ જ ઘટિત થશે અને જો હજારના બદલામાં ત્રણ કબૂલ કરી, તો કોઇ તલાક ઘટિત થશે નહી. અને જો સ્ત્રીએ પતિથી હજારના બદલામાં ચાર તલાકો આપવાનું કહ્યું અને પતિએ ત્રણ આપી, તો આ ત્રણ તલાકો હજારના બદલામાં થઇ ગઇ. અને એક આપી તો એક હજાર ના તૃતિયાંશ ના બદલામાં (ફતહ)

મસ્અલા-(૪૧):- પત્નીએ કહ્યું હજાર રૂપિયાના બદલામાં અથવા હજારના બદલામાં મને એક તલાક આપ. પતિએ કહ્યું તારા પર ત્રણ તલાકો અને બદલાનો ઉલ્લેખ ન કર્યો તો બદલા વગર ત્રણ થઇ ગઇ. અને જો પતિએ હજારના બદલામાં ત્રણ તલાક આપી તો પત્નીના કબૂલ કરવા પર અવલંબિત છે. કબૂલ ન કર્યું તો કાંઇ નથી, અને કબૂલ કર્યું તો ત્રણ તલાકો હજારના બદલામાં થઇ. (આલમગીરી)

મસ્અલા-(૪૨):- પત્નીને કહ્યું તારા પર ત્રણ તલાક છે, જ્યારે તુ મને હજાર રૂપિયા આપે, તો કેવળ આમ કહેવાથી તલાક ઘટિત થશે નહી. બલ્કે જ્યારે પત્ની હજાર રૂપિયા આપશે, અર્થાત પતિ સમક્ષ લાવીને મૂકી દેશે તે સમયે તલાકો ઘટિત થશે. ભલેને પતિ લેવાનો ઇન્કાર કરે અને પતિને રૂપિયા લેવા માટે મજબૂર કરવામાં આવશે નહી. (આલમગીરી)

મસ્અલા-(૪૩):- પતિ પત્ની બંને રસ્તામાં ચાલી રહ્યા છે અને ખુલઅ કર્યો. જોદરેકનું કથન બીજાના કથનથી સમીપ છે તો ખુલઅ સહીહ છે. નહિતો ખુલઅ થયો નહી. અને આ હાલતમાં તલાક પણ ઘટિત થશે નહી. (આલમગીરી)

મસ્અલા-(૪૪):- પત્ની કહે છે મેં હજારના બદલામાં ત્રણ તલાકોનું કહ્યું હતું અને તેં એક આપી અને પતિ કહે છે તેં એક માટે જ કહ્યું હતું. જો પતિ સાક્ષી રજૂ કરે તો ઠીક, નહી તો પત્નીનો કોલ પ્રમાણિત છે. (આલમગીરી)

મસ્અલા-(૪૫): પતિ કહે છે મેં હજાર રૂપિયા પર તને તલાક આપી, તેં કબૂલ કરી નહી. પત્ની કહે છે મેં કબૂલ કરી હતી. તો સોગંદ સાથે પતિનો કોલ (કથન) પ્રમાણિત છે. અને જો પતિ કહે છે મેં હજાર રૂપિયા પર તારા હાથોમાં વેચી, તેં કબૂલ કરી નહી, પત્ની કહે છે મેં કબૂલ કરી હતી. તો પત્ની નો કોલ પ્રમાણિત છે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા-(૪૬):- પત્ની કહે છે મેં સો રૂપીયામાં તલાક આપવાનું કહ્યું હતું. પતિ કહે છે નહી, તેં હજાર ના બદલામાં કહ્યું હતું તો પત્ની નો કોલ પ્રમાણિત છે અને બંનેએ સાક્ષી રજૂ કર્યા તો પતિના સાક્ષી સ્વીકારવામાં આવશે એવી જ રીતે જો પત્ની કહે છે કે કોઇ બદલા વગર ખુલઅ થયો અને પતિ કહે છે નહી, હજાર રૂપયા ના બદલામાં થયો છે તો પત્નીનો કોલ માન્ય છે. અને પતિના સાક્ષી મકબૂલ. (આલમગીરી)

મસ્અલા-(૪૭):- પત્ની કહે છે મેં હજારના બદલામાં ત્રણ તલાકનું કહ્યું હતું તેં એક આપી પતિ કહે છે મેં ત્રણ આપી છે. જો એજ બેઠકની વાત છે તો પતિનો કોલ વિશ્વાસપાત્ર છે. અને તે બેઠક ન હોય તો પત્નીનો અને પત્ની પર હજારની તૃતિયાંશ વાજિબ પરંતુ ઇદ્દત પૂરી થઇ નથી તો ત્રણ તલાકો થઇ ગઇ.

મસ્અલા-(૪૮):- પત્નીએ ખુલઅ માંગ્યો પછી એ દાવો કર્યો કે, ખુલઅ થી પહેલા બાઇન તલાક આપી દીધી છે અને તેના સાક્ષી રજૂ કર્યા તો સાક્ષી મકબૂલ છે. અને ખુલઅનો બદલો પાછો આપવામાં આવે. (આલમગીરી)

મસ્અલા (૪૯):- પતિ દાવો કરે છે કે, આટલી રકમ પર ખુલઅ થયો. પત્ની કહે છે ખલઅ થયો જ નથી તો બાઇન તલાક ઘટિત થઇ ગઇ, રહ્યો માલ તો તેમાં પત્ની નો કોલ વિશ્વાસ પાત્ર છે કે તે મુનકિર છે અને જો પત્ની ખુલઅ નો દાવો કરે છે અને પતિ મુન્કિર છે તો તલાક ઘટિત થશે નહી. (દુર્રેમુખ્તાર)

મસ્અલા-(૫૦):- પતિ પત્નીમા મતભેદ થયો, પત્ની કહે છે ત્રણ વખત ખુલઅ થઇ ગયો અને પતિ કહે છે કે બે વખત થયો છે. જો આ મતભેદ નિકાહ થઇ જવા પછી થયો અને પત્નીનો મતલબ એ છે કે નિકાહ સહીહ થયો નહી. એટલા માટે કે ત્રણ તલાકો થઇ ગઇ છે, હવે હલાલા વગર નિકાહ થઇ શકતો નથી અને પતિનો મતલબ એ છે કે નિકાહ સહીહ થઇ ગયો એટલા માટે કે બે જ તલાકો થઇ છે, તો આ હાલત માં પુરૂષનો કોલ વિશ્વાસપાત્ર છે. અને જો નિકાહથી પહેલા ઇદ્દતમાં અથવા ઇદ્દત પછી આ મતભેદ થયો તો આ હાલતમાં નિકાહ કરવું જાઇઝ નથી બીજા લોકો માટે પણ એ જાઇઝ નથી કે સ્ત્રીને નિકાહ માટે તત્પર કરે. ન નિકાહ થવા દે. (આલમગીરી)

મસ્અલા-(૫૧):- પુરૂષે કોઇને કહ્યું કે તુ મારી પત્ની થી ખુલઅ કર તો તેને એ અખ્ત્યાર નથી કે માલ વગર ખૂલઅ કરે (આલમગીરી)

મસ્અલા-(૫૨):- સ્ત્રીએ કોઇને હજાર રૂપિયા પર ખુલઅ માટે વકીલ બનાવ્યો તો જો વકીલે ખુલઅ નો બદલો સર્વથા રાખ્યો, દા. ત. એમ કહ્યું કે હજાર રુપિયા પર ખુલઅ કર અથવા આ હજાર રુપિયા પર અથવા વકીલે પોતાના તરફ સંબંધ કર્યો, દા. ત. એમ કહ્યું કે, મારા માલથી

હજાર રુપિયા પર અથવા કહ્યું હજાર રુપિયા પર અને હું હજાર રુપિયાનો જામીન છું તો બંને સ્વરુપોમાં વકીલ ના કબૂલ કરવાથી ખુલઅ થઇ જશે, પછી જો રુપિયા સર્વથા છે ત્યારે તો પતિ સ્ત્રીથી લેશે, નહી તો વકીલ પાસે ખુલઅના બદલની માગણી કરશે, સ્ત્રી પાસે નહી, પછી વકીલ સ્ત્રી પાસેથી લેશે અને જો વકીલ ના સબબોના બદલામાં ખુલઅ કર્યો અને સબબો નષ્ટ થઇ ગયા તો વકીલ તેની કિમત જમાનત આપે. (આલમગીરી)

**મસ્અલા-(૫૩)** :- પુરુષે કોઇ ને કહ્યું કે તુ મારી પત્નીને તલાક આપી દે. તેણે માલના સાટે ખુલઅ કર્યો અથવા માલ પર તલાક આપી અને સ્ત્રી મદખૂલા (સંભોગ કરેલ) છે તો જાઇઝ નથી અને ગેર મદખૂલા છે તો જાઇઝ છે. (આલમગીરી)

**મસ્અલા- (૫૪)** :- સ્ત્રીએ કોઇને ખુલઅ માટે વકીલ બનાવ્યો, પછી રજૂકરી ગઇ અને વકીલને રજૂઅ ના હાલની ખબર ન પડી તો રજૂઅ સહીહ નથી અને જો સંદેશા વાહક મોકલ્યો હતો અને તેના પહોંચવાથી પહેલા રજૂઅ કરી ગઇ તો રજૂઅ સહીહ છે. જોકે સંદેશા વાહક ને તેની ખબર ન થઇ. (આલમગીરી)

**મસ્અલા- (૫૫)** :- લોકોએ પતિને કહ્યું તારી પત્નીએ અમને ખુલઅનો વકીલ બનાવ્યા છે, પતિએ બે હજાર રુપિયામાં ખુલઅ કર્યો, પત્ની ખુલઅ માટે વકીલ બનાવ્યાનો ઇન્કાર કરે છે, તો જો તે લોકો માલના જામીન થયા હતા તો તલાક થઇ ગઇ અને ખુલઅનો બદલો તેમણે આપવો પડશે અને જો જામીન થયા ન હતા અને પતિ વાદી છે કે, પત્નીએ તેમને વકીલ બનાવ્યા હતા તો તલાક થઇ ગઇ, પરંતુ માલ વાજિબ નથી, અને જો પતિ વકીલ પણા નો વાદી ન હોય તો તલાક થશે નહી. (આલમગીરી)

**મસ્અલા-(૫૬)** :- બાપે છોકરીનો તેના પતિથી ખુલઅ કરાવ્યો, જો છોકરી બાલિગ છે અને બાપ ખુલઅ ના બદલ નો જામીન થયો તો ખુલઅ સહીહ છે અને જો મહેર પર ખુલઅ થયો અને છોકરીએ ઇઝન (અનુમતિ) આપ્યું હતું તો પણ સહીહ છે અને જો વગર અનુમતિ એ થયો ખબર પહોંચવા પર જાઇઝ કરી દીધો તો પણ ખુલઅ થઇ ગયો, અને જો જાઇઝ (ઉચિત) ન કર્યું, ન બાપે મહેરની જમાનત કરી છે ખુલ્અ થયો નહી. અને મહેરની જમાનત કરી છે તો ખુલ્અ થઇ ગયો. પછી જ્યારે છોકરીને ખબર પહોંચી તેણે જાઇઝ કરી દીધું તો પતિ મહેરથી મુક્ત છે, અને જાઇઝ ન કર્યું તો પત્ની પતિથી મહેર લેશે, અને પતિ તેના બાપથી લેશે. અને જો નાબાલિગ છોકરીનો તે છોકરીના માલ પર ખુલઅ કરાવ્યો તો સહીહ એ છે કે તલાક થઇ જશે પરંતુ ન તો મહેર સાકિત (રદ) થશે ન છોકરી પર માલ વાજિબ થશે અને જો હજાર રુપિયા પર ના બાલિગાનો ખુલઅ થયો અને બાપે જામીનગીરી કરી તો ખુલઅ થઇ ગયો અને રુપિયા બાપે આપવા પડશે અને જો બાપે એ શરત કરી કે ખુલઅનું બદલ છોકરી આપશે તો જો છોકરી સમજદાર છે, એ સમજે છે કે ખુલઅ નિકાહથી અલગ કરી દે છે તો તેના સ્વીકાર પર આધારિત છે, કબૂલ કરી લેશે તો તલાક ઘટિત થઇ જશે, પરંતુ માલ વાજિબ થશે નહી અને જો ના બાલિગા ની માં એ પોતાના માલથી ખુલઅ કરાવ્યો અથવા જામીન થઇ તો ખુલઅ થઇ જશે અને છોકરી ના માલથી ખુલઅ કરાવ્યો તો તલાક થશે નહી, એવીજ રીતે જો અજાણ્યાએ ખુલઅ કરાવ્યો તો એજ હુકમ છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૫૭)** :- ના બાલિગાએ પોતાનો ખુલઅ પોતે કરાવ્યો અને સમજદાર છે તો તલાક ઘટિત થઇ જશે. પરંતુ માલ વાજિબ થશે નહી. અને માલના બદલામાં તલાક અપાવી તો રજઇ તલાક થશે. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા- (૫૮)** :- ના બાલિગ છોકરી ન ખુદ ખુલઅ કરી શકે છે ન તેના તરફથી તેનો બાપ કરી શકે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા- (૫૯)** :- સ્ત્રીએ પોતાના મૃત્યુ ના રોગના સમયે ખુલઅ કરાવ્યો અને ઇદ્દતમાં મરી ગઇ તો તૃતિયાંશ માલ અને મીરાસ અને ખુલઅ નું બદલ, આ ત્રણેમાં જે ઓછું હોય તે પતિને મળશે અને જો તે ખુલઅના બદલ ઉપરાંત કોઇ માલ જ ન હોય તો તેનું તૃતિયાંશ અને મીરાસમાં જે ઓછું છે તે મેળવશે અને જો ઇદ્દત પછી મરી તો ખુલઅનો બદલ લઇ લેશે જ્યારે કે તૃતિયાંશ માલની અંદર હોય અને ગેર મદખુલા સ્ત્રી છે અને મૃત્યુ રોગમાં પૂરી મહેરના બદલે ખુલઅ થયો તો અર્ધી મહેર તલાકના કારણે સાકિત છે, રહ્યું અર્ધું, હવે જો સ્ત્રી નો બીજો માલ નથી તો આ અર્ધાનો ચોથાઇ નો પતિ હકદાર છે. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

## ઝિહાર નું બયાન

અલ્લાહ તઆલા ફરમાવે છે :- **"અલ્લઝીના યુઝહેરુના મિન્કુમ, મિનન્નિસાએહિમ માહુન્ન ઉમ્મહા તેહિમ ઇન ઉમ્મહાતોહુમ ઇલ્લલ્લાઇ વલદનહુમ. વ ઇન્નહુમ લયકૂલુના મુન્કરન મિનલકૌલે વ ઝૂરા, ઇન્નલ્લાહા લઅફુવ્વુન ગફુર".** (કુર્આન શરીફ)

**તરજૂમો :-** જે લોકો તમારા પૈકી પોતાની ઔરતોથી ઝિહાર કરે છે (તેમને માંના જેવી કહીદે છે) તે તેમની માંઓ નથી, તેમની માતા ઓ તો એજ છે જેનાથી પૈદા થયા, અને તે બેશક બુરી અને સાવ જૂઠી વાત કહે છે. અને બેશક અલ્લાહ અવશ્ય માફ કરનાર, બક્ષનાર છે.

**મસ્અલા- (૧) :-** ઝિહારનોએ અર્થ છે કે પોતાની પત્ની અથવા તેના કોઇ પ્રકટીય ભાગ અથવા એવા અંશ ને જે કુલ (તમામ) થી તાબીર કરવામાં આવતું હોય એવી સ્ત્રીથી અનુરુપતા આપવું જે તેના માટે હમેશ માટે હરામ હોય અથવા તેના કોઇ એવા અવયવથી અનુરુપતા આપવું જેની પ્રત્યે જોવું હરામ હોય. દા. ત. કહ્યું **તુ મારા પર મારી માતાના જેવી છે.** અથવા તારુ માથું અથવા તારી ગર્દન અથવા તારું અર્ધું મારી માંની પીઠ જેવું છે.

**મસ્અલા- (૨) :-** ઝિહાર માટે ઇસ્લામ તથા **આકિલ:** (ગાંડો ના હોયતે) તથા બલૂગ (પુખ્તવય) શરત છે. જો કાફિરે કહ્યું તો ઝિહાર થયો નહી અર્થાત જો કહેવા પછી ઇસ્લામ નો સ્વીકાર કર્યો તો તેના પર કફ્ફારો લાઝિમ નથી. એવીજ રીતે નાબાલિગ તથા ગાંડા અથવા વહોરા અથવા મદહોશ અથવા સરસામ (સનેપાત) તથા બરસામ (માથા પર તાવ ચઢી જાય છે તે) ના બીમારે અથવા બેહોશ અથવા નિંદ્રાધિને ઝિહાર કર્યો તો ઝિહાર થયો નહી અને હંસી મઝાકમાં અથવા નશામા અથવા મજબૂર કરવામાં આવ્યો તે હાલતમાં અથવા જીભથી ભૂલમાં ઝિહાર નો શબ્દ નિકળી ગયો તો ઝિહાર છે. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા-(૩) :-** પત્ની તરફથી કોઇ શરત નથી, આઝાદ હોય કે દાસી, મુદબ્બિરા અથવા મકાતિબા અથવા ઉમ્મુલવલ્દ (તે લાંડી જેનાથી દીકરો પેદા થયો હોય તે) હોય કે ગૈર મદખૂલા, મુસ્લિમ હોય કે કિતાબીયા, નાબાલિગ હોય કે બાલિગા બલ્કે જો સ્ત્રી ગૈર કિતાબીયા છે અને તેનો પતિ ઇસ્લામ લાવ્યો પરંતુ હજૂ સ્ત્રી પર ઇસ્લામ રજૂ કરવામાં આવ્યો ન હતો કે, પતિ એ ઝિહાર કર્યો તો ઝિહાર થઇ ગયો. ઔરત મુસલમાન થઇ તો પતિએ કફ્ફારો આપવો પડશે. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪) :-** પોતાની લોંડી (દાસી) થી ઝિહાર થઇ શકતો નથી, વતી કરેલ હોય કે ગેર વતી કરેલ હોય એવીજ રીતે જો સ્ત્રી સાથે ઇઝન (અનુમતિ) લીધાવગર નિકાહ કર્યો અને ઝિહાર કર્યો, પછી સ્ત્રીએ નિકાહ ને જાઇઝ કરી દીધો તો ઝિહાર થયો નહી, કે ઝિહાર ના સમયે તેણી પત્ની ન હતી, એવી જ રીતે સ્ત્રીને તલાકે બાઇન આપી દીધી છે અથવા ઝિહાર ને કોઇ શરત પર આધારિત કરી અને તે શરત એ વખતે જોવામાં આવી કે સ્ત્રી ને બાઇન તલાક આપી દીધી . તો આ હાલતોમાં ઝિહાર નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૫) :-** જે સ્ત્રી થી અનુરૂપતા આપી જો તેની હુરમત આરઝી છે, સદા માટે નથી તો ઝિહાર નથી દા.ત. પત્ની ની બહેન અથવા જેને ત્રણ તલાકો આપી છે અથવા મજૂસી (અગ્નિપૂજક) અથવા મૂર્તિ પૂજક સ્ત્રી કે તે મુસલમાન અથવા કિતાબીયા હોઇ શકે છે અને તેમની હુરમત (પ્રતિષ્ઠા) દાયમી (સર્વકાલિક) ન હોવું ઝાહિર હોય (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૬) :-** અજનબીયા (અપરિચિત) ને કહ્યું કે, જો તુ મારી પત્ની હોય અથવા હું તારાથી નિકાહ કરું તો તુ એવી છે. તો ઝિહાર થઇ જશે કે, મિલ્ક (માલિકપણું) અથવા મિલ્કના કારણ પ્રત્યે સંબૂધ થયો અને તે કાફી છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૭) :-** સ્ત્રી પુરુષથી ઝિહારના શબ્દો કહે તો ઝિહાર નથી બલ્કે લગ્વ (વ્યર્થ) છે. (જવહરહ)

**મસ્અલા- (૮) :-** સ્ત્રીના મસ્તક અથવા ચહેરા અથવા ગર્દન અથવા શર્મગાહ ને મહરમ થી અનુરુપતા આપી તો ઝિહાર છે, અને જો સ્ત્રી ની પીઠ અથવા પેટ અથવા હાથ અથવા પગ અથવા સાથળ ને અનુરુપતા આપી તો ઝિહાર નથી, એવીજ રીતે જો મહરમના એવા અવયવ થી અનુરુપતા આપી કે, જેની પ્રત્યે દૃષ્ટિ કરવું હરામ ન હોય, દા. ત. મસ્તક અથવા ચહેરા અથવા હાથ અથવા પગ અથવાવાળ, તો ઝિહાર નથી અને ઘુટણ થી અનુરુપતા આપી તો ઝિહાર છે. (જવહરહ, ખાનિયહ વિગેરે)

**મસ્અલા- (૯) :-** મહારિમથી ભાવાર્થ આમ છે વંશીક હોય કે રઝાઇ અથવા સુસરાલી સંબંધથી, માટે માં, બહેન, ફોઇ, પુત્રી અને રઝાઇ માં (દૂધમાં) અને બહેન વિગેરે અને પત્નીનીમા્ અને છોકરી જ્યારે કે પત્ની મદખૂલા (સંભોગ કરેલ) હોય અને મદખૂલા ન હોય તો તેની પુત્રી થી સમાનતા આપવામાં ઝિહાર નથી કે, તે મહરમો માં નથી, એવીજ રીતે જે સ્ત્રીથી તેના બાપ અથવા પુત્રે મઆઝ અલ્લાહ ઝિના (વ્યભિચાર) કર્યો છે, તેનાથી ઉપમા આપી અથવા જે સ્ત્રીથી તેણે ઝિના કર્યો છે, તેની માં અથવા પુત્રીથી તરબીહ (ઉપમા) આપી તો ઝિહાર છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૦) :-** મહરમની પીઠ અથવા પેટ અથવા સાથળથી ઉપમા આપી અથવા કહ્યું મેં તારા થી ઝિહાર કર્યો તો આ શબ્દ સ્પષ્ટ છે. તેમાં નિય્યત ની કાંઇ હાજત નથી, કાંઇ પણ નિય્યત ન હોય અથવા તલાકની નિય્યત હોય અથવા આદરની નિય્યત હોય દરેક હાલતમાં ઝિહાર જ છે. અને જો એમ કહે છે કે જૂઠી ખબર આપવું છે તો કદાઅન પુષ્ટિ કરીશું નહી અને સ્ત્રી પણ પુષ્ટિ કરી શકતી નથી. (દુર્રે મુખ્તાર, આલમીરી)

**મસ્અલા- (૧૧) :-** પત્નીને માં, બેટી અથવા બહેન કહ્યું તો ઝિહાર નથી, પરંતુ એવું કહેવું મકરુહ છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૨) :-** પત્નીને કહ્યું તુ મારા પર મારી માં જેવી છે. તો નિય્યત પૂછવામાં આવે, જો તેના માન માટે કહ્યું હતું તો કાંઇ નથી, અને તલાકની નિય્યત છે તો બાઇન તલાક ઘટિત થશે અને ઝિહારની નિય્યત છે તો ઝિહાર છે અને તહરીમ (હરામ કરવું) ની નિય્યત છે તો એલા છે અને કાંઇ નિય્યત ન હોય તો કાંઇ નથી. (જવહરહ, નયરહ)

**મસ્અલા- (૧૩) :-** પોતાની કેટલીક પત્નીઓ ને એક મજલિસ અથવા વિવિધ મજલિસોમાં મહરમ સાથે તરબીહ (ઉપમા) આપી તો સૌ સાથે ઝિહાર થઇ ગયો, દરેક માટે અલગ અલગ કફ્ફારો આપવો પડશે. (જવહરહ)

**મસ્અલા- (૧૪) :-** કોઇએ પોતાની પત્નીથી ઝિહાર કર્યો હતો, બીજાએ પોતાની પત્નીને કહ્યું તુ મારા પર એવીજ છે જેવી ફલાણાની પત્ની, તો આ પણ ઝિહાર થઇ ગયો, અથવા એક પત્નીથી ઝિહાર કર્યો હતો બીજીને કહ્યું તુ મારા પર તેના જેવી છે અથવા કહ્યું મેં તને તેની સાથે શરીક કરી દીધી તો બીજી થી પણ ઝિહાર થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા- (૧૫) :-** ઝિહારની તઅલીક (અવલંબન) પણ થઇ શકે છે. દા. ત. જો ફલાણાંના ઘેર ગઇ તો એવી છે. તો ઝિહાર થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા- (૧૬) :-** ઝિહારનો હુકમ એ છે કે, જ્યાં સુધી કફ્ફારો આપી દે ત્યાં સુધી તે સ્ત્રીથી સોહબત (સમભોગ) કરવું અથવા શહવત (કામવાસના) થી તેને ચુંબન કરવું અથવા તેને સ્પર્શ કરવું અથવા તેની શર્મગાહ (યોનિ) પ્રત્યે દૃષ્ટિ કરવું હરામ છે. અને શહવત વગર સ્પર્શ કરવા અથવા ચુંબન કરવામાં વાંધો નથી પરંતુ હોઠનું ચુંબન શહવત વગર પણ જાઇઝ નથી, કફ્ફારાથી પહેલા સોહબત કરી લીધી તો તૌબા કરે અને તેના માટે કોઇ બીજો કફ્ફારો વાજિબ થયો નહી, પરંતુ ખબર દાર ફરી એવું ન કરે અને સ્ત્રી માટે પણ જાઇઝ નથી કે, પતિને નિકટતા કરવાદે. (જવહરહ, દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૭) :-** ઝિહાર પછી પત્નીને તલાક આપી દીધી પછી તેનાથી નિકાહ કર્યો તો હજૂ પણ તે ચીઝો હરામ છે, ભલેને બીજા પતિ પછી તેના નિકાહમાં આવી, બલ્કે જો કે તેને ત્રણ તલાકો આપી હોય, એવીજ રીતે પત્ની કોઇની દાસી હતી, ઝિહાર પછી ખરીદી લીધી અને હવે નિકાહ બાતલ થઇ ગયો, પરંતુ કફ્ફારા વગર સંભોગ વિગેરે કરી શકતો નથી, એવી જ રીતે જો પત્ની મુરતદ થઇ (ઇસ્લામ થી વિમુખ થઇ) ગઇ અને દારુલ હર્બમાં ચાલી ગઇ, પછી કેદ કરીને લાવવામાં આવી અને પતિએ ખરીદી અથવા પતિ મુરતદ થઇ ગયો, સારાંશ કે કોઇ રીતે કફ્ફારાથી બચાવ નથી. (આલમગીરી)

**મસ્અલા- (૧૮) :-** જો ઝિહાર ખાસ સમય સુધી માટે છે. દા.ત. એક મહીના અથવા એક વર્ષ અને આ મુદ્દતની અંદર સંભોગ કરવા ઇચ્છે તો કફ્ફારો આપે અને જો મુદ્દત ગુજરી ગઇ અને નિકટતા (સંભોગ) કરી નહી, તો કફ્ફારો સાકિત અને ઝિહાર બાતલ છે. (જવહરહ)

**મસ્અલા- (૧૯) :-** પતિ કફ્ફારો આપતો નથી તો પત્નીને એ હક છે કે કાઝી (મુસ્લિમ ન્યાયધિશ) પાસે દાવો કરે, કાઝી મજબૂર કરશે કે કફ્ફારો આપીને નિકટતા કરે, અથવા પત્નીને તલાક આપે. અને જો કહે છે કે મેં કફ્ફારો આપી દીધો છે તો તેનું કહેવું માની લે. જ્યારે કે

તેનું જૂઠા હોવું પ્રસિધ્ધ ન હોય. (આલમગીરી)

**મસ્અલા-(૨૦)**:- એક પત્ની થી કેટલાએ વખત ઝિહાર કર્યો તો એટલાજ કફ્ફારા આપે જો કે એક જ મજલિસમાં અનેક વખત ઝિહાર ના શબ્દો કહ્યા અને જો તે કહે છે કે વારંવાર શબ્દ બોલવાથી અનેક ઝિહાર હેતુ ન હતો બલ્કે તાકીદ હેતુ હતો તો જો એકજ બેઠકમાં એવું થયું તો માની લઇશું. નહી તો નહી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૨૧)**:- પૂરા રજબ અને પૂરા રમઝાન માટે ઝિહાર કર્યો તો એક જ કફ્ફારો વાજિબ થશે, ભલે રજબ માં કફ્ફારો આપે કે રમઝાનમાં, શાબાનમાં આપી શકતો નથી કે, શાબાનમાં ઝિહાર જ નથી. એવી જ રીતે જો ઝિહાર કર્યો અને કોઇ દિવસનો અપવાદ કર્યો તો તે દિવસે કફ્ફારો આપી શકતો નથી, તે સિવાય જે દિવસે ઇચ્છે આપી શકે છે. (દુર્રેમુખ્તાર)

## કફ્ફારાનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે :

**વલ્લઝીના યુઝહેરૂના મિન નિસાએહિમ સુમ્મ યઊદૂના લેમા કાલૂ ફતહરીરો રકૂબતિન મિન કબ્લે અંય્યતમાસ્સા. ઝાલિકુમ તુઅઝૂના બેહિ વલ્લાહો બેમા તઅ્મલૂના ખબીર. ફમન લમ યજિદ ફસિયામો શહરૈને મુતતાબેઐને મિન કબ્લો અંય યતમાસ્સા ફમન લમ યસ્તતેઅ્ ફઇત્આમો સિત્તીના મિસ્કીના ઝાલિકા લે તુ'મેનૂ બિલ્લાહે વ રસૂલેહિ વ તિલ્ક હુદૂદુલ્લાહે, વ લિલ્કાફેરીના અઝાબુન અલીમ.** (કુર્આન શરીફ)

**(તરજુમો :-** જે લોકો પોતાની સ્ત્રીઓથી ઝિહાર કરે પછી એવું જ કરવા ઇચ્છે જેના પર એ વાત કહી દીધી તો તેમના પર સંભોગ થી પહેલાં એક ગુલામ આઝાદ કરવું આવશ્યક છે. આ તે વાત છે જેની તમને નસીહત કરવામાં આવે છે. અને જે કાંઇ તમે કરો છો ખુદા તેનાથી જાણકાર છે. પછી જો ગુલામ આઝાદ કરવાની શકિત ન ધરાવતો હોય તો લગાતાર બે મહીનાના રોઝા સોહબત (સંભોગ) થી પહેલા રાખે. પછી જો તેની પણ શકિત ન ધરાવે તો સાઇઠ (૬૦) મિસ્કીનોને ખાંણું ખવડાવે. આ એટલા માટે કે તમે અલ્લાહ તથા રસૂલ પર ઇમાન ધરાવો અને આ અલ્લાહની હદો છે. અને કાફિરો માટે દર્દનાક અઝાબ.)

તિરમિઝી, અબૂદાઉદ તથા ઇબ્ને માઝા એ રિવાયત કરી કે, સલમા બિન સખ્ર બયાઝી રદિયલ્લાહો ત્આલા અન્હોએ પોતાની પત્ની સાથે રમઝાન ગુજરવા સુધી માટે ઝિહાર કર્યો હતો, અને અર્ધો રમઝાન ગુજર્યો કે રાતમાં તેમણે સંભોગ કરી લીધો પછી હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમત માં હાજર થઇને અર્ઝ કરી આપે ઇરશાદ ફરાવ્યો : એક ગુલામ આઝાદ કરો, તેમણે અર્ઝ કરી મને પ્રાપ્ત નથી. આપે ઇરશાદ ફરમાવ્યો તો બે મહીનાના લગાતાર રોઝા રાખો તેમણે અર્ઝ કરી તેની પણ શકિત નથી. આપે ઇરશાદ ફરમાવ્યો તો સાઇઠ મિસ્કીનોને ખાણું ખવડાવો. તેમણે અર્ઝ કરી મારી પાસે એટલું નથી. હુઝૂરે ફરદહ ઇબ્ને ઉમરને ફરમાવ્યું કે, તે ઝંબીલ (ટોકરી) આપી દો કે મિસ્કીનો ને ખવડાવે.

**મસ્અલા-(૧)**:- ઝિહાર કરનાર જો સોહબતનો ઇરાદો કરે તો કફ્ફારો વાજિબ છે અને જો એવું ઇચ્છે કે સંભોગ ન કરે અને પત્ની તેના પર હરામ જ રહે તો કફ્ફારો વાજિબ નથી, અને જો સોહબત નો ઇરાદો હતો પરંતુ પત્ની મરી ગઇ તો કફ્ફારો વાજિબ રહ્યો નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨)** :- ઝિહાર નો કફ્ફારો ગુલામ અથવા દાસી આઝાદ કરવું છે. મુસલમાન હોય કે કાફિર, બાલિગ હોય કે ના બાલિગ. ત્યાં સુધી કે જો દૂધ પીતા બાળકને આઝાદ કર્યુ તો કફ્ફારો અદા થઇ ગયો. (આમ્મતલ કુતુબ)

**મસ્અલા-(૩)** :- પ્રથમ અર્ધા ગુલામને આઝાદ કર્યો અને સંભોગ થી પહેલા ફરી બીજા અર્ધાને આઝાદ કર્યો તો કફ્ફારો અદા થઇ ગયો. અને જો દરમિયાનમાં સંભોગ કરી લીધો તો અદા ન થયો અને જો ગુલામ સંયુકત છે અને તેણે પોતાનો ભાગ આઝાદ કરી દીધો તો અદા થયો નહી. જો કે તે માલદાર હોય અર્થાત જ્યારે સંયુકત ગુલામને આઝાદ કરે અને માલદાર હોય તો હુકમ એ છે કે પોતાના ભાગીદારને તેના ભાગની કીમત આપી દે અને કુલ ગુલામ તેના તરફથી આઝાદ થશે પરંતુ કફ્ફારો અદા થશે નહી. એવી જ રીતે બે ગુલામોમાં અર્ધા-અર્ધાનો માલિક છે અને બંનેના અર્ધા અર્ધાને આઝાદ કર્યો તો કફ્ફારો અદા થયો નહી. (જવહરહ, આલમગીરી)

**મસ્અલા-(૪)**:- અર્ધો ગુલામ આઝાદ કર્યો અને એક મહિનાના રોઝા રાખી લીધા અથવા ત્રીસ મિસ્કીનોને ખાણું ખવડાવી દીધું તો કફ્ફારો અદા થયો નહી.

(જવહરહ)

મસ્અલા- (૫) :- ગુલામ આઝાદ કરવામાં એ શરત છે કે, કફ્ફારાની નિય્યતથી આઝાદ કર્યો હોય કફ્ફારાની નિય્યત વગર આઝાદ કરવાથી કફ્ફારો અદા થશે નહી, ભલે આઝાદ કરવાની નિય્યત કર્યા કરે. (જવહરહ)

મસ્અલા- (૬) :- તેનો નિકટનો સગો એટલે તે કે જો તેઓ પૈકી એક પુરુષ હો તો બીજો સ્ત્રી, તો પરસ્પર નિકાહહરામ હોત દા.ત. તેનો ભાઇ અથવા બાપ અથવા પુત્ર અથવા કાકો અથવા ભત્રીજો. એવા સગાનો જ્યારે માલિક થશે તો આઝાદ થઇ જશે. ભલે કોઇ પણ રીતે માલિક હોય. દા.ત. તેણે ખરીદી લીધો અથવા કોઇ એ ભેટ અથવા તસદદુક (નિછાવર) કર્યો અથવા વારસાઇમાં મળ્યો, પછી એવો ગુલામ જો અખત્યાર વગર તેની માલિકીમાં આવ્યો દા.ત. વારસાઇમાં મળ્યો અને આઝાદ થઇ ગયો તો જો કે તેણે કફ્ફારાની નિય્યત કરી અદા ન થયો. અને જો બાઅખત્યાર ખૂદ પોતાની માલિકીમાં લાવ્યો (દા.ત. ખરીદયો) અને જે અમલ દ્વારા માલિકી પણામાં આવ્યો, તેના પામવાના સમયે (દા.ત. ખરીદતા સમયે) કફ્ફારાની નિય્યત કરી તો કફ્ફારો અદા થઇ ગયો. (જવહરહ વિગેરે)

મસ્અલા- (૭) :- જે ગુલામ ગીરવી અથવા મદયન (દેવામાં-દેવાદાર) છે તેને આઝાદ કર્યો તો કફ્ફારો અદા થઇ ગયો એવી જ રીતે જો નાઠેલો છે અને એ ખબર છે કે તે જીવંત છે તો આઝાદ કરવાથી કફ્ફારો અદા થઇ જશે અને જો બિલકુલ ખબર ન હોય કે તે જીવે છે કે મરી ગયો છે, અથવા તેનું ઠેકાણું ખબર ન હોય તો કફ્ફારો અદા થશે નહી. (આલમગીરી)

મસ્અઅલા (૮) :- જો ગુલામમાં કોઇ પ્રકારનો એબ (ખામી) છે તો તેના બે સ્વરુપો છે. એક એકે તે એબ એવા પ્રકારનો હોય જેનાથી લાભ ની વસ્તુ લુપ્ત થાય છે અર્થાત દેખવા, સાંભળવા, બોલવા, પકડવા, ચાલવાની તેનામાં શકિત ન હોય અથવા બુધ્ધિશાળી ન હોય તો કફ્ફરો અદા થશે નહી, અને બીજું એકે એહદ સુધીનું નુકશાન નથી તો કફ્ફારો અદા થઇ જશે, માટે એટલો બહેરો કે બુમો પાડવાથી પણ ન સાંભળે અથવા ગુંગો અથવા આંધળો અથવા મુર્છિત કે કોઇ સમયે તેને સારૂં(ભાન) ન થતું હોય અથવા બોહરા (ગાંડો, હડકવાયો) અથવા તે બીમાર જેના સારા થવાની આશા ન હોય અથવા જેના સઘળા દાંત પડી ગયા હોય અને ખાવા થી સાવ વિવશ હોય અથવા જેના બંને હાથ કપાએલા હોય અથવા હાથના બંને અંગુઠા કપાએલા હોય અથવા અંગુઠા ઉપરાંત દરેક હાથની ત્રણ આંગળીઓ અથવા બંને પગ અથવા એક બાજુનો એક હાથ અને એક પગ ન હોય અથવા લુલો. લંગડો અથવા લકવા વાળો અથવા બંને હાથ બેકાર હોય તો આવા લોકોને આઝાદ કરવાથી કફ્ફારો અદા થયો નહી. (દુર્રેમુખ્તાર, જવહરહ)

મસ્અલા- (૯) :- જે એવો બહેરો છે કે જોરથી બોલવાથી સાંભળી લે છે અથવા મુર્છિત છે પરંતુ કયારેક સારૂંપણ થઇ (ભાનમાં આવી) જાય છે અને એજ સ્વાસ્થ્ય ની હાલતમાં આઝાદ કર્યો અથવા તેનો એક હાથ અથવા એક પગ અથવા એક હાથ એક પગ વિરુધ્ધદિશા થી કપાએલો હોય અર્થાત એક જમણો બીજા ડાબો અથવા એક હાથનો અંગુઠો અથવા પગોના બંને અંગુઠા અથવા દરેક હાથની બેબે આંગળીઓ અથવા બંને હોઠ અથવા બંને કાન અથવા નાક કપાએલા હોય અથવા આંડવા અથવા ઇન્દ્રી કપાઇ ગઇ હોય અથવા દાસીની યોનિ બંધ હોય અથવા ભ્રમરો અથવા દાઢી અથવા મસ્તકના વાળ ન હોય અથવા કાણો અથવા ચકિત હોય અથવા એવો બીમાર હોય જેના સારા થવાની આશા છે, જોકે મુત્યુનો ડર હોય અથવા સફેદ ડાઘની બીમારીહોય અથવા નામર્દ હોય તો તેમના આઝદ કરવાથી કફ્ફારો અદા થઇ જશે. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

મસ્અલા- (૧૦) :- દાસીના પેટમાં બાળક છે તેને કફ્ફારામાં આઝાદ કર્યું તો કફ્ફારો અદા થયો નહી. તેના ગુલામને કોઇ ઉઠાવી લઇ ગયું, આ માલિકે આઝાદ કરી દીધો તો થઇ ગયો અને ઉમ્મેવલદ તથા મુદબેરા તથા મકાતિબ જેણે કિતાબત ના બદલામાં કાંઇ અદા કર્યું ન હોય અથવા થોડુંક અદા કર્યું પરંતુ સંપૂર્ણ અદા કરવાથી વિવશ થઇ ગયો તો તેને આઝાદ કરવાથી કફ્ફારો અદા થઇ ગયો. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૧) :- પોતાનો ગુલામ બીજાના કફ્ફારામાં આઝાદ કરી દીધો, જો તેના હુકમ વગર છે તો અદા થયો નહી. અને જો તેના કહેવાથી દા.ત. તેણે કહ્યું તારો ગુલામ મારા તરફથી આઝાદ કરી દે, અને કોઇ બદલાનો ઉલ્લેખ કર્યો નહી તો પણ અદા ન થયો, અને જો

બદલાનો ઉલ્લેખ છે જેવું કે તારો ગુલામ મારા તરફથી આટલી કીમત પર આઝાદ કરી દે તો કફ્ફારો અદા થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૧૨) :-** ઝિહારના બે કફ્ફારા તેના માથે હતા તેણે બે ગુલામ આઝાદ કર્યા અને એ નિય્યત કરી નહી કે ફલાણો ગુલામ ફલાણા કફ્ફારામાં આઝાદ કર્યો તો બંને અદા થઇ ગયા. (આલમગીરી)

**મસ્અલા- (૧૩) :-** કોઇ ગુલામને કહ્યું જો હું તને ખરીદું તો તુ આઝાદ છે પછી તેને ઝિહારના કફ્ફારાની નિય્યતથી ખરીદયો તો આઝાદ થશે પરંતુ કફ્ફારો અદા થયો નહી અને જો પહેલા કહી દીધું હતું કે જો તને ખરીદું તો મારા ઝિહારના કફ્ફારામાં આઝાદ છે તો કફ્ફારો અદા થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૧૪) :-** જ્યારો ગુલામ રાખવાની શકિત છે જો કે તે ખિદમતનો ગુલામ હોય તો કફ્ફારો ગુલામ આઝાદ કરવાથી જ થશે અને જો ગુલામ રાખવાની શકિત ન હોય, તો ભલે ગુલામ મળતો જ ન હોય અથવા તેની પાસે પૈસા નથી તો કફ્ફારામાં સતત બે મહિનાના રોઝા રાખે અને જો તેની પાસે સેવાનો ગુલામ છે અથવા મદયૂન (કરજદાર) છે અને દેણ અદા કરવા માટે ગુલામ સિવાય કાંઇ નથી તો એ હાલતમાં પણ રોઝા વિગેરેથી કફ્ફારો અદા કરી શકતો નથી, બલ્કે ગુલામજ આઝાદ કરવો પડશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૫) :-** રોઝાથી કફ્ફારો અદા કરવામાં એ શરત છે કે ન તે મુદ્દતની અંદર રમઝાન મહિનો હોય ન ઇદુલફિત્ર ન ઇદે અદહા, ન ઐયામે તશરીક, હા, જો (સરઇ) મુસાફિર છે તો ચાહે રમઝાનમાં કફ્ફારાની નિય્યતથી રોઝો રાખી શકે છે. પરંતુ મનાઇના દિવસોમાં તેની પણ ઇજાઝત નથી. (જવહરહ, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૬) :-** જો રોઝા પહેલી તારીખથી રાખ્યા તો બીજા મહિનાની અંતે કફ્ફારો અદા થઇ ગયો ભલે બંને મહિના ૨૯ ના હોય. અને જો પહેલી તારીખથી ન રાખ્યા હોય તો સાઇઠ (૬૦) પૂરા રાખવા પડશે અને જો પંદર રોઝા રાખ્યા પછી ચાંદ થયો પછી તે મહિનાના રોઝા રાખી લીધા અને તે ૨૯ દિવસનો મહિનો હોય તેના પછી ૧૫ દિવસ બીજા રાખી લીધા કે ૫૯ દિવસ થયા તો પણ કફ્ફારો અદા થઇ જશે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૭) :-** રોઝાઓથી કફ્ફારો અદા થવામાં શરત એ છે કે પાછલા રોઝાના ખતમ થવા સુધી ગુલામ આઝાદ કરવાની શકિત ન હોય, ત્યાં સુધી કે પાછલા રોઝાની અંતિમ પળમાં પણ જો શકિત પ્રાપ્ત થઇ ગઇ તો રોઝા અપુરતા છે બલ્કે ગુલામ આઝાદ કરવો પડશે અને હવે આ રોઝો નિફલ થયો, તેનું પુરૂંકરવું મુસ્તહબ રહેશે. જો તુરત જ તોડી નાખશે તો તેની કઝા નથી. અલબત્ત જો થોડીક વાર પછી તોડશે તો કઝા લાઝિમ છે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૧૮) :-** કફ્ફારાનો રોઝો તોડી નાખ્યો ભલે સફર (પ્રવાસ) વિગેરે કોઇ ઉઝર (કારણ) થી તોડયો અથવા વગર કારણે અથવા ઝિહાર કરવા વાળાએ જે ઔરતથી ઝિહાર કર્યો. આ બે મહિનાની અંદર દિવસ અથવા રાતમાં તેનાથી વતી (સંભોગ) કરી, ઇરાદા પૂર્વક કરી હોય કે ભૂલથી તો ફરીથી રોઝા રાખે કે શરત એ છે કે, સમાગમ થી પહેલા બે મહિનાના સતત રોઝા રાખે અને આ હાલતમાં એ શરત જોવામાં આવી નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૯) :-** આ અહકામ જે કફ્ફારા સંબંધે બયાન કરવામાં આવ્યા અર્થાત ગુલામ આઝાદ કરવા અને રોઝા રાખવા સંબંધે, તે ઝિહાર સાથે ખાસ નથી બલ્કે દરેક કફ્ફારાનો એજ એહકામ છે. દા. ત. કતલનો કફ્ફારો અથવા રમઝાનનો રોઝો તોડવાનો કફ્ફારો કે કસમ (સોગંદ) નો કફ્ફારો, પરંતુ સોગંદના કફ્ફારામાં ત્રણ રોઝા છે અને એ હુકમ કે રોઝો તોડી નાંખ્યો તો આરંભથી રાખવા પડશે, કફ્ફારા સાથે ખાસ નથી બલ્કે જ્યાં એક પછી એક ની શરત હો દા.ત. સતત (અખંડ) રોઝાની મન્નત માની તો અહીંયા પણ હુકમ છે. અલબત જો ઔરતે રમઝાનનો રોઝો તોડી નાંખ્યો અને કફ્ફારામાં રોઝ રાખી રહી હતી, દરમિયાન માં હૈઝ (માસિક) આવી ગયું તો ફરીથી રાખવાનો હુકમ નથી બલ્કે જેટલા બાકી છે તેમનું રાખવું કાફી છે. હા જો તે હૈઝ પછી '''આઇ સહ'' (હૈઝ આવતું બંધ થઇ જવાની ઉમર) થઇ ગઇ અર્થાત હવે એવું વય થઇ ગયું કે હૈઝ આવશે નહી તો મથાળેથી રોઝા રાખવાનો હુકમ આપવામાં આવશે કે, હવે તે સતત બે મહિનાના રોઝા રાખી શકે છે અને જો કફ્ફારા દરમિયાન ઔરતને બાળક જન્મ થયો તો ફરીથી રોઝા રાખે. ઝિહાર તથા ગેર ઝિહાર ના

કફ્ફારાઓમાં એક બીજો તફાવત છે તે એ કે ગેર ઝિહારના કફ્ફારામાં જો રાતમાં વતી કરી અથવા દિવસમાં ભૂલથી કરી તો મૂળમાંથી રોઝા રાખવાની હાજત નથી. એવી જ રીતે ઝિહાર ના રોઝાઓમાં જો ભૂલથી ખાઇ લીધું અથવા બીજી ઔરતથી ભૂલથી સંભોગ કર્યો અથવા રાતમાં ઇરાદાપૂર્વક સંભોગ કર્યો તો મૂળમાંથી રાખવાની હાજત નથી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર વિગેરે)

**મસ્અલા-(૨૦) :-** ગુલામે જો પોતાની સ્ત્રી સાથે ઝિહાર કર્યો જો કે મકાતિબ હોય અથવા તેનો કેટલોક ભાગ આઝાદ થઇ ગયો બાકીના માટે સઆયત (પ્રયત્ન કોશિષ) હોય અથવા આઝાદે ઝિહાર કર્યો પરંતુ ઓછી બુધ્ધિના કારણે તેના અધિકારો અટકાવી દેવામાં આવ્યા હોય તો આ સઘળા માટે કફ્ફારામાં રોઝા રાખવું નિશ્ચિત છે. તેમના માટે ગુલામ આઝાદ કરવું અથવા ખાણું ખવડાવવું નથી માટે જો ગુલામના આકાએ તેના તરફથી ગુલામ આઝાદ કરી દીધો અથવા ખાણું ખવડાવી દીધું તો તે પુરતુ નથી. જો કે ગુલામની ઇજાઝત થી હોય અને કફ્ફારાના રોઝાઓથી તેનો માલિક મના કરી શકતો નથી. અને જો ગુલામે કફ્ફારાના રોઝા અત્યાર સુધી રાખ્યા નથી અને હવે આઝાદ થઇ ગયો તો જો ગુલામ આઝાદ કરવા પર શકિત ધરાવતો હોય તો આઝાદ કરી દે નહી તો રોઝા રાખે. (આલમગીરી)

**મસ્અલા-(૨૧) :-** રોઝા રાખવાની પણ શકિત ન હોય કે બીમાર છે અને સારા થવાની આશા નથી અથવા બહુજ વૃધ્ધ છે **તો સાઇઠ (૬૦) મિસ્કીનો (ગરીબો) ને બંને વખત** પેટ ભરીને ખાણું ખવડાવે અને એ અખત્યાર છે કે એક સાથે સાઇઠ (૬૦) મિસ્કીનો ને ખવડાવી દે અથવા વિવિધ રીતે પરંતુ શરત એ છે કે આ સમય દરમિયાન સદકો થશે અને કફ્ફારામાં રોઝા રાખવા પડશે એ જો એકજ વખતમાં સાઇઠ ને ખવડાવી દિધું બીજા વખતમાં તેમના સિવાય બીજા સાઇઠને ખવડાવ્યું તો અદાનથયો બલ્કે જરૂર છેકે પ્રથમના અથવા પાછળના ઓને ફરી એક વખત ખવડાવે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર, આલમગીરી)

**મસ્અલા-(૨૨) :-** શરત એ છે કે જે મિસ્કીનો ને ખાણું ખડાવ્યું તેમાં કોઇ નાબાલિગ અથવા બાલિગ થવા ના નિકટ નો ન હોય, હા જો એક જવાન ના પુરા ખોરાકનો તેને માલિક બનાવી દીધો તો કાફી છે. (દુર્રે મુખ્તાર, રદદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૩) :-** એમ પણ થઇ શકે છે કે દરેક મિસ્કીનને "સદકએ ફિત્ર" જેટલુ એટલે અર્ધા સાઅ ઘઉ (૧૭૫ ॥ ભાર) અથવા એક સાઅ (૩૫૧ તોલા) જવ અથવા તેમની કીમતનો માલિક બનાવી દેવા માં આવે પરંતુ ઇજાઝત કાફી નથી અને એજ લોકોને આપી શકોછો જેમને સદકએ ફિત્ર આપી શકોછો જેની વિગત સદકએ ફિત્ર ના બયાનમાં આવી ગઇ છે અને એમ પણ થઇ શકે છે કે સવારે ખવડાવી દે અને સાંજ માટે કીમત આપી દે અથવા સાંજે ખવડાવી દે [illegible] સવાર ના [illegible] અથવા બે દિવસ સવારે અથવા સાંજે ખવડાવી દે અથવા ૩૦ ને ખવડાવે અને ૩૦ ને આપી દે. તાત્પર્ય એકે સાઇઠની સંખ્યા જેવી રીતે ઇચ્છે પરી કરે. તેનો અખત્યાર છે. અથવા પા(૧.૪) સાઅ ગઉ અને અર્ધા સાઅ જવ આપી દે અથવા કેટલાક ઘઉ અથવા જવ આપે બાકીની કીમત,દરેક પ્રકારે અખત્યાર છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૪) :-** ખવડાવવામાં પેટભરીને ખવડાવવું શરત છે. ભલે થોડાજ ભોજનમા સંતુષ્ઠ થઇ જાય. અને જો પહેલાથી જ કોઇ સંતુષ્ઠ હતો તો તેનું ખાવું કાફી નથી. અને ઉત્તમ એ છે કે ઘઉની રોટી અને શાક ખવડાવે અને તેનાથી સારૂંખાણું હોય તો વધુ સારૂંઅને જવની રોટી હોય તો શાક જરૂરી છે. (દુર્રેમુખ્તાર રદદુલ મુહતાર)

**મસ્અલા-(૨૫) :-** એક મિસ્કીનને સાઇઠ દિવસ સુધી બંને ટાઇમ ખવડાવ્યું અથવા દરરોજ સદકએ ફિત્ર જેટલું તેને આપી દીધું તો પણ અદા થઇ ગયું. અને જો એકજ દિવસમાં એક મિસ્કીન ને સઘળું આપી દીધું, એક વખતમાં અથવા ૬૦ વખત કરીને અથવા તેને સઘળું અબાહત (મુબાહ થવા માટે) ની રીતે આપ્યું તો કેવળ તે એક દિવસનું અદા થયું. એવી જ રીતે જો ૩૦ મિસ્કીનોને એક એક સાઅ ગઉ આપ્યા અથવા બે બે સાઅ જવ તો કેવળ ૩૦ ને આપવું ઠરસે અર્થાત ૩૦ મિસ્કીનોને ફરી આપવું પડશે. આ તે સ્વરૂપમાં છેકે એક દિવસમાં આપ્યા હોય અને બે દિવસોમાં આપ્યા તો જાઇઝ છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૬) :-** સાઇઠ મિસ્કીનોને પા-પા સાઅ ઘઉ આપ્યા તો જરૂરી છે કે તેમનામાં દરેક ને બીજા પા-પા સાઅ આપે અને જો તેમના બદલામા બીજા સાઇઠ

મિસ્કીનોને પા પા સાઅ આપ્યા તો કફ્ફારો અદા થયો નહી. (આલમગીરી)

**મસ્અલા-(૨૭)**:-એકસો વીસ (૧૨૦) મિસ્કીનોને એક વખત ખાણું ખવડાવી દીધું તો કફ્ફારો અદા થયો નહી બલ્કે જરૂરી છે કે તેઓ પૈકી સાઇઠને ફરી એક ટાઇમ ખવડાવે ભલે એજ દિવસે અથવા કોઇ બીજા દિવસે અને જો તે ન મળે તો બીજા સાઇઠ મિસ્કીનોને બંને ટાઇમ ખવડાવો. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૨૮)** :- તેના માટે બે ઝિહાર હતા. ભલે એક સ્ત્રી થી બંને ઝિહાર કર્યા અથવા બે સ્ત્રીઓથી અને બંનેના કફ્ફારા માં ૬૦ મિસ્કીનોને એક એક સાઅ ગઉ. આપી દે તો કેવળ એક કફ્ફારો અદા થયો અને જો પહેલા અર્ધો અર્ધો સાઅ એક કફ્ફારામાં આપ્યો પછી તેમને જ અર્ધો અર્ધો સાઅ બીજા કફ્ફારામાં આપ્યા તો બંને અદા થઇ ગયા. (આલમગીરી)

**મસ્અલા-(૨૯)** :- બે ઝિહારના કફ્ફારાઓમાં બે ગુલામ આઝાદ કરી દીધા અથવા ચાર મહિનાના રોઝા રાખી લીધા અથવા એકસો વીસ (૧૨૦) મિસ્કીનોને ખાણું ખવડાવી દીધું તો બંને કફ્ફારા અદા થઇ ગયા. ભલે નિશ્ચિત ન કર્યું હોય કે આ ફલાણા નો કફ્ફારો છે અને ફલાણા નો, અને જો બંને બે પ્રકારના કફ્ફારા હોય તો કોઇ અદા થયો નહી, પરંતુ જ્યારે કે એ નિય્યત હોય કે એક કફ્ફારામાં આ અને એક કફ્ફારામાં તે, ભલે નિશ્ચિત ન કર્યું હોય કે કયા કફ્ફારામાં આ અને કયામાં તે અને જો બંને ની તરફથી એક ગુલામ આઝાદ કર્યો અથવા બે મહિનાના રોઝા રાખ્યા તો એક અદા થયો અને તેને અખત્યાર છેકે જેના માટે ઇચ્છે નિશ્ચિત કરે અને જો બંને કફ્ફારા બે પ્રકારના છે દા. ત. એક ઝિહારનો છે બીજો કતલનો તો કોઇ કફ્ફારો અદા થયો નહી પરંતુ જ્યારે કે કાફિરને આઝાદ કર્યો હોય તો તે ઝિહાર માટે નિશ્ચિત છે કે કતલના કફ્ફારામાં મુસલમાન ને આઝાદ કરવું શરત છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૦)** :- બે પ્રકારના બે કફ્ફારા છે અને સાઇઠ મિસ્કીનને એક એક સાઅ ઘઉ બંને કફ્ફારા માં આપી દીધા તો બંને અદા થઇ ગયા, જોકે પુરો સાઅ એક વખત આપ્યો હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-(૩૧)** :- અર્ધો ગુલામ આઝાદ કર્યો અને એક મહિનાના રોઝા રાખ્યા અથવા ૩૦ મિસ્કીનનો ને ખાણું ખવડાવ્યું તો કફ્ફારો અદા થયો નહી. (આલમગીરી)

**મસ્અલા-(૩૨)** :- ઝિહારમાં એ જરુરી છે કે પત્નીની નિકટતા થી પહેલા ૬૦ મિસ્કીનોને ખવડાવી દે અને જો હજૂ પૂરા ૬૦ મિસ્કીનોને ખવડાવી ચુકયો નથી અને દરમિયાનમાં વતી (સંભોગ) કરી લીધી તો જોકે તે હરામ છે પરંતુ જેટલાઓને ખવડાવી દીધું છે તે બાતલ ન થયું, બાકીના ઓને ખવડાવી દે. (નવેસર) થી ફરી ૬૦ ને ખવડાવવું જરુરી નથી, (જવહરહ)

**મસ્અલા-(૩૩)** :- બીજાએ તેના હુકમ વગર ખવડાવી દીધું તો કફ્ફારો અદા થયો નહી અને તેના હુકમ થી તો સહીહ છે, પરંતુ જે ખરચ થયું છે તે તેનાથી લઇ શકતો નથી. હા, જો તેણે હુકમ કરતા સમયે એમ કહી દીધું હોય કે જે ખરચ થશે હું આપીશ, તો લઇ શકે છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૩૪)** :- જેના માથે કફ્ફારો હતો તેનું અવસાન થઇ ગયું, વારસદારોએ તેના તરફથી ખાણું ખવડવી દીધું અથવા સોગંદના કફ્ફારામાં વસ્ત્રો પહેરાવી દીધા તો અદા થઇ જશે. અને ગુલામ આઝાદ કર્યો તો અદા થશે નહી. (રદદુલ મુહતાર)

## લઆનનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે : **"વલ્લઝીના યરમૂના અઝવાજહુમ વ લમ યકુન લહુમ શોહદાઓ ઇલ્લા અન્ફ્સહુમ ફશહાદતો અહદેહિમ અર્બઓ શહાદાતિમ્ બિલ્લાહે ઇન્નહુ લમિસ્સાદેકીન વલ્ખામેસતો અન્ન લઅ્નતલ્લાહે અલૈહે ઇન કાના મિનલ્કાઝેબીન વ યદ્રઉ અન્હલ અઝાબ અન તશહદા અરબઆ શહાદતતિમ્-બિલ્લાહે ઈન્નહુ લમિનલ કાઝેબીન વલ્ખામેસતો અન્ન ગદબલ્લાહે અલૈહા ઇન કાના મિનસ્સાદેકીન"** (કુર્આનશરીફ)

-(**તરજુમો** :- અને જે લોકો પોતાની પત્નીઓને તોહમત લગાવે અને તેમના પાસે પોતાના બયાન સિવાય ગવાહ ન હોય તો એવા કોઇની ગવાહી એ છે કે ચાર વખત ગવાહી-સાક્ષી આપે, અલ્લાહના નામથી કે તે સાચો છે અને પાંચમું એ કે અલ્લાહની લાનત થાય તેના પર જો જૂઠોહોય અને ઔરતથી સજા એવી રીતે ટળશે કે તે અલ્લાહનું નામ લઇને ચાર વખત ગવાહી આપે કે પુરુષ જૂઠો છે અને પાંચ મી વખત એમ કહે કે, ઔરત પર અલ્લાહનો ગઝબ (કોપ)

જો પુરુષ સાચો હોય.)

હદીસ :- સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત અબૂહુરેરહ રદિયલ્લાહો અન્હાથી રિવાયત છે કે, સઅદબિન ઓબાદહ રદિયલ્લાહો અન્હો એ અરજ કરી "યા રસૂલુલ્લાહ શું કોઇ પુરુષને પોતાની પત્ની જોડે નિહાળું તો તેનો સ્પર્શ પણ કરૂંનહી ત્યા સુધી કે ચાર ગવાહ લાવું." હુઝૂરે ફરમાવ્યું "હા", તેમણે અરજ કરી હરગિઝ નહી, સોગંદ છે તેની જેણે હુઝૂરને હકક (સત્ય) સાથે મોકલ્યા છે. હું તુરતજ તલવારથી કામ પુરું કરી દઇશ. હુઝૂરે લોકોને સંધોધિત કરીને ફરમાવ્યું - " સાંભળો તમારો સરદાર શું કહે છે. બેશક તે બહુ ગૈરત વાળો છે અને હું તેનાથી વધારે ગૈરતવાળો છું અને અલ્લાહ મારા કરતાં વધુ ગૈરતવાળો છે."

બીજી રિવાયત માં છે કે, આ અલ્લાહની ગૈરત નાજ કારણે છે કે નિર્લજતા ને હરામ ફરમાવી દીધું છે. ભલે તે જાહેર હોય કે ગુપ્ત "સહીહૈન" માં તેમનાથી રિવાયત છે કે એક ગામડાવાસી સહાબી એ હાજર થઇને હુઝૂરને અરજ કરી કે મારી ઔરતને કાળા રંગનો છોકરો પૈદા થયો છે અને મને તેનું આશ્ચર્ય છે. (અથાર્ત જણાય છે કે મારો પુત્ર નથી) હુઝૂરે ફરમાવ્યું - "તારા પાસે ઉંટ છે." અરજ કરી "હા" આપે ફરમાવ્યું - " તેમનાં રંગ શું છે." અરજ કરી "લાલ". આપે ફરમાવ્યું- "તેમનામાં કોઇ ભૂરૂ પણ છે ?" અરજ કરી "કેટલાક ભૂરા પણ છે." આપે ફરમાવ્યું "લાલરંગ વાળાઓમાં આ ભૂરા રંગનું કયાંથી આવી ગયું" અરજ કરી "કદાચ તેના બાપદાદામાં કોઇ એવું હશે તેની અસર હશે." આપે ફરમાવ્યું - "તો અહીંયા પણ કદાચ રંગે ખેંચી લીધું હોય. આટલી વાત પર તેને નશબ (વંશ) ના ઇન્કાર ની ઇજાઝત ન આપી.

સહીહ બુખારી શરીફમાં ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હિલાલ બિન ઉમય્યા રદિયલ્લાહો અન્હોએ પોતાની પત્ની પર તોહમત લગાવ્યું. હુઝૂરે ફરમાવ્યું - "ગવાહલાવો નહી તો તમારી પીઠ પર હદ (શરઇ સજા) લગાવવામાં આવશે." અરજ કરી "યા રસૂલુલ્લાહ કોઇ શખ્સ પોતાની સ્ત્રી પર કોઇ પુરુષને નિહાળે તો ગવાહ શોધવા જાય." હુઝૂરે એજ જવાબ આપ્યો. પછી હિલાલે કહ્યું "સોગંદ છે તેના જેણે હુઝૂરને હકની સાથે મોકલ્યા છે. બે શક હું સાચો છું અને ખુદા કોઇ એવો હુકમ ઉતારશે જે મારી પીઠને હદ થી બચાવે." તે સમયે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ ઉતર્યા અને આ આયત અલ્લઝીના યરમૂના અઝ વાજહુમ નાઝિલ થઇ. હિલાલે હાજર થઇને "લઆન" નું મજમૂન અદા કર્યું. હુઝૂરે ફરમાવ્યું - "બેશક ! અલ્લાહ જાણે છે કે તમારા પૈકી એક જૂઠો છે તો શું તમારા બંને પૈકી કોઇ તૌબાહ કરે છે." પછી ઔરત ઉભી થઇ તેણે પણ લઆન કર્યું જ્યારે પાંચમા વખત નો વારો આવ્યો તો લોકોએ અટકાવી ને કહ્યું હવે કહેશે તો અવશ્ય ગઝબ (કોપ) ની હકદાર થઇ જઇશ. તે વાત પર તે થોડીક અટકી અને ખચકાઇ જેનાથી અમને ખ્યાલ થયો કે રજૂ કરશે પરંતુ ફરી ઉભી થઇને કહેવા લાગી હું તો પોતાની કોમને હંમેશ માટે બદનામ ન કરીશ. પછી તે પાંચમું વાક્ય પણ તેણે અદા કરી દીધું. સહીહૈન માં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પુરુષ સ્ત્રીમાં લઆન કરાવ્યું, પછી પતિએ ઔરતના છોકરા નો ઇન્કાર કરી દીધો. હુઝૂરે બંનેમાં વિચ્છેદ કરાવી દિધો અને બાળકને સ્ત્રી તરફ સંબંધિત કરી દિધું અને હુઝૂરે લઆન ના સમયે પ્રથમ પુરુષને નસીહત તથા તઝકીર કર્યો અને ખબર આપી કે દુનિયાનો અઝાબ આખેરતના અઝાબથી બહુજ આસાન સહેલો છે. પછી સ્ત્રીને બોલાવી નસીહત તથા તઝકીર (શિખામણ) કર્યો અને તેને પણ એ જ ખબર આપી.

બીજી રિવાયતમાં છે કે પુરુષે પોતાના માલ (મહેર) ની માંગણી કરી. આપે ફરમાવ્યું કે, તમને માલ મળશે નહી. જો તમોએ સાચું કહ્યું છે તો જે લાભ તેનાથી તમોએ પ્રાપ્ત કર્યો છે તેના બદલામાં થઇ ગયો અને જો તમોએ જૂઠ કહ્યું છે તો આ માંગણી બહુજ દુર થી દુર છે. ઇબ્નેમાઝા માં અમ્રબિન શોએબ ની રિવાયતથી અનઅબીહે અન જદહે રિવાયત કરે છે કે, હુઝૂરે ફરમાવ્યું કે ચાર સ્ત્રીઓ થી લઆન નથી થઇ શકતું. (૧) નસરાનીયહ (ખ્રિસ્તી ઔરત) જે મસલમાન ની પત્ની છે. (૨) યહુદણ જે મુસલમાનની પત્ની છે. (૩) આઝાદ જે કોઇ ગુલામના નિકાહમાં છે. અને (૪) દાસી જે આઝાદ પુરુષના નિકાહમાં છે.

મસ્અલા- (૧) :- પુરુષે પોતાની પત્ની ને ઝિના વ્યભિચાર ની તોહમત લગાવી એવી રીતે કે જો અજાણી

સ્ત્રીને લગાવતો તો હદ્દેકઝફ (ઝિનાની તોહમતની હદ) તેના પર લગાવવામાં આવતી અર્થાત ઔરત બુધ્ધિવાળી, બાલેગા, આઝાદ, પાક દામન હોય તો લઆન કરવામાં આવશે, તેની રીત એ છે કે કાઝી સમક્ષ પ્રથમ પતિ સોગંદ પૂર્વક ચાર વખત સાક્ષી આપે અર્થાત કહે કે હું શહાદત-સાક્ષી આપું છું કે મેં આ સ્ત્રી પર ઝિનાની જે તોહમત લગાવી છે. તેમાં ખુદાના સોગંદ હું સાચો છું. પછી પાંચમી વખત એમ કહે કે તેના પર ખુદાની લાનત જો આ કામમાં કે તેને ઝિનાની તોહમત લગાવી. જૂઠ બોલનાચ પૈકી થાય. અને દરેક વખત શબ્દ "**આ**" થી સ્ત્રી પ્રત્યે ઇશારો કરે પછી સ્ત્રી ચાર વખત એમ કહે કે હું શહાદત આપું છું કે ખુદાના સોગંદ તેણે મને ઝિનાની તોહમત લગાવી છે. તે વાતમાં જૂઠો છે. અને પાંચમી વખત એમ કહે **કે તેના પર અલ્લાહ નો ગઝબ થાય જો તે વાતમાં સાચો હોય** જેમને ઝિનાની તોહમત લગાવી. લઆનમાં શબદ "શહાદત" શરત છે. જો એમ કહ્યું કે હું ખુદાના સોગંદખાઉ છું કે સાચો છું તો લઆન થયું નહી.

મસ્અલા- (૨) :- લઆન માટે કેટલીક શરતો છે.

(૧) નિકાહ સહીહ હોય. જો તે સ્ત્રી થી તેનો નિકાહ ફાસિદ થયો છે અને તોહમત લગાવી તો લઆન નથી.

(૨) પત્નીત્વ કાયમ હોય, ભલે દખૂલ થયું હોય કે ન થયું હોય, માટે જો તોહમત લગાવવા પછી બાઇન તલાક આપી તો લઆન નથી થઇ શકતું જો કે તલાક આપવા પછી ફરી નિકાહ કરી લીધો હોય. એવી જ રીતે જો બાઇન તલાક આપ્યા પછી તોહમત લગાવ્યું અથવા પત્ની ના મુત્યુ પછી લઆન નથી, અને જો તોહમત પછી રજઇ તલાક આપી અથવા રજઇ તલાક પછી તોહમત લગાવ્યું તો લઅન સાકિત (રદ) નથી.

(૩) બંને આઝાદ હોય (ગુલામ ન હોય)

(૪) બંને આકિલ હોય (ગાંડા ન હોય)

(૫) બંને બાલિગ હોય

(૬) બંને મુસલમાન હોય.

(૭) બંને નાતિક હોય અર્થાત તે મનામાં કોઇ ગુંગુ (મુંગા) ન હોય.

(૮) તેમનામાં કોઇ પર કઝફની હદ લગાવવામાં આવી ન હોય.

(૯) પુરુષે પોતાના આ કથન પર ગવાહ રજૂ ન કર્યા હોય

(૧૦) ઔરત ઝિનાનો ઇન્કાર કરતી હોય અને પોતાને પારસા (પવિત્ર) કહેતી હોય. શરીઅતની પરિભાષા માં પારસા તેને કહે છે જેના સાથે હરામ વતી ન થઇ હોય, ન તે તેના સાથે અભિયુકત-દોષારોપિત હોય માટે બાઇન તલાક ની ઇદ્દતમાં જો પતિ એ તેના થી વતી કરી જોકે તે પોતાની નાદાની થી એમ સમજ તો હતો કે તેનાથી વતી હલાલ છે. તો ઔરત અફીકહ (પાકદામન) નથી. એવીજ રીતે તે જો નિકાહ ફાસિદ કરીને તેનાથી વતી કરી તો સતીત્વ જતું રહ્યું અથવા સ્ત્રીની ઔલાદ છે જેના બાપને અહીંના લોકો જાણતા ન હોય જોકે હકીકતમાં તે હરામની ઔલાદ નથી. આ સ્વરૂપ દોષા રોપિત થવાનું છે. તેનાથી પણ સતીત્વ ચાલ્યું જાય છે. અને જો હરામવતી આરઝી કારણો થી હોય. દા.ત. હૈઝ તથા નિફાસ વિગેરેમાં જેમાં વતી હરામ છે. વતી કરી તો તેનાથી સતીત્વ જતું નથી.

(૧૧) સ્પષ્ટ ઝિનાનું તોહમત લગાવ્યું હોય અથવા તેની જે ઔલાદ તેના નિકાહમાં પૈદા થઇ તેને કહે છે આ ઔલાદ મારી નથી અથવા સ્ત્રીનું જે બાળક બીજા પતિથી છે તેને કહેતો હોયકે તે તેનું નથી.

(૧૨) દારુલ ઇસ્લામ માં આ તોહમત લગાવ્યું હોય.

(૧૩) સ્ત્રી કાઝી પાસે તેની માંગણી કરે.

(૧૪) પતિ તોહમત લગાવવાનો સ્વીકાર કરતો હોય અથવા પુરુષ ગવાહોથી સાબિત થાય. લઆન ના સમયે સ્ત્રીનું ઉભા થવું શરત (જરુરી) નથી બલ્કે મુસ્તહબ છે.

મસ્અલા- (૩) :- સ્ત્રી પર કેટલીક વખત તોહમત લગાવ્યું તો એકજ વખત લઆન થશે. (આલમગીરી)

મસ્અલા- (૪) :- લઆનમાં મુદત નથી. અર્થાત જો સ્ત્રી એ લાંબા સમય સુધી માંગણી ન કરી તો લઆન સાકિત થશે નહી, કોઇ પણ સમયે માંગણીનો અખત્યાર બાકી રહે છે, લઆન માફ થઇ શકતુ નથી. અર્થાત જો પતિએ તોહમત લગાવ્યું અને સ્ત્રીએ તેને માફ કરી દીધો અને માફ કરવા પછી હવે કાઝીના ત્યાં દાવો કરે છે તો કાઝી

પોતે માંગણી કરી શકતો નથી, એવીજ રીતે જો સ્ત્રી એ કાંઇક લઇને સુલેહ કરી લીધી તો લઆન રદ થયું નહી. જે લીધું છે તેને પાછું આપીને માંગણી કરવાનો સ્ત્રીને હક પ્રાપ્ત છે પરંતુ સ્ત્રી માટે સારુંએ છે કે એવી વાત ને છુપાવે અને હાકિમે પણ ઔરતને પરદા પોશીનો હુકમ આપવો જોઇએ. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

મસ્અલા-(૫):-સ્ત્રીના મુત્યુ પછી તેને તોહમત લગાવ્યું અને તે સ્ત્રીની બીજા પતિથી ઔલાદ છે, જેના નસબમાં તેના તોહમતના કારણે ખરાબી આવે છે તેણે માંગણી કરી અને પતિ સાબિતી આપી શક્યો નહી તો કઝફ (તોહમત લગાવવા) ની હદ કાયમ કરવામાં આવે અને જો બીજાથી ઔલાદનથી બલ્કે તેની જ ઔલાદો છે તો હદ કાયમ થઇ શકતી નથી. (રદદુલમુહતાર)

મસ્અલા- (૬) :- પુરુષ તથા સ્ત્રી બંને કાફિર હોય અથવા સ્ત્રી કાફિરા છે. અથવા બંને ગુલામ હોય અથવા એક અથવા બંને માંથી એક મજનુન (મુર્છિત) હોય અથવા નાબાલિગ અથવા કોઇ પર કઝફની હદસ્થાપિત થઇ છે તો લઆન થઇ શકતું નથી અને જો બંને આંધળા અથવા ફાસિક હોય અથવા એક તો લઆન થઇ શકે છે. (દર્રે મુખ્તાર, રદદુલમુહતાર)

મસ્અલા-(૭):- પતિ જો તોહમત લગાવ્યા નો ઇન્કાર કરે છે અને સ્ત્રી પાસે બે પુરુષ ગવાહ પણ ન હોય તો પતિને સોગંદ ન ખવડાવવામાં આવે અને જો સોગંદ ખવડાવવામમાં આવ્યા. તેણે સોગંદ ખાવાનો ઇન્કાર કર્યો તો હદ સ્થાપિત ન કરે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૮) :- પતિએ તોહમત લગાવ્યું અને હવે લઆન કરે અથવા કહે મેં જૂઠ કહ્યું હતું. જો જૂઠનો સ્વીકાર કરે તો તેના પર કઝફ (જૂઠ) ની હદ સ્થાપિત કરો અને પતિએ લઆન ના શબ્દ અદા કરી લિધા તો જરૂરી છે કે સ્ત્રી પણ અદા કરે. નહી તો કેદકરવામાં આવશે ત્યાં સુધી કે લઆન કરે અથવા પતિની પુષ્ટી કરે અને હવે લઆન થઇ શકતું નથી. ન ભવિષ્ય માં તોહમત લગાવવાથી પતિ પર કઝફની હદ સ્થાપિત થશે પરંતુ સ્ત્રી પર પતિની પુષ્ટી ના કારણે ઝિનાની હદ પણ કાયમ થશે નહી. જ્યારે કે કેવળ એટલું કહ્યું હોય કે તે સાચો છે અને જો પોતાના ઝિનાનો સ્વીકાર કર્યો તો સ્વીકાર ની શરતો સાથે ઝિનાની હદ કાયમ થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

મસ્અલા- (૯) :- પતિ શહાદત રજૂ કરવા અસમર્થ હોવાના કારણે જો લઆન રદ થાય. દા.ત. ગુલામ છે અથવા કાફિર અથવા તેના પર કઝફ (જૂઠ) ની હદ લાગેલી છે તો કઝફની હદ સ્થાપિત કરવામાં આવે એ શરતે કે આકિલ, બાલિગ હોય અને જો લઆનનું રદ થવું સ્ત્રી તરફ થી છે કે તે તેના યોગ્ય નથી. દા.ત. કાફિરા છે અથવા દાસી અથવા કઝફની હદવાળી અથવા તેણી એવી છે કે તેના પર તોહમત લગાવનાર માટે કઝફની હદ ન થાય અર્થાત પારસા (સતી) ન હોય તો પતિ પર કઝફની હદ નથી બલ્કે દંડ છે પરંતુ જ્યારે કે પારસા ન હોય અને પ્રત્યક્ષતાથી ઝિના કરતી હોય તો દંડ પણ નથી અને જો બંને કઝફની હદવાળા હોય તો પતિ પર કઝફની હદ છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

મસ્અલા- (૧૦) :- જો સ્ત્રીને કહ્યું તેં બચપનમાં ઝિના કર્યો હતો અથવા જૂનુન (મુર્છાપણા) ની હાલતમા અને એ વાત ની ખબર છે કે સ્ત્રીને જૂનન હતું તો ન લઆન છે ન પતિ પર કઝફની હદ અને જો કહ્યું કે તેં કુફ્રની હાલતમાં અથવા જ્યારે તું દાસી હતી તે સમયે ઝિના કર્યો હતો અથવા કહ્યું ૪૦ વર્ષ પહેલાં તેં ઝિના કર્યો હતો જો કે સ્ત્રી નુ વય એટલુ નથી તો આ હાલતોમાં લઆન છે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૧) :- સ્ત્રીને કહ્યું હે વ્યભિચારિણી અથવા તેં વ્યભિચાર કર્યો અથવા મેં તને ઝિના (વ્યભિચાર) કરતાં જોઇ તો આ સઘળા શબ્દો સ્પષ્ટ છે તેઓ માં લઆન થશે અને જો કહ્યું તેં હરામકારી કરી અથવા તારાથી હરામ પ્રકારે સંભોગ કરવામાં આવ્યો અથવા તારાથી લવાતત (સુષ્ટિવિરુધ્ધનુ કર્મ) કરવામા આવ્યું તો લઆન નથી (આલમગીરી)

મસ્અલા- (૧૨) :- લઆનનો હુકમ એ છે કે તેનાથી ફારેગ થતાંજ તે શખ્સને તે સ્ત્રી થી વતી હરામ છે. પરંતુ ફકત લઆનથી નિકાહથી ખારિજ થઇ નહી, બાલ્કે લઆન પછી ઇસ્લામી હાકિમ વિચ્છેદ કરાવી દેશે અને હવે બાઇન તલાકવાળી થઇ ગઇ. માટે લઆન પછી જો કાઝીએ વિચ્છેદ ન કર્યો હોય તો તલાક આપી શકે છે. એલા તથા ઝિહાર કરી શકે છે. બંનેમાંથી કોઇ મુત્યુ પામે તો બીજો તેનો તરકો (વારસા હક) પામશે અને લઆન પછી જો તે બંને જૂદા થવા ન ઇચ્છે તો પણ વિચ્છેદ કીર દેવામાં આવશે.

(જવહરહ)

**મસ્અલા- (૧૩)** :- જોલઆન નો આરંભ કાઝીએ સ્ત્રીથી કરાવ્યો તો પતિના શબ્દો લઆન કહેવા પછી સ્ત્રીથી ફરી કહેવડાવે અને ફરીથી સ્ત્રીથી ન કહેવડાવે અને વિચ્છેદ કરી નાખ્યો તો થઇ ગયો. (જવહરહ)

**મસ્અલા- (૧૪)** :- લઆન થઇ જવા પછી હજુ વિચ્છેદ કર્યો ન હતો કે ખૂદ કાઝીનું અવસાન થઇ ગયું અથવા બરતરફ થઇ ગયો અને તેની જગ્યાએ બીજો નિયુકત કરવામાં આવ્યો તો આ બીજો કાઝી હવે ફરી લઆન કરાવે (જવહરહ)

**મસ્અલા- (૧૫)** :- ત્રણ ત્રણ વખત બંને એ લઆનના શબ્દો કહ્યા હતા અર્થાત હજુ પુરુંલઆન થયું હતું કે કાઝીએ ભૂલથી વિચ્છેદ કરી દીધો તો વિચ્છેદ થઇ ગયો પરંતુ એવું કરવું સુન્નત ના વિરુધ્ધ છે અને જો એક એક અથવા બે બે વખત કહેવા પછી વિચ્છેદ કર્યો તો વિચ્છેદ થયો નહી અને જો કેવળ પતિએ લઆનના શબ્દ અદા કર્યા, સ્ત્રીએ નહી અને ગેરહનફી કાઝીએ (જેનો એ મઝહબ હોય કે કેવળ પતિના લઆનથી વિચ્છેદ થઇ જાય છે.) વિચ્છેદ કરી દીધો તો જુદાઇ થઇ ગઇ અને હનફી કાઝી એવું કરશે તો તેની કઝા (કાઝીપણુ) લાગુ થશે નહી કે આ તેના મઝહબ ની વિરુધ્ધ છે અને મઝહબ પ્રણાલી વિરુધ્ધ નો હુકમ કરવાનો તેને હક નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૬)** :- લઆન પછી હજુ વિચ્છેદ થયો નથી અને બંને અથવા એક ને કોઇ એવું કાર્ય લાગુ થયું કે લઆન થી થતું તો લઆન જ થતું નહી દા.ત. એક અથવા બંને ગુંગા અથવા મુરતદ (ધર્મભ્રષ્ટ) થઇ ગયા અથવા કોઇ ને તોહમત લગાવ્યું અને કઝફની હદ સ્થાપિત થઇ અથવા એ કે પોતાને જુઠલાવવું કર્યું અથવા સ્ત્રી થી હરામ વતી કરવામાં આવી તો લઆન બાતલ થઇ ગયું, માટે કાઝી હવે વિચ્છેદ ન કરશે અને જો બંનેમાંથી કોઇ મજનું (મુર્છાવાળો) થઇ ગયું તો લઆન રદ થશે નહી માટે વિચ્છેદ કરી દેશે અને જો વહોરો થઇ ગયો તો પણ વિચ્છેદ કરી દેશે અને જો પુરુષે લઆન શબ્દો કહી દીધા હતા અને સ્ત્રીએ હજુ કહ્યા ન હતા કે વહોરો થઇ ગયો (શીયા બની ગયો) અથવા સ્ત્રી વહોરી થઇ ગઇ તો વિચ્છેદ થશે નહી, ન સ્ત્રી થી લઆન કરાવવા માં આવે (આલમગીરી)

**મસ્અલા- (૧૭)** :- લઆન પછી પતિ અથવા પત્ની એ વિચ્છેદ માટે કોઇને પોતાનો વકીલ બનાવ્યો અને ગાયબ થઇ ગયો તો કાઝી વકીલ સમક્ષ વિચ્છેદ કરી દેશે એવી જ રીતે જો લઆન પછી ચાલ્યા ગયા ફરી કોઇને વકીલ બનાવીને મોકલ્યો તો કાઝી આ વકીલ સમક્ષ વિચ્છેદ કરી દેશે (આલમગીરી)

**મસ્અલા- (૧૮)** :- લઆન પછી જો હજુ વિચ્છેદ થયો ન હોય તો પણ તે સ્ત્રીથી વતી તથા દાઇયે વતી (વતી ની તરફ તેડનારી છેડ છાડ) હરામ છે અને વિચ્છેદ થઇ ગયો તો ઇદ્દતનો નુફકો (ખાધા ખોરાકી) તથા રહેવાનું મકાન પામશે અને ઇદ્દત ની અંદર જે બાળક પૈદા થશે એ જ પતિનું હશે અને જો બે વર્ષની અંદર પેદા થયું અને ઇદ્દત તે સ્ત્રી માટે ન હોય અને છ મહિનાની અંદર બાળક પૈદા થયું તો એજ પતિનું ઠેરવવામાં આવશે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૯)** :- જો પતિએ તે બાળક સંબંધે જે તેના નિકાહમાં પૈદા થયું છે અને જીવંત પણ છે, એમ કહ્યું કે આ મારુંનથી અને લઆન થયું તો કાઝી તે બાળકનું નસબ પતિ થી કાપી નાખશે અને તે બાળક હવે માં તરફ સંબંધિત થશે એ શરતે કે અલૂક એવા સમયે થયું કે સ્ત્રીમાં લઆનની યોગ્યતા હોય માટે જો તે સમયે દાસી હતી, હવે આઝાદ છે અથવા તે સમયે કાફિરા હતી હવે મુસલમાન છે તો નસબ નાબૂદ થશે નહી. એટલા માટે કે એ હાલતમાં લઆન જ નથી. અને જો તે બાળક મરી ગયું છે તો લઆન થશે અને નસબ નાબૂદ થઇ શકતો નથી. એવી જ રીતે જો બે બાળકો થયા અને એક મરી ગયું છે અને એક જીવંત છે અને બંને થી પતિ એ ઇન્કાર કરી દીધો અથવા લઆન થી પહેલા એક મરી ગયું તો તે મૃતકનો નસબ નાબૂદ થશે નહી. નસબ નાબૂત થવા માટે છ (૬) શરતો છે. (૧) વિચ્છેદ (૨) જન્મ સમમયે અથવા તેના એક દિવસ કે બે દિવસ પછી સુધી હોય, બે દિવસ પછી ઇન્કાર કરી શકતો નથી. (૩) આ ઇન્કાર થી પહેલા ઇકરાર (સ્વીકાર) ન કરી લીધો હોય. જો કે દલીલની રીતે સ્વીકાર હોય. દા.ત. તેને મુબારક બાદ આપવામાં આવી અને તેણે મૌન રાખ્યું અથવા તેના માટે રમકડાં ખરીધ્યા (૪) વિચ્છેદ ના સમયે બાળક જીવંત હોય (૫) વિચ્છેદ પછી એજ હમલ (ગર્ભ) થી બીજું પૈદા ન થાય અર્થાત છ મહિનાની અંદર (૬) નસબની સાબિતી માટે નો હુકમ શરઅન થઇ ગયો ના હોય.

દા. ત. બાળક પૈદા થયું અને તે કોઇ દુધ પીતા બાળક પર પડયું અને આ મરી ગયું અને એ હુકમ આપવામાં આવ્યો કે તે બાળકના બાપ ના વારસો તેની દીય્યત (હત્યાનો બદલો) અદા કરે અને હવે બાપ એમ કહે છે કે બાળક મારું નથી તો લઆન થશે અને નસબ વિછીન્ન થશે નહી (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

મસ્અલા- (૨૦) :- લઆન તથા વિચ્છેદ પછી ફરી તે સ્ત્રીથી નિકાહ કરી શકતો નથી, જ્યાં સુધી તે બંને લઆનની યોગ્યતા ધરાવતા હોય અને જો લઆનની કોઇ શરત બંને અથવા એકમાં વિલુપ્ત થઇ ગઇ તો હવે બંને પરસ્પર નિકાહ કરી શકે છે. દા.ત. પતિએ તે તોહમતમાં પોતાને જૂઠો કહ્યો, જો કે સ્પષ્ટતાથી એ ન કહ્યું હોય કે મેં જૂઠું તોહમત લગાવ્યું હતું. દા.ત. તે બાળક જેનો ઇન્કાર કર્યો હતો તે મૃત્યુ પામ્યો અને તેણે માલ છોડયો, તરકો લેવા માટે તે કહે છે કે તે મારુંબાળક હતું તો કઝફની હદ સ્થાપિત થશે અને તેનો નિકાહ તે સ્ત્રીથી હવે થઇ શકે છે અને જો કઝફની હદ લગાવવામાં ન આવી તો પણ નિકાહ થઇ શકે છે. એવીજ રીતે જો લઆન તથા વિચ્છેદ પછી કોઇ બીજા પર તોહમત લગાવ્યું અને તેના કારણે કઝફની હદ સ્થાપિત થઇ અથવા સ્ત્રીએ તેની પુષ્ટી કરી અથવા સ્ત્રી થી હરામવતી કરવામાં આવી જો કે ઝિનો ન હોય પરંતુ સ્ત્રીની પુષ્ટીથી નિકાહ એ સમયે જાયઝ થશે જ્યારે કે ચાર વખત થાય અને હદ તથા લઆન રદ થવા માટે એક વખત પુષ્ટી કાફી છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૨૧) :- હમલ (ગર્ભ) સંબંધે જો પતિએ કહ્યું કે એ મારો નથી તો લઆન નથી, હા, જો એમ કહે કે તેં ઝિના કર્યો છે અને આ હમલ તેનાથી જ છે તો લઆન થશે. પરંતુ કાઝીતે હમલ ને પતિથી નકાર ન કરશે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૨૨) :- કોઇએ તેની પત્ની પર તોહમત લગાવ્યું. તેણે કહ્યું  તેં સાચુ કહ્યું, તે એવીજ છે જેવું કે તું કહે છે, તો લઆન થશે અને જો કેવળ એટલુજ કહ્યું કે તુ સાચો છે તો લઆન નથી, ન કઝફની હદ છે. (આલમગીરી)

મસ્અલા- (૨૩) :- સ્ત્રીને કહ્યું તારા પર ત્રણ તલાકો, હે વ્યભિચારિણી, તો લઆન નથી બલ્કે કઝફ ની હદ છે અને જો કહ્યું કે વ્યભિચારિણી તને ત્રણ તલાકો તો લઆન છે ન હદ. (આલમગીરી)

મસ્અલા- (૨૪): સ્ત્રીને કહ્યું કે વ્યભિચારિણી, વ્યભિચારિણીની છોકરી તો સ્ત્રી અને તેની માં બંને પર તોહમત લગાવ્યું. હવે જો માં બેટી બંને એક સાથે માંગણી કરે તો માંની માંગણી ને પ્રાધન્ય આપી ને કઝફ ની હદ સ્થાપિત કરીશું અને લઆન રદ થઇ જશે અને જો માં એ માંગણી ન કરી અને સ્ત્રી એ કરી તો લઆન થશે. પછી પાછળથી જો માં એ માંગણી કરી તો માં ની તોહમત પર કઝફની હદ સ્થાપિત કરીશું અને લઆન સાકિત રદ અને જો કેવળ પોતાની માંગણી કરી તો લઆન થશે. એવીજ રીતે જો અજાણી સ્ત્રી પર તોહમત લગાવ્યું પછી તેનાથી નિકાહ કરીને ફરી તોહમત લગાવ્યું અને સ્ત્રી એ લઆન તથા હદ બંનેની માંગણી કરી તો હદ લાગશે અને લઆન સાકિત થશે અને જો લઆન ની માંગણી કરી અને લઆન થયું, પછી હદની માંગણી કરી તો હદ પણ કાયમ કરીશું. (આલમગીરી)

મસ્અલા- (૨૫) :- પોતાની પત્ની ને કહ્યું મેં તારાથી જે નિકાહ કર્યો તેનાથી પહેલા તેં ઝિના કર્યો અથવા નિકાહ કર્યો તેનાથી પહેલા મેં તને ઝિનો કરતાં નિહાળી તો આ તોહમત જોકે હમણાં લગાવ્યું માટે લઆન છે અને જો એમ કહ્યું કે નિકાહથી પહેલા મેં તને ઝિનાની તોહમત લગાવી તો લઆન નથી બલ્કે હદકાયમ થશે. (આલમગીરી)

મસ્અલા- (૨૬) :- સ્ત્રીએ કહ્યું મેં તને કુંવારો ન જોયો તો ન હદ છે ન લઆન. (આલમગીરી)

મસ્અલા- (૨૭) :- ઔલાદ થી ઇન્કાર તે સમયે ખરો છે જ્યારે મુબારક બાદી આપતા સમયે અથવા જન્મ નો સામાન ખરીદવાના સમયે નકાર કર્યો હોય. નહી તો મૌન રઝા (સ્વીકૃતિ) સમજવામાં આવશે. હવે ફરી નકાર થઇ શકતો નથી, પરંતુ લઆન બંને સ્વરુપો માં થશે અને જો જન્મના સમયે પતિ હાજર ન હતો તો જ્યારે તેને ખબર મળી નકાર માટે તે સમય જન્મના સ્થાને છે. પતિએ ઔલાદ નો ઇન્કાર કર્યો અને પત્ની એ પણ તેનું સમર્થન કર્યું તો લઆન થઇ શકતું નથી. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૨૮) :- બે બાળકો એક હમલથી પૈદા થયા અર્થાત બંને વચ્ચે છ મહિનાથી ઓછા નું અંતર હોય અને તે બંનેમાં પહેલાથી ઇન્કાર કર્યો, બીજાનો સ્વીકાર કર્યો, બીજાનો ઇન્કાર કર્યો તો લઆન થશે, એ શરતે કે ઇન્કારથી ફરે નહી અને જો ફરી ગયો તો હદ લગાવવામાં આવે. પરંતુ

દરેક હાલત માં બંનેનો નસબ સાબિત છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૨૯) :-** જે બાળકથી ઇન્કાર કર્યો અને લઆન થયું તે મરી ગયો અને તે પોતાની પાછળ ઔલાદ મુકતો ગયો હવે લઆન કરનારાએ તેને પોતાનો પૌત્રો અથવા પોત્રી ઠેરવ્યા તો તેનો નસબ અખંડ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩૦) :-** ઔલાદનો ઇન્કાર કર્યો અનેહજૂ લઆન ન થયું કે કોઇ અજાણ્યાએ સ્ત્રી પર તોહમત લગાવ્યું અને તે બાળકને હરામી કહ્યું તેના પર કઝફ ની હદ કાયમ થઇ તો હવે તેનો નસબ (વંશ) સાબિત છે. અને કયારેય નષ્ટ થશે નહી. (દર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩૧) :-** સ્ત્રીને બાળક પૈદા થયું. પતિએ કહ્યું આ મારૂંનથી અથવા આ ઝિના થી છે અને કોઇ કારણોસર લઆન સકિત થઇ ગયું તો નસબ નષ્ટ થશે નહી, હદ વાજિબ થાય કે ન થાય. એવી જ રીતે જો બંને લઆન વાળા છે પરંતુ લઆન થયું નહીં તો નસબ નષ્ટ થશે નહી. (આલમગીરી)

**મસ્અલા- (૩૨) :-** નિકાહ કર્યો પરંતુ હજૂ દખૂલ (સંસર્ગ) ન થયું બલ્કે હજૂ સ્ત્રીને જોઇ પણ નથી અને સ્ત્રી ને બાળક પૈદા થયું. પતિએ તેનાથી ઇન્કાર કર્યો તો લઆન થઇ શકે છે. અને લઆન પછી તે બાળક માંની જવાબદારીમાં થશે અને મહેર પુરી આપવી પડશે. (આલમગીરી)

**મસ્અલા- (૩૩) :-** લઆનના કારણે જે બાળકનો નસબ સ્ત્રીના પતિથી વિચ્છેદ કરી દેવામાં આવ્યો છે. કેટલીક વાતો માં તેના માટે નસબ ના અહેકામ (હુકમો) છે. દા.ત. તે પોતાના બાપ માટે ગવાહી આપે તો સ્વીકાર્ય નથી. ન બાપની ગવાહી તેના માટે માન્ય, ન તે પોતાના બાપને ઝકાત આપી શકે ન બાપ તેને આપી શકે અને આ બાળકના પુત્રનો નિકાહ બાપની તે પુત્રીથી થાય જે બીજી સ્ત્રીથી છે. આનાથી ઉલટુ હોય તો પણ નિકાહ થઇ શકતો નથી અને જો બાપે તેની હત્યા કરી નાખી તો કિસાસ (ખૂનનો બદલો) નથી. અને બીજો શખ્સ એમ કહે કે આ મારો પુત્ર છે તો તેનો થઇ શકતો નથી જો કે આ છોકરો પણ પોતાને તેનો પુત્ર કહે બલ્કે સઘળી વાતોમાં એજ અહેકામ છે જે નસબની અખંડિતતાના છે. કેવળ બે વાતોમાં તફાવત છે. એક એ કે એક બીજા નો વારસ નથી બીજું એ કે એકનો નફકો (ભરણ પોષણ) બીજા પર વાજિબ નથી (આલમગીરી, દુર્રેમુખ્તાર)

## ઇન્નીનનું બયાન

ફતહુલ કદીર માં છે અબ્દુર્રઝાકે રિવાયત કરી કે, અમીરુલ મોમેનીન હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લા હો અન્હો એ એ ફેસલો કર્યો કે ઇન્નીન (કાપુરુષ) ને એક વર્ષની મુદત આપવામાં આવે, અને ઇબ્ને અબીશૈબહએ રિવાયત કરી કે અમીરુલ મોમેનીને કાઝી શુરૈહ પાસે લખી મોકલ્યું કે અપીલ ના દિવસથી એક વર્ષની મુદત આપવામાં આવે. અને અબ્દુર્રઝાક તથા ઇબ્ને અલી શૈબહ એ મૌલા અલી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, એક વર્ષ ની મુદત આપવામાં આવે અને હઝરત હસન બસરી તથા શૈઅબી તથા ઇબ્રાહીમ નખઇ તથા અતા તથા સઇદબિન મુસય્યબ રદિયલ્લાહો અન્હુમ થી પણ એજ રિવાયત છે.

**મસ્અલા- (૧) :-** ઇન્નીન તેને કહે છે કે, (ગુપ્ત) અવયવ ઉપસ્થિત હોય અને પત્નીના ગુપ્ત ભાગમાં દખૂલ (પ્રવેશ) ન કરી શકે અને જો કેટલીક સ્ત્રી થી સંભોગ કરી શકે અને કેટલીક થી નહી અથવા વગર કુવારી સાથે નહી, તો જેનાથી સંભોગ નથી કરી શકતો તેના હકમાં ઇન્નીન છે અને જેનાથી કરી શકે છે તેના હકમાં નથી. તેના કારણો વિવિધ છે, બીમારી ના કારણો છે અથવા પ્રકૃતિ (પૈદાઇશી) થી એવું છે, અથવા ઘડપણના લીધે છે અથવા તેના પર જાદૂ કરી દેવામાં આવ્યું છે.

**મસ્અલા- (૨) :-** જો કેવળ ટોચ (શિશ્ન) (સોપારી) દાખલ કરી શકે છે તો ઇન્નીન નથી. અને સોપારી કપાઇ ગઇ હોય તો તેના જેટલું અવયવ દાખલ કરી શકવા પર ઇન્નીન થશે નહી. અને સ્ત્રીએ પતિનું અવયવ કાપી નાખ્યું તો ઉલ્લેખાએલ વિછિન્ન (કપાએલા અવયવ) નો હુકમ જારી થશે નહી. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૩) :-** પતિ ઇન્નીન છે અને સ્ત્રીનું ગુપ્ત સ્થાન (યોની) બંધ છે, અથવા હાડકું નિકળી આવ્યુ છે કે પુરુષ તેનાથી સોહબત કરી શકતો નથી તો એવી સ્ત્રી માટે તે હુકમ નથી જે ઇન્નીન ની પત્ની છે કે તેમાં પોતે પણ કસૂરવાર છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૪) :-** પુરૂષનું લીંગ તથા આંડવા

(અંડકોષ) અથવા કેવળ લીંગ સાવ જડથી કપાઇ ગયું હોય અથવા બહુજ નાનું ગાંઠ જવું હોય અને સ્ત્રી વિચ્છેદ ઇચ્છે તો વિચ્છેદ કરી દેવામાં આવશે. જો સ્ત્રી આઝાદ બાલિગા હોય અને નિકાહ થી પહેલા આ વાતની તેને ખબર ન હોય, ન નિકાહ પછી જાણીને ને તેના પર રાજી રહી, જો સ્ત્રી કોઇની દાસી છે તો ખુદ તેને કોઇ અખત્યાર નથી. બલ્કે તેના માલિક ને અખત્યાર છે, અને ના બાલિગ છે તો બલૂગ (પુખ્ત વયની થવા) સુધી પ્રતીક્ષા કરવામાં આવે, બાલિગ થયા પછી રાજી થઇ ગઇ તો ઠીક, નહી તો વિચ્છેદ કરી દેવામાં આવે, લીંગ કપાઇ જવાની હાલતમાં પતિ બાલિગ હોય કે ના બાલિગ, તેનો એતબાર નથી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૫) :-** જો પુરુષનું લીંગ નાનું છે કે મુઅતાદ સ્થળ (ગુહય ભાગ) સુધી દાખલ કરી શકતો નથી, તો વિચ્છેદ કરવામાં આવશે નહી. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૬) :-** ના બાલિગ છોકરી નો નિકાહ તેના બાપે કરી દીધો, તેને પતિ કપાએલા અવયવ વાળો જણાયો તો બાપ ને વિચ્છેદ ના દાવા નો હક નથી, જ્યાં સુધી છોકરી ખૂદ બાલિગ (પુખ્તવયની) ન થઇ જાય. (આલમગીરી)

**મસ્અલા- (૭) :-** એક વખત સંભોગ કર્યા પછી તેનો ગુપ્ત અવયવ કાપી નાખવામાં આવ્યો અથવા ઇન્નીન થઇ ગયો તો હવે વિચ્છેદ કરી શકતો નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૮) :-** પતિના અંડકોષો કાપી નાખવામાં આવ્યા અને ઇન્દ્રીટટ્ટાર થાય છે તો સ્ત્રીને વિચ્છેદ કરાવવા નો હક નથી અને ઇન્દ્રી કડક થતી ના હોય તો ઇન્નીન છે. અને ઇન્નીન નો હુકમ એ છે કે સ્ત્રી જ્યારે કાઝી પાસે દાવો કરે તો પતિને કાઝી પૂછે. જો સ્વીકાર કરીલે તો એક વર્ષ ની મોહલત આપવામાં આવશે. જો વર્ષની અંદર પતિ એ સંભોગ કરી લીધો તો સ્ત્રી નો દાવો રદ થઇ ગયો. અને સંભોગ ન કર્યો અને સ્ત્રી જુદાઇ ની ઇચ્છુક છે, તો કાઝી તેને તલાક આપવાનું કહે જો તલાક આપી દે તો ઠીક નહી તો કાઝી વિચ્છેદ (તફરીક) કરી દે. (આમ્મ કુતુબ)

**મસ્અલા- (૯) :-** પત્ની એ દાવો કર્યો અને પતિ કહે છે મેં તેનાથી સોહબત કરી છે અને સ્ત્રી સૈયેબા (જે કુંવારી ન હોય) છે, તો પતિને સોગંદ ખવડાવો, સોગંદ ખાઇ લે તો પત્નીનો હકક જતો રહ્યો, ઇન્કાર કરે તો એક વર્ષની મેહતલ આપે, અને જો સ્ત્રી પોતાને કુવારી બતાવે છે તો કોઇ સ્ત્રીને બતાવો અને સાવધાની એ છે કે બે સ્ત્રીઓને બતાવો જો આ સ્ત્રીઓ તેને સૈયેબા બતાવે તો પતિને સોગંદ ખવડાવી તેની વાત માનો અને આ સ્ત્રીઓ કુંવારી કહે તો સ્ત્રીની વાત સોગંદ વગર માનવામાં આવશે અને તે સ્ત્રીઓને શંકા હોય તો કોઇ પ્રકારે પરીક્ષા કરાવો અને જો તે સ્ત્રીઓ માં પરસ્પર મત ભેદ છે. કોઇ કુવારી કહે છે. કોઇ સૈયેબા તો કોઇ બીજીથી તપાસ કરાવો, જ્યારે એ વાત સાબિત થઇ જાય કે પતિએ સંભોગ કર્યો નથી તો એક વર્ષ ની મહેતલ આપો. (આલમગીરી)

**મસ્અલા- (૧૦) :-** સ્ત્રીનો દાવો શહેરના કાઝી પાસે થશે બીજા કાઝી અથવા ગેર કાઝી પાસે દાવો કર્યો અને તેણે મહેતલ પણ આપી દીધી તો તેનો કાંઇ એતેબાર નથી, એવીજ રીતે સ્ત્રીનું સ્વયં બેસી રહેવું બેકાર છે. (ખાનિયહ)

**મસ્અલા- (૧૧) :-** વર્ષથી ભાવાર્થ આ સ્થળે શમ્સી વર્ષ છે. અર્થાત ૩૬૫ દિવસ અને એક દિવસ નો થોડોક ભાગ. અને હૈઝના દિવસો તથા રમઝાન અને પતિના હજ અને પ્રવાસનો જમાનો તેમાંજ ગણના છે. અને સ્ત્રીના હજ અને ગેરહાજરી નો સમય અને પુરુષ અથવા સ્ત્રીની બીમારીનો સમય ગણનામાં લેવાશે નહી અને જો અહેરામની હાલતમાં સ્ત્રીએ દાવો કર્યો તો જ્યાં સુધી એહરામથી ફારેગ ન થઇ લે કાઝી અવધિ (મુદ્દત) નિશ્ચિત કરશે નહી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૨) :-** જો ઇન્નીને સ્ત્રીથી ઝિહાર કર્યો છે, અને આઝાદ કરવા પર શકિતમાન છે, તો એક વર્ષની મેહતલ આપવામાં આવશે. નહી તો ચૌદ (૧૪) મહિનાની અર્થાત જ્યારે કે રોઝા રાખવા પર શકિતમાન થાય અને જો મેહતલ આપવા પછી ઝિહાર કર્યો, તો તેના કારણે મુદત માં કોઇ વધારો થશે નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૩) :-** પતિ બીમાર છે કે બીમારીના કારણે સમાગમ પર શકિતમાન નથી તો પત્નીના દાવા પર અવધિ નિશ્ચિત કરવામાં આવશે નહી. જ્યા સુધી કે તંદુરસ્ત ન થઇ જાય. ભલે બીમારી લાંબા સમય સુધી રહે. (આલમગીરી)

**મસ્અલા- (૧૪) :-** પતિ નાબાલિગ છે તો જ્યાં સુધી બાલિગ થઇ ના જાય અવધિ નિશ્ચિત કરવામાં આવે

નહિ. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૫)** :- પત્ની મજનુન (મુર્છીત) અને પતિ ઇન્નીન છે તો વલીના દાવા પર કાઝી મુદ્દત મુકર્રર કરશે અને વિચ્છેદ કરશે અને વલી પણ ન હોય તો કાઝી કોઇ શખ્સને તેના તરફથી વાદી બનાવી આ અહેકામ લાગુ કરશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૬)** :- મુદ્દત વીતી ગયા પછી પત્નીએ દાવો કર્યો કે, પતિએ સંભોગ કર્યો નથી અને તે કહે છે કે કર્યો છે તો જો પત્ની સૈયેબા (જે કુવારી નહોય તે) હતી તો પતિનેસોગંદ ખવડાવો. તેણે સોગંદ ખાઇ લીધા તો સ્ત્રીનો હક બાતલ થઇ ગયો અને સોગંદ ખાવાનો ઇન્કાર કરે તો સ્ત્રીને અખત્યાર છે કે, વિચ્છેદ ઇચ્છેતો વિચ્છેદ કરી દઇશું, અને જો સ્ત્રી પોતાને બાકેરા (કુંવારી) કહે છે, તો એજ સ્વરૂપો છે જે મજકૂર થયા (આલમગીરી)

**મસ્અલા- (૧૭)** :- સ્ત્રીને કાઝીએ અધિકાર આપ્યો તેણે પતિને અખત્યાર કર્યો અથવા મજલિસમાંથી ઉભી થઇ અથવા લોકોએ તેને ઉઠાડી દીધી અથવા હજુ તેણે કાંઇ કહ્યું ન હતું કે કાઝી ઉભો થઇ ગયો તો આ સઘળી હાલતોમાં સ્ત્રીનો ખિયાર (ઇખ્તેયાર) બાતલ થઇ ગયો. (આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૧૮)** :- કાઝીનો વિચ્છેદ બાઇન તલાક ઠેરવવામાં આવશે અને એકાંત થઇ ગયું છે તો પૂરી મહેર મેળવશે, અને ઇદ્દતમાં બેસસે, નહી તો અર્ધી મહેર છે, અને ઇદ્દત નથી. અને જો મહેર નિશ્ચિત થઇ ન હતી તો **"મતાઅ"** મળશે. (દુર્રે મુખ્તાર, વિગેરે)

**મસ્અલા- (૧૯)** :- કાઝી એ એક વર્ષ ની મોહલત આપી હતી, વર્ષ ગુજરવા પર ઔરતે દાવો કર્યો તો હક બાતલ થશે નહી, જ્યારે ઇચ્છે આવી ને ફરીથી દાવો કરી શકે છે અને જો પતિ બીજી મોહલત માંગે છે તો જ્યાં સુધી સ્ત્રી રાજી ન થાય કાઝી મોહલત આપે નહી. અને સ્ત્રીની રજામંદી થી કાઝી એ મોહલત આપી તો સ્ત્રી પર આ મુદ્દત ની પાબંદી જરુરી નથી, જ્યારે ઇચ્છે દાવો કરી શકે છે અને આ અવધિ (સમય મર્યાદા) બાતલ થઇ જશે અને જો અવ્વલ અવધિ પછી કાઝી પદચ્યુત થઇ ગયો અથવા તેનું અવસાન થઇ ગયું અને તેની જગ્યાએ બીજો નિયુકત થયો અને સ્ત્રીએ સાક્ષીઓથી સાબિત કરી દીધું કે પહેલાના કાઝી એ મોહલત આપી હતી અને તે સમય પૂરો થઇ ગયો છે, તો આ કાઝી ફરીથી મુદ્દત મુકર્રર કરશે નહી, બલ્કે તેના પરજ અમલ કરશે જે પ્રથમના કાઝી એ કર્યો હતો. (આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૨૦)** :- કાઝીના વિચ્છેદ પછી ગવાહોએ સાક્ષી આપી કે વિચ્છેદ થી પહેલા સ્ત્રીએ સમાગમ નો સ્વીકાર કર્યો હતો તો વિચ્છેદ બાતલ છે અને વિચ્છેદ પછી સ્વીકાર કર્યો હોય તો બાતલ નથી. (આલમગીરી)

**મસ્અલા- (૨૧)** :- વિચ્છેદ પછી એજ સ્ત્રીએ ફરી એજ પતિથી નિકાહ કર્યો અથવા બીજી સ્ત્રીએ જેને આ હાલની ખબર હતી તો હવે વિચ્છેદના દાવાનો હક નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૨)** :- જો પતિમાં બીજા કોઇ પ્રકારનો એબ છે. દા.ત. જૂનુન મુર્છાપણું (પાલગપણું), જુઝામ, કોઢ અથવા સ્ત્રીમાં ઐબ હોય કે તેનું ગુપ્તસ્થાન બંધ હોય અથવા તે સ્થળે માંસ અથવા હાડકું પૈદા થઇ ગયું હોય તો ફસ્ખ (૨૬) નો અખત્યાર નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૩)** : પતિ સમાગમ કરે છે પરંતુ વિર્ય નથી કે વિર્યપાત થાય તો સ્ત્રીને દાવાનો હક નથી. (આલમગીરી)

## ઇદ્દતનું બયાન

અલ્લાહ અઝવ જલ્લ ફરમાવે છે :-

**"યા ઐયોહન્નબીયો ઇઝા તલ્લકતો મમુન્નીસાઆ ફતલ્લે કૂહુન્ન લે ઇદ્દતેહિન્ન વ અહસુલ્ઇદ્દતા વત્તકૂલ્લાહા રબ્બકુમ, લા તુખ્રેજુહુન્ન મિન બોયુતેહિન્ન વલાયખ્રુજન ઇલ્લા અંયૂયા'તીના બેફાહેશતિન મુબૈય્યેનતન."** (કુર્આનશરીફ)

(**અર્થ** :- "હે નબી લોકોને ફરમાવી દો કે જ્યારે સ્ત્રીઓને તલાક આપો તો તેમને ઇદ્દતના સમય માટે તલાક આપો અને ઇદ્દતની ગણત્રી રાખો અને અલ્લાહ થી ડરો જે તમારો રબ (પાલનહાર) છે, ન ઇદ્દતમાં સ્ત્રીઓને તેમના રહેવાના ઘરોમાંથી કાઢો અને નતે પોતે નિકળે, પરંતુ એ કે ખુલ્લી નિર્લજતાની વાત કરે.") **અને અલ્લાહ ફરમાવે છે :- વલમુતલ્લકાતો યતરબ્બસ્ન બે અન્ફોસેહિન્ન સલાસતા કોરુઇન વલા યહિલ્લો લહુન્ન અંય યકતુમ્ન મા ખલકલ્લાહો ફી અરહામે હિન્ન ઇનકુન્ન યોમીન્ન બિલ્લાહે વલ્યોમિલ આખેરે.**

(**અર્થ** :- તલાકવાળીઓ પોતાને ત્રણ હેઝ

(માસિક) સુધી રોકી રાખે. અને તેમને એ હલાલ નથી કે, જે કાંઇ ખુદાએ તેમના પેટોમાં પૈદાકર્યું તેને સંતાડે જો તે અલ્લાહ અને કયામત ના દિવસ પર ઇમાન ધરાવતી હોય.") અને અલ્લાહ ફરમાવે છે. :- "**વલ્લાઇ યઇસ્ન મિનલ્મહીદે મિનનિસાએ કુમ એનિર તબ્તુમ ફઇદતોહુન્ન સલાસતા અશહોરિન વલ્લાઇ લમ યહિદન. વ ઊલાતુલ્અહમાલે અજલોહુન્ન અંય્યદઅ્ન હમ્લહુન્ન.**"

(અર્થ :- "અને તમારી પત્નીઓમાં જે હૈઝ થી ના ઉમેદ થઇ ગઇ, જો તમને કાંઇ શંકા હોય તો તેની મુદ્દત ત્રણ મહિના છે, અને તેમની પણ જેમને હજૂ હૈઝ આવ્યું નથી. અને હમલ (ગર્ભ) વાળીઓની ઇદ્દત એ છે કે પોતાનો હમલ જણી લે (બાળકનો જન્મ થઇ જાય) " અને ફરમાવે છે :

**વલ્લઝીના યોતવફ્ફૌન મિન્કુમ વયઝરુન્ના અઝવાજંય યતરબ્બસ્ન બે અન્ફોસેહિન્ન અર્બઅતા અશહોરિન વ અશરન, ફઇઝા બલગ્ન અજલ હુન્ન ફલા જોનાહા અલૈકુમ ફીમા ફઅલ્ન ફીઅન્ફોસેહિન્ન બિલ્મઅ્રુફે, વલ્લાહો બેમા તઅ્મલૂન ખબીર.**

**અર્થ:-** "તમારા પૈકી જેનું મૃત્યુ થાય અને પત્નીઓ મુકી જાય તે ચાર મહિના દસ દિવસ પોતાને રોકી રાખે, પછી જ્યારે ઇદ્દત પૂરી થઇ જાય તો તમારા પર કાંઇ પકડ નથી, તે કામમાં જે સ્ત્રીઓ પોતાના મામલામાં શરીઅત અનુસાર કરે અને અલ્લાહને તમારા કામોની ખબર છે."

સહીહ બુખારી શરીફમાં મિસ્વર બિન મખ્રમહ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે સબી આ અસલમીયહ રદીયલ્લાહો અન્હો ને પતિના મૃત્યુ ના થોડાક દિવસો પછી બાળક નો જન્મ થયો, નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સેવામાં હાજર થઇને નિકાહ ની ઇજાઝત (પરવાનગી) માગી, હુઝૂરે ઇજાઝત આપી દીધી, તથા તેમાં છે કે અબ્દુલ્લાહ બિન મસઉદ રદીયલ્લાહો અન્હો ફરમાવે છે કે, "**સૂરએ તલાક**" (જેમાં ગર્ભની ઇદ્દત નું બયાન છે) સૂરએ બક્ર ( કે તેમાં અવસાન ની ઇદ્દત ચાર મહીના દસ દિવસ છે) પછી નાઝિલ (ઉતરાણ) થઇ અર્થાત ગર્ભ વાળી ની ઇદ્દત ચાર મહિના દસ દિવસ નથી, બલ્કે બાળકનો જન્મ છે અને એક રિવાયત માં છે કે હું તેના પર મુબાહેલા (એક બીજાના હકમાં બદદુઆ કરવું) કરી શકુ છું કે તે તેના પછી નાઝિલ થઇ, ઇમામ માલિક તથા ઇમામ શાફેઇ તથા બયહકી હઝરત અમીરુલ મોમેનીન ઉમર બિન ખત્તાબ રદીયલ્લાહો અન્હોથી રાવી કે મૃત્યુ પછી જો બાળક પૈદા થઇ ગયું અને હજૂ મડદું ચાર પાઇ (ખાટલા) પર હોય તો ઇદ્દત પૂરી થઇ ગઇ.

**મસ્અલા-(૧)**:- નિકાહ નષ્ટ થવા અથવા શુબ્હે નિકાહ પછી સ્ત્રીનું નિકાહથી મમ્નુઅ (નિષિધ) થવું અને કેટલાક સમય સુધી પ્રતીક્ષા કરવું, ઇદ્દત છે.

**મસ્અલા- (૨)** :- નિકાહ નષ્ટ થવા પછી તે સમયે ઇદ્દત છે કે, પતિનું અવસાન થયું હોય અથવા સહીહ એકાંત થયું હોય, વ્યભિચારિણી માટે ઇદ્દત નથી ભલે સગર્ભા હોય અને તેણી નિકાહ કરી શકે છે પરંતુ જેના વ્યભિચાર થી ગર્ભ છે તેના સિવાય બીજાથી નિકાહ કરે તો જ્યાં સુધી બાળક પૈદા ન થાય વતી (સંભોગ) જાઇઝ નથી, નિકાહ ફાસિદમાં દખૂલ થી પહેલા વિચ્છેદ થયો તો ઇદ્દત નથી અને દખૂલ (સમાગમ) પછી વિચ્છેદ થયો તો ઇદ્દત છે. (આમ્મકુતુબ)

**મસ્અલા- (૩)** :- જે સ્ત્રીનો મુકામ (યોની) બંધ છે તેનાથી એકાંત થયું તો તલાક પછી ઇદ્દત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪)** :- સ્ત્રીને તલાક આપી, બાઇન અથવા રજાઇ અથવા કોઇ રીતે, નિકાહ તુટી ગયો, ભલે એમ થયું કે, પતિના પુત્રને શહવત (કામવાસના) સાથે ચુંબન કર્યું અને તે સ્વરુપમાં દખૂલ થઇ ગયું હોય અથવા એકાંત થયું હોય અને તે સમયે ગર્ભન હોય અને સ્ત્રી ને હૈઝ આવે છે તો ઇદ્દત પૂરા ત્રણ હૈઝની છે. જ્યારે કે સ્ત્રી આઝાદ હોય અને દાસી હોય તો બે હૈઝ અને જો સ્ત્રી ઉમ્મેવલ્દ (દાસી જેની પોતાના માલિક થી ઔલાદ પૈદા થઇ હોય) છે, તેના માલિકનું અવસાન થઇ ગયું અથવા તેણે આઝાદ કરી દીધી તો તેની ઇદ્દત પણ ત્રણ હૈઝ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૫)** :- એ સ્વરુપોમાં જો સ્ત્રીને હૈઝ આવ્યું નથી કે હજૂ એવા વયે પહોંચી નથી અથવા સન્નેએયાસ (એ ઉમર કે જેમાં હૈઝ આવતું બંધ થઇ જાય) વયે પહોચી ગઇ છે (વૃધ્ધા થઇ ગઇ છે) અથવા વયની ગણત્રીએ બાલિગા થઇ ગઇ છે પરંતુ હજૂ હૈઝ આવ્યું નથી તો ઇદ્દત ત્રણ મહિના છે અને દાસી છે તો દોઢ મહિનો.

મસ્અલા- (૬) :- જો તલાક અથવા ફસ્ખ પહેલી તારીખે થયું, ભલે અસરના સમયે થયું તો ચાંદના હિસાબથી ત્રણ મહિના, નહી તો દરેક મહિનો ૩૦ દિવસ નો ઠેરવવામાં આવે, અર્થાત ઇદ્દતના કુલ દિવસ ૯૦ થશે. (આલમગીરી)

મસ્અલા- (૭) :- સ્ત્રીને હૈઝ આવી ગયું છે પરંતુ હવે નથી આવતું અને હજૂ વૃધાવસ્થાની વયે પહોંચી નથી તેની ઇદ્દત પણ હૈઝથી છે. જ્યાં સુધી ત્રણ હૈઝ ન આવી જાય અથવા વૃધાવસ્થાની વયે ન પહોંચે તેની ઇદ્દત ખતમ થઇ શકતી નથી અને જો હૈઝ આવ્યુંજ ન હતું અને મહિના ઓથી ઇદ્દત ગુજારી રહી હતી કે ઇદ્દત દરમિયાન હૈઝ આવી ગયું તો હવે હૈઝ થી ઇદ્દત ગુજારે અર્થાત જ્યાં સુધી ત્રણ હૈઝ ન આવી જાય ઇદ્દત પૂરી થશે નહી. (આલમગીરી)

મસ્અલા- (૮) :- હૈઝની હાલતમાં તલાક આપી તો આ હૈઝ ઇદ્દતમાં ગણવામાં આવે નહી બલ્કે તેના પછી પૂરા ત્રણ હૈઝ ખતમ થવા પર ઇદ્દત પૂરી થશે. (આમ્મ કુતુબ)

મસ્અલા- (૯) :- જે સ્ત્રીથી નિકાહે ફાસિદ થયો અને દખૂલ (સમાગમ) થઇ ગયું હોય અથવા જે સ્ત્રીથી શુબ્હતન વતી થઇ તેની ઇદ્દત વિચ્છેદ તથા મૃત્યુ બંનેમાં હૈઝ થી છે. અને હૈઝ ન આવતું હોય તો ત્રણ મહિના છે. (જવહરહ વિગેરે) અને તે સ્ત્રી કોઇની દાસી હોય તો ઇદ્દત દોઢ મહિનો છે (આલમગીરી)

મસ્અલા- (૧૦) :- તેની પત્ની કોઇની દાસી છે, તેણે પોતે ખીરીદી લીધી તો નિકાહ તુટી ગયો, પરંતુ ઇદ્દત નથી અર્થાત તેને વતી કરવું જાયઝ છે પરંતુ બીજા થી તેનો નિકાહ થઇ શકતો નથી, જ્યાં સુધી બે હૈઝ ન ગુજારી લે. (આલમગીરી)

મસ્અલા- (૧૧) :- પોતાની પત્ની કે જે દાસી હતી, તેને ખરીદી અને એક હૈઝ આવવા પછી આઝાદ કરી દીધી તો આ હૈઝ પછી બીજા બે હૈઝ ઇદ્દતમાં રહે અને આઝાદ જેવો વર્તાવ કરે અને જો એક બાઇન તલાક આપી ને ખરીદી તો દાસી હોવાના કારણે વતી કરી શકે છે અને બે તલાકો આપી તો હલાલા વગર વતી કરી શકતો નથી અને જો બે હૈઝ પછી આઝાદ કરી દીધી તો નિકાહ ના કારણે ઇદ્દત નથી. હા, આઝાદના કારણે ઇદ્દત ગુજારે. (આલમગીરી)

મસ્અલા- (૧૨) :- જે સ્ત્રીથી ના બાલિગે શુબ્હતન અથવા ફાસિદ નિકાહમાં વતી કરી તેના પર પણ એજ ઇદ્દત છે. એવીજ રીતે જો ના બાલિગીમાં એકાંત થયું અને બાલિગ થવા પછી તલાક આપી તો પણ એજ ઇદ્દત છે. (આલમગીરી)

મસ્અલા- (૧૩) :- ફાસિદ નિકાહમાં વિચ્છેદ અથવા મુતારકહ ના સમયથી ઇદ્દત ગણવામાં આવશે. મુતારકહ એ કે પુરુષે એ કહ્યું કે મેં તેને ત્યજી અથવા તેનાથી વતી તર્ક કરી અથવા આ પ્રકાર નાં બીજા શબ્દો કહ્યા, જ્યાં સુધી મુતારકહ (તરછોડાએલી) અથવા વિચ્છેદ ન થાય કેટલોએ સમય ગુજરી જાય ઇદ્દત નથી, ભલે દિલમાં ઇરાદો કરી લીધો કે વતી કરશે નહી અને જો સ્ત્રીની સામે નિકાહ નો ઇન્કાર કરે છે તો તે મુતારકહ છે. નહી તો નથી, માટે તેનો એતબાર નથી. (જવહરહ, દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૧૪) :- તલાકની ઇદ્દત તલાક ના સમયથી છે ભલે સ્ત્રીને તેની ખબર ન હોય કે પતિએ તેને તલાક આપી છે અને ત્રણ હૈઝ આવવા પછી ખબર પડી તો ઇદ્દત ખતમ થઇ ગઇ અને જો પતિ એમ કહે છે કે મેં તેને આટલા સમયથી તલાક આપી છે તો સ્ત્રી તેની પુષ્ટિ કરે કે જુઠલાવે, ઇદ્દત સ્વકારના સમયથી ગણાશે. (જવહરહ)

મસ્અલા- (૧૫) :- સ્ત્રીને કોઇએ ખબર આપી કે તેના પતિએ ત્રણ તલાકો આપી દીધી અથવા પતિનો પત્ર આવ્યો અને તેમાં તેને તલાક લખી છે, જો સ્ત્રીને ચોકકસ ગુમાન છે કે તે સાચું કહે છે અથવા આ પત્ર તેનોજ છે તો ઇદ્દત ગુજારી નિકાહ કરી શકે છે. (જવહરહ)

મસ્અલા- (૧૬) :- સ્ત્રીને ત્રણ તલાકો આપી પરંતુ લોકો ને જાહેર ન કર્યું અને બે હૈઝ આવ્યા પછી સ્ત્રી થી વતી કરી અને હમલ (ગર્ભ) રહી ગયો, હવે તેણે તલાક આપવાનું લોકો ને બયાન કર્યું તો ઇદ્દત બાળક જન્મ સુધી છે. અને બાળકના જન્મ સુધી નફકો (ખાધા ખોરાકી) તેના પર વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા- (૧૭) :- તલાક આપી ફરી ગયો, સ્ત્રીએ કાઝી પાસે દાવો કર્યો, અને તલાક આપ્યા નું ગવાહોથી સાબિત કરી દીધું અને કાઝી એ વિચ્છેદનો હુકમ આપ્યો, તો ઇદ્દત તલાકના સમયથી છે. આ સમયથી નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૮) :** પાછલું હૈઝ જો પૂરા દસ દિવસો પર ખતમ થયું છે તો ખતમ થતાંજ ઇદ્દત ખતમ થઇ ગઇ હજુ ગુસ્લ ન કર્યું, બલ્કે જોકે એટલો સમય પણ હજુ ગુજર્યો નથી કે, તેમાં ગુસ્લ કરી શકતી અને તલાક રજઇ હતી તો પતિ હવે રજઅત (પાછા ફેરવવુ) કરી શકતો નથી અને હવે આ સ્ત્રી નિકાહ કરી શકે છે અને જો દસ દિવસથી ઓછા માં ખતમ થયું છે તો જ્યાં સુધી નહાઇ નલે અથવા એક નમાઝનો પુરો સમય ન ગુજરી જાય ઇદ્દત ખતમ થશે નહી. આ હુકમ મુસલમાન ઔરતના છે. અને **કિતાબીયા** (અહલે કિતાબઃ ઇસાઇ યહુદી) હોય તો દરેક હાલતમાં હૈઝ ખતમ થતાજ ઇદ્દત પૂરી થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૧૯) :-** વતી બિશુબ્હ (શંકા શીલવતી) ના કેટલાક સ્વરુપો છે. (૧) સ્ત્રી ઇદ્દતમાં હતી અને પતિ સિવાય કોઇ બીજા પાસે મોકલી દેવામાં આવી અને એ જાહેર કરવામાં આવ્યું કે તારી સ્ત્રી છે. તેણે વતી કરી, પાછળથી હાલ ખુલ્યો. (૨) સ્ત્રીને ત્રણ તલાકો આપીને હલાલા વગર તેનાથી નિકાહ કરી લીધો અને વતી કરી. (૩) સ્ત્રીને ત્રણ તલાકો આપીને ઇદ્દતમાં વતી કરી અને કહે છે કે મારું ગુમાન એ હતું કે તેનાથી વતી હલાલ છે. (૪) માલના બદલામાં વતી કરી. (૫) પતિ વાળી સ્ત્રી હતી અને ભૂલથી તેનાથી કોઇ બીજાએ વતી કરી પછી પતિ એ તેને તલાક આપી દીધી, આ સૌ સ્વરુપોમાં સ્ત્રી પર બે ઇદ્દતો છે. અને વિચ્છેદ પછી બીજી ઇદ્દત પહેલી ઇદ્દતમાં દાખલ થઇ જશે. અર્થાત હવે જે હૈઝ આવશે બંને ઇદ્દતોમાં ગણાશે. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૨૦) :-** મુતલ્લકા (તલાક શુદા) એ એક હૈઝ પછી બીજા થી નિકાહ કર્યો અને આ બીજાએ તેનાથી વતી કરી પછી બંને માં વિચ્છેદ કરી દેવામાં આવ્યો અને વિચ્છેદ પછી બે હૈઝ આવ્યા તો પહેલી ઇદ્દત પુરી થઇ ગઇ પરંતુ હજુ બીજી ઇદ્દત ખતમ થઇ નથી માટે આ શખ્સ તેનાથી નિકાહ કરી શકે છે. કોઇ બીજો કરી શકતો નથી, જ્યાં સુધી વિચ્છેદ પછી ત્રણ હૈઝ ન આવી જાય અને ત્રણ હૈઝ આવવા પર બંને ઇદ્દતો પુરી થઇ ગઇ. (આલમગીરી)

**મસ્અલા- (૨૧) :-** સ્ત્રી ને બાઇન તલાક આપી હતી એક અથવા બે અને ઇદ્દતની અંદર વતી કરી અને જાણતો હતો કે વતી હરામ છે અને હરામ હોવાનો સ્વીકાર પણ કરે છે તો દરેક વખતની વતી પર ઇદ્દત છે પરંતુ સૌ **મુતદાખિલ** થશે અને ત્રણ તલાકો આપી દીધી છે અને ઇદ્દતમાં વતી કરી અને જાણે છે કે વતી હરામ છે અને સ્વીકારી પણ છે તો આ વતી માટે ઇદ્દત નથી બલ્કે પુરુષને રજમ (પત્થર મારી ને મારી નાખવું) નો હુકમ છે અને સ્ત્રી પણ સ્વીકાર કરે છે તો તેના પર પણ રજમ નો હુકમ છે. (આલમગીરી)

**મસ્અલા- (૨૨) :-** મૃત્યુ ની ઇદ્દત ચાર મહિના દસ દિવસ છે અર્થાત દસમી રાત પણ ગુજરી જાય, એ શરતે કે નિકાહ સહીહ હોય, દખૂલ થયું હોય કે નહી, બંનેનો એક હુકમ છે. જો કે પતિ નાબાલિગ હોય કે પત્ની નાબાલિગા હોય, એવીજ રીતે જો પતિ મુસલમાન હતો અને પત્ની કિતાબીયા તો તેની પણ એજ ઇદ્દત છે. પરંતુ આ ઇદ્દત માં શરત એ છે કે સ્ત્રી ને હમલ (ગર્ભ) ન હોય. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૨૩) :-** પત્ની જો દાસી છે તો તેની ઇદ્દત બે મહિના પાંચ દિવસ છે પતિ આઝાદ હોય કે ગુલામ કે ઇદ્દતમાં પતિના હાલની ગણના નથી બલ્કે પત્નીની ગણના એ છે. પછી મૃત્યુ પ્રથમ તારીખે થાય તો ચાંદ થી મહિના ગણવામાં આવે, નહી તો આઝાદ માટે ૧૩૦ દિવસ અને દાસી માટે ૬૫ દિવસ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૨૪) :-** સ્ત્રી હામેલા છે તો ઇદ્દત બાળક નો જન્મ છે. સ્ત્રી આઝાદ હોય કે દાસી, મુસલમાન હોય કે કિતાબીયા, તલ્લાક ની ઇદ્દત હોય કે મૃત્યુની, અથવા મુતારકા ની અથવા વતી બિશશબ્હ (શંકા શીલવતી) ની, હમલ પતિનો હોય કે વ્યભિચાર નો, દા. ત. વ્યભિચારણી ગર્ભ વતીથી નિકાહ કર્યો અને પતિ મૃત્યુ પામ્યો અથવા વતી પછી તલાક આપી તો ઇદ્દત બાળકનો જન્મ છે. (દુર્રે મુખ્તાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૨૫) :-** બાળક જન્મ થી ઇદ્દત પૂરી થવા માટે કોઇ ખાસ મુદ્દત નિશ્ચિત નથી, મૃત્યુ અથવા તલાક પછી જે સમયે બાળક પૈદા થાય ઇદ્દત ખતમ થઇ જશે, ભલે એક મિનિટ પછી બાળક પૈદા થાય. ગર્ભ પાત થઇ ગયો અને અવયવ બની ગયા છે તો ઇદ્દત પૂરી થઇ ગઇ. નહી તો પુરી થઇ નહી અને જો બે ત્રણ બાળકો એક હમલ થી થયા તો પાછલા બાળકના પૈદા થવા થી ઇદ્દત પૂરી થઇ ગઇ. (જવહરહ)

**મસ્અલા-** (૨૬) :- બાળકનો અધિકાંશ ભાગ બહાર આવી ગયો તો રજઅત નથી કરી શકતો, પરંતુ બીજાથી નિકાહ એ સમયે હલાલ થશે કે બાળક પૂરુંઅવતરી જાય. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-** (૨૭) :- મૃત્યુ પછી જો હમલ (ગર્ભ) ઠર્યો તો ઇદ્દત બાળકના જન્મથી થશે નહી, બલ્કે દિવસોથી થશે. (જવહરહ)

**મસ્અલા-** (૨૮) :- બાર વર્ષથી ઓછી વયના નું મૃત્યુ થયું અને તેની પત્નીને છ મહિનાથી ઓછા સમયની અંદર બાળક પૈદા થયું તો ઇદ્દત બાળ જન્મ છે અને છ મહિના અથવા વધારે માં જન્મ થયો તો ચાર મહિના દસ દિવસ અને નસબ (વંશ) દરેક રીતે સાબિત થશે નહી. અને જો પતિ મુરાહિક (બાલિગ થવાની નિકટ) હોય તો બંને સ્વરુપોમાં બાળકના જન્મ થી ઇદ્દત પૂરી થશે અને બાળકનો વંશ સાબિત છે. (જવહરહ, દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૨૯) :- જે શખ્સ ખસ્સી હતો તેનું અવસાન થયું અને તેની પત્ની હામેલા (સગર્ભા) છે અથવા મૃત્યુ પછી હામેલા હોવું જણાયું તો તેની ઇદ્દત બાળકનો જન્મ છે. અને બાળકની નસલ તેનીજ છે. (જવહરહ)

**મસ્અલા-** (૩૦) :- સ્ત્રીને રજઇ તલાક આપી હતી અને દરમિયાન તેંનું મૃત્યુ થયું તો સ્ત્રી મૃત્યુની ઇદ્દત પુરી કરે અને તલાકની ઇદ્દત ચાલી ગઇ ભલે સ્વાસ્થય ની હાલતમાં તલાક આપી હોય કે બીમારીમાં અને જો બાઇન તલાક આપી હતી અથવા ત્રણ તો તલાકની ઇદ્દત પૂરી કરે. જ્યારે કે તંદુરસ્તીમાં તલાક આપી હોય અને બીમારી માં આપી હોય તો બંને ઇદ્દતો પુરી કરે અર્થાત જો ચાર મહિના દસ દિવસ માં ત્રણ હૈઝ પૂરા થઇ ગયા તો ઇદ્દત પૂરી થઇ ગઇ અને જો ત્રણ હૈઝ પૂરા થઇ ગયા છે પરંતુ ચાર મહિના દસ દિવસ પૂરા થયા નથી તો તેને પૂરા કરે અને જો આ દિવસો પૂરા થઇ ગયા પરંતુ હજુ ત્રણ હૈઝ પૂરા થયા નથી તો તેમના પૂરા થવાનો ઇન્તેઝાર (પ્રતીક્ષા) કરે. (આમ્મતુલ કુતુબ)

**મસ્અલા-** (૩૧) :- પત્ની દાસી હતી તેને રજઇ તલાક આપી અને ઇદ્દત ની અંદર આઝાદ થઇ ગઇ તો આઝાદની ઇદ્દત પૂરી કરે અર્થાત ત્રણ હૈઝ અથવા ત્રણ મહિના અને તલાકે બાઇન અથવા મૃત્યુ ની ઇદ્દતમાં આઝાદ થઇ તો દાસી ની ઇદ્દત અર્થાત બે હૈઝ અથવા દોઢ મહિનો અથવા બે મહિના પાંચ દિવસ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા-** (૩૨) :- સ્ત્રી કહે છે કે ઇદ્દત પૂરી થઇ ગઇ જો એટલો સમય ગુજર્યો છે કે પૂરી થઇ શકે છે તો સોગંદ સાથે તેનો કોલ વિશ્વાસ પાત્ર છે અને જો એટલો સમય ગુજર્યો નથી તો ઇદ્દત પૂરી થઇ નથી, મહિનાઓથી ઇદ્દત હોય ત્યારે તો જાહેર છે કે, એટલા દિવસ પસાર થવાથી ઇદ્દત પૂરી થઇ ગઇ, અને હૈઝ થી હોય તો આઝાદ સ્ત્રી માટે ઓછામાં ઓછા ૬૦ દિવસ છે અને દાસી માટે ચાલીસ બલ્કે, એક રિવાયત માં આઝાદ માટે ૩૯ (ઓગણ ચાલીસ) દિવસ કે ત્રણ હૈઝ ની અલ્પ મુદ્દત નવ (૯) દિવસ છે અને બે (૨) તોહર (પાકી) ની ૩૦ દિવસ અને દાસી માટે ૨૧ દિવસ ના બે હૈઝ ના છ દિવસ અને એક તોહર વચ્ચેનો ૧૫ દિવસ. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા-** (૩૩) :- તલાક શુદા કહે છે કે, ઇદ્દત પૂરી થઇ ગઇ કે ગર્ભ હતો સાકિત (ગર્ભપાત) થઇ ગયો, જો હમલની મુદ્દત એટલી હતી કે અવયવો બની ગયા હતા તો માની લેવામાં આવશે. નહી તો માનવામાં આવશે નહી, દા. ત. નિકાહ થી એક મહિના પછી તલાક આપી અને તલાકના એક મહિના પછી હમલ સાકિત થવું બતાવે છે તો ઇદ્દતં પૂરી થઇ નહી , કેમકે બાળકના અવયવ ચાર મહિના માં બને છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા-** (૩૪) :- પોતાની તલાક શુદા પત્નીથી ઇદ્દતમાં નિકાહ કર્યો અને વતી પહેલા તલાક આપી દીધી તો પૂરી મહેર વાજિબ થશે. અને આરંભથીજ ઇદ્દતમાં બેસે, એવીજ રીતે જો પહેલો નિકાહ ફાસિદ (રદ) હતો અને દુખૂલ (સમાગમ) પછી વિચ્છેદ થયો અને ઇદ્દતની અંદર સહીહ નિકાહ કરીને તલાક આપી દીધી અથવા સમાગમ પછી કુફવ ન હોવાના કારણે વિચ્છેદ થયો પછી નિકાહ કરીને તલાક આપી અથવા ના બાલિગા (છોકરી) થી નિકાહ કરીને વતી કરી પછી તલાક આપી અને ઇદ્દતની અંદર નિકાહ કર્યો, હવે તે છોકરી બાલેગ થઇ અને પોતાના નફસ (જાત) ને અખત્યાર કર્યો અથવા ના બાલિગાથી નિકાહ કરીને વતી કરી પછી છોકરી એ બાલિગ થઇને પોતાને અખત્યાર કર્યું અને ઇદ્દત ની અંદર ફરી તેનાથી નિકાહ કર્યો અને સમાગમથી પહેલા તલાક આપી દીધી, આ સઘળા સ્વરુપોમાં બીજા નિકાહની પૂરી મહેર અને તલાક પછી ઇદ્દત વાજિબ છે. ભલે બીજા નિકાહ પછી વતી થઇ નથી

કે પ્રથમ નિકાહ ની વતી બીજા નિકાહ માં પણ વતી ઠેરવવામાં આવશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૩૫) :-** બાળક જન્મ પછી સ્ત્રીને તલાક આપી તો જ્યાં સુધી તેને ત્રણ હૈઝ આવી ના જાય તે બીજાથી નિકાહ કરી શકતી નથી, અથવા વૃધ્ધા વસ્થાએ પહોંચીને મહિનાઓથી ઇદ્દત પૂરી કરે, ભલે બાળક જન્મથી પહેલા તેને હૈઝ આવ્યું ના હોય. (દુર્રે કુખ્તાર)

## સોગ નું બયાન

અલ્લાહ અઝઝવ જલ્લ ફરમાવે છેઃ-

**વલા જોનાહા અલૈકુમ ફીમા અર્રદતુમ બેહિ મિન ખિત્બતિન્નીસાએ અવ અક્નન્તુમ ફી અન્ફો સેકુમ........ વઅ્લમૂ અન્નલ્લાહા ગફુરુર્રહીમ.**

**અર્થઃ-** અને તમારા પર ગુનોહ નથી તેમાં કે ઇશારતન (સંકેતમાં) સ્ત્રીઓને નિકાહ નો પૈગામ આપો અથવા પોતાના દિલમાં છુપાવી રાખો, અલ્લાહને ખબર છે કે તમો તેમની યાદ કરશો, હા, તેમનાથી છુપાવાયદા કરો નહી, પરંતુ એ કે એટલીજ વાત કરો જે શરીઅત અનુસાર છે. અને અકદ-નિકાહનો પાકો ઇરાદો ન કરો જ્યાં સુધી કિતાબ (કુર્આન) નો હુકમ પોતાની હદે ન પહોંચી જાય અને જાણી લોકે અલ્લાહ તેને જાણે છે જે તમારા દિલોમાં છે. તો તેનાથી ડરો અને જાણી લોકે અલ્લાહ બખ્શનાર ક્ષમા વાળો છે.

**હદીસ- (૧) :-** સહીહ ખુખારી તથા સહીહ મુસ્લિમ માં ઉમ્મુલ મોમેનીન ઉમ્મે સલમા રદિયલ્લાહો અન્હાથી રિવાયત છે કે એક ઔરતે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની ખિદમતમાં હાજર થઇ ને અરજ કરી કે મારી પુત્રીના પતિની વફાત થઇ ગઇ (અર્થાત તે ઇદ્દત માં છે) અને તેની આંખો દુઃખે છે, શું તેને સુરમો લગાવી એ, આપે ઇરશાદ ફરમાવ્યો નહી. બે અથવા ત્રણ વખત એજ ફરમાવ્યું કે,"નહી." પછી ફરમાવ્યું કે, એતો એજ ચાર મહિના દસ દિવસ છે અને જાહિલીયત માં તો એક વર્ષ ગુજરવા પર લીંડીઓ ફેંકતી રહેતી હતી. (આ જાહેલીયત અજ્ઞાનતા) નો રિવાજ હતો કે વર્ષ ભર ની ઇદ્દત એક ઝુંપડીમાં ગુજારતી અને અતિયશય મેલાં કપડાં પહેરતી. જ્યારે વર્ષ પુરુ થતું તો ત્યાંથી લીંડીઓ ફેંકતી નિકળતી ત્યારે તેની ઇદ્દત પૂરી થતી.)

**હદીસ- (૨) :-** સહીહૈન (બુખારી તથા મુસ્લિમ શરીફ) માં ઉમ્મુલ મોમેનીન ઉમ્મે હબીબહ તથા ઉમ્મુલ મોમેનીન ઝૈનબ બિન્તે જહશ રદિયલ્લાહો અન્હુમા થી રિવાયત છે કે, હુઝૂરે ફરમાવ્યું "જે ઔરત અલ્લાહ અને કેયામતના દિવસ પર ઇમાન ધરાવે છે તેને એ હલાલ નથી કે કોઇ મૈયિત પર ત્રણ રાતો કરતાં અધિક સોગ (શોક) કરે, પરંતુ પતિ પર ચાર મહિના દસ દિવસ સોગ કરે."

**હદીસ- (૩) :-** ઉમ્મે અતીયહ રદિયલ્લાહો અન્હાથી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું "કોઇ ઔરત કોઇ મૈયિત (મૃતક) પર ત્રણ દિવસ કરતાં વધુ શોક ન કરે, પરંતુ પતિ પર ચાર મહિના દસ દિવસ શોક કરે. અને રંગેલું કપડું ન પહેરે, પરંતુ તે કપડું કે વણવાથી પહેલા તેનું સુતર જગ્યા-જગ્યાએથી બાંધીને રંગે છે (બાંધણી) અને સુરમો ન લગાવે અને ખૂશ્બૂ નો સ્પર્શ ના કરે પરંતુ જ્યારે હૈઝ થી પાક થાય તો થોડુંક ઊદ (એક પ્રકાર ની સુગંધીદાર લાકડી) ઉપયોગ માં લઇ શકે છે, અને અબૂ દાઉદ ની રિવાયત માં પણ છે કે મહેદી લગાવે નહિ.

**હદીસ- (૪) :-** અબૂ દાઉદ તથા નિસાઇ એ ઉમ્મુલ મોમેનીન ઉમ્મે સલમહ રદિયલ્લાહો અન્હાથી રિવાયત કરી કે હુઝૂરે ફરમાવ્યું જે સ્ત્રીનો પતિ મરી ગયો છે તે ન કુસુમ (કુસુમ નું રંગેલું વસ્ત્ર) પહેરે અને ન ગેરુનું રંગેલું અને ન ઘરેણાં પહેરે અને ન મહેંદી લગાવે અને ન સુરમો લગાવે.

**હદીસ- (૫) :-** અબૂ દાઉદ તથા નિસાઇ એ તેમના થીજ (ઉમ્મેસલમાથી) રિવાયત કરી કે જ્યારે મારા પતિ અબૂ સલમહ (રદીયલ્લાહો અન્હો) નું અવસાન થયું તો હુઝૂર મારી પાસે તશરીફ લાવ્યા (પધાર્યા) તે સમયે મેં એલવો લગાવેલો હતો. આપે ફરમાવ્યુંઃ સલમહ આ શું છે, મેં અરજ કરી આ એલવો છે, તેમાં સુગંધ નથી. આપે ફરમાવ્યું તેનાથી ચહેરામાં સુંદરતા ઉતપન્ન થાય છે. જો લગાવવું જ છે તો રાતમાં લગાવો અને દિવસમાં સાફ કરી નાખો અને ખૂશ્બૂ અને મહેદી થી વાળ શણગારો નહી, મેં અરજ કરી તો કાંસકો કરવા માટે માથા પર શું વસ્તુ લગાવું. આપે ફરમાવ્યું કે, બોરડીના પાના માથા પર થોપી લો પછી કાંસકો કરો.

**મસ્અલા- (૬)** :- હઝરત અબૂ સઇદ ખુદરી રદિયલ્લાહો અન્હો ના બહેન ના પતિને તેમના ગુલામો એ કતલ કરી નાખ્યા હતા, તેઓએ હુઝૂરની ખિદમતમાં હાજર થઇને વિનંતી કરે છે કે મનેપીયરમાં ઇદ્દત ગુજારવાની પરવાનગી આપવામાં આવે કે મારા પતિનું પોતાનું કોઇ ઘર નથી અને ખરચ માટે કોઇ રકમ પણ નથી મુકી. આપે તેમને ઇજાઝત આપી દીધી પછી બોલાવીને ફરમાવ્યું એજ ઘરમાં રહો કે જેમાં રહો છો કે જ્યાં સુધી ઇદ્દત પૂરીન થાય, માટે તેમણે ચાર મહિના દસ દિવસ એજ મકાનમાં પૂરા કર્યા,

**મસ્અલા- (૧)** :- સોગ (શોક) નો એ અર્થ છે કે શણગાર નો ત્યાગ કરે અર્થાત દરેક પ્રકારના ઘરેણાં ચાંદી સોના જવાહ્રર વિગેરેના અને દરેક પ્રકાર અને દરેક રંગના રેશમના વસ્ત્રો ભલે કાળા હોય, ન પહેરે અને ખૂશ્બૂ નું બદન અથવા કપડાંમાં ઉપયોગ ન કરે અને ન તેલનો ઉપયોગ કરે, ભલે તેમાં ખૂશ્બૂ ન હોય, જેવું કે જૈતુન નું તેલ અને કાંસકો કરવું અને કાળો સુરમો લગાવવું એવીજ રીતે સફેદ સુગંધી દાર સુરમો લગાવવું અને મહેદી લગાવવું અને ઝાફરાન અથવા કુસુમ અથવા ગેરુ નું રંગેલું અથવા લાલ રંગનું કપડું પહેરવું મના છે. આ સઘળી વસ્તુઓનો ત્યાગ કરવું વાજિબ છે. (જવહરહ, દુર્રે મુખ્તાર, આલમગીરી) એવીજ રીતે પડીકા નો રંગ ગુલાબી, ધાની (હલકા લીલા રંગના) ચંપાઇ અને જાત જાતના રંગ જેમાં શોભા હોય છે, સૌનો ત્યાગ કરે.

**મસ્અલા- (૨)** :- જે કપડા નો રંગ જૂનો થઇ ગયો કે હવે તેનું પહેરવું શણગાર નથી, તેને પહેરી શકાય છે. એવીજ રીતે કાળા રંગના કપડાં માં પણ વાંધો નથી જ્યારે કે રેશમના ન હોય. (આલમગીરી)

**મસ્અલા- (૩)** :- ઉઝર (શરઇ કારણ) ના લીધે તે વસ્તુઓનો ઉપયોગ કરી શકે છે, પરંતુ એ હાલતમા તેનો ઉપયોગ શોભા શણગાર ના વિચારથી ન હોય. દા.ત. માથાના દુખાવા ના કારણે તેલ લગાવી શકે છે અથવા તેલ લગાવવાની ટેવવાળી છે, જાણે છે કે ન લગાવવા માં માથાનો દુખાવો થઇ જશે તો લગાવવું જાઇઝ છે. અથવા માથાના દુખાવા ના સમયે કાંસકો કરી શકે છે. પરંતુ તે બાજૂએથી કે જે બાજૂના દાંતા પહોળા છે, એ બાજૂ એથી નહી જે બાજૂએ બારીક દાંતા (જીણાં) હોય કે તે વાળ ને શણગારવા માટે હોય છે અને તે નિષેધ છે. અથવા સુરમો લગાવવાની જરુરત છે કે આંખોમાં પીડા છે અથવા ખંજવાળ (ખુજલી) છે તો રેશમી વસ્ત્રો પહેરી શકે છે અથવા તેની પાસે બીજું કપડું નથી તો એજ રેશમી અથવા રંગેલું પહેરે પરંતુ એ જરુરી છે કે તેની ઇજાઝત જરુરત ના સમયે છે, માટે જરુરત જેટલી ઇજાઝત છે. જરુરત કરતાં અધિક મના છે. દા. ત. આંખની બીમારી માં સુરમો આંજવાની જરુરત હોય તો એ લેહાઝ જરુરી છે કે, કાળો સુરમો તે સમયે લગાવી શકે છે જ્યારે સફેદ સુરમાથી કામ ન ચાલે અને જો કેવળ રાતમાં લગાવવું કાફી છે, તો દિવસમાં લગાવવાની ઇજાઝત નથી. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા- (૪)** :- સોગ તેના પર છે ડાહી (ગાંડી ના હોય તે) બાલિગ મુસલમાન હોય અને મૃત્યુ અથવા તલાકે બાઇન ની ઇદ્દત હોય, ભલે સ્ત્રી દાસી હોય. પતિના ઇન્નીન થવા અથવા લીંગના કપાએલા હોવાના કારણે વિચ્છેદ થયો તો તેની ઇદ્દતમાં પણ સોગ વાજિબ છે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા- (૫)** :- તલાક આપનાર સોગ કરવાની મનાઇ કરે છે અથવા પતિએ મૃત્યુ થી પહેલાં કહી દિધું હતું કે સોગ કરજે નહી તો પણ સોગ કરવું વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૬)** :- ના બાલિગા અથવા મુર્છિત કાફિરા પર સોગ નથી હા, જો ઇદ્દત દરમિયાંન ના બાલિગા બાલિગ થઇ, મુર્છિત નું મુર્છાપણું જતુ રહ્યું અને કાફિરા મુસલમાન થઇ ગઇ તો જે દિવસો બાકી રહી ગયા છે તેમાં સોગ કરે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા- (૭)** :- ઉમ્મે વલદ (તે લોંડી જેના માલીક થી સંતાન પૈદા થયો હોય) ને તેના માલિકે આઝાદ કરી દિધી અથવા માલિકનું અવસાન થઇ ગયું તો ઇદ્દત બેસશે પરંતુ તે ઇદ્દતમાં સોગ વાજિબ નથી. એવીજ રીતે ફાસિદ નિકાહ અને શંકાશીલ વતી અને રજઇ તલાકની ઇદ્દતમાં સોગ નથી. (જવહરહ, આલમગીરી)

**મસ્અલા- (૮)** :- કોઇ નિકટનાનું અવસાને થવાથી સ્ત્રી ને ત્રણ દિવસ સુધી સોગ કરવાની ઇજાઝત છે. તેના કરતાં વધારે ની નહી. અને સ્ત્રી પતિવાળી હોય તો પતિ તેની પણ મનાઇ કરી શકે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા- (૯) :-** કોઇના મરણના ગમમાં કાળા વસ્ત્રો પહેરવું જાઇઝ નથી પરંતુ પત્નીને ત્રણ દિવસ સુધી પતિના મૃત્યુ પર ગમના કારણે કાળા વસ્ત્રો પહેરવું જાઇઝ છે અને કાળા વસ્ત્રો ગમ જાહેર કરવા માટે ન હોય તો સર્વથા જાઇઝ છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૦) :-** ઇદ્દતની અંદર ચારપાઇ (ખાટલા) પર સુઇ શકે છે, કે તે શોભામાં દાખલ નથી.

**મસ્અલા- (૧૧) :-** જે સ્ત્રી ઇદ્દતમાં હોય તેની પાસે સ્પષ્ટતાથી (ખુલ્લમ ખુલ્લા) નિકાહ નો પૈગામ મોકલવું હરામ છે. ભલે ફાસિદ નિકાહ અથવા ઇત્કની ઇદ્દતમાં હોય અને મૃત્યુ ની ઇદ્દત હોય તો ઇશારતન કહી શકાય છે અને રજઇ તલાક અથવા બાઇન અથવા ફસ્ખ ની ઇદ્દતમાં ઇશારતન પણ નથી કહી શકતા અને શંકા વાળી વતી અથવા ફાસિદ નિકાહ ની ઇદ્દતમાં ઇશારાથી કહી શકો છો. ઇશારતન કહેવાનું સ્વરુપ એ છે કે, કહે કે હું નિકાહ કરવા ઇચ્છું છું પરંતુ એમ ન કહે કે, તારાથી, નહી તો સ્પષ્ટતા થઇ જશે, અથવા એમ કહે હું એવી સ્ત્રી થી નિકાહ કરવા ઇચ્છું છું જેમાં આવા આવા ગુણ હોય અને તે ગુણો બયાન કરે જે આ સ્ત્રી માં છે. અથવા એમ કહે કે મને તારા જેવી કયાં મળશે? (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા- (૧૨) :-** જે સ્ત્રી રજઇ અથવા બાઇન તલાક ની ઇદ્દતમાં છે અથવા કોઇ કારણે વિયોગ થયો જોકે પતિના પુત્ર ને ચુંબન કરવાથી હોય અને તેની ઇદ્દત માં હોય અથવા ખુલ્આની ઇદ્દતમાં હોય. ભલે ઇદ્દત ના નફકા પર ખુલ્આ થયો હોય અથવા એ વાત પર ખુલ્આ થયો કે ઇદ્દતમાં પતિના મકાનમાં રહેશે તો આ સ્ત્રીઓને ઘરમાંથી નિકળવાની ઇજાઝત નથી, ન દિવસમમાં ન રાતમાં જ્યારે કે આઝાદ હોય, અથવા દાસી હોય જે પતિની પાસે રહે છે અને આકેલા (ડાહી) બાલિગા, મુસ્લિમ હોય, જોકે પતિએ તેને બહાર નિકળવાની ઇજાઝત પણ આપી હોય અને ના બાલિગા બાઇન તલાક ની ઇદ્દતમાં ઇજાઝત થી બહાર જઇ શકે છે. અને ઇજાઝત વગર નથી જઇ શકતી. અને ના બાલિગા બાઇન તલાકની ઇદ્દતમાં ઇજાઝત તથા વગર ઇજાઝતે બંને હાલતમાં જઇ શકે છે. હા, જો બાલ્ગિ થવાની નિકટ છે તો ઇજાઝત વગર જઇ શકતી નથી, અને જો સ્ત્રી પાગલ, અથવા વહોરી (ગાંડી) અથવા કિતાબીયા છે, તો જઇ શકે છે. પરંતુ પતિને મના કરવાનો હકક છે. પુરુષ તથા સ્ત્રી મજુસી (અગ્નિપૂજક) હતા પતિ મુસલમાન થઇ ગયો અને પત્નીએ ઇસ્લામ સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો અને જુદાઇ થઇ ગઇ અને સમાગમ વાળી હતી માટે ઇદ્દત પણ વાજિબ થઇ તો ઇદ્દત ની અંદર તેનો પતિ નિકળવા ની મનાઇ કરી શકે છે. માલિકે ઉમ્મુલ વલદ ને આઝાદ કરી તો આ ઇદ્દત માં બહાર જઇ શકે છે અને નિકાહ ફાસિદ ની ઇદ્દતમાં નિકાળવાની ઇજાઝત છે પરંતુ પતિ મના કરી શકે છે. (આલમગીરી, ખુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૩) :-** કેટલાક મકાનોનું એક પટમું હોય અને તે સઘળા મકાન પતિના હોય તો આંગણ માં આવી શકે છે બીજાઓના હોય તો આવી શકતી નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૪) :-** જો ભાડાના મકાનમાં રહેતી હતો તો પણ મકાન બદલવાની ઇજાજત નથી પતિના માથે ઇદ્દતના સમયનું ભાડુ છે અને જો પતિ ગાયબ છે અને સ્ત્રી પોતે ભાડુ આપી શકે છે તો પણ તેમાંજ રહે. (રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૫) :-** મૃત્યુની ઇદ્દતમા જો બહારજવાની હાજત હોય કે સ્ત્રી પાસે જરૂરત જેટલો માલ નથી અને બહાર જઇને મહેનત મજૂરી કરીને લાવશે તો કામ ચાલશે તો તેને ઇજાઝત છે કે દિવસમાં અને રાતના કેટલાક ભાગમાં બહાર જાય અને રાત નો અકસર (વધુપડતો) હિસ્સો પોતાના મકાનમાં ગુજારે, પરંતુ હાજત કરતા વધુ બહાર થોભવાની ઇજાઝત નથી અને જો જરૂરત જેટલો ખરચ તેની પાસે હાજર છે તો તેણે પણ ઘરમાંથી નિકળવું સર્વથા મના છે અને જો ખરચ હાજર છે પરંતુ બહાર ન જાયતો કોઇ નુકસાન પહોંચશે. દા.ત. ખેતીની કોઇ દેખરેખ રાખનાર નથી અને કોઇ એવો નથી જેને કામ પર નિયુકત કરે તો તેના માટે પણ જઇ શકે છે પરંતુ રાત્રે એજ ઘરમાં રહેવું પડશે (દુર્રેમુખ્તાર, રદદુલ મુહતાર) એવી જ રીતે કોઇ સોદો લાવનાર ન હોય તો તેના માટે પણ જઇ શકે છે.

**મસ્અલા- (૧૬) :-** મૃત્યુ અથવા વિચ્છેદ ના સમયે જે મકાનમાં સ્ત્રીનું રહેઠાણ હતું એજ મકાન માં ઇદ્દત પુરી કરે અને આ જે કહેવામાં આવ્યું છે કે ઘરમાંથી બહાર

જઇ શકતી નથી તેનાથી ભાવાર્થ એજ ઘર છે. અને ઘરને છોડીને બીજા ઘરમાં પણ રહેઠાણ કરી શકતી નથી પરંતુ જરૂરત હોયતો કરી શકે છે. અને જરૂરતના સ્વરૂપ અમો આગળ લખીશું. આજકાલ સાધારણ વાતોને જેની કાંઇ હાજત ન હોય, કેવળ તબીઅતની ઇચ્છાને જરૂરત કહે છે તે અહીંયા મુરાદ નથી બલ્કે જરૂરત તે છે કે તેના વગર છુટકો ન હોય.

**મસ્અલા-(૧૭):**-સ્ત્રી પોતાના પીયર ગઇ હતી અથવા કોઇ કામ માટે બીજે કોઇ સ્થળે ગઇ હતી તે સમયે પતિએ તલાક આપી અથવા મરી ગયો તો તુરત જ વિના વિલંબે ત્યાંથી પાછી આવે. (આલમગીરી)

**મસ્અલા- (૧૮) :**- જે મકાનમાં ઇદ્દત ગુજારવું વાજિબ છે તેને છોડી શકતી નથી પરંતુ તે સમયે કે તેને કોઇ કાઢી મુકે. દા.ત. તલાકની ઇદ્દતમાં પતિએ ઘરમાંથી તેને કાઢી મૂકી અથવા ભાડાનું મકાન છે અને ઇદ્દત વફાતની ઇદ્દત છે મકાન માલિક કહે છે કે ભાડુ આપ અથવા મકાન ખાલી કર અને તેની પાસે ભાડું નથી અથવા તે મકાન પતિનું છે પરંતુ તેના ભાગમાં જેટલું આવ્યું તે રહેવા યોગ્ય નથી અને વારસદારો પોતાના ભાગમાં તેને રહેવા દેતા નથી અથવા ભાડુ માંગે છે અને તેની પાસે ભાડુ નથી અથવા મકાન પડી રહ્યું હોય અથવા પડી જવાનો ડર હોય અથવા ચોરોનો ભય હોય કે માલ લુટાઇ જવાની આશંકા છે અથવા આબાદી વસ્તીના છેડે મકાન છે અને માલ વિગેરેની આશંકા છે તો આ સ્વરૂપોમાં મકાન બદલી શકે છે અને જો ભાડાનું મકાન હોય અને ભાડુ આપી શકે છે અથવા વારસદારોને ભાડુ આપીને રહી શકે છે તો તેમાંજ રહેવું લાઝિમ છે અને જો ભાગ એટલો મળ્યો કે તેના રહેવવા માટે કાફી છે તો તેમાંજ રહે અને પતિના બીજા વારસદારો જેમનાથી પરદો ફરજ છે તેમનાથી પરદો કરે અને જો તે મકાનમાં ન ચોરનો ભય છે ન પડોશીઓનો પરંતુ તેમાં કોઇ બીજું નથી અને એકલા રહેતા ડરે છે તો જો ડર વધુ હોય તો મકાન બદલવાની ઇજાઝત છે નહી તો નથી. અને તલાકે બાઇનની ઇદ્દત છે અને પતિ ફાસિક છે અને કોઇ ત્યાં એવો નથી કે જો તેની નિય્યત ખરાબ થાય તો રોકી શકે. આવી હાલતમાં મકાન બદલી નાંખે. (આલમગીરી, દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા-(૧૯):**- વફાતની ઇદ્દતમાં જો મકાન બદલવું પડે તો તે મકાન થી જ્યાં સુધી નિકટનું મકાન પ્રાપ્ત થઇ શકે તે લે અને ઇદ્દત તલાકની હોય તો જે મકાનમાં પતિ તેને રાખવા ઇચ્છે અને જો પતિ ગાયબ છે તો સ્ત્રીને અખત્યાર છે. (આલમીરી)

**મસ્લઆ (૨૦):**-જ્યારે મકાન બદલ્યું તો બીજા મકાનનો એજ હુકમ છે જે પ્રથમના મકાનનો હતો અર્થાત હવે આ મકાનમાંથી બહાર જવાની ઇજાઝત નથી પરંતુ વફાતની ઇદ્દતમાં હાજતના સમયે હાજત જેટલું જાય જેનો ઉલ્લેખ આગળ થઇ ગયો છે. (આલમગીરી)

**મસ્અલા-(૨૧):**-બાઇન તલાક ની ઇદ્દતમાં એ જરૂરી છે કે પતિ તથા સ્ત્રીમાં પરદો હોય અર્થાત કોઇ વસ્તુથી આડ કરી દેવામાં આવે કે એક બાજુએ પતિ રહે બીજી બાજુએ સ્ત્રી રહે. સ્ત્રીનું તેના સમક્ષ પોતાનું શરીર છુપાવવું કાફી નથી. એટલા માટે કે સ્ત્રી હવે અજનબીયહ (પરાઇ સ્ત્રી) છે અને પરાઇ સ્ત્રી અજનબી થી એકાંત જાઇઝ નથી બલ્કે અહીંયા ફિત્નોનો અધિક અંદેશો છે અને જો મકાનમાં તંગી હોય એટલું નથી કે બંને અલગ અલગ રહી શકે તો પતિ એટલા દિવસો સુધી મકાન છોડી દે. એવું ન કરે કે સ્ત્રીને બીજા મકાનમાં મોકલી દે અને પોતે તેમાં રહે કે સ્ત્રીને મકાન બદલવાની વગર જરૂરતે ઇજાઝત નથી અને જો પતિ ફાસિક (સ્વછંદી) હોય તો તેનો આદેશ પુર્વક આ મકાન થી અલગ કરી દેવામાં આવે અને જો ન નિકળે તો તે મકાનમાં કોઇ વિશ્વાસપાત્ર સ્ત્રીને મુકી દેવામાં આવે જે ફિતનાને રોકવા પર શકિતમાન હોય અને જો રજઇ તલાકની ઇદ્દત હોય તો પરદાની કોઇ જરૂરત નથી ભલે પતિ ફાસિક હોય કે તેણી નિકાહથી બહાર થઇ નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-(૨૨):**- ત્રણ તલાકની ઇદ્દતનો પણ એજ હુકમ છે જે બાઇન તલાકની ઇદ્દતનો છે. પતિ પત્ની જે ઘરડાં હોય અને વિચ્છેદ ઘંટિત થયો અને તેમની ઔલાદો હોય કે જેમની જુદાઇ પસંદ ન હોય તો બંને એક મકાનમાં રહી શકે છે. જ્યારે કે પતિ પત્ની તરીકે ન રહેતા હોય (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૩) :**- પ્રવાસમાં પતિએ બાઇન તલાક આપી અથવા તેનો ઇન્તેકાલ (મૃત્યુ) થયો હવે તે જગ્યા શહેર છે અથવા નથી અને ત્યાંથી જ્યાં જવું છે તે લાંબો પ્રવાસ છે કે નહી અન ફરેક હાલતમાં મકાન લાંબા

અંતરે છે કે નહી. જો કોઇ બાજુએ પ્રવાસનું અંતર ન હોય તો સ્ત્રીને અખત્યાર છે કે ત્યાં જાય અથવા ઘેર પાછી આવે. તેની સાથે મહરમ હોય કે ન હોય પરંતુ સારુંએ છે કે ઘેર પાછી આવે અને જો એક બાજુંએ પ્રવાસનું અંતર છે બીજી તરફ નથી તો જે બાજુએ પ્રવાસનું અંતર ન હોય તેને અપનાવે અને જો બંને બાજુએ અંતર છે અને ત્યાં આબાદી ન હોય તો અખત્યાર છે કે જાય અથવા પાછી આવે. સાથે મહરમ હોય કે ન હોય અને ઘેર પાછા આવવું ઉત્તમ છે અને જો તે સમયે શહેરમાં છે તો ત્યાં જ ઇદ્દત પૂરી કરે. મહરમ અથવા વગર મહરમે ન આ બાજુએ આવી શકે છે ન તે બાજુએ જઇ શકે છે અને જો તે સમયે જંગલમાં છે પરંતુ માર્ગમાં ગામ અથવા શહેર મળશે અને ત્યાં થોભી શકે છે કે માલ અથવા આબરૂ નો ભય નથી અને જરૂરતની વસ્તુઓ ત્યાં મળતી હોય તો ત્યાં જ ઇદ્દત પૂરી કરે. પછી મહરમ સાથે ત્યાંથી પ્રવાસ કરે. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

મસ્અલા- (૨૫) :- રજઇતલાકની ઇદ્દતના એજ અહેકામ (નિયમો) છે જે બાઇનના છે. પરંતુ તેના માટે સોગ નથી અને પ્રવાસમાં રજઇ તલાક આપી તો પતિના સાથે જ રહે અને કોઇ બાજુએ પ્રવાસનું અંતર છે તો તે બાજુએ જઇ શકતી નથી. (દુર્રેમુખ્તાર)

## નસબના પુરાવાનું બયાન

## (નસબની સાબેતી નું બયાન)

હદીસમાં ફરમાવ્યું છે કે, બાળક તેના માટે છે જેનો ફરાશ છે. (અર્થાત સ્ત્રી જેની પરિણિત અથવા દાસી હોય) અને ઝાની (વ્યભિચારી) માટે પત્થર છે.

મસ્અલા- (૧) :- હમલ (ગર્ભ) ની મુદ્દત ઓછામાં ઓછા છ મહિના અને વધુમાં વધુ બે વર્ષ છે. માટે જે સ્ત્રી રજઇ તલાક ની ઇદ્દતમાં છે અને ઇદ્દત પૂરી થવાનો સ્ત્રીએ સ્વીકર ન કર્યો હોય અને બાળક પૈદા થયું તો નસબ (વંશ) સાબિત છે, અને જો ઇદ્દત પૂરી થવાનો સ્વીકાર કર્યો અને તે મુદ્દત એટલી છે કે તેમાં ઇદ્દત પૂરી થઇ શકે છે અને સ્વીકારના સમયથી છ મહિનાની અંદર બાળક પૈદા થયું તો પણ નસબ સાબિત છે. કે બાળક પૈદા થવાથી જાણી શકાયું કે, સ્ત્રીનો સ્વીકાર ખોટો હતો. અને આ બંને સ્વરૂપોમાં જન્મથી સાબિત થયું કે પતિએ રજઅત કરી લીધી છે જ્યારે કે તલાકના સમયથી પૂરા બે વર્ષ અથવા અધિકમાં બાળક પૈદા થયું અને બે વર્ષથી ઓછામાં પૈદા થયું તો રજઅત સાબિત થઇ નહી, શક્ય છે કે તલાકઆપવાથી પહેલાનો હમલ (ગર્ભ) હોય અને જો સ્વીકાર ના સમયથી છ મહિના પર બાળક પૈદા થયું તો નસબ સાબિત નથી, એવીજ રીતે બાઇન તલાક અથવા મૃત્યુની ઇદ્દત પૂરી થવાનો સ્ત્રીએ સ્વીકાર કર્યો અને સ્વીકારના સમયથી છ મહિનાથી ઓછામાં બાળક પૈદા થયું તો નસબ સાબિત છે, નહિતો નથી. (દુર્રેમુખ્તાર વિગેરે)

મસ્અલા- (૨) :- જે સ્ત્રીને બાઇન તલાક આપી અને તલાકના સમયથી બે વર્ષ પછી પૈદા થયું તો સાબિત નથી. પરંતુ જ્યારે પતિ તે બાળક સંબંધે કહે કે આ મારુંજ છે અથવા એકબાળક બે વર્ષની અંદર પૈદા થયું, બીજું પછીથી તો બંનેનો નસબ સાબિત થઇ જશે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૩) :- નિકાહના સમયથી છ મહિનાની અંદર બાળક પૈદા થયું તો નસબ સાબિત નથી અને છ મહિના અથવા અધિક પર થયું તો સાબિત છે જ્યારે કે પતિ સ્વીકાર કરે અથવા મૌન ધારણ કરે અને જો કહે છે કે બાળક પૈદા જ થયું નથી તો એક સ્ત્રીની ગવાહીથી જન્મ સાબિત થઇ જશે અને જો પતિએ કહ્યું હતું કે જ્યારે તુ જણે તો તને તલાક અને સ્ત્રી બાળક પૈદા થવાનું બયાન કરે છે અને પતિ ઇન્કાર કરે છે તો બે પુરુષ અથવા એક પુરુષ અને બે સ્ત્રીઓની ગવાહી થી તલાક સાબિત થશે, ફકત દાયણ સોયાણીની સાક્ષી ના કાફી છે. એવી જ રીતે જો પતિએ ગર્ભનો સ્વીકાર કર્યો હતો અથવા ગર્ભ જાહેર હતો તો પણ તલાક સાબિત છે. અને નસબ સાબિત થવા માટે કેવળ દાયણનું કથન કાફી છે. (જવહરહ) અને જો બે બાળકો પૈદા થયા, એક છ મહિનાની અંદર બીજું છ મહિના અથવા છ મહિના પછી તો બંનેમમાં કોઇનું નસબ સાબિત નથી. (આલમગીરી)

મસ્અલા- (૪) :- નિકાહમાં જ્યાં નસબ સાબિત હોવું કહેવામાં આવે છે ત્યાં કાંઇ એ જરુરી નથી કે પતિ દાવો કરે તો નસબ સાબિત થશે બલ્કે મૌન થી પણ નસબ સાબિત થશે અને જો ઇન્કાર કરે તો નકાર ન થશે જ્યાં સુધી

લેઆન ન થાય અને જો કોઇ કારણોસર લેઆન ન થઇ શકે તો પણ સાબિત થશે. (આલમગીરી)

મસ્અલા- (૫) :- નાબાલિગાને તેના પતિએ સમાગમ પછી રજઇ તલાક આપી અને તેણે હામેલા (ગર્ભવતી) હોવું જાહેર કર્યું તો જો ૨૭ મહિનાની અંદર બાળક પૈદા થયું તો નસબની સાબિતીવાળું છે અને બાઇન તલાકમાં બે વર્ષની અંદર થશે તો સાબિત છે. નહી તો સાબિત નથી અને જો તેણે ઇદ્દત પૂરી થવાનો સ્વીકાર કર્યો છે તો સ્વીકારના સમયથી છ મહિનાની અંદર થશે તો સાબિત છે નહી તો નથી અને જો ન હામેલા હોવું જાહેર કર્યું ન ઇદ્દત પૂરી થવા નો સ્વીકાર કર્યો બલકે મૌન કર્યું તો મૌનનો એજ હુકમ છે જે ઇદ્દત પૂરી થવાના સ્વીકારનો છે. (આલમગીરી)

મસ્અલા- (૬) :- પતિના મુત્યુના સમયથી બે વર્ષની અંદર બાળક પૈદા થશે તો નસબ સાબિત છે નહી તો નથી. એજ હુકમ સગીરાનો છે જ્યારે કે હમલ નો સ્વીકાર કરતી હોય અને જો સ્ત્રી સગીરા છે જેણે ન હમલ નો સ્વીકાર કર્યો ન ઇદ્દત પૂરી થવાનો અને દસ મહિના દસ દિવસ થી ઓછામાં જન્મ થયો તો સાબિત છે. નહી તો નથી અને જો ઇદ્દત પૂરી થવાનો સ્વીકાર કર્યો અને સ્વીકારના સમયે અર્થાત ચાર મહિના દસ દિવસ પછી જો છ મહિના ની અંદર પૈદા થયું તો સાબિત છે નહી તો નથી. (દુર્રેમુખ્તાર)

મસ્આલા (૭) :- સ્ત્રીએ મૃત્યુની ઇદ્દતમાં પહેલા એમ કહયું કે આ હમલ નથી પછી બીજા દિવસે કહયું હમલ છે તો તેનો કોલ માની લેવામાં આવશે અને જો ચાર મહિના દસ દિવસ પૂરા થવા પર કહયું કે હમલ નથી પછી હમલ જાહેર કર્યો તો તેનો કોલ માનવામાં આવશે નહીં, પરંતુ જયારેકે પતિના કૃત્યુ થી છ મીહનાની અંદર બાળક પૈદા થયું તો તેનો તે સ્વિકાર કે ઇદ્દત પૂરી થઇ ગઇ બાતલ સમજવામાં આવશે(ખાનિયહ)

મસ્અલા- (૮):- તલાક અથવા મૃત્યુ પછી બે વર્ષ ની અંદર બાળક પૈદા થયું અને પતિ અથવા તેના વારસો બાળક પૈદા થવા નો ઇન્કાર કરે છે અને સ્ત્રી દાવો કરે છે તો જો હમલ જાહેર હતો અથવા પતિએ હમલનો સ્વીકાર કર્યો હતો તો જન્મ સાબિત છે ભલે પ્રસવ પણ સાક્ષી ન આપે અને તે સાબિતુલ નસબ છે. અને જો ન હમલ જાહેર હતો ન પતિએ હમલ નો સ્વીકાર કર્યો હતો તો તે સમયે સાબિત થશે કે બે પુરુષ અથવા એક પુરુષ અને બે સ્ત્રીઓ ગવાહી આપે અને પુરુષ કેવી રીતે ગવાહી આપશે તેની સુરત એ છે કે સ્ત્રી એકલી મકાનમાં ગઇ અને તે મકાનમાં કોઇ એવું બાળક ન હતું અને બાળકને લઇને બહાર આવી અથવા પુરુષની નજર ઓચિંતી પડી ગઇ જોયું કે તેને બાળક પૈદા થઇ રહ્યું છે અને ઇરાદાપૂર્વક નજર નાંખી તો ફાસિક છે અને તેની ગવાહી રદબાતલ છે. (દુર્રેમુખ્તાર, રદ્દુલ મુહતાર)

મસ્અલા- (૯) :- પતિ બાળકના જન્મનો સ્વીકાર કરે છે પરંતુ કહે છે કે (તે) આ બાળક નથી. તો તેની સાબિતી માટે દાયણની ગવાહી કાફી છે. (દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૦) :- મૃત્યુની ઇદ્દતમાં બાળકનો જન્મ થયો અને કેટલાક વારસદારોએ સમર્થન કર્યું તો તેના હકમાં નસબ સાબિત થઇ ગયો. પછી જો તે આદિલ (જે ફાસિક ન હોય તે) છે અને તેના સાથે કોઇ બીજા કોઇ સાક્ષી યોગ્ય વારસદારે પણ પુષ્ટિ કરી અથવા કોઇ અજાણ્યાએ ગવાહી આપી તો વારસદાર અને ગેર સૌના હકમાં નસબ સાબિત થઇ ગયો અર્થાત દા.ત. જો આ છોકરાએ દાવો કર્યો કે મારા બાપના ફલાણાં શખ્સ પર આટલા રુપિયા લેણું છે તો દાવો સાંભળવા માટે તેની હાજત નથી કે તે પોતાનું નસબ સાબિત કરે અને જો એકલો એક વારસ સમર્થન કરે છે અથવા થોડાક હોય પરંતુ તે આદિલ ન હોય તે કેવળ તેમના હકમાં સાબિત છે. બીજાઓના હકમાં સાબિત નથી. દા.ત. જો બીજા વારસદારો આ સ્વરુપમાં ઇન્કાર કરતા હોય તો ઔલાદ હોવાના કારણે તેમના ભાગોમાં કોઇ કમી થશે નહી અને વારસ જો પુષ્ટિ કરે તે તેમના માટે સ્વીકાર કરવામાં શહાદત શબ્દ અને કાંઝીની મજલિસ શબ્દ વિગેરે કાંઇ શર્ત નથી પરંતુ બીજાઓના હકમાં તેમનો ઇકરાર તે સમયે માનવામાં આવશે જ્યારે આદિલ હોય હા, જો આ વારસના સાથે કોઇ ગેર વારસ છે તો તેનું કેવળ એ કહી દેવું કાફી થશે નહી કે આ ફલાણાંનો છોકરો છે બલ્કે શબ્દ "શહાદત" (સાક્ષી) અને મજલિસે હુકમ વિગેરે તે સઘળા કાર્યો જે શહાદતમાં શર્ત છે તેના માટે શર્ત છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૧૧)** :- બાળક પૈદા થયું. સ્ત્રી કહે છે કે નિકાહ ને છ મહિના અથવા વધારે નો સમય ગુજર્યો અને પુરૂષ કહે છે કે છ મહિના થયા નથી, તો સ્ત્રીને સોગંદ ખવડાવો સોગંદ ની સાથે તેનું કથન વિશ્વાસ પાત્ર છે અને પતિ અથવા તેના વારસો ગવાહ રજૂ કરવા ઇચ્છે તો ગવાહ સાંભળવામાં આવે નહી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૧૨)** :- કોઇ છોકરા સંબંધે કહ્યું આ મારો પુત્ર છે અને તે શખ્સનો ઇન્તેકાલ (મૃત્યુ) થઇ ગયો અને તે છોકરાનીમાં જેનું આઝાદ હોવું (દાસી ના હોય તે) તથા મુસલમાન હોવું ખબર છે. તેણી કહે છે કે હું તેની પત્ની છું આ તેનો પુત્ર છે તો બંને વારસ થશે ને જો સ્ત્રીનું આઝાદ હોવું મશહૂર ન હોય અથવા પહેલા તો દાસી હતી અને હવે આઝાદ છે અને એ ખબર નથી ઓલુક સમયે આઝાદ હતી કે નહી અને વારસો કહે છે તો તેનું ઉમ્મે વલદ (જેના માલિકથી ઔલાદ થઇ હોય તે દાસી) હતી તો વારસ થશે નહી. એવી જ રીતે જો વારસો કહે છે કે તુ તેના મૃત્યુ સમયે ઇસાઇ હતી અને તે સમયે તે સ્ત્રીનું મુસલમાન હોવું મશહૂર નથી તો પણ વારસદાર થશે નહી. (આલમગીરી)

**મસ્અલા- (૧૩)** :- સ્ત્રીનું બાળક ખૂદ સ્ત્રીના કબ્જામાં છે પતિના કબ્જામાં નથી. તેના સંબંધે સ્ત્રી એમ કહે છે કે આ બાળક મારા પ્રથમ પતિથી છે. તેના જન્મ પછી મેં તારાથી નિકાહ કર્યો અને પતિ કહે છે કે મારૂંબાળક છે. મારા નિકાહમાં પૈદા થયું તો પતિનો કોલ વિશ્વાસપાત્ર છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૪)** :- કોઇ સ્ત્રી સાથે ઝિના કર્યો પછી તેનાથી નિકાહ કર્યો અને છ મહિના અથવા તેનાથી વધારે મહિનામાં બાળક પૈદા થયું તો નસબ સાબિત છે અને તેના કરતાં ઓછા દિવસોમાં પૈદા થયું તો નસબ સાબિત નથી જો કે પતિ કહે છે કે તે ઝિનાથી મારો પુત્ર છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૫)** :- નસબની સાબિતી ઇશારાથી પણ થઇ શકે છે ભલે બોલવા માટે શકિતમાન હોય. (આલમગીરી)

**મસ્અલા- (૧૬)** :- કોઇએ પોતાના નાબાલિગ છોકરાનો નિકાહ કોઇ સ્ત્રી સાથે કરી દિધો અને છોકરો એટલો નાનો છે કે ન સંભોગ કરી શકે છે ન તેનાથી હમલ રહી શકે છે અને સ્ત્રીને બાળક પૈદા થયું તો નસબ સાબિત નથી અને જો છોકરો બાલિગ થવાની નિકટ છે અને તેની પત્નીથી બાળક પૈદા થયું તો નસબ સાબિત છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૭)** :- પોતાની દાસી સાથે વતી (સમાગમ) કરે છે અને બાળક પૈદા થયું તો તેનો નસબ તે સમયે સાબિત થશે કે તે ઇકરાર સ્વીકાર કરે કે મારૂંબાળક છે અને તે દાસી **"ઉમ્મુલ વલદ"** થઇ ગઇ હવે તેના પછી જે બાળકો પૈદા થશે તેમાં ઇકરારની હાજત નથી પરંતુ એ જરૂરી છે કે નકાર કરવાથી મુનતફી (નષ્ટ થનાર) થઇ જશે પરંતુ નકારથી તે સમયે મુનતફી થશે કે અધિક સમય ગુજર્યો ન હોય, ન કાઝીએ તેના નસબનો હુકમ આપી દિધો હોય અને તે પૈકી કોઇ વાત જોવામાં આવી તો નકારથી થઇ શકતો નથી અને મુદબરહ ના બાળકનો નસબ પણ ઇકરાર થી સાબિત થશે. **મનકૂહા** (વિવાહિત) ના બાળકનો નસબ સાબિત થવા માટે ઇકરારની હાજત નથી બલ્કે ઇનકારની હાલતમાં **"લેઆન"** કરવું પડશે અને જ્યાં લેઆન નથી ત્યાં ઇન્કારથી પણ કામ ચાલશે નહી. (આલમગીરી, રદદુલમુહતાર)

## બાળકના ઉછેરનું બયાન

ઇમામ અહમદ તથા અબુ દાઉદ અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહો અનહોમાંથી રિવાયત કરે છે કે, એક સ્ત્રીએ હુઝૂરને અરજ કરી યા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મારો આ પુત્ર છે. મારૂંપેટ તેના માટે વાસણ હતું અને મારા સ્તન તેના માટે મશક અને મારો ખોળો તેનો રક્ષક હતો અને તેના બાપે મને તલાક આપી દીધી અને હવે તેને મારી પાસેથી ઝૂંટવી લેવા ઇચ્છે છે. હુઝૂરે ઇરશાદ ફરમાવ્યો તું અધિક હકદાર છે, જ્યાં સુધી તું બીજો નિકાહ ન કરે. સહીહૈન (બુખારી શરીફ તથા તિરમિઝી શરીફ)માં બરાઅબિન આઝિબ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે સુલેહ હુદેબીયહ પછી બીજા વર્ષમાં જ્યારે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કઝા ઉમરા થી ફારેગ થઇને મકકા મોઅઝમા થી રવાના થયા તો હઝરત હમઝા રદિયલ્લાહો અન્હોનાં સાહબઝાદી કાકા કાકા કહેતી

પાછળ થઇ ગઇ. હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ તેને લઇ લીધી અને હાથ પકડી લિધો પછી હઝરત અલી તથા ઝૈદબિન હારિસાતથા જાફર તૈયાર રદિયલ્લાહો અન્હુમાં દરેકે પોતાની પાસે રાખવા ચાહ્યું. હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ કહ્યું મેં જ તેને લીધી અને મારા કાકાની છોકરી છે અને હઝરત જઅફર રદિયલ્લાહો અન્હોએ કહ્યું : મારા કાકાની છોકરી છે અને તેની માસી મારી પત્ની છે અને હઝરત ઝૈદ રદિયલ્લાહો અન્હોએ કહ્યું : મારા (રઝાઇ) ભાઇની પુત્રી છે. હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે છોકરી માસીને આપી દેવડાવી અને ફરમાવ્યું કે માસી માંના સ્થાને છે અને હઝરત અલીને ફરમાવ્યું કે, તમે મારાથી છો ને હું તમારાથી અને હઝરત જઅફરને ફરમાવ્યું કે, તમે મારી સુરત અને સીરતમાં અનુરૂપ છો અને હઝરત ઝૈદને ફરમાવ્યું કે તમે અમારા ભાઇ અને અમારા મૌલા (આઝાદ કરેલ ગુલામ) છો.

**મસ્અલા- (૧) :-** બાળકના ઉછેરનો હક **"માં"** માટે છે ભલે તે નિકાહમાં હોય કે નિકાહથી બહાર થઇ ગઇ હોય. હા, જો તેણી મુરતદ થઇ ગઇ હોય તો ઉછેર કરી શકતી નથી અથવા કોઇ ફિસ્ક (દુરાચાર)માં ગ્રસ્ત હોય કે જેના કારણે બાળકની ટ્રેનિંગમાં તફાવત આવે. દા.ત. વ્યભિચારીણી અથવા ચોર અથવા વિલાપકરનાર (કુટણી) છે તો તેના ઉછેર માં બાળકને ન આપવામાં આવે બલ્કે કેટલા ફુકહાઓએ ફરમાવ્યું છે કે જો તેણી નમાઝની પાબંદ નથી તો તેના ઉછેરમાં પણ ન આપવામાં આવે પરંતુ સાચું એ છે કે તેના ઉછેરમાં તે સમય સુધી રહેશે કે ના સમજ હોય. જ્યારે થોડુંક સમજવા લાગે તો જુદો કરી દો કે બાળક માં ને જોઇને એજ આદત ધારણા કરશે જે તેણીની છે. એવી જ રીતે માંના ઉછેરમાં તે સમયે પણ ન આપવામાં આવે જ્યારે કે અધિકતમ બાળકને છોડીને આમ તેમ ચાલી જતી હોય, જો કે તેનું જવું કોઇ ગુનાહ માટે ન હોય. દા.ત. તે સ્ત્રી મડદાંને નવડાવે છે અથવા સુવાવડ કરાવે છે અથવા બીજું કોઇ એવું કામ કરે છે જેના કારણે તેનો અધિકાંશ ઘેરથી બહાર જવું પડે છે અથવા તે સ્ત્રી દાસી અથવા ઉમ્મેવલ્દ અથવા મુદબેરા હોય અથવા મકાતિબહ હોય જેનાથી કિતાબતના નિકાહથી પહેલા બાળક પૈદા થયું જ્યારે કે તે બાળક આઝાદ હોય અને જો આઝાદ ન હોય તો ઉછેરનો હક મૌલા માલિક માટે છે કે, તેની મિલ્કત છે પરંતુ તેની માં થી અલગ ન કરવામાં આવે. (આલમગીરી, દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૨) :-** જો બાળકની માં એ બાળકના ગેર મહરમથી નિકાહ કરી લીધો તો તેનો ઉછેરનો હક રહ્યો નહી અને તેના મહરમથી નિકાહ કર્યો તો ઉછેર નો હક બાતલ થયો નહી. ગેર મહરમથી ભાવાર્થ તે શખ્સ છે કે નસબની તરફથી બાળક માટે મહરમ ન હોય ભલે રેઝાઅ (દુધની સગાઇ) ના કારણે મહરમ હોય. દા.ત. તેની માં એ તેના રઝાઇ કાકા થી શાદી કરી લીધી તો હવે માંના ઉછેરમાં રહેશે નહી, જો કે રઝાઇ (દુધની સગાઇ) ની ગણનાએ બાળકનો કાકો છે, પરંતુ નસબની રીતે **અજનબી (પરાયો)** છે અને નસબી કાકાથી નિકાહ કર્યો તો બાતિલ નથી. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા- (૩) :-** જો માં મફત ઉછેર કરવા ઇચ્છતી નથી અને બાપ બદલો આપી શકે છે તો બદલો આપે અને તંગદસ્ત નિર્ધન છે તો માં પછી જેમને ઉછેર નો હક છે જો તેઓમાં કોઇ મફત ઉછેર કરે તો તેના ઉછેરમાં આપવામાં આવે એ શરતે કે બાળકના **ગેર મહરમથી તેણે** શાદી ન કરી હોય અને માંને કહી દેવામાં આવે કે મફત ઉછેર કર અથવા બાળકને ફલાણા ને આપી દે. પરંતુ માં જો બાળકને જોવા ઇચ્છે અથવા તેની દેખરેખ રાખવા ઇચ્છે તો મના કરી શકતા નથી, અને જો કોઇ બીજી સ્ત્રી એવી ન હોય જેને ઉછેરનો હક છે, પરંતુ કોઇ અજનબી શખ્સ અથવા સંબંધી પુરૂષ મફત ઉછેર કરવા ઇચ્છે છે, તો માં ને જ આપીશું. ભલે તેણે અજનબી થી નિકાહ કર્યો હોય. ભલે બદલો (ઉજરત) માંગતી હોય. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪) :-** જેને ઉછેર નો હકક છે જો તે ઇન્કાર કરે અને કોઇ બીજો ઉછેર કરે તેવો ન હોય અને બાળક બીજી સ્ત્રીનું દુધ પીતો ન હોય અથવા કોઇ સ્ત્રી મફત દુધ પીવડાવતી નથી અને બાળક અથવા તેના પિતા પાસે માલ નથી તો માંને દુધ પીવડાવવા માટે મજબૂર (બળજબરી) કરવામાં આવશે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૫) :-** માં ના ઉછેરમાં બાળક હોય અને તે તેના બાપના નિકાહ અથવા ઇદ્દતમાં હોય તો ઉછેર

નો બદલો પામશે નહી. નહી તો તેનો પણ હક લઇ શકે છે અને સ્તન પાન (દુધ ધવરાવવા) નો બદલો અને બાળકનું ભરણ પોષણ પણ લઇ શકે છે. અને જો તેની પાસે રહેવાનું મકાન ન હોય તો તે પણ લઇ શકે છે. અને બાળક ને ખાદિમ (ચાકરી કરનાર) ની જરૂરત હોય તો તે પણ લઇ શકે છે અને આ સઘળો ખર્ચ જો બાળક નો માલ હોય તો તેમાંથી આપવામાં આવે નહીંતો જેના પર બાળકનો નફકો (ખાધાખોરાકી) છે તેના માથે આ સઘળું પણ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૬)** :- જો માં એ ઉછેરવાનો ઇન્કાર કરી દીધો પછી એ ઇચ્છે છે કે, ઉછેર કરે તો રજૂઅ કરી શકે છે. (રદદુલમુહતાર)

**મસ્અલા- (૭)** :- જો માં ન હોય અથવા ઉછેર ના યોગ્ય ન હોય અથવા ઇન્કાર કરી દીધો અથવા અજનબી (પારકા) સાથે નિકાહ કર્યો તો હવે ઉછેરનો હક નાનીનો છે. તે પણ ન હોય તો નાનીની માં, તેના પછી દાદી, પરદાદી, ઉપરોકત શરતો સાથે, પછી સગી બહેન પછી આંગળીયાત બહેન, પછી સાવકી બહેન, પછી સગી બહેનની પુત્રી પછી આંગળીયાત બહેન ની પુત્રી, પછી માસી, પછી આંગળીયાત, પછી સાવકી, પછી સાવકી બહેન ની પુત્રી, પછી સગી ભત્રીજી, પછી આંગળીયાત ભાઇની પુત્રી, પછી સાવકા ભાઇની પુત્રી પછી એજ ક્રમથી ફોઇઓ, પછી માંની માસી, પછી બાપની માસી, પછી માં ની ફોઇઓ, પછી બાપની ફોઇઓ, અને આ સૌમાં એજ ક્રમ ખ્યાલ માં રહે કે, સગી પછી આંગળીયાત, પછી સાવકી અને જો કોઇ સ્ત્રી ઉછેર કરનાર ન હોય અથવા હોય પરંતુ તેનો હકક રદ હોય તો વારસદાર, વારસા ની ક્રમથી અર્થાત બાપ, પછી દાદો, પછી સગોભાઇ, પછી સાવકોભાઇ, પછી ભત્રીજા, પછી કાકા પછી તેના પુત્રો પરંતુ છોકરીને પીત્રાઇ ભાઇના ઉછેરમાં ન આપો, ખાસ કરીને જ્યારે કે તે મુશ્તહાત (શહવત વાળી) હોય અને જો **"અસબાત"** (બાપતરફથી વારસદારો) પણ ન હોય તો **"ઝવીલ અરહામ"** એટલે (તે રિશ્તેદારો જેમાં તરફથી સંબંધિત હોય) ના ઉછેરમાં આપો. દા.ત. આંગળીયાત, ભાઇ પછી તેનો પુત્ર, પછી માંનો કાકો, પછી સગી માસી, કાકો અને ફોઇ અને મામા અને માસીની પુત્રીઓને બાળકના ઉછેરનો હક નથી. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા-(૮)** :- જો થોડાક શખ્સો એક દરજજા ના હોય તો તેમનામાં જે અધિક ઉત્તમ હોય પછી એ કે અધિક પરહેઝગાર હોય, પછી એ છે જે તેમનામાં મોટો હોય, હકદાર છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૯)** :- બાળકની માતા જો એવા મકાનમાં રહે છે કે ઘરવાળા બાળકથી અદાવત રાખે છે તો બાપ પોતાના બાળકને તેની પાસેથી લઇ લેશે અથવા સ્ત્રી તે મકાન ત્યજી દે અને જો માંએ બાળકના કોઇ સગાથી નિકાહ કર્યો પરંતુ તે મહરમ નથી તો પણ હકક રદ થઇ જશે. દા.ત. તેના પીત્રાઇ ભાઇથી હા, જો માં પછી એજ કાકાના પુત્રનો હકક છે અથવા બાળક છોકરો છે તો રદ ન થશે. (રદદુલમુહતાર)

**મસ્અલા-(૧૦)**:-અજનબી (અપરિચિત)(અહિં, તે શખ્સ મુરાદ છે, જે નસબની નિસ્બતથી બાળક માટે મહરમ ના હોય તે) સાથે નિકાહ કરવાથી ઉછેરનો હક રદ થઇ ગયા હતો પછી તેણે બાઇન તલાક આપી દીધી અથવા રજઇ આપી પરંતુ ઇદ્દત પૂરી થઇ ગઇ તો ઉછેરનો હક પાછો મળશે. (હિદાયહ વિગેરે)

**મસ્અલા- (૧૧)** :- પાગલ અને બહોરાને ઉછેરનો હક પ્રાપ્ત નથી અને સારા થઇ ગયા તો હક પ્રાપ્ત થઇ જશે. એવી જ રીતે મુરતદ હતો, હવે મુસલમાન થઇ ગયો, તો ઉછેરનો હક તેને મળશે. (રદદુલમુહતાર)

**મસ્અલા-(૧૨)**:-બાળક નાની અથવા દાદીની પાસે છે અને તે ખયાનત (ભ્રષ્ટાચાર) કરે છે તો ફોઇને અખ્તિયાર છે કે તેને લઇ લે. (આલમગીરી)

**મસ્અલા- (૧૩)** :- બાળકનો પિતા કહે છે કે તેની માતાએ કોઇનાથી નિકાહ કરી લીધો અને માં ઇન્કાર કરે છે, તો માંનો કોલ વિશ્વાસપાત્ર છે, અને જો એમ કહે છે કે નિકાહતો કર્યો હતો પરંતુ તેણે તલાક આપી દીધી અને મારો હક પાછો ફર્યો તો જો એટલું જ કહ્યું અને એ ન બતાવ્યું કે, તેનાથી નિકાહ કર્યો, તો પણ માંનો કોલ વિશ્વાસપાત્ર છે. અને જો એ પણ બતાવ્યું કે ફલાણાંથી નિકાહ કર્યો હતો તો હવે જ્યાં સુધી તે શખ્સ તલાકનો સ્વીકાર ન કરે, કેવળ આ સ્ત્રીનું કહેવું પુરતું નથી. (ખાનિયહ)

**મસ્અલા- (૧૪) :-** જે સ્ત્રી માટે ઉછેરનો હક છે તેના પાસે બાળકને તે સમય સુધી રહેવા દો કે હવે તેની હાજત રહે નહી. અર્થાત પોતાની મેળે ખાતો પીતો, કપડા પહેરતો, જાઝરુ પેશાબ કરી લેતો હોય, તેની માત્રા સાત વર્ષનું વય છે. અને જો વયમાં મતભેદ હોય તો જો આ સઘળાં કામ પોતે કરી લેતો હોય તો તેની પાસેથી અલગ કરી લેવામાં આવશે. નહીં તો નહી. અને જો બાપ લેવાનો ઇન્કાર કરે તો જબરદસ્તી તેના હવાલે કરવામાં આવે, અને છોકરી તે સમય સુધી સ્ત્રીની ઉછેરમાં રહેશે કે શહવત (કામ વાસના) ની હદે પહોંચી જાય. તેની માત્રા નવ વર્ષ નું વય છે. અને જો તે વયથી ઓછામાં છોકરીનો નિકાહ કરી દેવામાં આવ્યો તો પણ તેના ઉછેરમાં રહેશે. જેના ઉછેરમાં છે નિકાહ કરી દેવાથી ઉછેર નો હક બાતલ થશે નહી. જ્યાં સુધી પુરૂષના યોગ્ય ન થાય. (ખાનિયહ, બહર વગેરે)

**મસ્અલા- (૧૫) :-** સાત વર્ષના વયથી બાલિગ થવા સુધી છોકરો પોતાના બાપ અથવા દાદા અથવા કોઇ બીજા વાલી ની પાસે રહેશે. પછી જ્યારે બાલિગ થઇ ગયો **અને સમજદાર છે કે ફિત્ના અથવા બદનામી ની આશંકા ન હોય અને ચેતવણી ની જરૂરત ન હોય તો જ્યાં ઇચ્છે ત્યાં રહે અને જો આ વાતોની શંકા હોય અને ચેતવણીની જરૂરત હોય તો બાપ દાદા વિગેરે પાસે રહેશે. ખૂદ મુખ્તાર સ્વતંત્ર ન થશે પરંતુ બાલિગ થવા પછી બાપ પર ભરણ પોષણ વાજિબ નથી. હવે જો ખર્ચાઓનો જવાબદાર હોય તો એહસાન છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર) આ હુકમ ફિકહી છે પરંતુ હાલના જમાનાની નજરે ખુદ મુખ્તાર ન** રાખવામાં આવે. જ્યાં સુધી ચાલ ચલગત સારી રીતે દુરસ્ત ન થઇ જાય અને સંપૂર્ણ ખાત્રી ન થઇ જાય કે હવે તેના કારણે ફિત્નો તથા બુરાઇ ન થશે. કે આજ કાલ અકસર સોહબતો આચારને બગાડનાર હોય છે અને નવજવાનીમાં ફસાદ બહુ જલ્દી અસર કરે છે.

**મસ્અલા- (૧૬) :-** છોકરી નવ વર્ષ પછી થી જ્યાં સુધી કુંવારી છે બાપ દાદા, ભાઇ વગેરેના ત્યાં રહેશે પરંતુ જ્યારેકે પુખ્તવયની થઇ જાય અને ફિતનાની આશંકા ન હોય તો તેને અખત્યાર છે કે જ્યાં ઇચ્છે રહે અને છોકરી સૈયિબા છે દા.ત. વિધવા છે અને ફિત્નાની શંકા ન હોય તો તેને અખત્યાર છે. નહિ તો બાપ દાદા વિગેરેના ત્યાં રહે અને અમો પહેલાં બયાન કરી ગયા છીએ કે, **કાકાના છોકરાને છોકરી માટે ઉછેરનો હક નથી,** એજ હુકમ અત્યારે પણ છે કે તે મહરમ નથી બલ્કે જરૂરત છે કે **મહરમ** (જેનાથી નિકાહ થઇ શકતો હોય) ની પાસે રહે અને મહરમ ન હોય તો કોઇ વિશ્વાસપાત્ર અમાનતદાર સ્ત્રીની પાસે રહે જે તેની ઇજ્જતની રક્ષા કરી શકે અને જો છોકરી એવી હોય કે ફસાદની શંકા ન હોય તો અખત્યાર છે. (**દુર્રેમુખ્તાર,** રદદુલમુહતાર, આલમગીરી)

**મસ્અલા- (૧૭) :-** છોકરો બાલિગ થયો નહી પરંતુ કામના લાયક થઇ ગયો છે તો બાપ તેને કોઇ કામમાં લગાવી દે જે કામ શીખવા ઇચ્છે તેના જાણકાર પાસે મોકલી દે કે તેમની પાસે કામ શીખે, નોકરી અથવા મજૂરી ના યોગ્ય હોય અને બાપ તેનાથી નોકરી અથવા મજૂરી કરાવવા ઇચ્છે તો નોકરી અથવા મજૂરી કરાવે અને જે કમાણી કરે તે તેના ખર્ચમાં વાપરે અને બચે તો તેના માટે ભેગું કરતો રહે અને જો બાપ જાણે છે કે મારી પાસે ખર્ચ થઇ જશે તો કોઇ બીજાની પાસે અનામત મૂકી દે. **(દુર્રેમુખ્તાર) પરંતુ સૌથી ઉત્તમ એ છે કે, બાળકોને કુરઆન શરીફ પઢાવો અને દીન ની જરુરી વાતો શીખવવામાં આવે, રોઝા તથા નમાઝ તથા તહારત અને ખરીદ વેચાણ તથા ઇજારા તથા બીજા મામલાઓની સમસ્યા કે જેની દરરોજ જરુરત પડે છે અને અજ્ઞાનતાથી શરીઅત વિરુધ્ધના ગુનાહ કરવામાં ગ્રસ્ત થાય છે, તેની તઅલીમ હોય, જો નિહાળો કે બાળકને ઇલ્મ પ્રતિ આકર્ષણ છે અને સમજદાર છે તો દીન ના ઇલ્મની ખિદમત થી વધીને શું કામ છે, અને જો સમર્થતા ન હોય તો** અકાઇદની તઅલીમ તથા દુરસ્તી અને જરુરી મસાઇલની તઅલીમ પછી જે જાઇઝ કામમાં લગાવો, ઇખ્તિયાર છે.

**મસ્અલા- (૧૮) :-** છોકરી ને પણ જરુરી અકીદાઓ તથા મસલાઓ શીખવવા પછી કોઇ સ્ત્રી પાસે સિલાઇ અને ભરત ગુંથણ વિગેરે એવા કામો શીખવો જેની સ્ત્રીઓને બહુધા જરૂરત પડે છે અને ખાણું પકાવવા અને ઘરના બીજા કાર્યોમાં તેને લાયક બનાવવાનો પ્રયત્ન કરો કે યોગ્યતાવાળી સ્ત્રી જે ખૂબીથી જિંદગી બસર કરે છે અયોગ્ય નથી કરી શકતી.

**મસ્અલા- (૧૯) :-** છોકરીને નોકરી ન કરાવો. **કે જેની પાસે નોકરીએ રહેશે ક્યારેક એવું પણ થશે કે પુરુષ પાસે એકલી રહે અને આ મોટા એબ** (ખોડ, નુકશાન) **ની વાત છે.** (રદદુલમુહતાર)

**મસ્અલા- (૨૦) :-** ઉછેરના સમયમાં બાપ એમ ઇચ્છે છે કે, પત્ની પાસેથી બાળકને લઇને ક્યાંક બીજી જગ્યાએ ચાલ્યો જાય તો તેને આ અખ્તિયાર પ્રાપ્ત નથી અને જો સ્ત્રી ઇચ્છે કે બાળકને લઇને બીજા શહેરમાં ચાલી જાય અને બંને શહેરો વચ્ચે એટલું અંતર છે કે બાપ જો બાળકને જોવા ઇચ્છે તો જોઇને રાત પડવાથી પહેલા પાછો આવી શકે છે તો લઇ જઇ શકે છે અને તેનાથી વધુ અંતર છે તો પોતે પણ જઇ શકતી નથી. એજ હુકમ એક ગામથી બીજા ગામ અથવા ગામ થી શહેર માં જવાનો છે કે નિકટ છે તો જાઇઝ છે નહી તો નથી. અને શહેરથી ગામમાં ઇજાઝત વગર લઇ જઇ શકતી નથી. હા, જો જ્યાં જવા ઇચ્છે છે ત્યાં તેનું પીયર છે અને ત્યાંજ તેનો નિકાહ થયો છે તો લઇ જઇ શકે છે અને જો તેનું પીયર છે પરંતુ ત્યાં નિકાહ થયો નથી બલ્કે નિકાહ કોઇ બીજા સ્થળે થયો છે તો ન પીયર લઇ જઇ શકે છે ન ત્યાં જ્યાં નિકાહ થયો. માં સિવાય કોઇ બીજી ઉછેરનાર લઇ જવા ઇચ્છતી હોય તો બાપની પરવાનગીથી લઇ જઇ શકે છે. મુસલમાન અથવા ઝિમ્મી સ્ત્રી બાળકને દારુલ હર્બમાં સર્વથા લઇ જઇ શકતી નથી. જો કે ત્યાં નિકાહ થયો હોય. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર, આલમગીરી વિગેરે)

**મસ્અલા- (૨૧) :-** સ્ત્રીને તલાક આપી દીધી તેણે કોઇ અજનબી (અજાણ્યા) થી નિકાહ કરી લીધો તો બાપ બાળકને તેની પાસેથી લઇને પ્રવાસમાં લઇ જઇ શકે છે, જ્યારે કે કોઇ બીજો ઉછેરનો હકદાર ન હોય, નહિ તો નથી લઇ જઇ શકતો. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૨) :-** જ્યારે ઉછેરનો સમય પુરો થઇ ગયા અને બાળક બાપની પાસે આવી ગયો તો બાપ ઉપર એ વાજિબ નથી કે બાળકને તેની માં પાસે મોકલે. ન ઉછેરના સમયમાં માં પર બાપની પાસે મોકલવું લાઝિમ હતુ, હા, જો એકની પાસે છે અને બીજો તેને જોવા ઇચ્છે છે તો જોવાથી મના કરી શકાતુ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨૩) :-** સ્ત્રી બાળકને પારણામાં સુવડાવી બહાર ચાલી ગઇ. પારણું (ઘોડીયું) પછડાયું અને બાળક મરી ગયું તો સ્ત્રી પર તાવાન નથી કે તેણે પોતે નષ્ટ કર્યું નથી. (ખાનિયહ)

## નફકાનું બયાન :

## (ભરણપોષણનું બયાન)

અલ્લાહ અઝવજલ્લ ફરમાવે છે :-

**લે યુન્ફીક ઝૂસઅતિન મિન સઅતેહિ વમન કોદેર અલૈહે રિઝકોહુ ફલ યુન્ફીક મિમ્મા આતાહુલ્લાહો લા યોકલ્લેફુલ્લાહો નફસન ઇમાઆનાહા સયજઅલલ્લાહો બઅ્દ ઉસ્રીન યુસ્રા.** (કુર્આનશરીફ)

(**ભાવાર્થ :-** માલદાર શખ્સ પોતાની શકિત અનુસાર ખર્ચ કરે અને જેની રોજી તંગ છે તે તેનામાંથી ખર્ચ કરે જે તેને ખુદાએ આપ્યું છે. અલ્લાહ કોઇને તકલીફ આપતો નથી પરંતુ એટલી જ જેટલી તેને શકિત આપી છે. નિકટ છે કે અલ્લાહ સખતી પછી આસાની પૈદા કરદી દે)

અને અલ્લાહપાક ફરમાવે છે :-

**વ અલલ્મૌલૂદે લહુ રિઝકોહુન્ન વ કિસ્વતો હુન્ન બિલ્મઅ્રુફે લા તોકલ્લફો નફસુન ઇલ્લા વુસ્અહા વલા તોદારોં વાલેદતુન બે વલદેહા વલા મૌલુદુલ લહુ બે વલદેહિ વ અલલ્વારિસે મિસ્લો ઝાલિક.**

(**ભાવાર્થ :-** જેનું બાળક છે તેના પર સ્ત્રીઓનું ખાવું અને પહેરવું છે, દસ્તુર અનુસાર કોઇ જીવ પર તકલીફ નથી આપવામાં આવતી પરંતુ તેની ગુંજાઇશના પ્રમાણમાં, માં ને તેના બાળકના કારણે કષ્ટ ન આપવામાં આવે અને ન બાપને તેની ઔલાદના કારણે, અને જે બાપના સ્થાને છે તેના પર પણ એવું જ વાજિબ છે.)

અને અલ્લાહપાક ફરમાવે છે :-

**"ઉસ્કેનૂહુન્ન મિન હૈસો સકન્તુમ મિંવ્વજદેકુમ વલા તદ્દાર્રુહુન્ન લ તોદૈયકૂઅલૈહિન્ન."** (કુર્આન શરીફ)

(**ભાવાર્થ :-** સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં પોતે રહો, પોતાની શકિત ભર અને તેમને કષ્ટ ન આપો કે ન તેમના પર તંગી કરો.)

**હદીસ-(૧)** :- સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત જાબિર રદિયલ્લાહો અન્હોથી રિવાત છે કે, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હજ્જતુલ વિદાઅ ના ખુતબામાં ઇરશાદ ફરમાવ્યો "સ્ત્રીઓ સંબંધે ખુદાથી ડરો કે તે તમારી પાસે કેદીના જેમ છે. અલ્લાહની અમાનત સાથે તમોએ તેમને લીધી અને અલ્લાહના કલમા સાથે તેમના ગુપ્તાંગને હલાલ કર્યા. તમારો તેમના પર એ હક છે કે તમારી પથારીઓ પર (શયનખંડમાં, મકાનોમાં) એવા શખ્સને ન આવવા દે જેને તમે ના પસંદ કરો છો. અને જો એવું કરે તો તમે એવી રીતે મારી શકો છો જેનાથી હાડકુ ન તુટે અને તેમનો તમારા પર એહક છે કે તેમને ખાવા અને પહેરવા માટે નિયમ પ્રમાણે આપો.

**હદીસ- (૨)** :- સહીહૈનમાં ઉમ્મુલ મોમેનીન હઝરત આઇશા સિદ્દીકા રદિયલ્લાહો અન્હાથી રિવાયત છે કે હિન્દા બિન્તે ઉતબા એ અર્ઝ કરી યા રસૂલુલ્લાહ ! અબૂ સુફયાન (મારાપતિ) બખીલ છે તેઓ મને એટલો નફકો (ભરણપોષણ) આપતા નથી જે મને અને મારી ઔલાદને કાફી થાય. પરંતુ આ સ્વરૂપમાં કે તેમને જણાવ્યા વગર હું કાંઇ લઇ લઉ (તો શું એવી રીતે લેવું જાઇઝ છે ?) આપે ફરમાવ્યું કે, માલમાંથી એટલું તો લઇ શકે છે જે તને અને તારા બાળકોને દસ્તૂર અનુસાર ખર્ચ માટે કાફી હોય.

**હદીસ- (૩)** :- સહીહ મુસ્લિમમાં જાબિર બિન સમોરહ રદિયલ્લાહો અન્હોથી રિવાત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઇરશાદ ફરમાવ્યો "જ્યારે ખુદા કોઇને માલ આપે તો ખૂદ પોતાના પર અને ઘરવાળા ઓ પર ખરચ કરે."

**હદીસ- (૪)** :- સહીહ બુખારીમાં અબૂ મસઉદ અન્સારી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે ફરમાવ્યું મુસલમાન જે કાંઇ પોતાના કુટુંબ પર ખર્ચ કરે અને નિય્યત સવાબની હોય તો તે તેના માટે સદકો છે.

**હદીસ- (૫)** :- બુખારી શરીફમાં સઅદબિન અલી વકાસ રદિયલ્લાહો અન્હો થી રિવાયત છે કે, હુઝૂરે ફરમાવ્યું જે કાંઇ તુ ખરચ કરશે તે તારા માટે સદકો છે. ત્યાં સુધી કે જે લુકમો (કોળાયો) પોતાની પત્નીના મુખમાં મુકી દે.

**હદીસ-(૬)** :- સહીહ મુસ્લિમ શરીફમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે આદમી ને ગુનેહગાર થવા માટે એટલું કાફી છે કે જેનો ખોરાક તેના માથે હોય તેને ખવા ન આપે.

**હદીસ- (૭)** :- અબૂદાઉદ તથા ઇબ્ને માજા અમ્ર બિન શુએબ થી તેઓ તેમના બાપ થી અને તેઓ તેમના દાદા થી રિવાયત કરે છે કે, એક શખ્સે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ની ખિદમતમાં હાજર થઇને અરજ કરી કે મારા પાસે માલ છે અને મારા વાલિદ (પિતા) ને મારા માલની હાજત (જરૂરત) છે. આપે ફરમાવ્યુંતું અને તારો માલ તારા બાપ માટે છે. તમારી ઔલાદ તમારી ઉમદા કમાણીમાંથી છે. પોતાની ઔલાદની કમાણી ખાવ.

**મસ્અલા- (૧)** :- નફકા (ભરણ પોષણ) થી ભાવાર્થ ભોજન, વસ્ત્ર, રહેવાનું મકાન છે અને નફકો વાજિબ થવાના ત્રણ કારણો છે. પત્નીત્વ, નસબ અને માલિકી. (જવહરહ, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૨)** :- જે સ્ત્રીથી નિકાહ સહીહ થયો તેનો નફકો પતિ પર વાજિબ છે. પત્ની મુસલમાન હોય કે કાફિર, આઝાદ હોય કે મકાતિબા, મોહતાજ હોય કે માલદાર, દખૂલ (સંભોગ) થયો હોય કે નહી, બાલિગા હોય કે નાબાલિગા, પરંતુ નાબાલિગામાં શરત એ છે કે સંભોગ ની શકિત ધરાવતી હોય અથવા શહવતને પાત્ર હોય અને પતિ પ્રતિ કોઇ શર્ત નથી બલ્કે કેટલોએ સગીર વયનો હોય તેના પર નફકો વાજિબ છે. તેના માલમાંથી આપવામાં આવશે અને જો તેની માલિકીમાં માલ ન હોય તો તેની સ્ત્રીનો નફકો તેના બાપ પર વાજિબ નથી. હા જો તેના બાપે નફકા ની જમાનત કરી હોય તો બાપ પર વાજિબ છે. પતિ ઇન્નીન (નામર્દ) છે અથવા તેનું લિંગ કપાએલું છે, અથવા બીમાર છે કે સંભોગની તાકત નથી ધરાવતો અથવા હજ્જ માટે ગયો છે તો પણ નફકો વાજિબ છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૩)** :- ના બાલિગા જે સંભોગના લાયક ન હોય તેનો નફકો પતિ પર વાજિબ નથી. ભલે પતિના ત્યાં હોય કે પોતાના બાપના ઘેર, જ્યાં સુધી સંભોગ

ના લાયક ન થઇ જાય. હા જો તેના યોગ્ય હોય કે ખિદમત કરી શકે અથવા તેનાથી સ્નેહ પ્રાપ્ત થઇ શકે અને પતિએ પોતાના મકાનમાં રાખી તો નફકો વાજિબ છે અને રાખી નહી તો વાજિબ નથી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૪) :- સ્ત્રીનું ગુપ્ત સ્થાન (યોનિ) બંધ છે જેના કારણે સંભોગ થઇ શકતો નથી અથવા ગાંડી છે અથવા બૂહરી (ચિત્તભ્રમ) તો નફકો વાજિબ છે.(દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૫) :- પત્ની કનીઝ એટલે દાસી છે અથવા મુદબરહ અથવા ઉમ્મેવલ્દ (જેના માલિકથી સંતાન પૈદા થયા હોય તે) ઔરત છે. તો નફકો વાજિબ થવા માટે તબવીયહ શર્ત છે. અર્થાત જો મૌલાના ઘેર રહે છે તો વાજિબ નથી. (જવહરહ)

મસ્અલા- (૬) :- ફાસિદ નિકાહ દા.ત. ગવાહો વગર નિકાહ થયો, તો તેમાં અથવા તેની ઇદ્દતમાં નફકો વાજિબ નથી. એવી જ રીતે વતી બિશ્શુબ્હ માં અને જો જાહેર રીતે નિકાહ સહીહ થયો અને કાઝી શરઅ એ નફકો મુકર્રર કરી દીધો પાછળથી ખબર પડી કે નિકાહ સહીહ નથી. દા.ત. તે સ્ત્રી તેની દુધ બેહન સાબિત થઇ તો જે કાંઇ નફકામાં આપ્યું છે તે પાછું લઇ શકો છો અને જો સ્વયં કાઝીના હુકમ વગર આપ્યું છે તો લઇ શકતો નથી. (જવહરહ, રદદુલમુહતાર)

મસ્અલા- (૭) :- અજાણમાં સ્ત્રીની બહેન અથવા ફોઇ અથવા માસી થી નિકાહ કર્યો. પાછળથી ખબર પડી અને વિચ્છેદ થયો જ્યાં સુધી તેની ઇદ્દત પૂરી થશે નહી પ્રત્નીથી સંભોગ કરી શકતો નથી. પરંતુ પત્નીનો નફકો વાજિબ છે એ તેની બહેન, ફોઇ, માસીનો નહી. જો કે આ સ્ત્રીઓ પર ઇદ્દત વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા- (૮) :- બાલિગા સ્ત્રી જ્યારે પોતાના નફકાની માંગણી કરે અને હજુ રૂખસત થઇ નથી તો તેની માંગણી દુરસ્ત છે. જ્યારે કે પતિએ પોતાના મકાન પર લઇ જવાનું તેને કહ્યું ન હોય અને જો પતિએ કહ્યું તુ મારા ઘેર ચાલ અને સ્ત્રીએ ઇન્કાર કર્યો તો તેના બે સ્વરૂપ છે (૧) જો કહે છે કે જ્યાં સુધી મહેરે મોઅજ્જલ આપશો નહી ત્યાં સુધી જ ઇશ નહી, તોપણ નફકો મેળવશે કે તે નો ઇન્કાર નાહક નથી,(૨) અને જો ઇન્કાર નાહક છે દા.ત. મહેરેમુઅજ્જલ અદા કરી દીધી છે અથવા મહેરેમુઅજ્જલ હતુંજ નહી અથવા સ્ત્રીએ માફ કરી દીધી છે તો હવે નફકાની હકદાર નથી, જ્યાં સુધી પતિ ના મકાન પર આવે નહી.(આલમગીરી)

મસ્અલા- (૯) :- દખૂલ(સમાગમ) થયા પછી જો સ્ત્રી પતિના ત્યાં આવવાનો ઇન્કાર કરેછે તો જો મહેરેમુઅજ્જલ ની માંગણી કરે છે કે આપી દો તો ચાલું, તો નફકો ની હકદાર છે નહી તો હકદાર નથી(દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૧૦) :- પતિના મકાનમાં રહે છે પરંતુ તેના કાબુમાં નથી આવતી તો નફકો સાકિત નથી અને જો જે મકાનમાં રહે છે, તે સ્ત્રીની માલિકીનું છે અને પતિનું ત્યાં આવવું બંધ કરી દીધું તો નફકો મળશે નહી. હા જો તેણે પતિને કહ્યું કે મને તમારા ઘેર લઇ જાવ અથવા મારા માટે કોઇ મકાન ભાડે લઇ આપો અને પતિ લઇ ગયો નહી તો પતિનો કસૂર છે, માટે નફકા ની હકદાર છે. એવી જ રીતે જો પતિએ પારકું મકાન પડાવી લીધું છે. તેમાં રહે છેં, સ્ત્રી ત્યાં રહેવાનો ઇન્કાર કરે છે તો નફકાની હકદાર છે. (આલમગીરી)

મસ્અલા- (૧૧) :- પતિ સ્ત્રીને પ્રવાસમાં લઇ જવા ઇચ્છે છે અને સ્ત્રી ઇન્કાર કરે છે અથવા સ્ત્રી પ્રવાસમાં છે પતિએ કોઇ અજાણ્યા શખ્સને મોકલ્યો કે તેને પોતાની સાથે અહીં લઇ આવ. સ્ત્રીએ તેના સાથે જવાનો ઇન્કાર કર્યો તો નફકો સાકિત (રદ) થશે નહી. અને જો સ્ત્રીના મહરમ (દા.ત. મામા, કાકા જેના સાથે નિકાહ હરામ હોય તે) ને મોકલ્યો અને આવવાનો ઇન્કાર કરે તો નફકો સાકિત છે. (નફકો મળશે નહિ). દુર્રેમુખ્તાર)

મસ્અલા- (૧૨) :- સ્ત્રી પતિના ત્યાં બીમાર થઇ અથવા બીમાર થઇને તેના ત્યાં ગઇ અથવા પોતાના જ ઘેર રહી, પરંતુ પતિના ત્યાં જવાનો ઇન્કાર ન કર્યો તો નફકો વાજિબ છે. અને જો પતિના ત્યાં બીમાર થઇ અને પોતાના બાપના ત્યાં ચાલી ગઇ અને એટલી બીમાર છે કે ડોલી (પાલખી) વિગેરે ઉપર પણ આવી શકતી નથી, નફકાની હકદાર છે, અને જો આવી શકે છે, પરંતુ આવી નહી તો નફકા ની હકદાર નથી. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૧૩) :- સ્ત્રી પતિના ત્યાંથી નાહક

ચાલી ગઇ તો નફકો પામશે નહી. જ્યાં સુધી પાછી ન આવે અને જો તે સમયે પાછી આવી કે પતિ મકાન પર નથી બલ્કે પરદેશ ચાલ્યો ગયો છે તો પણ નફકા ની હકદાર છે અને જો સ્ત્રી એમ કહે છે કે, હું પતિની ઇજાઝતથી ગઇ હતી અને પતિ ઇન્કાર કરે છે અથવા એ સાબિત થઇ ગયું કે ઇજાઝત (રજા) વગર ચાલી ગઇ હતી પરંતુ સ્ત્રી કહે છે ગઇ તો હતી વગર ઇજાઝતે પરંતુ થોડાક દિવસ ત્યાં રહેવાની પતિએ ઇજાઝત (રજા) આપી હતી તો જાહેરી રીતે સ્ત્રીનો કોલ પ્રમાણિત ન થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૪) :-** થોડાક મહિનાઓનો નફકો પતિ પર બાકી હતો સ્ત્રી તેના મકાનેથી ઇજાઝત વગર ચાલી ગઇ તો આ નફકો પણ સાકિત (નષ્ટ) થઇ ગયો અને પાછી આવે તો પણ તેની હકદાર થશે નહી. અને જો ઇજાઝતથી તેણે કરજ લઇને નફકામાં ખચ્ચ કર્યું હતું અને હવે ચાલી ગઇ તો સાકિત થશે નહી. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા- (૧૫) :-** સ્ત્રી જો કેદ થઇ ગઇ જોકે અત્યાચારથી થઇ ગઇ તો પતિ પર નફકો વાજિબ નથી, હા, જો ખૂદ પતિનું સ્ત્રી પર દેણ હતું, તેણેજ કેદકરાવી તો નફકો સાકિત થશે નહી. એવીજ રીતે જો સ્ત્રીને કોઇ ઉપાડી લઇ ગયું અથવા ઝૂંટવી લઇ ગયો તો પણ પતિ પર નફકો વાજિબ નથી. (જવહરહ)

**મસ્અલા- (૧૬) :-** સ્ત્રી હજ માટે ગઇ અને પતિ સાથે ન હોય તો નફકો વાજિબ નથી, ભલે મહરમ સાથે ગઇ હોય, ભલે હજ ફરજ હોય, ભલે પતિના મકાન પર રહેતી હતી, અને જો પતિની સાથે છે તો નફકો વાજિબ છે. હજ ફરજ હોય કે નિફલ, પરંતુ પ્રવાસ અનુસાર નફકો વાજિબ નથી બલ્કે સ્થાયી નો નફકો વાજિબ છે માટે ભાડુ વિગેરે પ્રવાસ ખર્ચ પતિ પર વાજિબ નથી. (જવહરહ, ખાનિયહ)

**મસ્અલા- (૧૭) :-** કોઇ સ્ત્રીને હમલ છે લોકો ને શંકા છે કે ફલાણાં શખ્સ નો હમલ છે માટે સ્ત્રી ના બાપે તેનાથીજ નિકાહ કરી દીધો પરંતુ તે કહે છે કે મારો હમલ નથી તો નિકાહ થઇ જશે, પરંતુ નફકો પતિ પર વાજિબ નથી અને જો હમલ નો સ્વીકાર કરે છે તો નફકો વાજિબ છે. (આલમગીરી)

**મસ્અલા- (૧૮) :-** જે સ્ત્રીને તલાક આપવામાં આવી છે દરેક હાલતમાં ઇદ્દતની અંદર નફકો પામશે, રજઇ તલાક હોય કે બાઇન અથવા ત્રણ તલાકો, સ્ત્રીને હમલ હોય કે ન હોય. (ખાનિયહ)

**મસ્અલા- (૧૯) :-** જે સ્ત્રી પતિની ઇજાઝત વગર ઘેર થી ચાલી જાય છે, એજ કારણો સર તેને તલાક આપી દીધી તો ઇદ્દતનો નફકો મેળવશે નહી. હા જો તલાક પછી પતિના ઘરમાં રહી અને બહાર જવું છોડી દીધું તો નફકો મેળવશે. (આલમગીરી)

**મસ્અલા- (૨૦) :-** જ્યાં સુધી સ્ત્રી સન્ને અયાસ એટલે હૈઝ બંધ થવાની વયે ન પહોંચે તેની ઇદ્દત ત્રણ હૈઝ છે, જેવું કે આગળ આવી ગયું છે અને જો આ વયથી પહેલા કોઇ કારણો સર જવાન સ્ત્રીને હૈઝ આવતું નથી તો તેની ઇદ્દત કેટલીએ લાંબી હોય ઇદ્દતના સમય નો નફકો વાજિબ છે. ત્યાં સુધી કે જો સન્ને અયાસ : હૈઝ બંધ થવાની વય સુધી હૈઝ ન આવ્યું તો સન્ને અયાસની વય પછી ત્રણ મહિના ગુજરી જવા પર ઇદ્દત ખતમ થશે અને તે સમય સુધી નફકો આપવો પડશે, હા જો પતિ ગવાહોથી સાબિત કરી દે કે સ્ત્રીએ સ્વીકાર કર્યો છે કે ત્રણ હૈજ આવ્યા અને ઇદ્દત ખતમ થઇ ગઇ તો નફકો સાકિત (રદ) છે. કેમકે ઇદ્દત પૂરી થઇ ગઇ અને જો સ્ત્રીને તલાક થઇ, તેણે પોતાને હામેલા (ગર્ભવતી) બતાવી તો તલાકના સમયથી બે વર્ષ સુધી પ્રસવનો ઇન્તેઝાર કરવામાં આવે. પ્રસુતિ સુધી નફકો વાજિબ છે અને બે વર્ષ સુધી પણ બાળક થયું નહી અને સ્ત્રી કહે છે કે મને હૈઝ આવ્યું નથી, અને હમલનું ગુમાન (ધારણા) હતું તો નફકો બરાબર લેતી રહેશે ત્યાં સુધી કે ત્રણ હૈઝ આવે અથવા સન્ને અયાસની (નોટ : સન્ને અયાસ એટલે તે ઉમરમાં કે જેમાં સ્ત્રીને હૈઝ આવતું બંધ થઇ જાયછે.) વયે આવીને ત્રણ મહિના ગુજરી જાય (ખાનિયહ)

**મસ્અલા- (૨૧) :-** ઇદ્દતના નફકાનો ન દાવો કર્યો ન કાઝીએ મુકર્રર કર્યો તો ઇદ્દત ગુજરવા પછી નફકો સાકિત થઇ ગયો.

**મસ્અલા- (૨૨) :-** ગાયબ શખ્સની સ્ત્રીએ નિકાહ કરી લીધો અને આ બીજા પતિએ સમાગમ પણ કરી લીધો છે હવે પ્રથમ પતિ આવ્યો તો સ્ત્રી અને બીજા પતિમાં

વિચ્છેદ કરી દેવામાં આવેશે અને સ્ત્રી ઇદ્દત ગુજારશે પરંતુ આ ઇદ્દતનો નફકો ન પહેલાના પતિ પર છે ન બીજા પર (ખાનિયહ)

**મસ્અલા-** (૨૩) :- પોતાની મદખૂલા (સમાગમ કરેલ) પત્નીને ત્રણ તલાકો આપી દીધી પત્નીએ ઇદ્દતમાં બીજાથી નિકાહ કરી લીધો ને સમાગમ પણ થયો તો વિચ્છેદ કરી દેવામાં આવે અને પ્રથમ પતિના માથે નફકો છે અને વિવાહિતાએ બીજાથી નિકાહ કર્યો અને સમાગમ પછી ખબર પડી અને વિચ્છેદ કરાવવામાં આવ્યો પછી પતિને ખબર પડી, તેણે ત્રણ તલાકો આપી દીધી તો સ્ત્રી પર બંનેની ઇદ્દત વાજિબ છે અને નફકો કોઇના પર નથી. (ખાનિયહ)

**મસ્અલા** (૨૪): ઇદ્દત જો મહિનાઓથી હોય તો કોઇ નિશ્ચિંત માત્રા પર સુલેહ થઇ શકે છે અને હૈઝ અથવા પ્રસૂતિથી હોય તો નથી થઇ શકતી કે એ ખબર નથી કે કેટલા દિવસોમાં ઇદ્દત પુરી થશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૨૫) :- વફાત-મૃત્યુની ઇદ્દતમાં નફકો વાજિબ નથી. ભલે સ્ત્રીને હમલ હોય કે ન હોય. એવી જ રીતે જે જુદાઇ સ્ત્રી તરફથી અવજ્ઞા પાપ સાથે થાય તેમાં પણ નફકો વાજિબ નથી. દા.ત. સ્ત્રી મુરતદ થઇ ગઇ અથવા શહવત સાથે પતિના છોકરા અથવા બાપને ચુંબન કર્યું કામ વાસના સાથે (મજકુરોને) સ્પર્શ કર્યો, હા જો મજબૂર કરવામાં આવી તો સાકિત (રદ) થશે નહી. એવી જ રીતે જો ઇદ્દતમાં મુરતદ થઇ ગઇ તો નફકો સાકિત થઇ ગયો. પછી જો ઇસ્લામ લાવી તો નફકો પાછો ફરશે. અને જો ઇદ્દતમાં પતિના (જવાન) પુત્ર અથવા બાપને ચુંબન કર્યું તો નફકો સાકિત થયો નહી અને જે વિયોગ પત્ની તરફથી ઉચિત કારણથી થાય તેમાં ઇદ્દતનો નફકો સાકિત નથી. દા.ત. ખિયારે ઇત્ક (પહેલાં બયાન થઇ ગયું છે.) ખિયારેબલૂગ સ્ત્રીને પ્રાપ્ત થયું તેણે પોતાના નફસને અખત્યાર કર્યો એ શરતે કે દખૂલ (સમાગમ) પછી હોય, નહિ તો ઇદ્દત જ નથી અને ખુલઅમાં નફકો છે. હા જો ખુલઅ એ શરતે થયો કે સ્ત્રી નફકા તથા સુકના (રહેવાનો ખર્ચ) માફ કરી દે તો નફકો હવે મળશે નહી પરંતુ સુકના (રહેઠાણ ની વ્યવસ્થા) થી પતિ હજુ પણ મુક્ત નથી કે સ્ત્રી તેને માફ કરવાનો અધિકાર ધરાવતી નથી. (જવહરહ)

**મસ્અલા-** (૨૬) :- ઓરતથી ઇલા અથવા ઝિહાર અથવા લેઆન કર્યું અથવા પતિ મુરતદ થઇ ગયો અથવા પતિએ પત્નીની માંથી સંભોગ કર્યો અથવા ઇન્નીન (નામર્દ : સમાગમ કરવા પતિ અશકિતમાન હોય તે) ની સ્ત્રીએ વિચ્છેદ અખત્યાર કર્યો તો આ સૌ સ્વરૂપોમાં નફકો મળશે. (આલમગીરી)

**મસ્અલા-** (૨૭) :- સ્ત્રીએ કોઇના બાળકને દૂધ પીવડાવવાની નોકરી કરી પરંતુ દૂધ પીવડાવવા જતી નથી બલ્કે બાળકને તેના ઘેર લાવે છે તો નફકો સાકિત નથી. અલબત પતિને અખત્યાર છે કે તેનાથી રોકી દે બલ્કે જો પોતાના બાળકને જે બીજા પતિથી છે દૂધ પીવડાવે તો પતિ ને મના કરી દેવાનો અખત્યાર પ્રાપ્ત છે. બલ્કે દરેક એવા કામથી મના કરી શકે છે જેનાથી તેને કષ્ટથાય છે. ત્યાં સુધી કે સિલાઇ વગેરે એવા કામોથી પણ મના કરી શકે છે બલ્કે જો પતિને મહેંદીની વાસ ના પસંદ છે તો મહેંદી લગાવવા થી મના કરી શકે છે. અને જો દૂધ પવડાવવા ત્યાં જાય છે. ભલે દિસમાં ત્યાં રહે છે અથવા રાતમાં તો નફકો સાકિત છે. એવી જ રીતે જો સ્ત્રી મડદાં નવડાવવા અથવા દાઇનું કામ કરે છે અને પોતાના કામ માટે બહાર જાય છે પરંતુ રાત્રે પતિના ત્યાં રહે છે. જો પતિએ મના કર્યું અને ઇજાઝત વગર ગઇ તો નફકો સાકિત છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-** (૨૮) :- જો સ્ત્રી પુરુષ બંને માલદાર હોય તો નફકો માલદારો જેવો હશે અને બંને મોહતાજ (નિર્ધન) હોય તો મોહતાજો જેવો હશે. અને એક માલદાર છે બીજો મોહતાજ તો મધ્યમ દરજ્જાનો અર્થાત મોહતાજ જેવું ખાતા હોય તેના કરતાં ઓછા દરજ્જાનું અને પતિ માલદાર હોય અને પત્ની મોહતાજ તો ઉત્તમ એ છે કે જેવું પોતે ખાતો હોય તેવું પત્નીને પણ ખવડાવે પરંતુ એ વાજિબ નથી. વાજિબ મધ્યમ દરજ્જાનું છે. (દુર્રેમુખ્તાર વિગેરે)

**મસ્અલા-** (૨૯) :- નફકાનું નિર્ધારણ રૂપિયાઓથી કરી શકાતું નથી કે સદાય એટલાજ રૂપિયા આપવામાં આવે એટલા માટે કે ભાવ બદલાતા રહે છે. મોંઘવારી અને સસ્તાપણું બંનેના ખરચ સરખા નથી હોઇ શકતા બલ્કે મોંઘવારીમાં તેની ગણનાએ સંખ્યા વધી જશે અને

સસ્તાઇમાં ઓછી થઇ જશે. (આલમગીરી)

**મસ્અલા- (૩૦) :-** પત્ની આટો દળવા, રોટી પકાવવા નો ઇન્કાર કરે છે. જો તેણી એવા ઘરની છે કે તેમના ત્યાં ની સ્ત્રીઓ પોતે આ કામ કરતી નથી અથવા તે બીમાર કે કમજોર છે કે કરી શકતી નથી તો રાંધેલું ભોજન આપવું પડશે અથવા કોઇ એવો આદમી આપે જે ખાણું રાંધી આપે, રાંધવા માટે મજબૂર કરી શકાતી નથી અને જો એવા ઘરની નથી, ન કોઇ એવું કારણ છે કે રસોઇ ન કરી શકે તો પતિ પર એ વાજિબ નથી કે રાંધેલું ભોજન તેને આપે અને જો સ્ત્રી પોતે રાંધે છે પરંતુ રાંધવાનું મહેનતાણું માંગે છે તો મહેનતાણું આપવામાં આવશે નહી. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૩૧) :-** રાંધવાના સઘળા વાસણ અને સામાન પતિ પર વાજિબ છે. દા.ત. ચક્કી, હાંડલી, તવો, ચિમટો, રકાબી, પ્યાલા, ચમચા વિગેરે, જે વસ્તુઓની જરુરત પડેછે, હેસિયત અનુસાર, આલા, અદના, મધ્યમ્ એવીજ રીતે હેસિયત પ્રમાણે ઘરનો સામાન આપવું વાજિબ છે. દા.ત. ચટાઇ, દરી, કાલીન, ચારપાઇ, રજાઇ, ગાદલું, તકીયો, ચાદર વિગેરે, એવીજ રીતે કાંસકો, તેલ, માથું ધોવાની ખળી વિગેરે અને સાબૂ અથવા બેસન, મેલ સાફ કરવા માટે અને સુરમો, મિસ્સી, મહેંદી આપવું પતિ પર વાજિબ નથી. જો લાવે તો સ્ત્રી એ ઉપયોગ કરવું જરુરી છે. અત્તર વિગેરે ખૂશ્બૂની એટલી જરુરત છે જેનાથી બગલ અને પરસેવાની દુર્ગંધ નો નાશ કરી શકે. (જવહરહ વિગેરે)

**મસ્અલા- (૩૨) :-** ગુસ્લ તથા વુઝૂનું પાણી પતિના ઝિમ્મે (માથે) છે. પત્ની માલદાર હોય કે નિર્ધન. (આલમગીરી)

**મસ્અલા- (૩૩) :-** સ્ત્રી જો ચા અથવા હુક્કો પીએ છે તો તેમનો ખરચ પતિ પર વાજિબ નથી. જો કે ન પીવાથી તેણીને કષ્ટ પહોંચશે (રદ્દુલમુહતાર) એવી જ રીતે પાન, સોપારી, તમાકુ પતિ પર વાજિબ નથી.

**મસ્અલા- (૩૪) :-** સ્ત્રી બીમાર હોય તો તેની દવાની કિંમત અને ડોકટરની ફી પતિ પર વાજિબ નથી. ફસદ અથવા પછનાની જરૂરત હોય તો તે પણ પતિ પર નથી. (જવહરહ)

**મસ્અલા- (૩૫) :-** બાળકનો જન્મ થાય તો દાયણનું મહેનતાણું પતિ પર છે જો પતિ એ બોલાવી, અને જો સ્ત્રીએ બોલાવી તો સ્ત્રી પર છે અને જો તે પોતે બંનેમાંથી કોઇ ના બોલાવ્યા વગર આવી જાય તો સ્પષ્ટ છે કે પતિ પર છે. (બહર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા- (૩૬) :-** વર્ષમાં બે જોડી કપડાં આપવું વાજિબ છે, દરેક છ મહિને એક જોડ, જ્યારે એક જોડ વસ્ત્ર આપી દીધું તો જ્યાં સુધી મુદ્દત પૂરી ન થાય આપવું વાજિબ નથી અને જો મુદ્દતની અંદર ફાડી નાખ્યું અને ટેવ અનુસાર જેવી રીતે પહેરવામાં આવે છે એવીજ રીતે પહેરતી તો ફાટતું નહી તો બીજા કપડાં આ છ મહિના માંજ વાજિબ નથી, નહિતો વાજિબ છે અને જો મુદ્દત પૂરી થઇ અને તે જોડ બાકી છે તો જો પહેર્યું જ નથી અથવા ક્યારેક તેને પહેરતી હતી અને ક્યારેક બીજા કપડાં, એ કારણસર બાકી છે તો હવે બીજી જોડ આપવું વાજિબ છે અને જો આ કારણ નથી બલ્કે કપડું મજબૂત હતું એ કરણે ફાટ્યુ નહી તો બીજી જોડ વાજિબ નથી. (જવહરહ)

**મસ્અલા- (૩૭) :-** શિયાળામાં શિયાળા પ્રમાણે અને ઉનાળામાં ઉનાળા પ્રમાણે આપે પરંતુ દરેક હાલતમાં તેને લેહાજ જરૂરી છે કે જો બંને માલદાર હોય તો માલદારો જેવા કપડાં હોય અને ગરીબ હોય તો ગરીબો જેવા અને એક માલદાર હોય અને એક ગરીબ તો મધ્યમ જેવા. ભોજનમાં ત્રણે વાતોનો લેહાજ અને લિબાસમાં તે શહેરના રિવાજ ની ગણના છે. શરદી ગરમીમાં જેવા કપડાંનો ત્યાં રિવાજ ચલણ છે તે આપે ચામડાના મોજા સ્ત્રી માટે પતિ પર વાજિબ નથી પરંતુ સ્ત્રીની દાસીના મોજા પતિ પર વાજિબ છે અને સુતરાઉ, ઉનના મોજા જે શરદીમાં શરદીના કારણે પહેરવામા્ આવે છે તે આપવા પડશે. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૩૮) :-** સ્ત્રી જ્યારે રૂખ્સત થઇને આવી તો એજ સમયથી પતિના માથે તેનો લિબાસ છે. તેનો ઇન્તેઝાર ન કરશે કે છ મહિના પછી કપડાં બનાવે જો કે સ્ત્રી પાસે કેટલાએ જોડ કપડાં હોય. ન સ્ત્રી પર એ વાજિબ છે કે પીયરથી જે વસ્ત્રો લાવી છે તે પહેરે બલ્કે હવે સઘળું પતિના માથે છે. (રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૩૯) :-** પતિએ પોતેજ સ્ત્રીના ખર્ચા પોતાના માથે લઇ લેવા જોઇએ અર્થાત જે વસ્તુની જરૂરત હોય લાવી આપે અથવા મંગાવી આપે અને જો લાવવામાં ઢીલ કરે છે તો કાઝી કોઇ માત્રા સમય અને સ્થિતિની ગણનાએ મુકર્રર કરી દે કે પતિ તે રકમ આપી દે અને સ્ત્રી પોતાની રીતે ખરચ કરે અને જો સ્ત્રી પોતાના પર તકલીફ ઉઠાવીને તેમાંથી કાંઇ બચાવી લે તો તે સ્ત્રીનું છે પાછું ન આપશે. ન ભવિષ્યના નફકામાં મજરે આપશે. અને જો પતિ કિફાયત જેટલું સ્ત્રીને આપતો નથી તો પતિની ઇજાઝત વગર પત્ની તેના માલમાંથી લઇને ખરચ કરી શકે છે. (બહર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૦) :-** નુફકાની માત્રા નિયુકત કરવામાં આવે તો તેમાં જે પ્રથા સરળ હોય તે વર્તવામાં આવે દા.ત. મજૂરી કરવા વાળા માટે એ હુકમ આપવામાં આવશે કે તે પત્નીને રોજ સાંજે એટલું આપી દે કે બીજા દિવસ માટે પુરતું હોય. મજૂર એક મહિનાનો સઘળો ખરચો એક સાથે આપી શકતો નથી. હા, વેપારી અને નોકરી કરનાર જે માસિક પગાર મેળવે છે, મહિનાનો નફકો એક સાથે આપી દે અને ખેતી કરનાર દરેક વર્ષે અથવા રવી તથા ખરીફ બે ફસલોમાં આપતો રહે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૧) :-** જો પતિ બહાર ચાલ્યો જતો હોય અને પત્નીને ખરચની જરૂરત પડતી હોય તો તેને એ હક છે કે પતિને કહે કે કોઇને જામીન બનાવી આપો કે મહિના પર તેનાથી ખરચ લઇ લઉ પછી જો પત્ની ને ખબર છે કે પતિ એક મહિના સુધી બહાર રહેશે તો એક મહિના માટે જામીન માંગે અને એ ખબર છે કે અધિક મહિના પ્રવાસમાં રહેશે. દા.ત. હજ્જ માટે જાય છે તો જેટલા દિવસો માટે જાય છે તેટલા દિવસો માટે જામીન માંગે અને તે શખ્સે જો એમ કહી દિધું કે હું દર મહિને આપી દઇશ તો હંમેશ માટે જામીન થઇ ગયો. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૨) :-** પતિ, પત્ની ને જેટલા રુપિયા ખાધ્ય ખોરાકી માટે આપે છે, પત્ની પોતે તકલીફ વેઠીને તેમાંથી કાંઇ બચાવી લે છે અને ડર છે કે દુર્બળ બની જશે તો પતિને હક છે કે તેને તંગી કરકસર કરવાથી રોકી દે. ન માને તો કાઝીના ત્યાં તેનો દાવો કરીને અટકાવી શકે છે કે તેના કારણે સૌંદર્યમાં તફાવત આવશે અને તે પતિનો હક છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૩) :-** જો પારસ્પરિક રજામંદીથી કોઇ માત્રા નિશ્ચિત થઇ અથવા કાઝીએ નિશ્ચિતકરી દીધી અને કેટલાક મહિના સુધી તે રકમ આપી નહી તો પત્ની વસૂલ કરી શકે છે અને માફ કરવા ઇચ્છે તો માફ કરી શકે છે બલ્કે જે મહિનો આવી ગયો છે તેનો પણ નફકો માફ કરી શકે છે જ્યારેકે મહિને મહિને નફકો આપવું ઠર્યું હોય અને વાર્ષિક મુકર્રર થયો તો તે વર્ષ અને પાછલા વર્ષનો માફ કરી શકે છે. પ્રથમ સ્વરૂપમાં પાછળ વાળા મહિનાનો બીજા માં તે વર્ષનો જે હજુ આવ્યો નથી માફ નથી કરી શકતી અને જો પરસ્પર કોઇ માત્રા નિશ્ચિત થઇ નથી ન કાઝીએ નિશ્ચિત કરી તો પાછલા સમયનો નફકો ન માંગી શકે છે ન માફ કરી શકે છે કે તે પતિના માથે વાજિબ નથી. હા જો એ શરત પર ખુલઅ થયો કે પત્ની ઇદ્દત નો નુફકો માફ કરી દે તો તે માફ થઇ જશે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૪૪) :-** સ્ત્રીને દા.ત. મહિના ભરનો નફકો આપી દીધો. તેણે ફઝૂલખર્ચીમાં મહિનો પૂરો થતા પહેલા ખરચી નાખ્યો અથવા ચોરી થઇ ગઇ અથવા કોઇ બીજા કારણે નષ્ટ થઇ ગયો તો તે મહિનાનો નફકો પતિ પર વાજિબ નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૫) :-** પત્ની માટે જો કોઇ ખાદિમ ગુલામ હોય અર્થાત દાસી અથવા ગુલામ તો તેનો નફકો પણ પતિ પર છે. એ શરતે કે પતિ તંગદસ્ત ન હોય અને સ્ત્રી આઝાદ હોય અને જો સ્ત્રીને કેટલાક ખાદિમોની જરૂરત હોય કે સ્ત્રી ઔલાદવાળી છે. એક થી કામ ચાલતું નથી તો બે ત્રણ જેટલાની જરૂરત છે તેમનો નફકો પતિના માથે છે. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૬) :-** પતિ જો નાદારીના કારણે નફકો આપવાથી વિવશ છે તો તેના કારણે વિચ્છેદ ન કરવામાં આવે એવી જ રીતે જો મમાલદાર છે પરંતુ માલ અહિંયા મોજૂદ નથી તો પણ વિચ્છેદ ન કરો બલ્કે જો નફકો મુકર્રર થઇ ગયો છે તો કાઝી હુકમ આપે કે કરજ લઇને અથવા કાંઇ કામ કરીને ખરચ કરે અને તે સઘળું પતિના માથે છે કે તેણે આપવું પડશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૪૭) :-** સ્ત્રીએ કાઝી પાસે આવીને

બયાન આપ્યું કે મારો પતિ ક્યાંક ગયો છે અને મને નફકા માટે કાંઇ આપી ગયો નથી તો જો થોડાક રૂપિયા અથવા અનાજ મુકતો ગયો છે અને કાઝીને ખબર છે કે આ તેની સ્ત્રી છે તો કાઝી હુકમ આપશે કે તેમાંથી ખરચ કરે. પરંતુ હુઝૂલ ખરચ ન કરે પરંતુ એવા સોગંદ લઇ લે કે તેનાથી નફકો મળ્યો નથી. અને કોઇ એવી વાત પણ નથી થઇ જેના કારણે નફકો રદ થઇ જાય છે અને સ્ત્રી થી કોઇ જામીન પણ લે. (ખાનિયહ)

**મસ્અલા- (૪૮) :-** પતિ ક્યાંક ચાલ્યો ગયો છે અને નફકો આપી ગયો નથી પરંતુ ઘરમાં સામાન વિગેરે એવી વસ્તુઓ છે જે નફકાની જણસથી નથી તો પત્ની તે વસ્તુઓને વેચીને ભોજન વિગેરેમાં ખરચ કરી શકતી નથી. (આલમગીરી)

**મસ્અલા- (૪૯) :-** જેમાત્રા પર રજામંદી થઇ અથવા કાઝીએ મુકર્રર કરી. સ્ત્રી કહે છે કે તે અપુરતી છે તો માત્રા વધારી દેવામાં આવે અથવા પતિ કહે છે કે તે અધિક છે તેનાથી ઓછામાં કામ ચાલી જશે કેમકે હવે સોંઘવારી છે અથવા મુકર્રર જ વધારે માત્રામાં થયું અને કાઝીને પણ ખબર પડી ગઇ કે આ રકમ વધારે છે તો ઓછી કરી દેવામાં આવે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૫૦) :-** કેટલાક મહિનાઓનો નફકો બાકી હતો અને બંને પૈકી કોઇનું મૃત્યું થયું તો નફકો રદ થઇ ગયો. હા, જો કાઝીએ સ્ત્રીને હુકમ આપ્યો હતો કે કરજ લઇ નો ખરચ કરે. પછી કોઇ મરી ગયું તો રદ ન થશે. તલાક કરતા પણ અગાઉનો નફકો રદ થઇ જાય છે પરંતુ જ્યારે કે તેના માટે જ તલાક આપી હોય કે નફકો રદ થઇ જાય તો રદ ન થશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૫૧) :-** સ્ત્રીને અગાઉથી (એડવાન્સ) નફકો આપી દિધો હતો પછી તેમનામાંથી કોઇનો ઇન્તેકાલ થઇ ગયો અથવા તલાક થઇ ગઇ તો તે આપેલ પાછું આપી શકાતું નથી. એવી જ રીતે જો પતિના પિતાએ પોતાની પુત્રવધૂને અગાઉથી નફકો આપી દીધો તો મૃત્યુ અથવા તલાક પછી તે પણ પાછો લઇ શકાતો નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૫૨) :-** પુરૂષે સ્ત્રી પાસે કપડાં અથવા રૂપિયા મોકલ્યા, સ્ત્રી કહે છે ભેટ તરીકે મોકલ્યા અને પુરૂષ કહે છે કે નફકામાં મોકલ્યા તો પતિનો કોલ વિશ્વાસપાત્ર છે. હા જો સ્ત્રી ગવાહો થી સાબિત કરી દે કે હદિયો (ભેટ) તરીકે મોકલ્યા અથવા એ કે પતિએ તેનો ઇન્કાર કર્યો હતો અને ગવાહોએ તેના ઇકરારની સાક્ષી આપી તો ગવાહી સ્વીકાર્ય છે. (આલમગીરી)

**મસ્અલા- (૫૩) :-** ગુલામે મૌલા (માલિક) ની ઇજાઝતથી નિકાહ કર્યો છે તો જો ગુલામ ખાલિસ એટલે મુદબ્બિર તથા મકાતિબ ન હોય તો તેને વેચીને તેની સ્ત્રીનો નફકો અદા કરે તે છતાં બાકી રહી જાય તો વારંવાર વેચતા રહો ત્યાં સુધી કે નફકો અદા થઇ જાય. એ શરતે કે ખરીદનારને ખબર હોય કે નફકાના કારણે વેચવામાં આવી રહ્યો છે અને જો ખરીદતી વખતે તેને ખબર ન હતી પાછળથી ખબર પડી તો ખરીદનારને વેચાણ રોકવાનો અખત્યાર છે અને જો વેચાણને કાયમ રાખ્યું તો સાબિત થયું કે રાજી છે. માટે હવે તેને કોઇ વાંધો નથી અને જો મૌલા વેચવાનો ઇન્કાર કરે છે તો મૌલાની સમક્ષ કાઝી વેચાણ કરી દેશે પરંતુ નફકામાં વેચવા માટે એ શરત છે કે નફકો એટલો તેના માથે બાકી હોય કે અદા કરવાથી વિવશ હોય અને એમ પણ થઇ શકે છે કે મૌલા પોતાની પાસેથી નફકો આપીને પોતાના ગુલામને છોડાવી લે અને જો તે ગુલામ મુદબ્બિર અથવા મકાતિબ હોય જે કિતાબત નું બદલ અદા કરવાથી આજિઝ નથી તો વેચવામાં ન આવે બલ્કે કમાઇને નફકાની માત્રા પૂરી કરે અને જો જે સ્ત્રી થી નિકાહ કર્યો છે તે તેના મૌલાની દાસી છે તો તેના પર નફકો વાજિબ જ નથી. (ખાનિયહ, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૫૪) :-** મૌલાની ઇજાઝત વગર ગુલામે નિકાહ કર્યો અને હજૂ મૌલાએ રદ કર્યો ન હતો કે આઝાદ કરી દીધો તો નિકાહ સહીહ થઇ ગયો અને આઝદ થવા પછીથી નફકો વાજિબ થશે. (આલમગીરી)

**મસ્અલા-(૫૫) :-** દાસીએ મૌલાની ઇજાઝતથી નિકાહ કર્યો અને આખો દિવસ મૌલાની ખિદમત કરે છે અને રાતમાં પોતાના પતિ પાસે રહે છે તો દિવસ નો નફકો મૌલા પર છે અને રાતનો પતિ પર. (આલમગીરી)

**મસ્અલા- (૫૬) :-** ગુલામ અથવા મુદબ્બિર અથવા મકાતિબે નિકાહ કર્યો અને ઔલાદ થઇ તો

ઔલાદનો નફકો તેમના પર નથી બલ્કે પત્ની જો મકાતિબા છે તો તેના પર છે અને મુદબરહ અથવા ઉમ્મે વલ્દ છે તો તેમના મૌલા પર અને આઝાદ છે તો ખુદ સ્ત્રી પર અને તેના પાસે પણ કાંઇ ન હોય તો બાળકનો જે સૌથી અધિક નિકટનો સગો હોય તેના પર છે અને જો પતિ આઝાદ છે અને સ્ત્રી દાસી છે તો પણ એ જ સૌ અહકામ છે જે મજકૂર થયા. (આલમગીરી)

**મસ્અલા- (૫૭) :-** ગુલામે મૌલાની પરવાનગી થી નિકાહ કર્યો હતો અને સ્ત્રી નો નફકો વાજિબ થવા પછી મૃત્યુ પામ્યો અથવા મારી નાખવામાં આવ્યો તો નફકો રદ થઇ ગયો. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૫૮) :-** નફકાનો ત્રીજો અંશ સુકના છે અર્થાત રહેવાનું મકાન. પતિ જે મકાન પત્નીને રહેવા માટે આપે તે ખાલી હોય અર્થાત પતિના સંબંધીઓ ત્યાં રહે નહી. હા જો પતિનું એટલું નાનું બાળક હોય કે સંભોગ થી જાણકાર નથી તો તે મનાઇ રૂપ નથી એવી જ રીતે પતિની દાસી અથવા ઉમ્મે વલ્દનું રહેવું પણ કાંઇ નુકસાન કારક નથી જો તે મકાનમાં પતિના સંબંધીઓ રહેતા હોય અને સ્ત્રીએ તેને જ ધારણ કર્યું કે સૌના સાથે રહે તો પતિના સંબંધીઓથી ખાલી હોવાની શરત નથી અને સ્ત્રીનું બાળક જો કે બહુ જ નાનું હોય, જો પતિ રોકવા ઇચ્છે તો રોકી શકે છે. સ્ત્રી ને તેનો અખત્યાર નથી કે અમસ્તો તેને ત્યાં રાખે. (આમ્મતુલ કુતુબ)

**મસ્અલા- (૫૯) :-** સ્ત્રી જો એકાંત મકાન ઇચ્છે છે અર્થાત પોતાની શોક્ય અથવા પતિના સંબંધીઓ સાથે રહેવા ઇચ્છતી નથી તો જો મકાનમાં કોઇ એવો વરંડો તેને આપી દો જેમાં દરવાજો હોય અને બંધ કરી શકતી હોય તો તે આપી શકાય છે. બીજું મકાન માંગવાનો તેને અખત્યાર નથી. એ શરતે કે પતિના સગાઓ સ્ત્રીને તકલીફ ન પહોંચાડતા હોય. રહ્યું એ કાર્ય કે જાજરૂ,બાથરૂમ, રસોડું પણ અલગ હોવું જોઇએ, તેમાં વિગત છે. જો પતિ માલદાર હોય તો એવું મકાન આપે જેમાં આ જરૂરિયાતો હોય અને ગરીબોમાં ખાલી એક રૂમ આપી દેવું કાફી છે. જો કે બાથરૂમ, વિગેરે સંયુકત હોય. (આલમગીરી, રદદુલમુહતાર)

**મસ્અલા- (૬૦) :-** એ વાત આવશ્યક છે કે સ્ત્રીને એવા મકાનમાં રાખે જેના પાડોસી સદાચારી હોય. કેમકે ફાસિકોમાં પોતે પણ રહેવું સારુંનથી ન કે એવા સ્થળ પર સ્ત્રીનું રહેવું અને જો મકાન બહુ મોટું હોય કે સ્ત્રી ત્યાં એકલી રહેવાથી ગભરાતી અને ડરતી હોય તો ત્યાં કોઇ એવી નેક સ્ત્રી રાખે જેનાથી પ્રસન્નતા થાય અથવા સ્ત્રીને કોઇ બીજું મકાન આપે જે એટલું મોટું ન હોય અને તેના પાડોસી નેક લોકો હોય. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

**મસ્અલા- (૬૧) :-** સ્ત્રીના માં બાપ દરેક અઠવાડીયામાં એક વાખત પોતાની પુત્રીના ત્યાં આવી શકે છે. પતિ મનાઇ કરી શકતો નથી. હા, રાતમાં ત્યાં રહેવા ઇચ્છેતો પતિને મના કરવાનો અખત્યાર છે અને માં બાપ ઉપરાંત બીજા મહરમો વર્ષમાં એક વખત આવી શકે છે, એવીજ રીતે સ્ત્રી પોતાના માં બાપના ત્યાં દરેક અઠવાડીએ એક વખત અને બીજા મહરમોના ત્યાં વર્ષમાં એક વખત જઇ શકે છે પરંતુ પતિની ઇજાઝત વગર ત્યાં રાતે રહી શકતી નથી. દિવસમાંજ પાછી આવી જાય, અને માં બાપ અથવા મહરમો જો કેવળ જોવા ઇચ્છે તો તે વાતથી કોઇ સમયે મના કરી શકતો નથી અને ગેર લોક (પારકાઓ) ના ત્યાં જવા અથવા તેમની બીમારીમાં ખબર કાઢવા અથવા શાદી વિગેરે અવસરોમાં શિરકત (ભાગલેવા) થી મના કરે, ઇજાઝત વગર જશે તો ગુનેહગાર થશે અને ઇજાઝતથી ગઇ તો બંને ગુનેગાર થયા. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા- (૬૨) :-** સ્ત્રી જો કોઇ એવું કામ કરે છે જેનાથી પતિનો હકક માર્યો જાય છે અથવા તેમાં નુકસાન આવે છે અથવા તે કામ માટે બહાર જવું પડે છે તો પતિ ને મના કરી દેવાનો હકક છે, **(દુર્રે મુખ્તાર)** બલ્કે હાલના જમાના ની દૃષ્ટિએ એવા કામથી તો મના કરવુંજ જોઇએ જેના માટે બહાર જવું પડે.

**મસ્અલા- (૬૩) :-** જે કામમાં પતિ નો હક ઝુંટવાતો ન હોય, ન નુકસાન થતું હોય, જો સ્ત્રી ઘરમાં તે કામ કરી લે જેવું કે કપડાં શીવવું અથવા અગાઉના જમાનામાં ચરખો કાંતવા નો રિવાજ હતો તો એવા કામ થી મના કરવા ની કાંઇ હાજત નથી ખાસ કરીને જ્યારે કે પતિ ઘેર ન હોય કે આ કામોથી મન પ્રસન્ન રહેશે અને બેકાર બેસસે તો વસવસા અને ખતરા પૈદા થતા રહેશે અને નિરર્થક વાતોમાં મશગૂલ થશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-** (૬૪) :- ના બાલિગ ઔલાદનો નફકો બાપ પર વાજિબ છે જ્યારે કે ઔલાદનો નફકો ખુદ તેની મિલ્કતમાં માલ ન હોય અને આઝાદ હોય અને બાલિગ પુત્ર જો લુલો લંગડો અથવા ગાંડો અથવા આંધળો હોય, કમાવા થી વિવશ હોય અને તેની પાસે માલ ન હોય તો તેનો નફકો પણ બાપ પર છે. અને પુત્રી જ્યારે કે માલ ન ધરાવતી હોય તો તેનો નફકો દરેક હાલતમાં બાપ પર છે જોકે તેના અવયવો સલામત હોય અને જો ના બાલિગની માલિકીમાં માલ છે પરંતુ અહીંયા માલ મોજૂદ નથી તો બાપને હુકમ આપવામાં આવશે કે પોતાના પાસેથી ખરચ કરે, જ્યારે માલ આવે તો જેટલું ખરચ કર્યું છે તેમાંથી લઇલે અને જો પોતાની જાતે ખરચ કર્યું છે અને ઇચ્છે કે માલ આવવા પછી તેમાંથી લઇલે તો લોકો ને ગવાહ બનાવે કે જ્યારે માલ આવશે હું લઇ લઇશ અને ગવાહ ન કર્યા તો દયાનતન લઇ શકે છે કદાઅન નહી. (જવહરહ)

**મસ્અલા-** (૬૫) :- ના બાલિગ નો બાપ તંગ દસ્ત છે, અને માં માલદાર તો પણ નફકો બાપ પર જ છે પરંતુ માંને હુકમ આપવામાં આવશે કે પોતાના પાસેથી ખરચ કરે અને જ્યારે પતિ પાસે આવે તો વસુલ કરીલે. (જવહરહ)

**મસ્અલા-** (૬૬) :- જો બાપ મુફલિસ છે તો કમાય અને બાળકોને ખવડાવે અને કમાવાથી પણ વિવશ છે. દા. ત. લુલો લંગડો છે તો દાદાના માથે નફકો છે કે ખુદ બાપનો નફકો પણ આ સ્વરુપમાં તેનાજ માથે છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા-** (૬૭) :- તાલિબે ઇલ્મ (વિધાર્થી) મઝહબી ઇલ્મ પઢતો હોય અને નેક ચલન હોય તેનો નફકો પણ તેના પિતા ના માથે છે, તે વિધાર્થીઓ ભાવાર્થ નથી જે ફુઝૂલિય્યાત તથા ફિલોસોફીની નિરર્થકતામાં વ્યસ્ત હોય જો આ વાતો હોય તો નફકો બાપ પર નથી (આલમગીરી, દુર્રે મુખ્તાર) તે વિધાર્થીઓ પણ આનાથી મુરાદ નથી જે જાહેરી રીતે દીનનું ઇલ્મ પઢતો હોય અને વાસ્તવમાં દીન મઝહબ ને તોડી પાડવા (ધારાશયી) ઇચ્છે છે, દા. ત. **વહાબીઓથી પઢેછે, તેમની પાસે બેસે છે કે, એવાઓથી સામાન્યત એજ નિરીક્ષણ થઇ રહ્યું છે કે બદ બાતિની તથા ખબાસત અને અલ્લાહ તથા રસૂલ ની જનાબમાં ગુસ્તાખી કરવામાં પોતાના ઉસ્તાદો (શિક્ષકો) થી પણ અગ્રીમતા લઇ ગયા, એવાઓને નફકો આપવું તો બાજુએ રહ્યું તેમને નિકટ પણ ન આવવા દેવાજોઇએ, એવી તઅલીમ થી જાહિલ** (અજ્ઞાન બેલઇલ્મ) **રહેવું સારુ છે કે તેણે તો મઝહબ** તથા દીન સૌને બરબાદ કર્યા અને ન કેવળ પોતાને બલ્કે તે તેમને લઇ ડુબશે.

**મસ્અલા-** (૬૮) :- બાળકની દેશમાં કોઇ જંગમ મિલ્કત અથવા ગેર જંગમ હોય અને નફકાની જરુર હોય તો વેચીને ખરચ કરવામાં આવે, ભલે સઘળી મિલ્કત ધીમે ધીમે ખરચ થઇ જાય. (આલમગીરી)

**મસ્અલા-** (૬૯) :- છોકરી જ્યારે જવાન થઇ ગઇ અને તેની શાદી કરી દીધી તો હવે પતિ પર નફકો છે, બાપ ભાર મુકત થઇ ગયો. (આલમગીરી)

**મસ્અલા-** (૭૦) :- બાળક જ્યાં સુધી માંના ઉછેર મા છે ખરચો બાળક ની માં ના હવાલે કરે અથવા જરુરતની વસ્તુઓ પહોંચતી કરે. અને જો કોઇ માત્રા નિશ્ચિત કરી લેવામાં આવી તો તેમાં પણ વાંધો નથી અને જે માત્રા નિશ્ચિત થઇ જો તે એટલી અધિક છે કે અંદાઝાથી બહાર છે તો ઓછી કરી દેવામાં આવે અને જો અંદાઝાથી બહાર નથી તો માફ છે અને ઓછી છે તો ઉણપ પુરી કરવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા-** (૭૧) :- કોઇ બીજાની દાસીથી નિકાહ કર્યો અને બાળક પૈદા થયું તો તેનીજ મિલ્કત છે જેની માલિકીમાં તેની માં છે. અને તેનો નફકો બાપ પર નથી બલ્કે મૌલા પર છે. તેનો બાપ આઝાદ હોય કે ગુલામ, મુદબ્બિર અથવા મકાતિબે મૌલાની અનુમતિથી નિકાહ કર્યો અને ઔલાદ પૈદા થઇ તો તેમના પર નથી, બલ્કે જો માં મુદબ્બેરા અથવા ઉમ્મેવલ્દ અથવા દાસી છે તો મૌલા પર છે. અને આઝાદ અથવા મકાતિબા છે તો માં પર અને જો માં ની પાસે માલ ન હોય તો સઘળાં સગાઓમાં જે નિકટતમ છે તેના પર છે. (આલમગીરી)

**મસ્અલા-** (૭૨) :- માંએ જો બાળકનો નફકો તેના બાપથી લિધો અને ચોરાઇ ગયો અથવા કોઇ બીજા પ્રકારે નષ્ટ થઇ ગયો તો પછી બીજી વખત નફકો લેશે અને વધી ગયો તો પાછો આપશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૭૩) :- બાપ મૃત્યુ પામ્યો અને ના બાલિગ બાળકો અને માલ પાછળ મુકતો ગયો તો બાળકોનો નફકો તેમના ભાગોમાંથી આપવામાં આવશે એવીજ રીતે તે દરેક વારસદાર નો નફકો તેના ભાગમાંથી આપવામાં આવશે પછી જો મૈયિત (મૃતકે) કોઇને વસી કર્યો છે તો આ કામ વસીનું છે કે તેમના ભાગમાંથી નફકો આપે અને કોઇએ વસી ન બનાવ્યો હોય તો કાઝીનું કામ છે કે ના બાલિગો નો નફકો તેમના ભાગમાંથી આપે અથવા કાઝી કોઇને વસી બનાવી દેકે તે ખરચ કરે અને જો ત્યાં કાઝી ન હોય અને મૈયિતના બાલિગ છોકરાઓએ ના બાલિગો પર તેમના ખિસ્સાઓમાંથી ખર્ચ કરવામાં આવે તો કદાઅન તેમને તાવાન આપવું પડશે અને દયાનતન નથી, એવીજ રીતે જો પ્રવાસમાં બે શખ્સ છે તે પૈકી એક બેહોશ થઇ ગયો, બીજાએ તેનો માલ તેના પર ખર્ચ કર્યો અથવા એક મરી ગયો, બીજાએ તેના માલમાંથી કફન દફન કર્યું તો દયાનતન તાવાન લાજિમ નથી. (આલમગીરી)

મસ્અલા- (૭૪) :- બાળકને દુધ પીવડાવવું માં પર તે સમયે વાજિબ છે કે કોઇ બીજી સ્ત્રી દુધ પીવડાવનાર ન મળે અથવા બાળક બીજી સ્ત્રીનું દુધ ના પીએ અથવા તેનો બાપ તંગદસ્ત છેકે, મહેનતાણું આપી શકતો નથી અને બાળકની માલિકીમાં પણ માલ ન હોય, આ સ્વરુપોમાં દુધ પીવડાવવા પર માંને મજબૂર કરવામાં આવશે અને જો આ સ્વરુપો ન હોય તો દયાનતન માંના માથે દુધ પીવડાવવું છે. મજબૂર કરી શકાતી નથી.

મસ્અલા-(૭૫) :- બાળકને દાઇએ દુધ પીવડાવ્યું, થોડાક દિવસો પછી દુધ પીવડાવાનો ઇન્કાર કરે છે અને બાળક બીજી સ્ત્રીનું દુધ લેતો નથી અથવા કોઇ બીજી પીવડાવનાર નથી મળતી અથવા આરંભમાંજ કોઇ સ્ત્રી તેને દુધ પીવડાવનાર નથી તો એજ નિશ્ચિત છે, દુધ પીવડાવવા માટે મજબૂર કરવામાં આવશે. (રદદુલ મુહતાર)

મસ્અલા- (૭૬) :- બાળક જોકે માના ઉછેર માં હોય છે માટે જે દાઇ મુકર્રર કરવામાં આવે તે માંની પાસે દુધ પીવડાવતી રહે પરંતુ નોકર રાખતી વેળાએ શરત ન કરી લેવામાં આવી હોય કે તારે અહીંયા રહીને દુધ પીવડાવવું પડશે તો દાઇ પર વાજિબ થશે નહી કે ત્યાં રહે, બલ્કે દુધ પીવડાવીને ચાલી જઇ શકે છે. અથવા કહી શકે છેકે હું ત્યાં નહી પીવડાવું અહી પીવડાવીશ અથવા ઘેર લઇ જઇને પીવડાવીશ. (ખાનિયહ)

મસ્અલા- (૭૭) :- જો દાસી થી બાળક પૈદા થયું તો તે દુધ પીવડાવવાનો ઇન્કાર કરી શકતી નથી. (આલમગીરી)

મસ્અલા- (૭૮) :- બાપને અખત્યાર છે કે દાઇ થી દુધ પીવડાવે, ભલે માં પીવડાવવા ઇચ્છતી હોય. (આલમગીરી)

મસ્અલા- (૭૯) :- બાળકની માં નિકાહમાં હોય અથવા રજઇ તલાકની ઇદ્દતમાં, જો દુધ પીવડાવે તો તેનો બદલો લઇ શકતી નથી અને બાઇન તલાકની ઇદ્દત માં લઇ શકે છે અને જો બીજી સ્ત્રીના બાળકને જે એજ પતિનો છે દુધ પીવડાવે તો સર્વથા બદલો લઇ શકે છે, ભલે નિકાહમાં હોય. (દુર્રે મુખ્તાર વિગેરે)

મસ્અલા- (૮૦) :- ઇદ્દત પસાર થઇ ગયા પછી સર્વથા બદલો લઇ શકે છે અને જો પતિએ બીજી સ્ત્રીને નિયુકત કરી અને માં મફત પીવડાવવા નું કહે છે અથવા એટલોજ બદલો માંગે છે જેટલો બીજી સ્ત્રી માંગે છે તો માંને અધિક હક છે અને જો માં બદલો માંગે છે અને બીજી સ્ત્રી મફત પીવડાવવાનું કહે છે અથવા માં કરતાં ઓછો બદલો માંગે છે તો તે બીજી અધિક હકદાર છે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા-(૮૧) :- ઇદ્દત પછી સ્ત્રીએ બદલા પર પોતાના બાળકને દુધ પીવડાવ્યું અને તે દિવસોનો નુફકો લીધો ન હતો પતિનો અર્થાત બાળકના બાપનો ઇન્તેકાલ થઇ ગયો તો તે નફકો મૃત્યુ થી રદ ન થશે. (દુર્રે મુખ્તાર)

મસ્અલા- (૮૨) :- બાપ, માં, દાદા, દાદી, નાના, નાની, જો તંગદસ્ત હોય તો તેમનો નુફકો વાજિબ છે ભલે કમાવા માટે શકિત શાળી હોય જ્યારે કે આ માલદાર હોય અર્થાત માલિકે નિસાબ હોય. ભલે તે નિસાબ નામી ન હોય અને જો તે પણ મોહતાજ છે તો બાપનો નફકો તેના પર વાજિબ નથી. અલબત જો બાપ અપંગ અથવા લકવા વાળો છે કે કમાઇ શકતો નથી તો પુત્ર સાથે નુફકામાં શરીક છે ભલે પુત્ર ફકીર હોય અને માં નો નફકો પણ પુત્ર પર છે ભલે અપંગ ન હોય, ભલે પુત્ર ફકીર હોય અર્થાત જ્યારે કે વિધવા હોય. અને જો નિકાહ કરી લિધો છે તો તેનો નફકો

પતિ પર છે અને જો તેના બાપના નિકાહમાં છે અને બાપ અને માં બંને મોહતાજ હોય તો બંને નો નફકો પુત્ર પર છે અને બાપ મોહતાજ ન હોય તો બાપ પર છે અને બાપ મોહતાજ છે અને માં માલદાર તો માંનો નફકો હજું પણ બેટા પર નથી બલ્કે પોતાની પાસે થી ખરચ કરે અને પતિથી વસૂલ કરી શકે છે. (જવહરહ, દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

મસ્અલા- (૮૩) :- બાપ વિગેરેનો નફકો જેવું બેટા પર વાજિબ છે એવું જ બેટી પર પણ છે, જો બેટા-બેટી બંને હોય તો બંને પર સરખું સરખું વાજિબ છે અને જો બે બેટા હોય, એક કેવળ માલિકે નિસાબ છે અને બીજો બહુ જ માલદાર છે તો બાપનો નફકો બંને પર એક સરખો છે. (દુર્રેમુખ્તાર, રદદુલમુહતાર)

મસ્અલા- (૮૪) :- બાપ અને ઔલાદના નફકામાં નિકટતા તથા અંશિકતાનો એતબાર છે. વિરાસતનો નહી. દા.ત. પુત્ર છે અને પૌત્ર તો નફકો પુત્ર પર વાજિબ છે પૌત્રા પર નહી. એવી જ રીતે પુત્રી છે અને પૌત્ર તો પુત્રી પર છે, પૌત્રાપર નથી. પુત્રી અને પૌત્ર છે અને નવાસી (દૌહિત્રા) અથવા નવાસા (દૌહિત્ર) તો બંને પર બરાબર અને પુત્રી છે અને બહેન અથવા ભાઇ તો પુત્રી પર છે અને નવાસા નવાસી છે અને ભાઇ તો તેમના પર છે આના પર નહી. અને બાપ અથવા માં છે અને પુત્ર તો પુત્ર પર છે, તેમના પર નહી અને દાદા છે અને પૌત્ર તો એક તૃતીયાંશ દાદા પર અને બાકીનું પોત્રા પર અને બાપ છે અને નવાસી નવાસા તો બાપ પર છે તેમના પર નથી. (રદદુલ મુહતાર)

મસ્અલા- (૮૫) :- બાપ જો તંગદસ્ત હોય અને તેના નાના નાના બાળકો હોય અને તે બાળકો મોહતાજ હોય અને મોટો પુત્ર માલદાર છે તો બાપ અને તેની સૌ ઔલાદ નો નુફકો તેના પર વાજિબ છે. (આલમગીરી)

મસ્અલા- (૮૬) :- પુત્ર જો માં બાપ બંનેનો નફકો આપી શકતો નથી પરંતુ એકનો આપી શકે છે તો માં અધિક હકદાર છે અને જો બાપ મોહતાજ છે અને નાનું બાળક પણ છે અને બંનેનો નફકો આપી શકતો ન હોય પરંતુ એકનો આપી શકે છે તો પુત્ર વધુ હકદાર છે અને જો માંબાપમાં કોઇનો પુરો નફકો ન આપી શકતો હોય તો બંનેને પોતાના સાથે ખવડાવે જે પોતે ખાતો હોય તેમાંથી જ તેમને પણ ખવડાવે અને જો બાપને નિકાહ કરવાથી જરૂરત છે અને પુત્ર માલદાર છે તો પુત્ર પર બાપની શાદી કરાવી દેવું વાજિબ છે અથવા તેના માટે કોઇ દાસી ખરીદી આપે અને જો બાપની બે પત્નીઓ છે તો પુત્ર પર કેવળ એકનો નફકો વાજિબ છે. પરંતુ બાપને આપી દે કે તે બંનેને વહેંચી ને આપે. (જવહરહ)

મસ્અલા- (૮૭) :- બાપ બેટો બંને નાદાર છે પરંતુ પુત્ર કમાનાર છે તો પુત્ર પર દયાનતન હુકમ કરવામાં આવસે કે બાપને પણ સાથે લઇલે. આ જ્યારે કે પુત્ર એકલો હોય અને જો બાલ બચ્ચાવાળો છે તો મજબૂર કરવામાં આવશે કે બાપને પણ સાથે લઇ લે (આલમગીરી)

મસ્અલા- (૮૮) :- જે સગાઓ મહારિમ (મહરમ) હોય તેમનો પણ નફકો વાજિબ છે જ્યારે મોહતાજ હોય અને નાબાલિગ અથવા સ્ત્રી હોય અને સંબંધી બાલિગ પુરુષ હોય તો એ પણ શરત છે કે કમાવાથી વિવશ હોય. દા.ત. દીવાનો છે અથવા તેના પર લકવો પડ્યો છે. અથવા અપાહિજ છે અથવા આંધળો છે અને જો વિવશ ન હોય તો વાજિબ નથી. જો કે મોહતાજ હોય. અને સ્ત્રીમાં બાલિગા નાબાલિગાનું બંધન નથી અને તેમના નફકાઓ મીરાસ જેટલા વાજિબ છે. અર્થાત તેના તર્કા (મીરાસ)માંથી જેટલી માત્રાનો વારસદાર થશે તેના જ પ્રમાણમાં તેના પર નફકો વાજિબ છે દા.ત. કોઇ શખ્સ મોહતાજ છે અને તેની ત્રણ બહેનો છે. એક હકીકી (સગી) એક સાવકી એક અખયા (માં એક હોય તે) તો નફકાના પાંચ ભાગ કરો ત્રણ સગી બહેન પર અને એક એક તે બંને પર અને જો આવા જ પ્રકારના ત્રણ ભાઇ છે તો છ ભાગ કરો એક અખ્યાની ભાઇ પર અને બાકીના સગા ભાઇ પર સાવકા પર કાંઇ નથી કે તે વારસદાર નથી અને જો માં અને દાદા છે તો એક ભાગ માંપર અને બે દાદા પર અને જો માં અને ભાઇ અથવા માં અને કાકા છે તો પણ એજ સ્વરૂપ છે. અને જો તેમની સાથે પુત્ર પણ છે પરંતુ નાબાલિગ નાદાર છે અથવા બાલિગ છે પરંતુ વિવશ તો તેનું હોવું ના હોવું બંને પર સરખું કે જ્યારે તેના પર નફકો વાજિબ નથી તો વિનષ્ટ છે. અને જો સગો કાકો અને સગી ફાઇ અથવા સગો મામો છે તો નફકો કાંકાપર છે ફોઇ અથવા મામા પર નથી.

અને વિરાસતથી ભાવાર્થ કેવળ અહલેમિરાસત છે કે વાસ્તવમાં વિરાસત તો મૃત્યુ પછી થશે. ન અત્યારે. (જવહરાહ, આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૮૯) :-** એ તો જાણી લેવાયું છે કે સગી સ્ત્રીમાં ના બાલિગાની કેદ બંધન નથી બલ્કે જો કમાવા પર શકિતમાન છે તો પણ તેનો નફકો વાજિબ છે. જો કોઇ કામ કરે છે જેનાથી તેણીનું ખરચ ચાલે છે તો હવે તેનો નફકો સગા પર ફરજ નથી એવી જ રીતે આંધળો વિગેરે પણ કમાતો હોય તો હવે કોઇ બીજા પર નફકો ફરજ નથી. (રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૯૦) :-** ઇલ્મે દીનનો તાલિબે ઇલ્મ (વિધ્યાર્થી) જો કે તંદુરસ્ત છે, કામ કરવા શકિતમાન છે પરંતુ પોતાને ઇલ્મેદીનની તલબમાં મશગૂલ રાખે છે તો તેનો નફકો પણ સગાઓ પર ફરજ છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૯૧) :-** નિકટનો સગો ગાયબ છે એ દૂરનો (છેટેનો) હાજર છે તો નફકો એજ છેટેના સગા પર છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૯૨) :-** સ્ત્રીનો પતિ તંગદસ્ત છે અને ભાઇ માલદાર છે તો ભાઇને ખરચ કરવાનો હુકમ આપવામા આવશે પછી જ્યારે પતિની પાસે માલ થઇ જાય તો પાછો લઇ શકે છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૯૩) :-** જો સગો મહરમ ન હોય, જેવો પિત્રાઇ ભાઇ અથવા મહરમ હોય પરંતુ સગો ન હોય જેવો રઝાઇ (દૂધ શરીક) ભાઇ બહેન અથવા સગો મહરમ હોય પરંતુ હુરમત નિકટતાની ન હોય જેવો પિત્રાઇ ભાઇ અને તે રઝાઇ (દૂધ) ભાઇ પણ છે કે હુરમત રઝાઅતના કારણે છે, ન સગાઇના કારણે-તો આ સ્વરૂપોમાં નફકો વાજિબ નથી. (આલમગીરી)

**મસ્અલા- (૯૪) :-** મહેરમનો નફકો આપી દીધો અને તેની પાસેથી નષ્ટ થઇ ગયો તો ફરી આપવો પડશે અને કાંઇ વધી ગયું તો એટલું ઓછું કરી દેવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા- (૯૫) :-** બાપ મોહતાજ છે. નફકા ની જરૂરત છે અને પુત્ર જવાન માલદાર છે. જે હાજર નથી તો બાપને અખત્યાર છે કે તેના સામાન ને વેચીને પોતાના નફકામાં ખરચ કરે પરંતુ ગેર જંગમ મિલ્કત ને વેચવાની ઇજાઝત નથી અને માં અને સગાઓને કોઇ વસ્તુને વેચવાની ઇજાઝત નથી અને પુત્ર હાજર છે તો પણ કોઇ વસ્તુને વેચી શકતો નથી એવી જ રીતે જો પુત્ર મજનૂન (ગાંડો) થઇ ગયો તેના અને તેના બાલબચ્ચાં ના ખરચ માટે તેની વસ્તુઓ બાપ વેચી શકે છે જો કે ગેર જંગમ મિલ્કત હોય અને જો બાપનું બેટા પર દેણ હોય અને પુત્ર ગાયબ હોય તો દેણ વસૂલ કરવા માટે તેના સામાન ને વેચવાની ઇજાઝત નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૯૬) :-** કોઇની પાસે અનામત મુકી છે અને માલિક ગાયબ છે. તેણે વેચીને તેના બાલ બચ્ચાઓ અથવા માં બાપ પર ખરચ કરી નાખ્યો. જો માલિકની ઇજાઝત થી અથવા કાઝીના હુકમથી નથી તો દયાનતન તાવાન આપવો પડશે અને અમાનતદારે જેના પર ખરચ કર્યો છે તેમનાથી પાછો લઇ શકતો નથી અને જો ત્યાં કાઝી નથી અથવા છે પરંતુ શરઇ નથી અથવા માલિકની ઇજાઝત થી ખરચ કર્યો તો તાવાન નથી એવી જ રીતે જો તે ગાયબ માલિક મૃત્યુ પામ્યો અને અમીને જેના પર ખરચ કર્યો છે એ જ તેનો વારસદાર છે તો હવે વારસદાર તાવાન લઇ શકતો નથી કે તેણે પોતાનો હક લઇ લીધો. એવી જ રીતે જો બે શખ્સ પ્રવાસમાં હોય, એક મૃત્યુ પામ્યો બીજાએ તેના માલથી કફન દફન કર્યું અથવા મસ્જિદના સંબંધે જાયદાદ વકફ છે અને કોઇ મુતવલ્લી નથી કે ખરચ કરે, મહોલ્લા વાળાઓએ વકફની આવક મસ્જિદમાં ખરચ કરી અથવા મૈયિતના માથે દેવું હતું વસીને ખબર પડી તેણે અદા કરી દીધું અથવા માલ અમાનત હતો અને માલિક મરી ગયો અને માલિક પર દેવું હતું અમીને તે અમાનત થી અદા કરી દીધું અથવા લેણદાર મૃત્યું પામ્યો અને તેના પર દેવું હતું, કરજદારે અદા કરી દીધું તો આ સૌ સ્વરૂપોમાં દયાનતન તાવાન નથી. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૯૭) :-** કોઇ શખ્સ ગાયબ છે અને તેના માં બાપ અથવા ઔલાદ અથવા પત્ની પાસે તેની નફકાના પ્રકારની વસ્તુ મૌજૂદ છે. તેમણે ખરચ કરી લીધી તો તાવાન નથી અને જો તે શખ્સ મૌજૂદ છે અને પોતાના હાજતમંદ માં બાપને આપતો નથી અને ત્યાં કોઇ કાઝી પણ નથી કે જેના પાસે દાવો કરે તો તેમને અખત્યાર છે કેતનો

માલ સંતાડીને લઇ શકે છે. એવી જ રીતે જો તે આપે છે પરંતુ જરૂરત જેટલું આપતો નથી તો પણ જરૂરત જેટલું ગુપ્ત રીતે તેનો માલ લઇ શકે છે અને જરૂરત કરતા વધારે લેવું અથવા હાજત વગર લેવું જાઇઝ નથી. (દુર્રેમુખ્તાર, આલમગીરી)

**મસ્અલા- (૯૮) :-** બાપના પાસે રહેવાનું મકાન અને સવારીનું જાનવર છે તો તેને એ હુકમ આપવામાં આવશે નહી કે તે વસ્તુઓને વેચીને નફકામાં ખરચ કરે બલ્કે તેનો નફકો તો પુત્ર પર ફરજ છે હા, જો મકાન હાજત કરતા વધારાનું છે કે થોડાક ભાગમાં રહે છે તો જેટલું હાજત કરતા વધારે છે તેને વેચીને નફકામાં ખરચ કરે અન જ્યારે એ જ ભાગ બાકી રહી ગયો જેમાં રહે છે તો હવે નફકો તેના પુત્ર પર છે. એવી જ રીતે જો તેના પાસે ઉચ્ચ દરજ્જા ની સવારી છે તો એ હુકમ આપવામમાં આવશે કે વેચીને ઓછા દરજ્જાની સવારી ખરીદે અને જે વધે તે નફકામાં ખરચ કરે ફરી તેના પછી બીજા પર નફકો વાજિબ થશે. એ જ અહકામ ઔલાદ તથા બીજા મહરમોનો પણ છે. (આલમગીરી)

**મસ્અલા- (૯૯) :-** પત્ની સિવાય કોઇ બીજા ના નફકા નો કાઝીઓ હુકમ આપ્યો અને એક મહિના અથવા અધિક સમય ગુજર્યો તો આ મુદ્દતનો નફકો સાકિત (રદ) થઇ ગયો અને એક મહિના કરતાં ઓછો સમય વિત્યો છે તો વસૂલ કરી શકે છે અને પત્ની દરેક હાલતમાં કાઝીના હુકમ પછી વસૂલ કરી શકે છે. અને જો નફકો ન આપવાની સૂરતમાં તે લોકોએ ભીખ માંગીને ગુજારો કર્યો તો પણ રદ થઇ જશે કે જે કાંઇ માંગી લાવ્યા તે તેમની માલિકી નો થઇ ગયો તો હવે જ્યાં સુધી તે ખરચ ન થઇ જાય હાજત રહી નહી. (દુર્રેમુખ્તાર, રદ્દુલમુહતાર)

**મસ્અલા- (૧૦૦) :-** ગેર પત્ની જેના નફકાનો કાઝી એ હુકમ કર્યો હતો તેણે કાઝીના હુકમથી કરજ લઇને કામ ચલાવ્યું તો નફકો રદ ન થશે. ત્યાં સુધી કે જો કરજ લેવા પછી તે શખ્સનો ઇન્તેકાલ થઇ ગયો જેના પર નફકો ફરજ થયો તો તે કરજ તર્કા (વારસા) થી અદા કરવામમાં આવશે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૦૧) :-** દાસી ગુલામનો નફકો તેમના આકા (માલિક) પર છે તે મુદબ્બિર હોય અથવા શુધ્ધ ગુલામ, નાના હોય કે મોટા અપાહિજ હોય કે તંદુરસ્ત, આંધળા હોય કે આંખોવાળા અને જો આકા નફકો આપવાનો ઇન્કાર કરે તો મજૂરી વિગેરે કરીને પોતાના નફકામાં ખરચ કરે અને ઉણપ આવે તો મૌલાથી લે. વધી પડે તો મૌલાને આપે અને કમાઇ પણ ન શકતા હોય તો ગેર મુદબ્બિર તથા ઉમ્મેવલ્દમાં મૌલાને હુકમ આપવામાં આવશે કે તેમને નફકો આપે અથવા વેચી નાખે. (આલમગીરી)

**મસ્અલા- (૧૦૨) :-** ગુલામને તેનોઆકા ખરચ આપતો નથી અને કમાવા માટે પણ શકિતમાન નથી અથવા મૌલા કમાવાની પરવાનગી આપતો નથી તો મૌલાના માલ માંથી જરૂરત જેટલું ઇજાઝત વગર લઇ શકે છે, નહી તો વગર ઇજાઝતે લેવુ જાઇઝ નથી અને જો મૌલા ખાવાનુઆપે છે. પરંતુ જરૂરત જેટલું નથી આપતો તો ઇજાઝત વગર મૌલા નો માલ લઇ શકતો નથી, શકય હોય તો મજૂરી કરીને તે ઉણપ પૂરી કરી લે.( દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૦૩) :-** લોંડી ગુલામનો નફકો રોટી શાક વિગેરે અને લિબાસ તે શહેરના આમ ખોરાક તથા પોશાક અનુસાર હોવો જોઇએ અને લોંડી દાસીને કેવળ એટલુંજ કાપડ આપવું જે સતરે ઓરતના યોગ્ય છે, જાઇઝ નથી અને જો માલિક સારા ભોજન ખાય છે સારો લિબાસપહેરે છે તો વાજીબ નથીકે ગુલામને પણ એવુંજ ખવડાવે પીવડાવે પરંતુ મુસ્તહબ છે કે તેવું જ આપે અને જો મૌલા કંજૂસાઇ અથવા પરિશ્રમ ના કારણે ત્યાંની ટેવથી ઓછા દરજ્જાનું ખાય પહેરે છે તો એ જરૂરી છે કે ગુલામને ત્યાંના આમ ચલણ અનુસાર આપે. અને જો ગુલામે ભોજન રાંધ્યું છે તો મૌલાએ પોતાના સાથે બેસાડીને ખવડાવવું જોઇએ અને જો ગુલામ અદબના કારણે ઇન્કાર કરે છે તો તેમાંથી તેને કાંઇક આપી દે. (આલમગીરી)

**મસ્અલા- (૧૦૪) :-** કેટલાક ગુલામો હોય તો સૌને સમાન ભોજન વસ્ત્રો આપે. દાસીનો પણ એજ હુકમ છે અને જે દાસીથી વતી (સંભોગ) કરતો હોય તે (લોંડી) નો લિબાસ બીજી (લોંડીઓ) થી સારો હોય. (આલમગીરી)

**મસ્અલા- (૧૦૫) :- ગુલામના વુઝૂ ગુસ્લ**

વિગેરે માટે પાણી ખરીદવાની જરુરત હોય તો મૌલા પર ખરીદવું વાજિબ છે. (જવહરહ)

**મસ્અલા- (૧૦૬) :-** જે ગુલામના કેટલાક ભાગને આઝાદ કરી દીધો છે તેનો અને મકાતિબનો નફકો મૌલાની જવાબદારીમાં નથી. (આલમગીરી)

**મસ્અલા- (૧૦૭) :-** જે ગુલામને વેચી નાંખ્યો છે તેનો નફકો વેચાનાર પર છે. જ્યાં સુધી વેચનારના કબ્જામાં છે. અને જો વેચાણમાં કોઇ તરફથી ખિયાર હોય તો નફકો તેના માથે છે જેની મિલ્કત અંતમાં ઠરે અને કોઇની પાસે ગુલામને અમાનત અથવા ગીરવી રાખ્યો તો માલિક પર છે અને આરેયતન (ઉછીનો) આપ્યો તો ભોજન ઉછીનો લેનાર પર છે અને વસ્ત્ર માલિકના માથે અને જો અમીન (અમાનત રાખનાર) અથવા ગીરવી રાખનારે કાઝીની ઇજાઝત માંગીકે જે કાંઇ ખરચ થાય તે ગુલામના માથે નાખવામાં આવે તો કાઝી તેનો હુકમ ન આપે બલ્કે એમ કહે કે ગુલામ મજૂરી કરે અને જે કમાણી કરે તેના નફકામાં ખરચ કરવામાં આવે અથવા કાઝી ગુલામને વેચી નાખે અને કિંમત મૌલા માટે સુરક્ષિત રાખે અને જો કાઝીની દ્દષ્ટિમાં એ જ મસલેહત છે કે નુફકો તેના પર નાખવામાં આવે તો એવો પણ હુકમ આપી શકે છે. એજ અહકામતે સમયે પણ છે કે ભાગેડુ ગુલામ ને કોઇ પકડી લાવ્યો અને કાઝીથી નુફકા સંબંધે ઇજાઝત માંગી અથવા બે શરીક હતા, એક હાજર છે એક ગાયબ અને હાજરે ઇજાઝત માંગી. (આલમગીરી, દુર્રેમુખ્તાર)

**મસ્અલા-(૧૦૮) :-** કોઇએ ગુલામનું અપહરણ કરી લીધું તો નફકો અપહરણ કરનાર પર છે, જ્યાં સુધી પાછો ન આપે અને જો અપહરણ કર્તાએ કાઝીથી નફકો અથવા વેચાણની ઇજાઝત માંગી તો ઇજાઝત ન આપે. હા. જો એ શંકા હોય કે ગુલામને નષ્ટ કરી નાખશે તો કાઝી તેને વેચી નાખે અને કિંમત સુરક્ષિત રાખે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૦૯) :-** સંયુકત ગુલામનો નફકો દરેક ભાગીદાર પર ભાગ પ્રમાણે લાઝિમ છે અને જો એક ભાગીદાર નફકો આપવાનો ઇન્કાર કરે તો કાઝીના હુકમથી જે તેના તરફથી ખરચ કરશે તેનાથી વસૂલ કરી શકે છે. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા- (૧૧૦) :-** જો ગુલામને આઝાદ કરી દીધો તો હવે મૌલા પર નફકો વાજિબ નથી ભલે તે કમાવા લાયક ન હોય, દા. ત. બહુજ નાંનુ બાળક અથવા બહુજ વૃધ્ધ અથવા અપાહિજ (અપંગ) અથવા દર્દી હોય બલ્કે તેમનો નફકો **"બયતુલમાલ"** માંથી આપવામાં આવશે, જો કોઇ એવો ન હોય જેના પર નફકો વાજિબ હોય. (આલમગીરી)

**મસ્અલા- (૧૧૧) :-** જાનવર પાળે અને તેમને ચારો આપતો નથી તો દયાનતન હુકમ આપવામાં આવશે કે ચારો વિગેરે આપે અથવા વેચી નાખે અને જો સંયુકત છે અને એક ભાગીદાર તેને ચારો વિગેરે આપવાનો ઇન્કાર કરે છે તો કદાઅન પણ હુકમ આપવામાં આવશે કે ચારો આપે અથવા વેચી નાખે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા- (૧૧૨) :-** જો જાનવરને ચારો ઓછો આપે છે અને પુરું દુધ દોહી લેવું હાનિકર હોય તો પુરું દુધ દોહવું મકરુહ છે, એવીજ રીતે બિલકુલ સાવ ન દોહવું તે પણ મકરુહ છે. અને દોહવામાં એ પણ ખ્યાલ રાખે કે બચ્ચા માટે પણ રહેવા દેવું જોઇએ, અને નખ મોટા હોય તો કાપી નખાવો કે જેથી તેને તકલીફ ન થાય. (આલમગીરી)

**મસ્અલા- (૧૧૩) :-** જાનવર પર વજન લાદવા અને સવારી ચઢાવવામાં એ ખ્યાલ કરવો જાઇએ એ કે તેની તાકત કરતાં વધારે ન હોય. (જવહરહ) બગીચા અને ખેતીવાડી તથા મકાનમાં જો ખરચ કરવાની જરુરત હોય તો ખરચ કરે અને ખરચ ન કરીને નષ્ટ ન કરે કે માલ નષ્ટ કરવું નિષેધ છે. (દુર્રેમુખ્તાર)

**ફકત, વલ્લાહો ત્આલા અઅ્લમો બિસ્સવાબ.**

## વિનંતી :

**નોટ :** બહારે શરીઅત-ભાગ-૮ નો અમોએ અમારી યથાશકિત ગુજરાતીમાં સરળ અનુવાદ કર્યો છે, છતાં કોઇ મસ્અલા યા અનુવાદમાં સમજના પડે તો કોઇ જાણકાર આલિમનો સંપર્ક સાધવો અને કોઇ જગ્યાએ ભુલ જણાય તો અમોને ખબર કરશો, જેથી બીજી આવૃતિમાં તેનો સુધારો થઇ જશે. ઇન્શા અલ્લાહ, અને જો અમારો આ અલ્પ પ્રયાસ જો પસંદ પડયો હોય તો જરુરથી આપની ભલી દુવાઓમાં યાદ રાખશોજી - અનુવાદકો.